BAOU
Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર - II
(Macro Economics-II)
MAECON 207

સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

પ્રો.(ડૉ.) અમીબહેન ઉપાધ્યાય

કુલપતિ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

BAOU Education for All

Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર - II

Macro Economics Semester II

નિદર્શન :	પ્રો. ડૉ. યોગેન્દ્ર પારેખ, નિયામક સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશીયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
સંપાદક :	ડૉ. કૃતિ છાયા, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
સહસંપાદક :	ડૉ. જીવરાજ ઝાંપડીયા, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ડૉ. દિલિપચંદ્ર ચાવડા, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
વિષય સમિતિ :	ડૉ. કૃતિ છાયા, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ડૉ. ગૌરાંગ રામી, પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત. ડૉ. જી. ડી. ત્રિપાઠી, પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ અને બી. ડી. કોમર્સ કોલેજ, કડી ડૉ. મંજુલા લક્ષ્મણ, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ડૉ. વિજય ઝરીવાલા, એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, એસ. પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ડૉ. હિમાની જોશી, આસિસ્ટન્ટ પ્રોફેસર, સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ, પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર ડૉ. રણીતા નાગર, પ્રોફેસર, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર ડૉ. હિમાંશુ પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સ્કૂલ ઓફ કમ્પ્યૂટર સાયન્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ડૉ. ઓમ તેરૈયા, એસોસિએટ પ્રોફેસર, આત્મીય યુનિવર્સિટી, રાજકોટ ડૉ. મહેન્દ્ર મૈસુરિયા, એસોસિએટ પ્રોફેસર, સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ
વિષય પરામર્શન :	ડૉ. જી.ડી. ત્રિપાઠી, પ્રિન્સિપાલ, સી.એન. આર્ટસ અને બી.ડી. કોમર્સ કોલેજ, કડી. ડૉ. વિજય ઝરીવાલા, એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, એસ. પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ડૉ. સુરેશ પરડવા, એસોસિએટ પ્રોફેસર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ડૉ. ભાવેશ દેસાઈ, એસોસિએટ પ્રોફેસર, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર. ડૉ. મોહનભાઈ પરમાર, એસોસિએટ પ્રોફેસર, શ્રી એચ.કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ
લેખન :	ડૉ. સુનીતા ઠક્કર, ડી. એન. પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા ડૉ. જીવરાજ ઝાંપડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. ડૉ. દિલીપચંદ્ર ચાવડા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રકાશક : કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી - અમદાવાદ

પ્રથમ આવૃત્તિ : વર્ષ 2026 ISBN: 978-93-5598-610-8

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર-II Macroeconomics –II

એકમ ક્રમ	એકમ શીર્ષક અને સમાવિષ્ટ મુદ્દાઓ
1.	નાણાંની માંગ : નાણાની માંગનો પ્રશિષ્ટ અભિગમ (ફિશર)
2.	નાણાંની માંગનો કેમ્બ્રિજ અને કેઇન્સિયન રોકડતા પસંદગીનો સિદ્ધાંત, નાણાંની કુલ માંગ અને LM કર્વ
3.	વ્યાજ દર નિર્ધારણઃ નવ-પ્રશિષ્ટ અને કેઇન્સિયન અભિગમ, નાણાવાદીઓનો અભિગમ
4.	વ્યાજ દર નિર્ધારણ અંગે નવ પ્રશિષ્ટ અને કેઇન્સિયન અભિગમનો સમન્વય – IS-LM મોડેલ
5.	નાણાની માંગ અંગે કેઈન્સ પછીના અભિગમોઃ- પેટીન્કીનની વાસ્તવિક ભંડોળની અસર, બોમલ અને ટોબીનના અભિગમો
6.	ફ્રીડમેનનો નાણા પરિમાણનો આધુનિક સિદ્ધાંત, નાણાવાદનું પુનરુત્થાન
7.	ફુગાવા અંગે પ્રશિષ્ટ, કેઇન્સિયન અને નાણાવાદીઓનો અભિગમ, માળખાગત ફુગાવો
8.	ફીલીપ્સ રેખા વિશ્લેષણ, ટૂંકા ગાળામાં અને લાંબા ગાળામાં ફીલીપ્સ રેખા, ટોબીનની પરિવર્તિત (modified) ફીલીપ્સ રેખા
9.	ફુગાવાનું નિયંત્રણ અને નાણાકીય નીતિઃ નાણાકીય નીતિની અસરકારકતામાં વિલંબ
10.	બેરોજગારી વિશ્લેષણઃ બેરોજગારીનો કુદરતી દર, પૂર્ણ રોજગારીએ સમતુલાનું પ્રશિષ્ટ મોડેલ (જે. બી. સેનો બજારનો નિયમ)
11.	અપૂર્ણ રોજગારીએ સમતુલા
12.	વ્યાપારચક્રઃ ખ્યાલ, શુમ્પીટર, સેમ્યુઅલ્સન અને હિક્સના સિદ્ધાંતો
13.	વ્યાપારચક્રનું નિયંત્રણ અને રાજકોષીય નીતિઃ રાજકોષીય નીતિનો અર્થ, ઉદ્દેશ અને સાધનોનો પરિચય
14.	ભારતની પ્રવર્તમાન નાણાકીય નીતિ અને રાજકોષીય નીતિનો પરિચય, વિશ્લેષણ

Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad
Macro Economics Semester II

Unit	Title & Points
1.	Demand for Money: The Standard Approach to The Demand for Money (Fisher)
2	Cambridge And Keynesian Theory of Money Demand (Theory of Cash Preference, Aggregate Demand for Money and LM Curve)
3	Interest Rate Determination: Neoclassical and Keynesian Approaches, Monetarist Approach
4	A Combination of Neoclassical and Keynesian Approaches to Interest Rate Determination, IS-LM Model.
5	Post-Keynesian Approaches to Money Demand: - Patinkin's Real Balance Effect, Baumol' And Tobin's Approaches
6	Friedman's Modern Theory of Monetary Policy, The Revival of Monetarism
7	Inflation Manual, Keynesian And Monetarist Approaches, Structural Inflation
8	Phillips Curve Analysis, Phillips Curve in The Short Run and Long Run, Tobin's Modified Phillips Curve.
9	Inflation Control and Monetary Policy: Lags in Monetary Policy
10	Unemployment Analysis: Natural Rate of Unemployment, Full Employment Equilibrium Model (J. B. Say's Market Law)
11	Equilibrium at Underemployment
12	Business Cycle: Concept, Principles of Schumpeter, Samuelson And Hicks
13	Business Cycle Control and Fiscal Policy: Introduction to The Meaning, Objectives and Tools of Fiscal Policy
14	Introduction and Analysis of India's Current Monetary Policy and Fiscal Policy

BAOU Education for All
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર - II
MA (અનુસ્નાતક અભ્યાસક્રમ)

એકમ	એકમનું નામ	પાના નં.
	વિભાગ-1	
એકમ-1	નાણાંની માંગ	6 થી 16
એકમ-2	નાણાંની માંગ : પ્રો.કેઈન્સીયન અને કેમ્બ્રિજ સિદ્ધાંત	17 થી 32
એકમ-3	વ્યાજદર નિર્ધારણ : પ્રશિષ્ટ અને નવપ્રશિષ્ટ અભિગમ	33 થી 48
એકમ-4	IS-LM મોડેલ	49 થી 57
એકમ-5	નાણાંની માંગ અંગે પ્રો.કેઈન્સ પછીના અભિગમો	58 થી 80
	વિભાગ-2	
એકમ-6	નાણાં પરિમાણનો આધુનિક સિદ્ધાંત : મિલ્ટન ફ્રિડમેન	81 થી 93
એકમ-7	ફુગાવા અંગેના વિવિધ અભિગમો	94 થી 104
એકમ-8	ફિલિપ્સ રેખા વિશ્લેષણ	105 થી 113
એકમ-9	ફુગાવાનું નિયંત્રણ અને નાણાંકીય નીતિ	114 થી 120
	વિભાગ-3	
એકમ-10	બેરોજગારીનું વિશ્લેષણ	121 થી 133
એકમ-11	અપૂર્ણ રોજગારીએ સમતુલા	134 થી 148
એકમ-12	વ્યાપારચક્રો : ખ્યાલ અને સિદ્ધાંત	149 થી 164
એકમ-13	વ્યાપારચક્રનું નિયંત્રણ	165 થી 176
એકમ-14	ભારતની વર્તમાન નાણાંકીય અને રાજકોષીય નીતિ	177 થી 199

એકમઃ 1
નાણાંની માંગ

❖ રૂપરેખા :

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 નાણાંની વ્યાખ્યા

1.3 નાણાંની માંગની વિચારસરણી

1.4 પ્રો.ફિશરનો નાણાંના પરિમાણ સિદ્ધાંત

1.5 સારાંશ

1.6 ચાવીરૂપ શબ્દો

1.7 તમારી પ્રગતિ ચકાસો.

- ➢ સંદર્ભસૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

- ➢ પ્રો.ફિશરનું વિનિમય સમીકરણ સમજીને નાણાંના પુરવઠા અને ભાવસપાટી વચ્ચેનો સંબધ સમજાવી શકશો.
- ➢ પ્રો.ફિશરનો નાણાંના પરિમાણ સિદ્ધાંત સમજાવી શકશો.
- ➢ નાણાંનું મૂલ્ય અને નાણાંના પ્રમાણ વચ્ચેનો સંબંધ કેવા પ્રકારનો છે, તે સમજાવી શકશો.

1.1 પ્રસ્તાવના :

આધુનિક સમયમાં નાણું એ સમગ્ર અર્થવ્યવસ્થાના કરોડરજ્જુ સમાન છે. નાણાનું મહત્વ આજે એટલું બધું વ્યાપક છે તે માનવીના પ્રત્યેક આર્થિક વ્યવહારમાં એક મધ્યસ્થી તરીકે જોવા મળે છે. નાણું એ માનવીની વિવિધ પ્રવૃત્તિઓને જોડતી એક કડી કે સાંકળ તરીકેની સેવા પૂરી પાડે છે. જેમકે, નાણું અર્થતંત્રમાં ઉત્પાદન, વિનિયમ, વહેંચણી અને ઉપભોગના કાર્યને સરળ અને સુગમ બનાવી આપે છે. આધુનિક સમયમાં નાણું એ અર્થતંત્રનો આત્મા છે. (Money is the soul of Economy.) આમ, નાણું એ માનવજીવનમાં ખૂબ જ ઉપયોગી સેવાઓ પૂરી પાડે છે.

1.2 નાણાંની વ્યાખ્યા :

અર્થશાસ્ત્રીય દષ્ટિકોણથી જુદા-જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા જે વ્યાખ્યાઓ આપવામાં આવેલ છે તેમના વિષે માહિતી મેળવીશું જે નીચે પ્રમાણે છે.

(1) પ્રો.કોલબર્નના મત અનુસાર :- ‘‘નાણું એ એક એવી વસ્તુ છે કે જે મૂલ્યના માપદંડ તરીકે અને વિલંબિત ચુકવણીના સાધન તરીકે કાર્ય કરે છે.’’

(2) પ્રો.નોગારોની દ્રષ્ટિએ : ''નાણું એ એક સર્વસામાન્ય સાધન છે જે વિનિમયના માધ્યમ તરીકે અને મૂલ્યના માપદંડ તરીકે કાર્ય કરે છે.''

(3) પ્રો.ક્રાઉથરના મત અનુસાર : ''નાણું એ એક એવું સાધન છે કે જે વિનિમયના માધ્યમ તરીકે, મૂલ્યના સંગ્રાહક તરીકે તેમજ વિલંબિત ચુકવણીના સાધન તરીકે કાર્ય કરતું હોય, તદુપરાંત જેનામાં સર્વસ્વીકૃતિનો ગુણ સમાયેલો હોય.

(4) પ્રો.માર્શલ : '''નાણું' એ એક ધરી છે કે જેની આસપાસ આર્થિક પ્રવૃત્તિઓ ચક્કર લગાવે છે.''

(5) પ્રો.ફિશરના મત અનુસાર : 'નાણું એટલે જેનામાં ખરીદશક્તિનો ગુણ સમાવેલો હોય.

(6) પ્રો.વોકરના મત મુજબ ''નાણું એક એવી વસ્તુ છે કે જે નાણાંનું કાર્ય કરે છે. ''

1.3 નાણાંની માંગ અંગે વિચારસરણી. :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ નાણાંની માંગનો ખ્યાલ તુષ્ટિગુણ દ્વારા સમજવાનો પ્રયાસ કરેલ હતો અને ત્યારબાદ પ્રો.કેઈન્સ, પ્રો.ફ્રીડમેન, પ્રો.બ્રુનર વગેરેએ નાણાના સ્થાન અને કાર્યના સંદર્ભ સમજવાનો પ્રયાસ કરેલ છે.

(i) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો અભિગમ

(ii) કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓનો અભિગમ

(iii) પ્રો.કેઈન્સનો અભિગમ

(iv) પ્રો.કેઈન્સ પછીના અર્થશાસ્ત્રીઓનો અભિગમ

નવપ્રશિષ્ટ વિચારધારા જેમાં પ્રો.ઇરવિગ પ્રો.ફિશર, પ્રો.માર્શલ, પ્રો.પીગુ વિકસેલ વગેરેના પ્રદાન જોવા મળે છે. નવપ્રશિષ્ટ વિચારસારણીની ખાસિયત એ હતી કે તેમાં નાણાંની માંગ અને નાણાં પુરવઠાને સંદર્ભમાં પ્રો.ફિશરના સમીકરણને તપાસીએ.

1.4 પ્રો.ફિશરનો નાણાંના પરિમાણ સિદ્ધાંત :

નાણાંના મૂલ્યમાં શાથી અને કેવા ફેરફારો થાય છે તે અંગે અર્થશાસ્ત્રીઓએ અનેક સિદ્ધાંતો આપ્યા છે. તેમાં નાણાંના પરિમાણનો સિદ્ધાંત સૌથી જૂનો સિદ્ધાંત છે. 16મી સદીમાં ઈટાલીના પ્રો.ડેવન ઝેટ્ટીએ આ સિદ્ધાંતનાં બીજ નાંખ્યાં હતાં. ત્યાર બાદ 18મી સદીમાં પ્રો.જહોન હ્યુમે, પ્રો.ડેવીડ રિકાર્ડો, પ્રો.ડેવીડ હ્યુમ, પ્રો.જે. એસ. મિલ વગેરેએ નાણાંના પરિમાણ સિદ્ધાંતમાં સુધારાઓ કરીને તેને નવા સ્વરૂપમાં રજૂ કરવાનો પ્રયાસ કરેલ. પરંતુ નાણાંના પરિમાણ સિદ્ધાંતને લોકપ્રિય બનાવવાનું કાર્ય અમેરિકન અર્થશાસ્ત્રી પ્રો.ઈરવીંગ પ્રો.ફિશરે 1911માં તેમના પુસ્તક The Purchasing Power of Money દ્વારા કરેલ. પ્રો.ફિશરે નાણાંને વિનિમય માધ્યમને મહત્વનું કાર્ય ગણાવ્યું હતું. તેમનો નાણાંનો પરિમાણ સિદ્ધાંત વિનિમય સમીકરણ તરીકે ઓળખાય છે.

નાણાંના પરિમાણ સિદ્ધાંતમાં દેશની ભાવસપાટીને અસર કરે છે તેની સમજૂતી આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. નાણાંના મૂલ્યમાં શા માટે અને કેવી રીતે ફેરફારો થાય છે તેની સમજૂતી આ સિદ્ધાંતમાં આપવામાં આવી છે. પ્રો.ફિશરના નાણાં પરિમાણના સિદ્ધાંતમાં સૌથી વધુ મહત્ત્વની બાબત એ જોવા મળે છે કે નાણાં પરિમાણ, ભાવસપાટી અને નાણાંના મૂલ્ય વચ્ચે સપ્રમાણ સંબંધની રજૂઆત કરેલી છે.

પ્રો.ફિશરના મત અનુસાર, અન્ય પરિબળો સ્થિર રહે તો નાણાંના પરિમાણમાં વધારો થવાથી ભાવસપાટીમાં વધારો થશે અને નાણાંના મૂલ્યમાં ઘટાડો થશે, જ્યારે આનાથી વિપરીત સંજોગોમાં નાણાંનાં પરિમાણમાં ઘટાડો થવાથી ભાવસપાટીમાં પણ ઘટાડો થશે અને આ સમયે નાણાંના મૂલ્યમાં વધારો થશે. પ્રો.ઈરવિંગ પ્રો.ફિશરે નાણાંના મૂલ્ય નિર્ધારણ અંગેની વ્યવસ્થિત રજૂઆત કરેલી. આથી અર્થશાસ્ત્રમાં પ્રો.ફિશરના નામે નાણાં પરિમાણનો સિદ્ધાંત વિશેષ પ્રચલિત બનેલ છે.

1.4.1 સિદ્ધાંતની ધારણાઓ :

પ્રો.ફિશરના નાણાંના પરિમાણ સિદ્ધાંતની નીચે મુજબની ધારણાઓ કરવામાં આવેલી છે.

1. ટુંકા ગાળામાં નાણાંની માંગ સ્થિર જોવા મળે છે.
2. નાણાંનો ચલણવેગ સ્થિર રહે છે.
3. નાણાંની વિના વસ્તુ વિનિમય પ્રમાણ સ્થિર રહે છે.
4. નાણાંનો સંગ્રહ થતો નથી અને સોદાઓનું પ્રમાણ સ્થિર રહે છે.
5. કાયદેસરનું નાણું અને બેંક શાખી નાણાં વચ્ચેનું ગુણોતર પ્રમાણ સ્થિર રહે છે.
6. અર્થતંત્રમાં પૂર્ણ રોજગાર પ્રવર્તે છે.
7. વિદેશ વેપારનો અભાવ.

1.4.2 પ્રો.ફિશરનું વિનિમય સમીકરણ :

$$MV = PT$$

અથવા

$$P= \frac{MV}{T}$$

જ્યાં M = નાણાંનો પુરવઠો (નાણાં પરિમાણ)

V = નાણાંનો ચલણવેગ

P = સામાન્ય ભાવ સપાટી

T = સોદાઓનું પ્રમાણ

પ્રો.ફિશરના મત અનુસાર નાણાનું મૂલ્ય માત્ર નાણાં પ્રમાણ દ્વારા જ નક્કી થતું નથી પરંતુ નાણાંનાં મૂલ્ય-નિર્ધારણમાં નાણાંનાં ચલણવેગમાં થતાં પરિવર્તનોની અસર નાણાંના મૂલ્ય પર થાય છે.

પ્રો.ફિશરના નવા સમીકરણમાં વ્યાપારી બેંક દ્વારા કરવામાં આવતા શાખ સર્જનની અસર પણ ભાવસપાટી અને નાણાંના મૂલ્ય પર થાય છે. તેમજ વ્યાપારી બેંકોમાં શાખીનાણાંનો ચલણવેગ પણ નાણાંનાં મૂલ્ય પર અસર કરે છે. આમ, પ્રો.ફિશર મત મુજબ ભાવસપાટી તેમજ નાણાંના

મૂલ્ય પર માત્ર નાણાંના પ્રમાણની જ અસર થતી નથી પરંતુ વ્યાપારી બેંકોના શાખી નાણાંનું પ્રમાણ (M') અને શાખી નાણાંનો ચલણવેગ (V') નાણાંના મૂલ્ય પર અસર કરે છે.

1.4.3 નાણાંના પુરવઠાને અસર કરતાં પરિબળો :

(1) કાયદામાન્ય નાણાંનું પ્રમાણ M: જે નાણાંને કાયદાનું પીઠબળ છે તે કાયદામાન્ય નાણું છે. જેમાં ચલણી નોટો અને સિક્કાઓનો સમાવેશ થાય છે. જો કાયદામાન્ય નાણાંનું પ્રમાણ વધે તો લોકો પાસે નાણાં વધવાથી લોકો વધુ વસ્તુઓની માંગ કરે છે, તેથી ભાવસપાટી વધે છે. એથી વિરુદ્ધ નાણાંનું પ્રમાણ ઘટે તો વસ્તુઓની માંગ ઘટતા ભાવસપાટી ઘટે છે. ટૂંકમાં કાયદામાન્ય નાણાંના પ્રમાણ (M) અને ભાવસપાટી (P) વચ્ચે સપ્રમાણ સીધો સંબંધ છે.

(2) કાયદામાન્ય નાણાંનો ચલણવેગ V : કાયદામાન્ય નાણું જે સરેરાશ ગતિથી ફરે છે તેને કાયદામાન્ય નાણાંનો ચલણવેગ કહેવામાં આવે છે. કાયદામાન્ય નાણાંનો ચલણવેગ લોકોની ખર્ચ કરવાની વૃત્તિ, આવક ચૂકવવાની પદ્ધતિ, વસ્તી, સરકારની રાજકોષીય અને નાણાંકીય નીતિ વગેરે પર આધાર રાખે છે.

(3) બેંકના નાણાંનું પ્રમાણ M' : વસ્તુઓની અને સેવાઓની ખરીદવેચાણ કાયદામાન્ય નાણાં M ઉપરાંત ચેક, ડ્રાફ્ટ, હૂંડી, વિનિમયપત્રો વગેરે દ્વારા પણ થાય છે, જેને બેંક નાણું કહે છે. આ બેંક નાણાંનું પ્રમાણ નાણાંનું કેટલા પ્રમાણમાં સર્જન થાય છે. બેંકમાં કેટલું નાણું જમા થાય છે, અનામત પ્રમાણ કેટલું છે, જામીનગીરીઓ કેટલી છે વગેરે પર આધારિત છે.

કાયદામાન્ય નાણાંના પ્રમાણ (M) ની જેમ બેંક નાણાંનું પ્રમાણ (M') વધવાથી ભાવાંક (P) વધે છે અને (M') ઘટવાથી તે ભાવો (P) ઘટે છે. તેથી બેંક નાણાંનું પ્રમાણ અને ભાવસપાટી વચ્ચે સીધો સંબંધ છે.

(4) બેંક નાણાંનો ચલણવેગ (V') : કોઈ સમયગાળા દરમ્યાન બેંક નાણું જેને સરેરાશ ચલણવેગ (V') કહે છે. આ ચલણવેગ બેંકોના વિકાસની કક્ષા, બેંક નાણાંની સ્વીકાર્યતા, આર્થિક પ્રવૃત્તિ વગેરે પર આધારિત છે.

જેમ કાયદામાન્ય નાણાંનો ચલણવેગ (V') ભાવસપાટીને જેવી અસર કરે છે. તેવી અસર બેંક નાણાંનો ચલણવેગ (V') કરે છે. તેથી બેંક નાણાંનો ચલણવેગ અને ભાવસપાટી વચ્ચે સીધો સંબંધ છે.

(5) નાણાં દ્વારા વિનિમય થતી વસ્તુઓનું પ્રમાણ (T) : કાયદામાન્ય નાણાં અને બેંક નાણાં દ્વારા જે કોઈ ચીજવસ્તુઓ, જામીનગીરીઓનો કોઈ સમયગાળા દરમ્યાન વિનિમય થાય છે. તેના પ્રમાણને પ્રો.ફિશર વિનિમય કહે છે. આ વિનિમય ઉત્પાદક સાધનોના પ્રમાણ, ઉત્પાદન

પદ્ધતિ, રોજગારીની સપાટી, વેચાણવ્યવસ્થા વગેરે પર આધારિત છે. જો કોઈ સમયગાળા દરમ્યાન વસ્તુનું ઉત્પાદન બમણું થાય અને પહેલા જેટલા જ રૂપિયા વડે વિનિમય થવાનો હોય તો ભાવસપાટી અડધી થાય છે. તેથી નાણાં દ્વારા વિનિમય થતું સોદાઓનું પ્રમાણ અને ભાવસપાટી વ્યસ્ત સંબંધ છે.

$$P = \frac{MV + M'V'}{T}$$

અથવા

$$= MV + M'V'$$

ઉપરના સમીકરણમાં

P = કોઈ દેશમાં નિશ્ચિત સમયગાળા દરમ્યાન નાણાં દ્વારા વિનિમય થતી ચીજવસ્તુઓ અને સેવાઓની સરેરાશ ભાવસપાટી

M = કોઈ દેશમાં નિશ્ચિત સમયગાળા દરમ્યાન કાયદામાન્ય નાણાંનું પ્રમાણ

V = કોઈ દેશમાં કોઈ સમયગાળામાં કાયદામાન્ય નાણું જે સરેરાશ ગતિથી ફરે છે તેનું પ્રમાણ એટલે કે કાયદામાન્ય નાણાંનો ચલણવેગ

M' = કોઈ દેશમાં કોઈ નિશ્ચિત સમયગાળા દરમિયાન (બેંકશાખા નાણાંનુ પ્રમાણ)

V' = કોઈ દેશમાં કોઈ સમયગાળામાં બેંકશાખા નાણાંનો એકમ જે સરેરાશ ગતિથી ફરે છે તેનું પ્રમાણ એટલે કે (બેંકશાખા નાણાંનો ચલણવેગ)

T = કોઈ સમયગાળા દરમ્યાન કાયદામાન્ય નાણાં અને બેંક નાણાં દ્વારા જે ચીજવસ્તુઓ અને કામગીરીઓનો વિનિમય થાય છે તેનું સ્થૂળ પ્રમાણ.

1.4.4 નાણાંના માંગને અસર કરતાં પરિબળો :

વિનિમય માટે થતા સોદાઓનું પ્રમાણ : વિનિમય માટે થતા સોદાઓનું પ્રમાણ એટલે કે ચલણી નાણું અને શાખી નાણાં દ્વારા બજારમાંથી જે કોઈ વસ્તુઓ, સેવાઓ અને સરકારી જામીનગીરીઓની ખરીદ અને વેચાણ કરવામાં આવે છે તેનું પ્રમાણ. સામાન્ય રીતે, અર્થતંત્રમાં, વિનિમય માટે થતા સોદાઓમાં ઘટાડો થાય ત્યારે બજારમાં માંગમાં ઘટાડો થશે અને માંગ ઘટવાથી ભાવસપાટીમાં પણ ઘટાડો થશે પરિણામે નાણાંનાં મૂલ્યમાં વધારો થાય છે. આમ, આનો અર્થ એ થાય કે, વિનિમય માટે થતા સોદાઓના પ્રમાણમાં થતાં ફેરફારની અસર નાણાંનાં મૂલ્ય પર થાય છે. વિનિમય માટે થતાં સોદાઓ અને નાણાંનું મૂલ્ય બન્ને વચ્ચે વ્યસ્ત સંબંધ રહેલ છે.

પ્રો.ફિશરે વિનિમય સમીકરણને સ્પષ્ટ કરવા માટે નીચેના એક ઉદાહરણ અને આકૃતિની મદદથી સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

1.4.5 વિનિમય સમીકરણની ઉદાહરણ દ્વારા રજૂઆત :

$$P = \frac{MV + M'V'}{T}$$

જેમાં M=1000, V=2, M'=2000, V'=3 અને T= 4000 છે. P – ભાવ સપાટી શોધો. ઉપરોક્ત બાબતને આપણે સમીકરણમાં નીચે મુજબ દર્શાવી શકાય.

$$P = \frac{(1000 \times 2) + (2000 \times 3)}{4000}$$

$$P = \frac{2000 + 6000}{4000}$$

$$P = \frac{8000}{4000}$$

$$P = 2$$

ભાવ સપાટી P=2 જોવા મળે છે. જો નાણાંનું પ્રમાણ (M) અને બેંકના શાખી નાણાંનું પ્રમાણ (M')માં ફેરફાર કરવામાં આવે. પરંતુ અન્ય પરિબળોમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ન થાય તો ભાવસપાટીમાં અને નાણાંના મૂલ્યમાં ફેરફાર થશે. જેમ કે, M અને M' માં વધારો થાય તો P માં વધારો થશે. એટલે કે ભાવસપાટી 2 ને બદલે 4 થશે. તેમજ નાણાંના મૂલ્યમાં ઘટાડો થશે અને જ્યારે M અને M' માં ઘટાડો થાય તે સમયે ભાવસપાટી માં ઘટાડો થશે અને નાણાંના મૂલ્યમાં વધારો થશે. આમ, ટૂંકમાં કહીએ તો નાણાં પરિમાણમાં થતાં પરિવર્તનોની અસર ભાવસપાટી તેમજ નાણાંના મૂલ્ય પર થાય છે. પ્રો.ફિશરનાં મત અનુસાર નાણાંનાં મૂલ્ય નિર્ધારણમાં નાણાં પરિમાણ અને નાણાંની માંગ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ નાણાંની માંગ ટૂંકાગાળામાં સ્થિર રહેતી હોવાથી નાણાં પરિમાણ દ્વારા નાણાંનું મૂલ્ય નક્કી થાય છે. આ બાબતને નીચેની આકૃતિ દ્વારા સમજીએ.

આકૃતિ 1



આકૃતિમાં બે વિભાગ દર્શાવવામાં આવ્યા છે. વિભાગ A અને વિભાગ B જેમાં વિભાગ Aમાં OX ધરી નાણાનો પુરવઠો અને OY ધરી પર ભાવ સપાટી દર્શાવવામાં આવે છે. જ્યારે ઉપર જતી ધન ઢાળ ધરાવતી OM રેખા નાણાનો પુરવઠો અને ભાવ સપાટી વચ્ચેનો સબંધ દર્શાવે છે. આપણે માની લઈ કે શરૂઆતમાં નાણાનો પુરવઠો OM જેટલો છે. ત્યારે ભાવસપાટી પણ OP જેટલી જોવા મળે છે. હવે જો નાણાના પુરવઠામાં વધારો થાય એટલે કે OM વધીને OM_1 થાય ત્યારે ભાવસપાટી પણ OP થી વધીને OP_1 જેટલી થાય છે. જ્યારે નાણાના પુરવઠામાં ઘટાડો થાય એટલે કે OP થી ઘટીને OP_2 જેટલો થાય ત્યારે ભાવસપાટી પણ OP થી ઘટીને OP_2 જેટલી થાય છે. આમ નાણાના પુરવઠા અને ભાવસપાટી ધન સહસબંધ જોવા મળે છે.

વિભાગ Bમાં નાણાનો પુરવઠો અને નાણાના મૂલ્ય વચ્ચેનો સબંધ દર્શાવવામાં આવેલ છે. OX ધરી પર નાણાનો પુરવઠો અને OY ધરી નાણાનું મૂલ્ય દર્શાવવામાં આવેલ છે. જ્યારે PP ઋણ ઢાળ ધરાવતી રેખા નાણાના પુરવઠો અને નાણાના મૂલ્ય વચ્ચેનો સબંધ દર્શાવતી રેખા છે. શરૂઆતમાં નાણાનો પુરવઠો OM જેટલો છે. ત્યારે નાણાનું મૂલ્ય O1/P જેટલું છે. જ્યારે OM થી નાણાનો પુરવઠો વધીને OM_1 જેટલો થાય ત્યારે નાણાનું મૂલ્ય ઘટીને $O1/P_1$ જેટલું થાય છે. અને OM થી નાણાનો પુરવઠો ઘટીને OM_2 જેટલો થાય ત્યારે O1/P થી વધીને નાણાનું મૂલ્ય $O1/P_2$ જેટલું થાય છે. આમ નાણાના પુરવઠો અને નાણાનું મૂલ્ય વચ્ચે વ્યસ્ત સબંધ જોવા મળે છે. જે આકૃતિમાં PP રેખા દ્વારા દર્શાવવામાં આવેલ છે.

આમ નાણાનો પુરવઠો અને ભાવસપાટી વચ્ચે ધન સબંધ જોવા મળે છે. એટલે કે નાણાના પુરવઠામાં વધારો થતા ભાવસપાટીમાં પણ વધારો થાય છે. જ્યારે નાણાના પુરવઠો અને નાણાના મૂલ્ય વચ્ચે ઋણ સબંધ જોવા મળે છે એટલે કે નાણાના પુરવઠો વધતા નાણાના મૂલ્યમાં ઘટાડો થાય છે અને નાણાના પુરવઠામાં ઘટાડો થતા નાણાના મૂલ્યમાં વધારો થાય છે.

1.4.6 પ્રો.ફિશરના વિનિમય સમીકરણની મર્યાદાઓ :

(1) નાણું માત્ર વિનિમયનું માધ્યમ નથી : સમીકરણમાં નાણાંનો માત્ર વિનિમયના માધ્યમ તરીકેના કાર્યને ધ્યાનમાં લેવામાં આવ્યું છે પરંતુ નાણું મૂલ્યસંગ્રાહક તરીકે પણ કાર્ય કરે છે. નાણાંના આ કાર્યની પ્રો.ફિશરે અવગણના કરી છે.

(2) પૂર્ણ રોજગારીની અવાસ્તવિક ધારણા : પ્રો.ફિશરે વિનિમયના સોદાઓનું પ્રમાણ સ્થિર છે તેવું દર્શાવવા અર્થકરણમાં પૂર્ણ રોજગારી પ્રવર્તમાન છે તેવી ધારણા કરી છે. વાસ્તવમાં પૂર્ણ રોજગારી ક્યાંય જોવા મળતી નથી.

(3) નાણાંની માંગ સ્થિર રહે છેઃ પ્રો.ફિશરે વિનિમય સમીકરણમાં એ

પ્રકારની ધારણા કરેલ છે કે નાણાંનું મૂલ્ય માત્ર નાણાં પરિમાણ દ્વારા જ નક્કી થાય છે. જ્યારે નાણાંની માંગ નાણાંના મૂલ્ય નિર્ધારિણમાં કશો જ ભાગ ભજવતી નથી. નાણાંની માંગ ટૂંકાગાળામાં સ્થિર રહે છે. વાસ્તવમાં નાણાંની માંગ સ્થિર રહેતી નથી.

(4) અવાસ્તવિક ધારણાઓ : પ્રો.ફિશરના વિનિમય સમીકરણમાં એ પ્રકારની ધારણાઓ કરવામાં આવેલ છે. જેમ કે, વસ્તી, ફેશન, ટેવ, અભિરુચિ વગેરે જેવાં અન્ય પરિબળોમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થતો નથી.

(5) સ્થિર સમાજની ધારણા : પ્રો.ફિશરનાં નાણાં પરિમાણના સિદ્ધાંતમાં સમાજને સ્થિર ધારવામાં આવેલ છે. જ્યારે વાસ્તવિક જગતમાં સ્થિર નથી પરંતુ ગતિશીલ સમાજવ્યવસ્થા છે.

(6) નાણાં પરિણામ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત : પ્રો.ફિશરના વિનિમય સમીકરણમાં મૂલ્ય નિર્ધારણમાં હંમેશા માંગ અને પુરવઠો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. એ જ રીતે માંગ અને પુરવઠો નાણાંનું મૂલ્ય નિર્ધારણ કરે છે. પરંતુ પ્રો.ફિશરે, સિદ્ધાંતમાં નાણાંના પરિમાણમાં થતાં પરિવર્તનો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને નાણાંની માંગમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થતો નથી.

(7) બિનનાણાકીય પરિબળોની અવગણના : વિનિમય સમીકરણમાં માત્ર નાણાકીય પરિબળો ધ્યાનમાં લેવામાં આવેલ છે. જ્યારે બિન-નાણાકીય પરિબળોની ઉપેક્ષા કરેલ છે. વાસ્તવમાં જ્યારે બિન-નાણાકીય પરિબળોમાં થતાં પરિવર્તનોની અસર નાણાંના મૂલ્ય પર થાય છે. જેમ કે, પૂર, ધરતીકંપ, વાવાઝોડું વગેરે જેવી કુદરતી આપત્તિઓની ભાવસપાટી અને નાણાંના મૂલ્ય પર નાણાકીય પરિબળો સિવાય બિન-નાણાકીય પરિબળોની અસર થાય છે.

(8) નાણાં પરિમાણમાં થતાં પરિવર્તનોની ભાવસપાટી પર શી અસર થાય છે ? પ્રો.ફિશરના વિનિમય સમીકરણમાં સરળતા થી સમજાવેલ છે. જેમ કે, નાણાં પરિમાણમાં વધારો થાય તો ભાવસપાટીમાં વધારો થશે અને નાણાં પરિમાણમાં ઘટાડો થાય તો ભાવસપાટીમાં પણ ઘટાડો થશે. આમ, નાણાં પરિમાણમાં થતાં પરિવર્તનોની પ્રત્યક્ષ રીતે ભાવસપાટી પર અસર થતી નથી. પરંતુ નાણાં પરિમાણમાં થતાં પરિવર્તનોની ભાવસપાટી પર પરોક્ષ રીતે અસર થાય છે. જે બાબતને આ સિદ્ધાંત સમજાવવામાં નિષ્ફળ નીવડેલ છે.

(9) સમયના ટૂંકાગાળાનાને ધ્યાનમાં લેવામાં આવેલ નથી. વિનિમય સમીકરણ મૂલ્ય-નિર્ધારણ વિષે માત્ર લાંબાગાળાની સમજૂતી પૂરી પાડે છે. પરંતુ વ્યવહારમાં ટૂંકા ગાળામાં મૂલ્ય-નિર્ધારણ નાણાંના મૂલ્યનું કઈ રીતે થાય છે તે દર્શાવેલ નથી. આમ, પ્રો.ફિશરના વિનિમય-સમીકરણમાં ટૂંકા ગાળામાં પરિબળોની ઉપેક્ષા કરવામાં આવેલ છે.

(10) વ્યાપારચક્રીય પરિબળોની ઉપેક્ષા: અર્થતંત્રમાં તેજી-મંદીનાં વમળોમાં થતાં પરિવર્તનોની અસર ભાવસપાટી તેમજ નાણાંના મૂલ્ય પર થાય છે. આમ અર્થતંત્રમાં વ્યાપારચક્રીય પરિવર્તનો નાણાંના મૂલ્યનિર્ધારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, જેમની આ સિદ્ધાંતમાં ઉપેક્ષા કરવામાં આવેલ છે.

(11) ઐતિહાસિક દ્રષ્ટિએ ખોટું છે: પ્રો.ફિશરના વિનિમય સમીકરણને ઐતિહાસિક દષ્ટિએ સમર્થન મળતું નથી. 1929ની મહામંદી સમયે નાણાંના પ્રમાણમાં વધારો કરીને મંદીને મેકવાનો પ્રયાસ નિષ્ફળ નીવડયો હતો તેથી આ સમીકરણ ઉપર અર્થશાસ્ત્રીઓનો વિશ્વાસ ડગી ગયો હતો.

1.4.7 પ્રો.ફિશરના વિનિમય સમીકરણની વ્યાવહારિક ઉપયોગિતા :

(1) નાણાંના મૂલ્યમાં થતાં પરિવર્તનો વિષેની સમજૂતી: પ્રો.ફિશરના વિનિમય સમીકરણમાં અનેક ખામીઓ હોવા છતાં પણ, આ સિદ્ધાંતની ઉપયોગી જોવા મળે છે. કારણ કે નાણાંની મૂલ્યમાં થતાં પરિવર્તનો માટે કયાં પરિબળો જવાબદાર છે તેની સ્પસ્ટ સમજૂતી મળે છે. જેમ કે, ભાવસપાટી અને નાણાંનાં મૂલ્યમાં થતાં પરિવર્તનો માટે નાણાં પરિમાણ વિશેષ જવાબદાર છે. જેમની આ સિદ્ધાંતમાં સ્પસ્ટ રજૂઆત કરવામાં આવેલ છે.

(2) ભાવસપાટી પર અસર કરનાર પરિબળની રજૂઆત: આ સિદ્ધાંતમાં જ ભાવસપાટીમાં થતાં પરિવર્તનો માટે નાણાં પરિમાણ વિશેષ જવાબદાર છે તે પ્રકારની - વિશિષ્ટ રીતે રજૂઆત કરવામાં આવેલ છે. આનો અર્થ એ થાય કે, જયારે-જયારે કોઈપણ અર્થતંત્રમાં નાણાં પરિમાણમાં પરિવર્તન કરવામાં આવે છે તે સમયે ભાવસપાટીમાં અવશ્ય ફેરફાર થાય છે. આમ પ્રો.ફિશરે ભાવસપાટીમાં પરિવર્તન લાવનાર પરિબળની વૈજ્ઞાનિક ઢબે સમજૂતી વિનિમય સમીકરણમાં પૂરી પાડેલ છે.

1.5 સારાંશ :

પ્રો.ફિશરનું વિનિમય સમીકરણ એ નાણાંના જથ્થાના સિદ્ધાંતનો એક ભાગ છે, જે નાણાં પુરવઠા અને ભાવ સ્તર વચ્ચેના સંબંધને સમજાવે છે. પ્રો.ફિશરનું વિનિમય સમીકરણ એ એક સમીકરણ છે જે નાણાં પુરવઠા, નાણાંનો ચલણ વેગ, ભાવ સ્તર અને અર્થતંત્રમાં વ્યવહારોની સંખ્યા વચ્ચેનો સંબંધ દર્શાવે છે. આ સમીકરણ મુજબ, નાણાંનો જથ્થો અને ભાવ સપાટી એકબીજા સાથે સીધા સંબંધ ધરાવે છે. એટલે કે, જો નાણાંનો જથ્થો વધે છે, તો ભાવ સપાટી પણ વધે છે, અને જો નાણાંનો જથ્થો ઘટે છે, તો ભાવ સપાટી પણ ઘટે છે.

1.6 ચાવીરૂપ શબ્દો :

- વિનિમય એ વસ્તુઓ અને સેવાઓની આપ-લે કરવાની પ્રક્રિયા છે.
- ભાવસપાટી એટલે કે કોઈ ચોક્કસ સમયે અર્થતંત્રમાં ઉપલબ્ધ વસ્તુઓ અને સેવાઓની સરેરાશ કિંમત.
- મૂલ્ય વસ્તુ કે સેવાનું મૂલ્ય એટલે કે તે વસ્તુ કે સેવાના બદલામાં કેટલી વસ્તુ કે સેવા મળી શકે છે.

- ચલણવેગ (Velocity of Money) ચોક્કસ સમયગાળામાં નાણાંનો એક એકમ સરેરાશ કેટલી વખત હાથ બદલે છે, અથવા અર્થતંત્રમાં ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી માટે કેટલી વાર ઉપયોગમાં લેવાય છે.
- મૂલ્યનિર્ધારણ એટલે કોઈ વસ્તુ, સેવા, અથવા સંપત્તિનું મૂલ્ય નક્કી કરવાની પ્રક્રિયા.
- પૂર્ણ રોજગારી એટલે એવી પરિસ્થિતિ જેમાં અર્થતંત્રમાં કામ કરવા લાયક અને વેતનના ચાલુ દરે કામ કરવા ઇચ્છતા બધા જ લોકોને કોઈ ને કોઈ ધંધો કે રોજગારી મળી ગઈ હોય.
- વિદેશ વેપાર એટલે એક દેશ અને બીજા દેશ વચ્ચે થતી વસ્તુઓ અને સેવાઓની આપલે. આમાં નિકાસ અને આયાત બંનેનો સમાવેશ થાય છે.

1.7 તમારી પ્રગતિ ચકાસો :

❖ **નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો.**

(1) પ્રો.ફિશરના વિનિમય સમીકરણની સમજૂતી આપી તેની મર્યાદાઓ જણાવો.

(2) નાણાંની વ્યાખ્યા આપી. વિનિમય સમીકરણ સમજાવો.

(3) નાણાંના પરિમાણ સિદ્ધાંત સમજાવો.

❖ **નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ લખો.**

(1) પ્રો.ફિશરનું વિનિમય સમીકરણસૂત્ર જણાવો.

(2) નાણાં વિવિધની વ્યાખ્યા આપો.

(3) નાણાંના પુરવઠાને અસર કરતાં પરિબળો જણાવો.

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો**

(1) નાણાંનો પરિમાણ સિદ્ધાંત ક્યા અર્થશાસ્ત્રી દ્વારા સૌ પ્રથમ વખત રજૂ થયેલ ?

(A) પ્રો.ફિશર (B) પ્રો.મિલ્ટન ફ્રીડમેન

(C) પ્રો.ડેવનઝેટ્ટી (D) પ્રો.માર્શલ

(૨) નાણાંના પરિમાણ સિદ્ધાંતને લોકપ્રિય બનાવવાનું કાર્ય ક્યા અર્થશાસ્ત્રીએ કરેલ ?

(A) પ્રો.ફ્રીડમેન (B) પ્રો.ફિશર

(C) પ્રો.ડેવનઝેટ્ટી (D) પ્રો.કેઈન્સ

(3) પ્રો.ઈરવીંગ પ્રો.ફિશરનું the purchasing power of Money એ પુસ્તક ક્યા વર્ષમાં પ્રગટ થયેલ ?

(A) 1711 (B) 1811

(C) 1926 (D) 1911

(4) નાણાંનું મૂલ્ય અને ભાવસપાટી વચ્ચે કેવો સંબંધ છે ?

(A) સીધો (B) વ્યસ્ત

(C) પરોક્ષ (D) પ્રમાણસર

(5) પ્રો.ફિશરના સમીકરણ મુજબ નીચેનામાંથી કયું પરિબળ ટૂંકાગાળામાં સ્થિર રહેતું નથી ?

(A) P (B) T

(C) V' (D) M

(6) અન્ય પરિબળો સ્થિર રહેતો પ્રો.ફિશરના સમીકરણ પ્રમાણે નાણાંના પરિમાણને

(A) ભાવસપાટી સાથે સીધો સંબંધ

(B) નાણાંના મૂલ્ય સાથે સીધો સંબંધ

(C) ભાવસપાટી સાથે વ્યસ્ત સંબંધ

(D) નાણાંના મૂલ્ય સાથે કોઈ સંબંધ નહીં.

(7) નાણાંપ્રમાણ અને ભાવસપાટી વચ્ચે કેવો સંબંધ છે ?

(A) સીધો (B) વ્યસ્ત

(C) પરોક્ષ (D) સ્થિર

(8) નાણાંનું મૂલ્ય અને નાણાંના પ્રમાણ વચ્ચે કેવો સંબંધ છે ?

(A) સીધો (B) વ્યસ્ત

(C) પરોક્ષ (D) પ્રમાણસર

(9) "Purchasing Power of Money" આ પુસ્તક કોનું છે ?

(A) પ્રો.ફિશર (B) પ્રો.રોબર્ટ્સન

(C) પ્રો.પિગુ (D) પ્રો.કેઈન્સ

(10) પ્રો.ફિશરના સમીકરણમાં નાણાના કયા કાર્યને વિશેષ મહત્ત્વ આપ્યું છે

(A) વિનિમય (B) સાવચેતી

(C) સંગ્રહ (D) સટ્ટાકીય

❖ **સંદર્ભગ્રંથ**

➢ નાણાંની માંગઃ સૈદ્ધાંતિક અભિગમ અને સંખ્યાકીય ચકાસણી લેખક : ડૉ. મ. ન. રાવલ. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય,

➢ મૂલ્યના સિદ્ધાંતો, લેખક : પ્રા. આર. કે. અમીન. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય, અમદાવાદ.

➢ H.L.Ahuja, Macro Economics Theory And Policy, S. Chand Publication.

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પની પસંદગીના જવાબો.

(1)	(C) પ્રો.ડેવનઝેટ્ટી	(2)	(B) પ્રો.ફિશર
(3)	(D) 1911	(4)	(B) વ્યસ્ત
(5)	(D) M	(6)	(A) ભાવસપાટી સાથે સીધો સંબંધ
(7)	(A) સીધો	(8)	(B) વ્યસ્ત
(9)	(A) પ્રો.ફિશર	(10)	(A) વિનિમય

****

એકમ: 2 નાણાંની માંગ : પ્રો.કેઈન્સીયન અને કેમ્બ્રિજ સિદ્ધાંત

❖ રૂપરેખા :

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 કેમ્બ્રિજ રોકડ પુરાંત સમીકરણ

2.3 પ્રો.કેન્સીયન સિદ્ધાંત (રોકડતા પસંદગીનો સિદ્ધાંત)

2.4 સારાંશ

2.5 ચાવીરૂપ શબ્દો

2.6 તમારી પ્રગતિ ચકાસો.

- સંદર્ભસૂચિ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે,

- કેમ્બ્રિજ રોકડ પસંદગી સમીકરણ ગાણિતક રીતે સમજી અને સમજાવી શકશો.
- રોકડતા પસંદગીનો સિદ્ધાંત સમજી અને સમજાવી શકશો.
- રોકડ પસંદગીના હેતુઓ ચર્ચા કરી શકશો.
- પ્રો.ફિશરનું સમીકરણ અને કેમ્બ્રિજ સમીકરણની તુલના કરી શકશો.

2.1 પ્રસ્તાવના :

નાણાનું મૂલ્ય બદલાતું રહે છે તે ક્યા સિદ્ધાંતના આધારે નક્કી કરવુ ? નાણાનું મૂલ્ય બદલાયું છે એ જાણવા કરતાં નાણાનું મૂલ્ય શા માટે બદલાયું છે તે જાણવું વધારે મહત્ત્વનું છે. નાણું માનવસમાજના ઉદયથી અસ્તિત્ત્વમાં આવ્યું છે. અર્થશાસ્ત્ર અંગે સ્પષ્ટ વિવેચન થયું તેની પણ અગાઉ કેટલાક ચિંતકોએ નાણાના મૂલ્યની વધઘટ અંગે વિશ્લેષણ પૂરું પાડવાનો પ્રયત્ન કર્યો હતો. આમાં નાણાં પરિમાણનો સિદ્ધાંત ખૂબ જ વ્યાપક રીતે વિચારાયેલો સિદ્ધાંત છે. આ સિદ્ધાંતની પૂર્વભૂમિકા વિશાળ છે અને તેના પુરસ્કર્તાઓની સંખ્યા મોટી છે.

2.2 કેમ્બ્રિજ રોકડ પસંદગી સમીકરણ :

કેમ્બ્રિજ યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્રીઓ પ્રો.માર્શલ, પ્રો.પીગુ, પ્રો.કેઈન્સ અને પ્રો.રોબર્ટ્સને નાણાંની માંગની મદદથી નાણાંના મૂલ્યને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. નાણાંની માંગ નાણાંના મૂલ્યને કઈ રીતે નક્કી કરે છે તેને પરિણામે રોકડ પુરાંત સમીકરણને નાણાંની માંગથી ઓળખવામાં આવે છે.

2.2.1 રોકડ પુરાંત સમીકરણની સૈદ્ધાંતિક રજૂઆત :

પ્રો.માર્શલ અને પ્રો.પીગુના મત પ્રમાણે નાણાંનું મૂલ્ય નાણાંની માંગ કે રોકડ પસંદગી દ્વારા નક્કી થાય છે. તેમજ રોકડ-પસંદગીમાં કરવામાં આવતાં પરિવર્તનોની નાણાંના મૂલ્ય પર અસર થાય છે. જેમ કે, રોકડ પસંદગીમાં વધારો કરવામાં આવે તે સમયે નાણાંના મૂલ્યમાં વધારો થાય છે અને રોકડ પસંદગીમાં ઘટાડો થાય ત્યારે નાણાંના મૂલ્યમાં ઘટાડો થાય છે. આમ, રોકડ પસંદગી અને નાણાંના મૂલ્ય વચ્ચે સીધો સબંધ રહેલો છે. આનો અર્થ એ થાય છે કે રોકડ પસંદગીમાં આવતાં ફેરફારો નાણાંના મૂલ્ય નિર્ધારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

સામાન્ય રીતે રોકડ પસંદગી એટલે કોઈપણ વ્યક્તિ તેમની આવકનો જે ભાગ રોકડ સ્વરૂપે હાથ ઉપર રાખવાની વૃત્તિ ધરાવે છે. રોકડ પસંદગી અને નાણાંના મૂલ્ય વચ્ચે સીધો સબંધ છે. વ્યક્તિની રોકડ પસંદગી પાછળનાં મુખ્ય ત્રણ હેતુઓ રહેલા છે. જેમાં વિનિમયમાં હેતુ, સાવચેતીનો હેતુ અને સટ્ટાકીય હેતુનો હોય છે.

2.2.2 રોકડ પસંદગીના હેતુઓ :

(1) વિનિમયનો હેતુ : દરેક વ્યક્તિને આવક કે આવકનો અમુક ભાગ ચોક્કસ સમયના અંતરે પ્રાપ્ત થાય છે એટલે કે અઠવાડીયા કે મહિનાના અંતરે આવક કે આવકનો ભાગ પ્રાપ્ત થાય છે. પરંતુ વચ્ચેના સમયગાળામાં વ્યક્તિની રોજ-બ-રોજની જરૂરિયાતો સંતોષવા માટે આવકનો અમુક ભાગ રોકડ સ્વરૂપે હાથ પર રાખવો પડે છે. આમ વ્યક્તિ વિનિમયના હેતુસર આવકનો નિશ્ચિત ભાગ હાથ ઉપર રાખવાનું પસંદ કરે છે. વ્યક્તિની માફક વેપારી અને ઉત્પાદક પણ વિનિમયના હેતુસર હાથ ઉપર રકમ રાખવાનું પસંદ કરે છે.

(2) સાવચેતીનો હેતુઃ આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે રોકડ પસંદગીની માંગ કરવામાં આવે છે. આ રોકડ પસંદગીની માગમાં લોકો આકસ્મિક આવતા ખર્ચ, માંદગી કે અકસ્માત જેવી ઘટનાઓને પહોંચી વળવા માટે નાણું હાથ પર રાખે છે. તેને સાવચેતીના હેતુ માટે નાણાંની માંગ કહી શકાય. સાવચેતીના હેતુ માટે નાણાંની માંગ કેટલી હશે તેનો આધાર લોકોની આવક અને સામાજિક સલામતીની યોજનાના વિકાસ પર રહેલો છે. જો દેશમાં પૂરતી સામાજિક સલામતી યોજનાનો વિકાસ થયો હશે તો લોકો સાવચેતીના હેતુસર ઓછી રોકડ નાણાંની માંગ કરશે.

(3) સટ્ટાકીય હેતુઃ અમુક સમયે વેપારી કે ઉત્પાદક ટૂંકાગાળામાં વધુ નફો કમાવાનું પસંદ કરે છે. જેમને સટ્ટાકીય હેતુસર કરવામાં આવતી નાણાંની માંગ તરીકે ઓળખવામાં આવે છે. વેપારીને જ્યારે એવું જણાય કે ભવિષ્યમાં અમુક વસ્તુઓની ભાવસપાટીમાં વધારો થશે તે સમયે વર્તમાન સમયમાં રોકડ પસંદગીમાં ફેરફાર કરીને વસ્તુઓનો સંગ્રહ કરશે. આને પરિણામે, ભવિષ્યમાં વેપારીને વધુ નફો પ્રાપ્ત થઈ શકે છે. આ સટ્ટાકીય હેતુસર વેપારી અને ઉત્પાદક દ્વારા રોકડ પસંદગી કરવામાં આવે છે.

2.2.3 કેમ્બ્રિજ સમીકરણો : કેમ્બ્રિજના અર્થશાસ્ત્રીઓની આ વિચારસરણીને બીજગણિતનું સ્વરૂપ આપ્યું છે. તેમના મત મુજબ ત્રણ પરિબળો ભાવસપાટીને અસર કરે છે :

(1) નાણાંનું કુલ પ્રમાણ (M) : કાયદામાન્ય નાણાંનું પ્રમાણ અને બેંક નાણાંનું પ્રમાણ જે M દ્વારા દર્શાવવામાં આવે છે, તે સામાન્ય ભાવસપાટીને અસર કરે છે. આમ નાણાંનું પ્રમાણ (M) અને ભાવસપાટી (P) વચ્ચે સવળો/સીધો સંબંધ છે.

(2) વાસ્તવિક ચીજવસ્તુઓનું પ્રમાણ (R): પ્રો.પીગુએ વાસ્તવિક ચીજોમાં જેનો પ્રત્યક્ષ રીતે ઉપયોગ કરીએ જેમ કે ઘઉં, તૈયાર કપડાં, કાચો માલ વગેરેને વાસ્તવિક ચીજો ગણે છે. કોઈ સમાજમાં આ વાસ્તવિક ચીજોનું કુલ પ્રમાણ વધે તો વસ્તુના ભાવસપાટી (P) માં ઘટાડો થાય છે, અને વાસ્તવિક ચીજવસ્તુઓનું પ્રમાણ (R) માં ઘટાડો થાય તો ભાવસપાટી (P) માં વધારો થાય છે. આમ તેમની વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે.

(3) રોકડ પુરાંતની માંગ (K): લોકો પોતાની આવકનો અમુક ભાગ રોકડ સ્વરૂપમાં રાખે છે.

રોકડ પસંદગીના હેતુઓ વિષે ચર્ચા કર્યા બાદ પ્રો.માર્શલ, પ્રો.પિગુ, પ્રો.પ્રો.રોબર્ટસન દ્વારા આપવામાં આવેલ સમીકરણ વિષે ચર્ચા કરીશું.

2.2.3.1 માર્શલનું સમીકરણ :

પ્રો.માર્શલએ રોકડ પુરાંતના સમીકરણની રજૂઆત કરતાં જણાવે છે કે નાણાનું મૂલ્ય નાણાંની માંગ અને નાણાના પુરવઠા દ્વારા નક્કી થાય છે. નાણાંની માંગનો આધાર લોકો તેમની કુલ આવકનો કેટલો ભાગ પોતાની પાસે રોકડ નાણું સ્વરૂપમાં રાખવા માંગે છે તેના પર રહેલો છે, જ્યારે નાણાનો પુરવઠો કાયદેસરનું અને લોકોની બેંકમાં રહેલી થાપણો દ્વારા નક્કી થાય છે. આ સમીકરણને નીચે મુજબ રજૂ કરી શકાય : The Cambridge equation is that it makes the demand for money a function of money income and only of it.

Money Demand (Md = KPy) અથવા $P = \frac{Ky}{M}$

આકૃતિ 2.1



અહીં, M = નાણાનું પરિમાણ

P = ભાવસપાટી

Y = કુલ વાસ્તવિક આવક

K = વાસ્તવિક આવકનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપમાં રાખવા માંગે છે તેનું પ્રમાણ

d = માંગ

પ્રો.માર્શલ સમીકરણમાં નાણાનો પુરવઠો (M) સ્થિર રાખવામાં આવે તો પણ લોકોની રોકડ પ્રવૃત્તિ (K) માં થતાં ફેરફારો ભાવપાટીને અસર કરશે. તેમના મતે નાણાનું પરિમાણ (M) કરતાં વાસ્તવિક આવકનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપમાં રાખવા માંગે છે તેનું પ્રમાણ (K)નું મહત્ત્વ વિશેષ છે. એટલે નાણાંના મૂલ્યનો આધાર રોકડ પુરાંત પર છે.

2.2.3.2 પ્રો.પિગુનું સમીકરણ :

પ્રો.પ્રો.પીગુએ રોકડ પુરાંતના સમીકરણ સૌપ્રથમ રજૂઆત કરી હતી. નાણાંનું પ્રમાણ M અને P વચ્ચે સીધો સંબંધ છે, વાસ્તવિક ચીજોનું કુલ પ્રમાણ R અને ભાવસપાટી P વચ્ચે તથા રોકડ પુરાંતની માંગ K અને ભાવસપાટી P વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

P = MKR અથવા PKR = M

અહીં, M = નાણાનું પરિમાણ

P = ભાવસપાટી

R = વાસ્તવિક આવક અથવા વાસ્તવિક ચીજોનું પ્રમાણ. સમાજના સમગ્ર સંસાધનો (Resources)

K = વાસ્તવિક આવકનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપે રાખે છે તે

ઉદાહરણની મદદથી સમજીએ.

જો M = 100 રૂા. K= 1/6, R = 1200 હોય તો.

P = M/KR

$$P = \frac{100}{1200 \times 1/6}$$

$$P = \frac{100}{200}$$

P = 1/2

P = 0.5 રૂા.

પ્રો.પીગુએ તેમના સમીકરણ સુધારો કરી સમીકરણમાં બેન્ક નાણાંને સ્થાન આપ્યું.

M = KRP{c+h(1-c)}

અથવા

P = KR/M C+H (1+C)

અહીં, P = નાણાના એક એકમનું મૂલ્ય (ભાવસપાટી)

R = સમાજની વાસ્તવિક આવક

K = વાસ્તવિક આવકનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપમાં રાખવા માંગે છે, તે

M = નાણાં પરિમાણ

C = રોકડ પુરાંતનો કાયદેસરના નાણાંમાં રાખવામાં આવતો ભાગ

1+C = રોકડ પુરાંતનો બેંકમાં થાપણના રૂપમાં રાખવામાં આવતો

h = બેંકનું રોકડ પ્રમાણ

2.2.3.3 પ્રો.રોબર્ટસનનું સમીકરણ :

પ્રો.રોબર્ટસનને જે સમીકરણ તૈયાર કર્યું તે ઘણે અંશે પ્રો.પ્રો.પિગુના સમીકરણને મળતું આવે જે નીચે મુજબ રજૂ કરી શકાય :

M = PKT   અથવા   P = M/KT

અહીં, M = નાણાં પરિમાણ

P = ભાવસપાટી

T = સોદાઓનું પ્રમાણ.

K = વાસ્તવિક આવકનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપે રાખે છે તે

આમ, પ્રો.પિગુ જ્યાં R નો ઉપયોગ કરે છે ત્યાં પ્રો.રોબર્ટસન T નો ઉપયોગ કરે છે. બંને સંજ્ઞાઓ એક જ હકીકત સૂચવે છે. આ સૂત્ર વધુ સરળ છે તથા પ્રો.ફિશરના સાથે સરખામણી કરવામાં તે વધુ ઉપયોગી છે.

2.2.3.4 પ્રો.કેઈન્સનું સમીકરણ :

લૉર્ડ, કેઈન્સે તેમના પુસ્તક (1923)Tract on Monetary Reform" માં રોકડ પુરાંતના સિદ્ધાંતનું સમીકરણમાં આપ્યું છે. પ્રો.કેઈન્સના મત મુજબ, લોકો તેમની ખરીદશક્તિનું અમુક પ્રમાણ રોકડ સ્વરૂપમાં રાખતા હોય છે. તેનો આધાર સમાજની સંપત્તિ અને લોકોની ટેવો પર રહેલો છે. પ્રો.કેઈન્સના સમીકરણને નીચે મુજબ રજૂ કરી શકાય.

n = p(k+rk') અથવા   P = n (K+rk')

અહીં, n = નાણાનું કુલ પરિમાણ.

P = વપરાશના એક એકમની કિંમત

K = રોકાણ પુરાંત

K' = બેન્કનું રોકડ પ્રમાણ.

રોકડ પસંદગીના હેતુ માટે પ્રો.માર્શલ, પ્રો.પીગુ, પ્રો.રોબર્ટસ અને પ્રો.કેઈન્સ દ્વારા આપવામાં આવેલ સમીકરણમાં વાર્ષિક રાષ્ટ્રીય આવક y, R, K અને T સામાન્ય છે. નાણાંનો પુરવઠો M પણ સામાન્ય છે. હવે, આ અર્થશાસ્ત્રીના મંતવ્ય મુજબ નાણાંનું મૂલ્ય નક્કી કરવામાં M અને y, T, R મુખ્ય ભાગ ભજવતા નથી, પરંતુ K મુખ્ય ભાગ ભજવે છે. એટલે કે નાણાંનો મૂલ્યનો આધાર K પર છે તેમ પણ કહી શકાય. K માં ફેરફાર થવાથી P માં ફેરફાર થાય છે. પીગુના સમીકરણને નજર સમક્ષ રાખીએ તો નાણાંનું મૂલ્ય નક્કી કરવામાં નાણાંનો પુરવઠો અને કુલ આવક નિર્ણાયક અને અસરકારક ભાગ ભજવતા નથી, પરંતુ માત્ર રોકડ પુરાંત મહત્ત્વનો ભાગ ભજવે છે.

2.2.4 પ્રો.ફિશરનું સમીકરણ અને કેમ્બ્રિજ સમીકરણની તુલના :

પ્રો.ફિશર દ્વારા નાણાંના પરિમાણના સિદ્ધાંતની વિનિમય સમીકરણ દ્વારા રજૂઆત કરી છે. પ્રો.ફિશર મતે ભાવસપાટીમાં આવતા ફેરફારો નાણાનાં પરિમાણમાં થતાં પરિવર્તનોને આભારી છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી એ તેમના સમીકરણ 'રોકડ પુરાંતનું સમીકરણ' તરીકે ઓળખાય છે. તેઓના મત મુજબ નાણાનું મૂલ્ય રોકડ પુરાંતની માંગ અને નાણાંના પુરવઠા વડે નક્કી થાય છે. આમ વિનિમય સમીકરણ સાથે પ્રો.ફિશરનું નામ સંકળાયેલુ છે, જ્યારે રોકડ પુરાંતના સમીકરણ સાથે પીગુનું નામ સંકળાયેલુ છે. આ બંને સમીકરણો વચ્ચે કેટલીક સમાનતા અને તફાવત રહેલો છે.

પ્રો.ફિશરનું અને કેમ્બ્રિજના સમીકરણમાં કેટલીક સમાનતા પણ જોવા મળી છે. પ્રો.ફિશરનું અને કેમ્બ્રિજના સમીકરણમાં ભાવસપાટી માટે P રજૂ કરાયો છે. પ્રો.ફિશરનું અને કેમ્બ્રિજના સમીકરણમાં નાણાંના ચલણ વેગ માટે V અને રોકડ પુરાંત માટે K નો ઉલ્લેખ કરાયો છે. જેમાં P અને K વચ્ચે ચોક્કસ પ્રકારનો સંબંધ વ્યક્ત કરાયો છે. બંને સમીકરણમાં નાણાંના પ્રમાણને નાણાંનું મૂલ્ય નક્કી કરવામાં આવશ્યક ગણાવ્યો છે.

પ્રો.ફિશરનું અને કેમ્બ્રિજના સમીકરણમાં કેટલીક તફાવત પણ જોવા મળી છે. પ્રો.ફિશરે નાણાંના મૂલ્ય માટે નાણાંના પુરવઠા પર ભાર મૂક્યો છે. જ્યારે કેમ્બ્રિજ સમીકરણમાં નાણાંનું મૂલ્ય નક્કી કરવામાં નાણાંની માંગ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રો.ફિશરે તેના સમીકરણમાં નાણાંની ગતિને વધુ મહત્ત્વ આપ્યું છે. કેમ્બ્રિજ સમીકરણમાં રોકડ પુરાંતને વધુ મહત્ત્વ આપ્યું છે. પ્રો.ફિશરનું સમીકરણ નાણાંને માત્ર વસ્તુની ખરીદી માટેની જ ઉપયોગિતા ગણાવે છે. કેમ્બ્રિજ નાણાંના મૂલ્યના સંગ્રાહક તરીકે ઓળખાવે છે.

પ્રો.ફિશરના સમીકરણ કરતાં કેમ્બ્રિજ સમીકરણ અનેકગણું ચડિયાતું છે. પ્રો.ફિશરનું સમીકરણ માત્ર નાણાંના પુરવઠા પર જ ધ્યાન રાખે છે. જ્યારે

કેમ્બ્રિજ સમીકરણ નાણાંના પુરવઠા ઉપરાંત નાણાંની માંગ ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રો.ફિશરે પોતાનો સિદ્ધાંત સમજાવતી વખતે કેટલીક ધારણાઓ કરી છે જે અવાસ્તવિક છે. કેમ્બ્રિજ સિદ્ધાંતની સમજૂતી માટે આવી અયોગ્ય ધારણાઓ નથી કરી. કેમ્બ્રિજ સમીકરણ રોકડ પદ્ધતિને સવિશેષ મહત્ત્વ આપે છે. હાલના સમયમાં રોજગારી અને વ્યવહારનો આધાર રોકડ પસંદગી પર છે. પ્રો.ફિશરના સમીકરણમાં M કરતાં કેમ્બ્રિજ સમીકરણને K વધુ અસરકારક જણાય છે, કારણ કે K માં ફેરફાર થતાં બજાર પર વધુ અસર થાય છે. તેમાં પણ અલ્પવિકસિત દેશોમાં જ્યાં ભાવસપાટીમાં ઝડપી ફેરફાર થાય છે ત્યાં Kનું વધુ મહત્ત્વ હોય છે.

કેમ્બ્રિજ સમીકરણ અનેકગણું ચડિયાતું હોવા છતાં ટીકાઓ થયેલ જોવા મળે છે. આ સિદ્ધાંત સંપૂર્ણ નાણાકીય સિદ્ધાંત નથી અને પૂર્ણરોજગારીના સિદ્ધાંત પર આધારિત છે. વાસ્તવમાં પૂર્ણરોજગારી જોવા મળતી નથી. રોકડ પુરાંતનો ખ્યાલ અસ્પષ્ટ અને ન જાણી શકાય તેવો જોવા મળે છે અને રોકડ પુરાંતને ક્યાં પરિબળો અસરો કરે છે તે દર્શાવાયું નથી. રોકડ પુરાંતની માંગ મુખ્યત્વે ક્યા હેતુઓ માટે કરવામાં આવે છે તે બાબત પ્રો.પીગુ અને પ્રો.કેઈન્સ વચ્ચે મતભેદ પ્રવર્તે છે. આ સિવાય ઘણા જ પરિબળ છે જેની સમજૂતી આપી નથી.

2.3 પ્રો. જે.એન. પ્રો.કેઈન્સનો રોકડ પસંદગી કે તરલતા પસંદગીનો સિદ્ધાંત :

2.3.1 પ્રસ્તાવના :

પ્રો.કેઈન્સનો નાણાંની માંગ અંગેનો અભિગમ તેમના પુસ્તક "The General Theory of Employment, Interest and Money" રજૂ કરેલ છે. પ્રો.કેઈન્સના નાણાંની માંગ અંગેનો સિદ્ધાંતમાં પ્રો.ફિશરના અભિગમ અને કેમ્બ્રિજ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રીઓ પ્રો પ્રો.પીગુ અને પ્રો.પ્રો.રોબર્ટસનના અભિગમનો સમન્વય જોવા મળે છે. પ્રો.ફિશરના અભિગમ મુજબ નાણાં વિનમયનું માધ્યમ છે અને તેથી નાણાંની માંગનો આધાર વિનિમયના પ્રમાણ અથવા સોદાઓની સંખ્યા પર રહેલો છે. જ્યારે કેમ્બ્રિજ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રીઓએ મૂલ્યના સંગ્રાહક તરીકે નાણાંના કાર્યને લક્ષમાં રાખીને નાણાંની માંગ સિદ્ધાંત રજૂ કરેલ છે.

પ્રો.કેઈન્સના સિદ્ધાંતમાં નાણા વિનિમયના માધ્યમ તરીકે અને મૂલ્યના સંગ્રાહક તરીકેના કાર્યને ધ્યાનમાં રાખીને નાણાંની માંગનું વિશ્લેષણ કર્યું છે.

2.3.2 વ્યાજનો અર્થ :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મંતવ્ય પ્રમાણે વ્યાજ બચત કે પ્રતીક્ષાનો બદલો છે. અર્થાત્ વ્યાજ આવક ન ખર્ચવાનો-એટલે કે બચત કરવાનો બદલો છે અને બચતની માંગ મૂડીરોકાણ માટે થાય છે. જે વ્યાજના દર ઉપર આધાર રાખે છે. આ ઉપરાંત વ્યાજનો દર બચત અને મૂડીરોકાણને સમતુલામાં લાવનાર પરિબળ છે તેવી માન્યતા પ્રશિષ્ટ અર્થસ્ત્રીઓએ કરી છે.

પ્રો.કેઈન્સ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનાં ઉપર જણાવેલાં બંને મંતવ્યોને વિરોધ કરતાં કહે છે કે વ્યાજનો દર બચત કે પ્રતીક્ષાનો બદલો નથી, કારણ કે વ્યક્તિ જે પિતાની બચતને રોકડ નાણના સ્વરૂપમાં સંઘરી રાખે છે તો તેને વ્યાજ

મળતું નથી. ''કોઈ એક મુદ્દત સમય માટે રોકડવૃત્તિ જતી કરવાનો બદલો વ્યાજ. રોકડવૃત્તિ અથવા રોકડ પસંદગીની સમજૂતી પ્રો.કેઈન્સે આ પ્રમાણે આપી છે.

વ્યક્તિ પોતાની આવકને કેટલોક ભાગ વપરાશ ખર્ચમાં વાપરે છે અને કેટલોક ભાગ બચાવે છે. પોતાની આવકનો કેટલો ભાગ વપરાશ પાછળ ખર્ચ કરશે તેનો આધાર લોકોની વપરાશવૃત્તિ પર રહેલો છે. વપરાશવૃત્તિ એટલે આવકની જુદીજુદી સપાટીએ વપરાશ પાછળ થતું ખરેખરું ખર્ચ. આવકમાંથી વપરાશખર્ચને બાદ કરવાથી જે બાકી રહે તે બચત છે. પ્રો.કેઈન્સના મંતવ્ય પ્રમાણે વપરાશવૃત્તિ ટૂંકા ગાળામાં સ્થિર રહે છે. વપરાશ ખર્ચમાં થતો વધારે આવકમાં થતા વધારા કરતાં ઓછો હોય છે.તેને અર્થ એ થાય છે કે જેમ આવક વધે છે તેમ બચત વધે છે. આમ પ્રો.કેઈન્સના મંતવ્ય પ્રમાણે બચતનો સંબંધ વ્યાજ સાથે નહિ પણ આવક સાથે છે.

લોકોએ તેમની બચતને કઈ રીતે ઉપયોગ કરે તે પ્રશ્ન અગત્યને છે. વ્યક્તિએ તેની બચતને અથવા તેના કેટલા ભાગને રોકડ સ્વરૂપમાં હાથ પર રાખવી અથવા તે બચતના કેટલા ભાગનું ધિરાણ કરવું અને રોકડ રકમ જતી કરવી તે નક્કી કરવાનું હોય છે. લોકો તેમની બચતોનો કેટલો ભાગ રોકડ સ્વરૂપમાં હાથ પર રાખશે તેને આધાર લોકોની રોકડ પસંદગી પર રહેલે છે. રોકડ પસંદગી એટલે નાણાને રોકડ સ્વરૂપમાં હાથ ઉપર રાખવા માટે ઊભી થતી નાણાંની માંગ. જ્યારે લોકો વધારે રોકડ નાણું હાથ ઉપર રાખે ત્યારે તેઓ બચતને ધીરવાથી મળતા વ્યાજને જતું કરવા તૈયાર હોય છે, અને જો તેઓ વ્યાજને જતું કરવા તૈયાર હોય તે તેમની રોકડ નાણું હાથ ઉપર રાખવાની વૃત્તિ વધારે હશે. તેથી, રોકડ પસંદગી એટલે વ્યાજની કમાણી જતી કરવી અને વ્યાજ કમાવવું એટલે રોકડ પસંદગીને જતી કરવી, પ્રો.કેઈન્સ કોઈ એક વ્યક્તિની રોકડ પસંદગીને ઉલ્લેખ કરતો નથી. સમાજની બધી વ્યક્તિઓની રોકડ પસંદગીના સરવાળાને તે (સમાજની) કુલ રોકડ પસંદગી કહે છે.

2.3.3 રોકડ નાણાંની માંગ(રોકડ પસંદગીના હેતુઓ) :

(1) વિનિમયનો હેતુ : દરેક વ્યક્તિને આવક કે આવકનો અમુક ભાગ ચોક્કસ સમયના અંતરે પ્રાપ્ત થાય છે એટલે કે અઠવાડીયા કે મહિનાના અંતરે આવક કે આવકનો ભાગ પ્રાપ્ત થાય છે. પરંતુ વચ્ચેના સમયગાળામાં વ્યક્તિની રોજ-બ-રોજની જરૂરિયાતો સંતોષવા માટે આવકનો અમુક ભાગ રોકડ સ્વરૂપે હાથ પર રાખવો પડે છે. આમ વ્યક્તિ વિનિમયના હેતુસર આવકનો નિશ્ચિત ભાગ હાથ ઉપર રાખવાનું પસંદ કરે છે. વ્યક્તિની માફક વેપારી અને ઉત્પાદક પણ વિનિમયના હેતુસર હાથ ઉપર રકમ રાખવાનું પસંદ કરે છે.

(2) સાવચેતીનો હેતુ: આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે રોકડ પસંદગીની માંગ કરવામાં આવે છે. આ રોકડ પસંદગીની માગમાં લોકો આકસ્મિક આવતા ખર્ચ, માંદગી કે અકસ્માત જેવી ઘટનાઓને પહોંચી વળવા માટે નાણું હાથ પર રાખે છે. તેને સાવચેતીના હેતુ માટે નાણાંની માંગ કહી શકાય. સાવચેતીના હેતુ માટે નાણાંની માંગ કેટલી હશે તેનો આધાર લોકોની આવક અને સામાજિક સલામતીની યોજનાના વિકાસ પર રહેલો

છે. જો દેશમાં પૂરતી સામાજિક સલામતી યોજનાનો વિકાસ થયો હશે તો લોકો સાવચેતીના હેતુસર ઓછી રોકડ નાણાંની માંગ કરશે.

(3) સટ્ટાકીય હેતુ: અમુક સમયે વેપારી કે ઉત્પાદક ટૂંકાગાળામાં વધુ નફો કમાવાનું પસંદ કરે છે. જેમને સટ્ટાકીય હેતુસર કરવામાં આવતી નાણાંની માંગ તરીકે ઓળખવામાં આવે છે. વેપારીને જ્યારે એવું જણાય કે ભવિષ્યમાં અમુક વસ્તુઓની ભાવસપાટીમાં વધારો થશે તે સમયે વર્તમાન સમયમાં રોકડ પસંદગીમાં ફેરફાર કરીને વસ્તુઓનો સંગ્રહ કરશે. આને પરિણામે, ભવિષ્યમાં વેપારીને વધુ નફો પ્રાપ્ત થઈ શકે છે. આ સટ્ટાકીય હેતુસર વેપારી અને ઉત્પાદક દ્વારા રોકડ પસંદગી કરવામાં આવે છે.

❖ **સટ્ટાકીય હેતુ માટેની રોકડ પસંદગી :**

પ્રો.કેઈન્સના મંતવ્ય મુજબ રોકડ પસંદગીની રેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપરથી નીચે ઢળતી હોય છે. કારણ કે સટ્ટાકીય હેતુસર થતી રોકડ નાણાંની માંગને વ્યાજના દર સાથે વ્યસ્ત સંબંધ છે. રોકડ પસંદગીરેખા જુદા જુદા વ્યાજના દરે સટ્ટાકીય હેતુ ખાતર રોકડનાણાની માંગ બતાવે છે.

આકૃતિ 2.2



આકૃતિ નં-2.2માં OX ધરી પર નાણાંની માંગ દર્શાવેલ છે જ્યારે OY ધરી પર વ્યાજનો દર દર્શાવેલ છે. LP રેખા રોકડ પસંદગીની રેખા છે. OR વ્યાજના દરે રોકડ નાણાંની માંગ OM જેટલી છે. જેમ વ્યાજનો દર ઘટતો જાય તેમ રોકડ નાણુની માંગ વધતી જાય છે. ધારો કે વ્યાજનો દર OR થી ઘટીને OR_1 થાય છે અને તેથી રોકડ નાણાંની માંગ OM થી વધીને OM_1 થાય છે. LP રેખા વ્યાજની અમુક સપાટીથી નીચી સપાટીએ સંપૂર્ણ પણે વ્યાજ સાપેક્ષ બને છે. તેથી તે આડી ધરીને સમાંતર થાય છે. વ્યાજના અમુક દર પછી વ્યાજનો દર ઘટે તો લોકો તેમની પાસે જે રોકડ નાણું હશે તે બધું જ પોતાની પાસે રાખે છે. વ્યાજના તે દરથી નીચા દરની શક્યતા હોતી નથી. આ ઉપરાંત વ્યાજના તે દરની નીચે જવાનું હિતાવહ પણ નથી કારણ કે પ્રાપ્ત થતું વ્યાજ જામીનગીરી ખરીદવામાં થતા ખર્ચ જેટલું તો મળવું જ જોઈએ. વ્યાજના

જે દરે LP રેખા સંપૂર્ણ વ્યાજ સાપેક્ષ બને તે તબક્કા પછીના તબક્કાને તરલતાની પકડનો તબક્કો કહે છે. તરલતાની સ્થિતિમાં લોકો જામીનગીરીઓમાં નાણાંનું રોકાણ કરવાને બદલે નાણું હાથ ઉપર રાખશે. આથી કહી શકાય કે રોકડ પસંદગી રેખા વ્યાજના અમુક દરથી નીચે જતી નથી.

2.3.4 નાણાંનો પુરવઠો :

વ્યાજ એ શુદ્ધ નાણાકીય ઘટના હોવાથી, નાણાંની માંગ અને નાણાને પુરવઠા વ્યાજના દરને સંયુક્ત રીતે નક્કી કરે છે. આપણે નાણુના પુરવઠાના પરિબળનો વિચાર કરીશું. રોકડ નાણાના પરિમાણને નાણાના પુરવઠા તરીકે ઓળખવામાં આવે છે. રોકડ નાણાના પરિમાણમાં સિક્કાઓ, ચલણી નોટો તથા બેન્ક થાપણોનો સમાવેશ થાય છે. કોઈ એક સમયે નાણાનું પ્રમાણ કેટલું હશે તેને આધાર મધ્યસ્થ બેન્કની નાણાકીયનીતિ પર રહેલો છે. મધ્યસ્થ બેન્ક નાણું સંકુચનની નીતિ અપનાવે તે નાણાના પુરવઠામાં ઘટાડે થાય છે અને નાણું વિસ્તરણની નીતિ અપનાવે તે નાણાના પુરવઠામાં વધારે થાય છે. આમ, નાણાનો પુરવઠો એ સ્વતંત્ર પરિબળ છે, અને વ્યાજના દરમાં ફેરફારની નાણાના પ્રમાણ અથવા પુરવઠા પર કોઈ અસર થતી નથી.

2.3.5 વ્યાજના દરનું નિર્ધારણ :

પ્રો.કેઈન્સના મત પ્રમાણે નાણાંની માંગ અને નાણાના પ્રમાણ દ્વારા વ્યાજનો દર નિર્ધારિત થાય છે. નાણાનું પ્રમાણ OX ધરી પર અને વ્યાજનો દર OY ધરી પર દર્શાવેલ છે. ડાબી બાજુથી જમણી બાજુ નીચેના તરફ ઢળતી રોકડ પંસદગીની રેખા દ્વારા વ્યાજનો દર કઈ રીતે નક્કી થાય છે. તે અને નાણાંના પુરવઠામાં થતાં ફેરફાર, રોકડ પસંદગીમાં થતાં ફેરફાર અને બંનેમાં થતાં ફેરફારની વ્યાજના દર કેવી અસર આકૃતિની મદદથી સમજીએ.

આકૃતિ 2.3



નાણાનું પ્રમાણ
આકૃતિ-1



નાણાનું પ્રમાણ
આકૃતિ-2

આકૃતિ-1માં LP રોકડ પસંદગીની રેખા છે અને તે રોકડ નાણાંની માંગ દર્શાવે છે. રોકડ પસંદગીનો વ્યાજના દર સાથે વ્યસ્ત સંબંધ છે, તે પણ દર્શાવે

છે. જે બિંદુએ રોકડ નાણાંની માંગ અને નાણાનો પુરવઠો સરખાં થાય ત્યાં વ્યાજનો દર નિર્ધારિત થાય છે. જે બિંદુએ રોકડ નાણાંની માંગરેખા LP નાણાંની પુરવઠારેખા N_1 M_1 છેદે છે, તે બિંદુએ રોકડ નાણાંની માંગ અને નાણાનો પુરવઠો સરખાં થાય છે અને ત્યાં OR_1 વ્યાજનો સમતુલ દર નક્કી થશે,

હવે જ્યારે નાણાનો પુરવઠો વધે ત્યારે વ્યાજને દર ઘટશે. જેમકે નાણાનો પુરવઠો વધીને ON_2 જેટલો થાય ત્યારે નાણાનો પુરવઠા રેખા N_2 M_2 રોકડ પસંદગીરેખા LP ને M_2 બિંદુએ છેદશે અને તેથી વ્યાજને દર OR થી ઘટી OR_2 જેટલુ થશે. આમ, રોકડ પસંદગી સ્થિર રહે અને જો નાણાના પરિમાણમાં વધારો થાય તો વ્યાજનો દર ઓછો થશે અને નાણાના પરિમાણમાં ઘટાડો થાય તો વ્યાજનો દર વધશે.

નાણાનું પરિમાણ તે જ રહે અને રોકડ પસંદગીમાં વધારો થાય તો વ્યાજનો દર વધે તે બાબત જમણી બાજુની આકૃતિ-2માં બતાવવામાં આવી છે. આકૃતિ-2માં નાણા પુરવઠારેખા N_1 MQ રોકડ પસંદગીની રેખા LP ને M બિંદુએ છેદે છે. તેથી વ્યાજનો દર OR_3 નિર્ધારિત થાય છે. હવે જો નાણાનો પુરવઠો તે જ રહે પણ રોકડ પસંદગીની સપાટી ઊંચી જાય તો LP રેખા કરતાં વધારે ઊંચી સપાટીએ આવેલી બીજી L_1P_1 રોકડ પસંદગીની રેખાને નાણાપુરવઠારેખા N, MQ એ Q બિંદુએ છેદે છે અને તેથી વ્યાજનો દર OR_3 થી વધીને OR_1 જેટલુ થાય છે. આમ, નાણાનું પરિમાણ એનું એ જ રહે તો પણ રોકડ પસંદગી વધે તે વ્યાજનો દર ઊંચો જશે.

નાણાના પરિમાણમાં થતા ફેરફારોની સાથે જ રોકડ પસંદગીમાં પણ ફેરફાર થાય તે તેની વ્યાજના દર પરની અસર તપાસીએ, જે નાણાનું પરિમાણ વધે અને તે ON_1 ને બદલે ON_2 જેટલું થાય અને તેની સાથે જ રોકડ પસંદગીમાં પણ વધારે થાય એટલે કે રોકડ પસંદગી રેખા ઉપર તરફ જાય આકૃતિ મુજબ તે LP ને બદલે L_1 P_2 થાય તો હવે નવી નાણા પુરવઠારેખા N_2 M_1 Q_1 રેખા અને નવી રોકડ પસંદગીરેખા L_1 P_1 રેખા એકબીજાને Q, બિંદુએ છેદે છે અને વ્યાજનો દર OR_2 થશે. નાણુના પ્રમાણમાં જ વધારો થયો હોત તે વ્યાજનો દર ઘટીને OR_4 થાય. પરંતુ રોકડ પસંદગીના વધારાએ વ્યાજના દરને ઘટતા અટકાવ્યો એમ કહેવાય. આમ, પ્રો.કેઈન્સના વ્યાજના સિદ્ધાંતમાં રોકડ પસંદગી રેખા અને નાણાના પુરવઠાની રેખા એકબીજાને જ્યાં છેદે ત્યાં સમતુલિત વ્યાજનો દર નક્કી થાય છે. આ સિદ્ધાંત પ્રમાણે...

(1) જે નાણાનો પુરવઠો સ્થિર રહે અને રોકડ પસંદગી વધે કે ઘટે તો વ્યાજનો દર પણ અનુક્રમે વધવા અથવા ઘટવા પામે છે. એથી ઊલટું

(2) જે રોકડ પસંદગી સ્થિર રહે અને નાણાના પુરવઠામાં વધારે કે ઘટાડે કરવામાં આવે તો વ્યાજને દર અનુક્રમે ઘટે અથવા વધે છે.

(3) નાણાના પ્રમાણમાં વધારો થાય અને તેની સાથે જ રોકડ પસંદગીમાં પણ વધારે થાય ત્યારે વ્યાજને દર વધશે, ઘટશે કે સ્થિર રહેશે તે બાબત આ બંનેમાંથી શેમાં વધારે ફેરફાર થયો છે તેના પર આધારિત છે.

પ્રો.કેઈન્સે વ્યાજના દર કેવી રીતે નક્કી થાય છે તેની સમજૂતી નાણાકીય

પરિબળોને આધારે આપી છે અને તે સમજૂતીમાં મૂડીની ઉત્પાદકતા, બચત જેવાં વાસ્તવિક પરિબળો કે જે પ્રશિષ્ટ અને નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના વ્યાજના સિદ્ધાંતમાં કેન્દ્ર સ્થાને છે તેની સંપૂર્ણ ઉપેક્ષા કરી છે. પ્રો.કેઈન્સના મત મુજબ, જેમ વ્યાજનો દર ઘટે તેમ મૂડીરોકાણ અને ફળ સ્વરૂપ આવક વધે છે, આવક વધવાથી બચત વધે છે. એટલે કે બચતને આવક સાથે સંબંધ છે. જ્યારે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ બચતને વ્યાજના દર સાથે સંબંધ છે. પ્રો.કેઈન્સના મત મુજબ વ્યાજ પ્રતીક્ષા કે બચતનો બદલો નથી પરંતુ રોકડ પસંદગી જતી કરવાનું વળતર છે. આ ઉપરાંત પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ વ્યાજનો દર બચત અને મૂડીરોકાણને સરખાં કરવાનું કાર્ય કરે છે. જ્યારે પ્રો.કેઈન્સના મત મુજબ આવકના ફેરફારો તે કાર્યો કરે છે અને રોકડ પસંદગી તેમજ નાણાનું પરિમાણ વ્યાજનો સમતોલ દર નક્કી કરે છે.

2.3.6 રોકડ પસંદગીના સિદ્ધાંતની ટીકાઓ :

વ્યાજના દરની સમજૂતી આપતા સિદ્ધાંતોમાં પ્રો.કેઈન્સનો સિદ્ધાંત ક્રાંતિકારી ગણાય છે. તો પણ ટીકાઓ કરવામાં આવેલ છે.

(1) પ્રો.કેઈન્સનો સિદ્ધાંત વ્યાજના દરની સમજૂતીમાં બચત અને મૂડીરોકાણ જેવાં વાસ્તવિક પરિબળોને ધ્યાનમાં લેતો નથી.

(2) આ સિદ્ધાંત માત્ર ટુંકા ગાળાના વ્યાજના દરની સમજૂતી આપે છે. લાંબાગાળામાં વ્યાજના દરનો આધાર મૂડીની સીમાંત ઉત્પાદકતાનો આધાર વ્યાજના દર છે, પરંતુ પ્રો.કેઈન્સ આ બાબતનો સ્વીકારતા નથી. તેમના મત મુજબ મૂડીની સીમાંત ઉત્પાદકતાનો આધાર વ્યાજના દર પર છે. આ મંતવ્ય સ્વીકારવું યોગ્ય નથી.

(3) રોકડ નાણાના અર્થ અંગે અસ્પષ્ટતા છે. રોકડ પસંદગીના વ્યાજના સિદ્ધાંતમાં નાણાના પુરવઠામાં કોનો સમાવેશ થાય છે તે અંગે પ્રો.કેઈન્સ અસ્પષ્ટ છે. તે કેટલીક વાર માત્ર સરકાર માન્ય નાણાને સમાવેશ રોકડ નાણામાં કરે છે તો કેટલીક વાર બેંક નાણાનો પણ સમાવેશ રોકડ નાણાના પુરવઠામાં કરે છે.

(4) આવકના ફેરફારની અસર વ્યાજના દર પર થાય છે તેમ સ્વીકારતા હોવા છતા પણ આ સિદ્ધાંત વ્યાજના દરની નિશ્ચિત સમજૂતી પૂરી પાડતો નથી.

(5) મંદીમાં રોકડ પસંદગી તીવ્ર હોય છે ત્યારે વ્યાજનો દર નીચો હોય છે.

(6) સમાજવાદમાં સટ્ટા બજાર હોતા નથી, ત્યાં રોકડ પસંદગી વ્યાજના સિદ્ધાંત મુજબ વ્યાજનો દર હોઈ શકે નહીં. પણ વાસ્તવમાં સમાજવાદી અર્થતંત્રમાં પણ મૂડીસાધનોની ઉત્પાદકતાના સંદર્ભમાં વ્યાજનો દર ચૂકવવો તેવું નક્કી કરવામાં આવે છે. આ બાબત સિદ્ધાંતની મર્યાદા ગણાવી શકાય.

(7) રોકડતા પસંદગીને સિદ્ધાંત મુજબ વ્યાજ રોકડતા જતી કરવાને બદલે છે. પરંતુ આજના સમયમાં બેંકના ચાલુ ખાતાની થાપણો રોકડ નાણાનું કામ કરે છે, અને છતાં પણ વ્યાજ આપે છે. આમ રોકડ પસંદગી અને વ્યાજ બંને સાથે સંભવી શકે છે.

(8) પ્રો.કેઈન્સના વ્યાજના સિદ્ધાંત મુજબ કોઈ એક સમયે વ્યાજનો દર એક જ હોય શકે પરંતુ વાસ્તવમાં ટૂંકા ગાળાના, મધ્યમ ગાળાના, લાંબા ગાળાના, રોજબરોજના એવા અનેક વ્યાજના દર હોય છે. આ સ્થિતિને સિદ્ધાંત સમજાવી નથી.

2.3.7 રોકડ પસંદગીના સિદ્ધાંતનું મહત્ત્વ :

રોકડ પસંદગીના સિદ્ધાંતની ટીકાઓ હોવા છતાં પ્રો.કેઈન્સને વ્યાજનો સિદ્ધાંત એ ક્રાંતિકારી અને મૌલિક સિદ્ધાંત છે. વ્યાજ એ માત્ર નાણાકીય ઘટના છે તેવી રજૂઆત પ્રો.કેઈન્સે કરી, જેણે અનેક વિવાદો સર્જ્યા હતા. આ સિદ્ધાંતમાં રોકડતા પકડ(Liquidity Trap)ને ખ્યાલ રજૂ કરીને બતાવ્યું કે વ્યાજનો દર અમુક હદ કરતાં નીચો જઈ શકતો નથી. આ સ્થિતિમાં નાણાકીય નીતિ દ્વારા આવક વૃદ્ધિ કે રોજગાર વૃદ્ધિ અશક્ય છે. માટે મંદીના સમયમાં નાણાકીય નીતિને બદલે રાજકોષીય નીતિનો આધાર લેવો પડે છે. આ જોતા પ્રો.કેઈન્સનો આ સિદ્ધાંત ક્રાંતિકારી કહેવાય.

2.4 સારાંશ :

પ્રસ્તુત એકમમાં નાણાંની માંગનો કેમ્બ્રિજ અને પ્રો.કેઈન્સના સિદ્ધાંતનો અભ્યાસ કર્યો. તેમાં કેમ્બ્રિજ સમીકરણ, જેને રોકડ પુરાંત સમીકરણ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે નાણાંનો જથ્થો સિદ્ધાંતનો એક ભાગ છે, જે નાણાંની માંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે દર્શાવે છે કે લોકો તેમની આવકનો કેટલો ભાગ રોકડમાં રાખવા માંગે છે. કેમ્બ્રિજ સમીકરણ પ્રો.ફિશરના સમીકરણથી અલગ છે, જે નાણાંના ચલણવેગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કેમ્બ્રિજ સમીકરણ સૂચવે છે કે લોકો નાણાં રાખે છે કારણ કે તે મૂલ્યનો સંગ્રહ અને વિનિમયનું માધ્યમ છે. કેમ્બ્રિજ સમીકરણનો ઉપયોગ નાણાંની માંગ અને ભાવ સપાટી વચ્ચેના સંબંધને સમજવા માટે થાય છે. તેનો ઉપયોગ નાણાકીય નીતિની અસરોનું વિશ્લેષણ કરવા માટે પણ થાય છે. રોકડ પસંદગીનો સિદ્ધાંત એ સમજાવે છે કે મંદીના સમયમાં નાણાંના પરિમાણમાં વધારો કરતાં વ્યાજદર ઘટશે અને મૂડીરોકાણ વધશે તેમજ અર્થતંત્ર મંદીમાંથી મુક્ત થશે. પરંતુ અતિ નિમ્ન વ્યાજદરો હોય અને અર્થતંત્ર રોકડ પસંદગીની જાળમાં ફસાઈ જાય ત્યારે તો તેને નિવારવા રાજકોષીય નીતિ હેઠળ મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધારવી જોઈએ, તે પ્રો.કેઈન્સનું મહત્ત્વનું પ્રદાન હતું.

2.5 ચાવીરૂપ શબ્દો :

- તરલતા જાળ /પકડ (Liquidity trap) : એવી સ્થિતિ જેમાં નાણાંના પુરવઠામાં થતો વધારો વ્યાજદરમાં ઘટાડો નિપજાવી શકતો નથી.
- જામીનગીરી : વિવિધ પ્રકારની નાણાકીય અસ્કયામતોને આવરી લેતો શબ્દ, તેમાં સામાન્ય રીતે સરકારી જામીનગીરી શેર, ડિબેન્ચર વગેરેનો સમાવેશ થાય છે.
- મૂડીરોકાણ : મૂડી સાધનોનાં જથ્થાને વાસ્તવિક રીતે ટકાવી રાખવા કે તેમાં વધારો કરવા માટે કરવામાં આવતો ખર્ચ.
- બોન્ડ : જેના પર ચૂકવવામાં આવનારા વ્યાજનો દર નિશ્ચિત હોય તેવો લોનપત્ર અથવા જામીનગીરી.

- નાણાકીય નીતિ : મધ્યસ્થ બેંક દ્વારા બેંકદર, જામીનગીરીનું ખરીદ-વેચાણ, અનામત પ્રમાણે ફેરફાર વગેરે ગુણાત્મક અને પરિણાત્મક સાધનો વડે આર્થિક ઉદ્દેશો હાંસલ કરવાની નીતિનો છે.
- બચતો : ચાલુ આવકનો જે ભાગ વર્તમાનમાં વપરાશ પાછળ ખર્ચાતો નથી તે ભાગ.
- તરલતા : કોઈ સંપત્તિને કેટલી ઝડપથી અને સરળતાથી રોકડ નાણાંમાં રૂપાંતરિત કરવાની સહજતા.
- વ્યાજ : મૂડીના વપરાશ બદલ મૂડીપતિને મળતા વળતરને વ્યાજ કહે છે.

2.6 તમારી પ્રગતિ ચકાસો :

❖ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

(1) પ્રો.કેઈન્સનો તરલતા પસંદગી સિદ્ધાંત વિગતે સમજાવો.

(2) નાણાંની માંગનો કેમ્બ્રિજ સમીકરણ સમજાવો.

❖ **નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો.**

(1) રોકડ પસંદગીના હેતુઓ જણાવો.

(2) પ્રો.માર્શલનું સમીકરણસૂત્ર સમજાવો.

(3) પ્રો.કેઈન્સનું સમીકરણસૂત્ર સમજાવો.

(4) પ્રો.પિગુનું સમીકરણસૂત્ર સમજાવો.

(5) પ્રૉ.રોબર્ટ્સનનું સમીકરણસૂત્ર સમજાવો.

(6) સટ્ટાકીય હેતુ માટેની રોકડપસંદગી સમજાવો.

❖ **નીચેના પ્રશ્નોમાં યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) વ્યાજનો રોકડતા પસંદગીનો સિદ્ધાંત નીચેના માંથી કોણે આપ્યો હતો ?

(A) પ્રો.જે. એસ. મિલ (B) પ્રો.ડેવિડ રિકાર્ડો

(C) પ્રો.જે. એમ. કેઈન્સ (D) પ્રો.એડમ સ્મિથ

(૨) રોકડતા પસંદગીના સિદ્ધાંતને આધારે વ્યાજ કેવી રીતે નક્કી થાય છે ?

(A) સંગ્રહખોરી અને બિન-સંગ્રહખોરી

(B) બચતો અને મૂડીરોકાણ

(C) નાણાંની માંગ અને પુરવઠો

(D) બેંક નાણું

(3) પ્રો.કેઈન્સ કયા હેતુ માટે થતી નાણાંની માંગને મહત્ત્વ આપે છે ?

(A) સટ્ટાકીય હેતુ (B) સાવચેતીનો હેતુ

(C) વિનિમયનો હેતુ (D) કોઈ પણ નહીં

(4) સટ્ટાકીય હેતુ માટે થતી નાણાંની માંગરેખા કેવો ઢાળ ધરાવે છે ?

(A) OX ધરીને સમાંતર (B) ધન ઢાળ

(C) OY ધરીને સમાંતર (D) ઋણ ઢાળ

(5) પ્રો.કેઈન્સના મતે નાણાંનો પુરવઠો શેના દ્વારા નક્કી થાય છે.

(A) નાણાકીય નીતિ (B) વહીવટ

(C) રાજકોષીય નીતિ (D) A અને B બંને

(6) વ્યાજ એ માત્ર નાણાકીય ઘટના છે .... સિદ્ધાંતમાં દર્શાવેલ છે.

(A) તરલતા પસંદગી (B) ધિરાણ ભંડોળ

(C) IS-LM (D) કેમ્બ્રિજ સમીકરણ.

(7) રોકડ પસંદગી સ્થિર રહે અને નાણાંના પુરવઠામાં વધારો થાય તો વ્યાજ દરમાં.........

(A) વધારો (B) ઘટાડો

(C) સ્થિર (D) અસ્થિર

(8) રોકડ પુરાંતની માંગને પ્રો.પિગુ .... તરીકે ઓળખાવે છે.

(A) P (B) R

(C) K (D) T

(9) કેમ્બ્રિજ સમીકરણ નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રીયએ રજૂ કરેલ છે.

(A) પ્રો.પિગુ (B) પ્રો.માર્શલ

(C) પ્રો.જે. એમ કેઈન્સ (D) ઉપરોક્ત બધા જ

(10) કેમ્બ્રિજ અર્થશાસ્ત્રીઓએ નાણાંના કયા કાર્યને વિશેષ મહત્વ આપ્યું છે.

(A) સટ્ટાકીય હેતુ (B) મૂલ્યના સંગ્રાહક

(C) વિનિમયનો હેતુ (D) કોઈ પણ નહીં

❖ **સંદર્ભગ્રંથ**

(1) આર્થિક સિદ્ધાંતો - ડો. એમ.એન રાવળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.

(2) અર્થશાસ્ત્રમાં સિદ્ધાંતો - શ્રી એચ. કે. ત્રિવેદી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(3) Macroeconomics - S.K. Chakravarty, Himalaya Publishing house, 2010.

(4) Macroeconomics: Economic Growth Fluctuations and Policy-Robert A. Hall and David H. Paipal, Vaina Bokos, 2010.

(5) Macroeconomics: Theory and Policy-H.L. Ahuja, S. Chand Publishers, 2010.

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

1.	(C) પ્રો.જે. એમ. કેઈન્સ	2.	(C) નાણાંની માંગ અને પુરવઠો
3.	(A) સટ્ટાકીય હેતુ	4.	(D) ઋણ ઢાળ
5.	(D) A અને B બંને	6.	(A) તરલતા પસંદગી
7.	(A) વધારો	8.	(C) K
9.	(D) ઉપરોક્ત બધા જ	10.	(B) મૂલ્યના સંગ્રાહક

****

એકમઃ 3 વ્યાજદર નિર્ધારણ : પ્રશિષ્ટ અને નવપ્રશિષ્ટ અભિગમ

❖ રૂપરેખા :

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 વ્યાજનો અર્થ

3.3 વ્યાજદર નિર્ધારણના પ્રશિષ્ટ સિદ્ધાંતો

3.4 વ્યાજદર નિર્ધારણનો પ્રો.કેઈન્સ અભિગમ

3.5 સારાંશ

3.6 ચાવીરૂપ શબ્દો

3.7 તમારી પ્રગતિ ચકાસો.

- ➢ સંદર્ભસૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે,

- ➢ વ્યાજ ઉદ્ભવવાના કારણો સમજી અને સમજાવી શકશો.
- ➢ વ્યાજ નિર્ધારણને અસર કરતાં પરિબળો જાણી શકશો.
- ➢ વ્યાજ નિર્ધારણના પ્રશિષ્ટ અને પ્રો.કેઈન્સ અભિગમ સમજાવી શકશો.

3.1 પ્રસ્તાવના :

આજના આધુનિક યુગમાં મોટા પાયે ઉત્પાદન કરવામાં આવે છે. તેથી સ્વભાવિક છે કે ઉત્પાદનનાં બધાંજ સાધનો બધાંજ ઉત્પાદક પાસે પોતાની માલિકીના ન પણ હોય. તેથી ઉત્પાદનનું કોઈ પણ સાધન ભાડે લેતા જમીનને ભાડુ, શ્રમિકને વેતન, નિયોજકને નફો અને મૂડીને વ્યાજના સ્વરૂપમાં વળતર ચૂકવવામાં આવે છે. મૂડી પણ ઉત્પાદનના વિવિધ સાધનોમાંનું એક અગત્યનું સાધન છે. મૂડીનાં ઉપયોગ બદલ તેના માલિકને પહેલેથી નક્કી કરેલ શરત મુજબ વળતર ચુકવવામાં આવે છે. તેને આપણે વ્યાજ તરીકે ઓળખીએ છીએ. તેથી મૂડીની સાથે વ્યાજનો પ્રશ્ન પણ મૂડીવાદી અર્થવ્યવસ્થામાં એટલોજ મહત્ત્વ પૂર્ણ બની રહે છે.

3.2 વ્યાજનો અર્થ :

સામાન્ય અર્થમાં નાણાં ઉછીનાં લેનાર વ્યક્તિ નાણાંના ઉપયોગ કરવા બદલ નાણાં ઉછીના આપનાર વ્યક્તિને જે નક્કી કરેલ રકમ વળતરરૂપે આપે છે તેને વ્યાજ તરીકે ઓળખવામાં આવે છે. તેથી વ્યાજ એ મૂડીના ઉપયોગ બદલ ચુકવાતી રકમ છે. તેને નાણાંના સ્વરૂપમાં દર્શાવવામાં આવે છે. મુદ્દલ રકમ પર વર્ષદીઠ ટકાવારીના સ્વરૂપમાં વ્યાજ દર્શાવવામાં આવે છે. ધારો કે કોઈ વ્યક્તિ ઉછીના 500 રૂપિયા લે અને વર્ષના અંતે મૂડીના માલિકને 550 રૂપિયા

આપે તો 50 વધારાના રૂપિયા વ્યાજ છે અને વાર્ષિક 10 % ટકા વ્યાજદર છે.

❖ **અર્થશાસ્ત્રીએ આપેલી વ્યાજની વ્યાખ્યા :**

➢ પ્રો.માર્શલ : ''મૂડીપતિ પાસેથી મૂડી લેનાર વ્યક્તિ નિશ્ચિત સમય માટે મૂડીનો ઉપયોગ કરવા બદલ જે વળતર ચુકવવામાં આવે તેને વ્યાજ કહે છે.''

➢ પ્રો.સેલિઝોન : ''વ્યાજ એ મૂડી ભંડોળમાંથી મળતું વળતર છે.''

➢ પ્રો.જે.એસ. મીલ : ''વ્યાજ એ ત્યાગ માટેનું મહેનતાણું છે.''

આમ, ટૂંકમાં દરેક વ્યાખ્યાનો સાર એ છે કે ''વ્યાજ એ મૂડી વાપરવાની કિંમત છે. જે મૂડીપતિ ને મૂડીના ત્યાગના બદલામાં મળે છે.''

3.3 વ્યાજદર અંગેના પ્રશિષ્ટ સિદ્ધાંત :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ વચ્ચે વ્યાજના અર્થઘટન અંગે કોઈ મોટા પ્રમાણમાં મતભેદ નથી. પરંતુ વ્યાજના દર ક્યાં પરિબળો દ્વારા નક્કી થાય તે બાબતમાં કોઈ અલગ-મત ધરાવે છે. તેમ છતાં વ્યાજદર નક્કી કરવામાં નાણું ભાગ ભજવતું નથી પરંતુ નાણાં પાછળના બિન-નાણાકીય કે વાસ્તવિક પરિબળો ભાગ ભજવે છે, તે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ સ્વીકારે છે. તેથી તે સિદ્ધાંતોને બિનનાણાકીય કે વાસ્તવિક સિદ્ધાંતો તરીકે ઓળખાય છે.

3.3.1 આત્મસંયમનો સિદ્ધાંત :

પ્રો.સિનિયર આ સિદ્ધાંતના પ્રણેતા છે. તેમના મતે ''વ્યાજ એ આત્મસંયમનું વળતર છે''. આ સિદ્ધાંત પ્રમાણે લોકો જે વ્યાજ રૂપે આવક મેળવે છે, તે તેમના આત્મસંયમના બદલાના સ્વરૂપે મેળવે છે. પ્રો.સીનીયરના મતે મુડીની માંગનો આધાર મુડીના પૂરવઠા પર રહેલો છે. તેમના મત મુંજબ બચતો એ મૂડીના પુરવઠાનું ઉદ્‌ગમ સ્થાન છે. અને આ બચતો કરવા માટે લોકોએ વર્તમાન વપરાશનો ત્યાગ કરવો પડે છે. લોકો વર્તમાન વપરાશમાંથી જે સંતોષ મેળવી શક્યા હોય તેનો ત્યાગ કરવામાં આવે છે. એટલે કે આત્મસંયમ રાખવો પડે છે. જે લોકોમાં આત્મસંયમ રાખવાનો, ગુણ હોતો નથી, તે લોકો વ્યાજ મેળવી શકતા નથી અને જે લોકોમાં આત્મસંયમનો ગુણ હોય છે, તેઓ વર્તમાન ઉપભોગનો ત્યાગ કરીને બચત કરે છે. અને આ બચતના રોકાણ દ્વારા તેઓ વ્યાજ પ્રાપ્ત કરે છે. મોટાભાગે દરેક વ્યક્તિ પોતાની આવક હંમેશા વર્તમાનમાં જ વાપરવા માટે તત્પર (આતુર) હોય છે. જ્યારે તેઓ બચત કરે છે. ત્યારે તેમને વર્તમાન ઉપભોગનું બલિદાન કરવું પડે છે. તેથી બચતનું કાર્ય કઠિન હોય છે, જે લોકો પોતાના આત્મસંયમ દ્વારા બચત કરીને નાણાં વ્યાજે પૂરા પાડવાનું કાર્ય કરે છે. તેમને ત્યાગનાં પ્રમાણમાં વિશેષ વળતર આપવામાં ન આવે તો તેઓ ફરી બચત કરવાનું વિચારશે નહિં. તેથી જે લોકો બચતો કરીને ધિરાણ આપે છે. તેમણે કરેલા ત્યાગના બદલામાં અને તેમના આત્મસંયમના વળતર રૂપે વ્યાજ આપવું જરૂરી બને છે.

લોકોમાં ત્યાગ કરવાની ક્ષમતા અથવા તો આત્મસંયમ કરવાની ક્ષમતા દ્વારા વ્યાજના દર નક્કી થાય છે. આત્મસંયમ ક્ષમતા અલગ અલગ સમાજમાં જુદીજુદી

હોય છે. તેથી અલગ અલગ સમાજમાં વ્યાજના દર અલગ અલગ જોવા મળે છે. લોકો જેટલા આત્મસંયમી વધુ હોય તેટલા પ્રમાણમાં બચત વધુ થાય છે. જેથી વ્યાજનો દર નીચો નક્કી થાય છે. તેનાથી ઉલટું જેમ લોકો આત્મસંયમી ઓછા તેમ બચત ઓછી થાય છે. તેથી વ્યાજનો દર ઊંચો નક્કી થાય છે. આમ, વ્યાજના દર અને આત્મસંયમ વચ્ચે વ્યસ્ત સબંધ રહે છે. ટૂંકમાં એમ કહી શકાય કે વ્યાજ એ આત્મસંયમનું વળતર છે.

❖ **સિદ્ધાંતની ટીકાઓ :**

- મૂડીના પૂરવઠાને જ મહત્ત્વ : આ સિદ્ધાંતમાં વ્યાજને નક્કી કરવા માટે માત્ર ને માત્ર મૂડીના પુરવઠાને જ ધ્યાનમાં લેવામાં આવ્યો છે. અને મૂડીની માંગને ધ્યાનમાં લેવામાં આવી નથી. આ સિદ્ધાંત ટીકાપાત્ર બન્યો છે.
- અવ્યવહારું અનુમાન : પૂર્ણ હરીફાઈના અવ્યવહારું અનુમાનને આધારે આ સિદ્ધાંત આપેલ હોવાથી તેનું વ્યવહારિક મૂલ્ય ઘટી જાય છે.
- ભવિષ્યની સલામતી માટે થતી બચતમાં આનંદ : ભવિષ્યની સલામતી માટે પણ બચત કરતાં હોય છે. આ બચત કરવામાં તેમને આનંદ આવતો હોય છે. આવા લોકો માટે આ બચત કષ્ટદાયી નહિ, પરંતુ, આનંદદાયી હોય છે. અને તેથી જ આ સિદ્ધાંત ટીકાપાત્ર બન્યો છે.

3.3.2 પ્રતીક્ષાનો સિદ્ધાંત :

આ સિદ્ધાંતના પ્રણેતા પ્રો.માર્શલ છે. પ્રો.માર્શલના મત મુજબ વ્યાજ એ આત્મસંયમનું નહિ. પરંતુ પ્રતિક્ષાનું વળતર છે. પ્રો.સિનિયરના આત્મસંયમના ખ્યાલમાં સુધારો કરતો જણાવે છે કે હકીકતમાં ઉદ્યોગ-ધંધામાં મોટા ભાગે મૂડી પૂરી પાડનાર લોકો ધનિક હોય છે. તેથી તેમને બચત કરવામાં ખાસ કોઈ આત્મસંયમ કે બલીદાન કરવાની જરૂર પડતી નથી. તેથી આત્મસંયમ નહિ પરંતુ પ્રતીક્ષા વ્યાજના દરને અસર કરનારું પરિબળ છે. ધનિક લોકો પાસે તેમની જરૂરીયાત કરતાં વધુ આવક હોય છે. તેથી તેઓ વર્તમાન વપરાશ પર કાપ મૂક્યા સિવાય બચત કરી શકે છે. અને તેનું ધિરાણ કરી વ્યાજ મેળવે છે. ધનીક લોકો પોતાની બચત માટે વર્તમાન વપરાશને ભવિષ્ય પર મુલત્વી રાખે છે. આ સમયગાળા દરમિયાન તેમણે નાણાંની વપરાશ કે તેમાંથી મળતાં સંતોષની પ્રતીક્ષા કરવી પડે છે. આ પ્રતીક્ષાનો અનુભવ પણ આનંદદાયક હોતો નથી. પ્રતીક્ષા કરનારે જે ત્યાગ અને માનસિક તણાવ સહન કરવો પડે છે. તેના બદલામાં તેને વ્યાજ આપવામાં આવે છે. તેથી વ્યાજ એ આત્મસંયમનું નહી. પરંતુ પ્રતિક્ષાનું વળતર છે. લોકોની પ્રતિક્ષાવૃત્તિ વધારે હોય તો વ્યાજનો દર નીચે નક્કી થાય છે. અને પ્રતિક્ષાવૃત્તિ ઓછી હોય તો વ્યાજને દર ઊંચો નક્કી થાય છે.

આ બાબત હજું શંકાસ્પદ છે કે ધનીક લોકો ધિરાણ આપીને પ્રતિક્ષાનો દુ:ખદ અનુભવ કરે છે કે નહિ. ધનીક લોકો વ્યાજનો દર શૂન્ય હોય ત્યારે પણ

બચત કરતા હોય છે. આ સિદ્ધાંતમાં પણ પુરવઠા પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. જ્યારે માંગ પર ધ્યાન આપવામાં આવ્યું નથી.

❖ **સિદ્ધાંતની ટીકાઓ :**

- ➢ આ સિદ્ધાંતમાં માત્ર મૂડીના પુરવઠાને મહત્ત્વ આપવામાં આવ્યું છે.
- ➢ બચતો કષ્ટરહીત હોય છે.
- ➢ ભવિષ્યની સલામતી માટે કરવામાં આવતી બચત માટે આનંદ મળે છે.
- ➢ પૂર્ણ હરીફાઈના અવ્યવહારું અનુમાનને આધારે સિદ્ધાંત આપેલો હોવાથી તેનું વ્યવહારિક મૂલ્ય ઓછું થઈ જાય છે.

3.3.3 સમય પસંદગીનો સિદ્ધાંત :

ઓસ્ટ્રિયન અર્થશાસ્ત્રી પ્રો.બોહમ બોવર્ક આ સિદ્ધાંતો રજૂ કર્યો હતો. (પ્રો.પ્રો.બોહમ બોવર્ક) કહે છે કે, લોકો ભવિષ્યના ઉપયોગ કરતાં વર્તમાનમાં ઉપભોગ કરવાનું વધુ પસંદ કરે છે. આથી વ્યાજ એ વર્તમાન ઉપભોગને ભવિષ્યમાં છોડી દેવાનું વળતર છે. એટલે કે લોકો સમક્ષ વર્તમાન આવક અને ભવિષ્યની આવક વચ્ચે પસંદગી કરવાનું કહેવામાં આવે તો તેઓ મોટેભાગે વર્તમાન આવક વધુ પસંદ કરે છે. એટલે કે લોકોમાં ભવિષ્યને ઓછું અંદાજવાની દૃષ્ટિ હોય છે. તેથી લોકોને તેમના ભવિષ્યના ઉપભોગને વર્તમાન ઉપભોગની સમાન ગણના કરવા માટે જે વળતર આપવામાં આવે છે, તેને વ્યાજ કહે છે. તેથી વ્યાજ એ મનુષ્યને પોતાના વર્તમાન ઉપભોગ ને કેટલાક સમય પૂરતો સ્થગિત કરવા માટે ચૂકવવામાં આવતું વળતર છે. લોકોની વર્તમાન સમયમાં નાણાંનો ઉપભોગ કરવાની અધીરાઈ વધુ હોય તો વ્યાજનો દર ઊંચો નક્કી થાય છે. અને તેનાથી ઉલટુ જો નાણાંનો ઉપભોગ કરવાની અધિરાઈ ઓછી હોય તો વ્યાજનો દર નીચો નક્કી થાય છે.

પ્રો.પ્રો.બોહમ બોવર્ક તેમના સિદ્ધાંતમાં વ્યાજ માટે લોકોના ભવિષ્યને ઓછુ અંદાજવામાં દૃષ્ટિબિંદુને જવાબદાર ગણાવે છે. જ્યારે અમેરિકન અર્થશાસ્ત્રી પ્રો.ઈરવિંગ પ્રો.ફિશર સમય પસંદગીના પરિબળને વધુ જવાબદાર ગણાવે છે. પ્રો.ફિશરના મત મુજબ લોકોની સમય પસંદગી વધારે હોય તેમ વ્યાજનો દર વધુ નક્કી થાય છે અને લોકોની સમય પસંદગી ઓછી હોય તેમ વ્યાજનો દર નીચો નક્કી થાય છે. પ્રો.ઈરવિંગ પ્રો.ફિશરના મત મુજબ ભવિષ્યની સંતોષની સરખામણીમાં વર્તમાન સંતોષ વધુ મહત્ત્વનો હોય છે. વર્તમાનમાં આવક ખર્ચવા માટે લોકો વધુ આતુર હોય છે. આથી જો વ્યાજ આપવામાં ન આવે તો લોકો પોતાના વર્તમાન સંતોષને ભવિષ્યના સંતોષમાં બદલવા તૈયાર થતા નથી. તેથી વર્તમાન સમયમાં લોકોની પોતાના નાણાં વાપરી નાખવાની અધિરાઈને રોકવા માટે જે વળતર ચૂકવવામાં આવે છે તે વ્યાજ તરીકે ઓળખાય છે. લોકોની વર્તમાન સમયમાં નાણાં ઉપભોગ કરવાની આતુરતાને પ્રો.ફિશર ''સમય પસંદગી'' નામે ઓળખાવે છે. સમય પસંદગી

દ્વારા વ્યાજ નક્કી થાય છે. મતલબ કે વ્યાજદરનો આધાર લોકોની સમય પસંદગીની તીવ્રતા પર આધારીત છે. લોકોની વર્તમાન આવક, ભવિષ્યમાં આવકની અપેક્ષા, વ્યક્તિઓની ટેવ, ફેશન અને સ્વભાવ પર સમય પસંદગીની તીવ્રતાનો આધાર રહેલો છે.

આ સિદ્ધાંતમાં પણ બચતના પુરવઠાને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. માંગ પર ધ્યાન આપવામાં આવતું નથી.

❖ **સિદ્ધાંતની ટીકાઓ :**

- અપૂર્ણ સિદ્ધાંત : પ્રો.ફિશર વ્યાજના દર પર અસર કરતાં અન્ય પરિબળોની અવગણના કરે છે. પ્રો.ફિશર માત્ર સમય પસંદગીને જ મહત્ત્વ આપે છે. આથી આ સિદ્ધાંત અપૂર્ણ બની જાય છે.

- સ્થિર ખરીદશક્તિનો અંદાજ : વર્તમાન અને ભવિષ્યમાં નાણાંની ખરીદશક્તિ સ્થિર રહે છે. એમ આ સિદ્ધાંત દ્વારા માની લેવામાં આવે છે. પરંતુ હકીકતમાં ભાવોમાં સતત પરિવર્તન થતું રહે છે. જેથી નાણાંની ખરીદશક્તિ પણ બદલાતી રહે છે.

- સ્થિર માનવ સ્વભાવનો અંદાજ : માનવનો સ્વભાવ બદલાતો રહે છે. એ સ્થિર રહી શકતો નથી. જ્યારે આ સિદ્ધાંતમાં માનવનો સ્વભાવ વર્તમાન અને ભવિષ્યમાં સ્થિર રહે છે. એવો અંદાજ મૂકવામાં આવે છે.

- સમય પસંદગીના ખ્યાલને માપવાનું કાર્ય કઠિન : સમય પસંદગીનો ખ્યાલ આત્મલક્ષી હોવાથી તેને માપવાનું કાર્ય કઠિન બની જાય છે. આથી આ સિદ્ધાંત મુજબ તેના પર રચાયેલા ખ્યાલનું વ્યાવહારિક મૂલ્ય ઓછું થઈ જાય છે.

  મૂડીનો પુરવઠો (બચત) લોકોની કરકસર અને તેમની બચતવૃત્તિ દ્વારા ઉદ્ભવે છે. જ્યારે મુડીની માંગ એ તેની સિમાંત વપરાશવૃત્તિ છે.

3.3.4 ધિરાણ ભંડોળની માંગ અને પુરવઠાનો સિદ્ધાંત :

પ્રો.ગુર્નાર મીર્ડાલ અને પ્રો.નટ વિકસેલના મત મુજબ વ્યાજનો દર એ ધિરાણ ભંડોળની માંગ અને ધિરાણ ભંડોળના પુરવઠા દ્વારા નક્કી કરવામાં આવે છે. વસ્તુની કિંમત જેવી રીતે નક્કી થાય છે તેવીજ રીતે છે વ્યાજદર એ માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. આમ અર્થશાસ્ત્રીઓના મત મુજબ, "જ્યા ધિરાણપાત્ર ભંડોળની માંગ અને ધિરાણપાત્ર પુરવઠાનો ઉપયોગ કરવા બદલ ચૂકવવામાં આવતી કિંમત એ વ્યાજ છે. વાસ્તવમાં ધિરાણપાત્ર ભંડોળની માંગ અને ધિરાણપાત્ર ભંડોળના પુરવઠાને નક્કી કરનારા પરિબળો અલગ અલગ હોય છે. અને તેઓ તેમની રીતે કામ કરતા હોય છે. તેથી જ્યારે ધિરાણ ભંડોળની માંગ ધિરાણ ભંડોળના પુરવઠા કરતા ઓછી થઈ જાય ત્યારે વ્યાજદર

ધિરાણ ભંડોળના પૂરવઠાને નક્કી કરનારા અલગ અલગ પરિબળો હોય છે. જે નીચે પ્રમાણે આપેલા છે.''

❖ **ધિરાણ ભંડોળની માંગ નક્કી કરતા પરિબળો :**

- ➢ ધંધાદારી વ્યક્તિઓની નાણની માંગ : ધંધાદારી વ્યક્તિઓ એટલે કે ઉત્પાદકો અને વેપારીઓ પોતાના ધંધા માટે વ્યાજના દરને ધ્યાનમાં રાખીને ધિરાણપાત્ર ભંડોળની માંગ કરે છે. જો વ્યાજના દર ઘટે તો ધિરાણપાત્ર ભંડોળની માંગમાં વધારો થાય છે આમ જો વ્યાજનો દર વધે તો ધિરાણપાત્ર ભંડોળની માંગમાં ઘટાડો થાય છે.

- ➢ સરકાર દ્વારા નાણાંની માંગ : આર્થિક વિકાસના કાર્યો માટે યુદ્ધ તથા સંકટ સમયે સરકાર દ્વારા ધિરાણપાત્ર ભંડોળની માંગ કરવામાં આવે છે.

- ➢ સંગ્રહ માટે નાણાંની માંગ : લોકો રોકડ હાથ પર રાખવા માટે પણ ધિરાણપાત્ર ભંડોળની માંગ કરતા હોય છે.

- ➢ ઉપભોક્તા દ્વારા નાણાંની માંગ : પોતાની જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે અને જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે ધિરાણપાત્ર ભંડોળની માંગ કરે છે. વ્યાજનો દર ઓછો હોય ત્યારે નાણાંની માંગ વધારે હોય છે. તેથી વ્યાજનો દર અને ધિરાણપાત્ર ભંડોળની માંગ વચ્ચે વ્યસ્ત સબંધ છે.

❖ **ધિરાણપાત્ર ભંડોળના પુરવઠાને નક્કી કરતા પરિબળો :**

નીચેના પરિબળો ધિરાણપાત્ર ભંડોળના પુરવઠાને નક્કી કરે છે.

- ➢ નાણાંનુ સંગ્રહ-અસંગ્રહનું પ્રમાણ : જ્યારે લોકો નાણાનો વધારે સંગ્રહ કરે છે ત્યારે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં ઘટાડો થાય છે તેથી ઊલટુ જ્યારે લોકો નાણાનો ઓછો સંગ્રહ કરે ત્યારે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો થતો જોવા મળે છે.

- ➢ બેંકની શાખા : વ્યાજના દરમાં વધારો થાય ત્યારે બેંકો શાખામાં વધારો કરે છે. તેને કારણે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો થાય છે અને આનાથી ઉલટું વ્યાજના દરમાં ઘટાડો થતો હોય ત્યારે બેંકો શાખામાં ઘટાડો કરતો હોવાથી ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં ઘટાડો થાય છે.

- ➢ લોકોની કુલ બચત : કુલ આવકમાંથી કુલ ખર્ચ બાદ કરતાં જે રકમ વધે તે બચત ધિરાણપાત્ર ભંડોળનો પુરવઠો હોય છે. એ સ્વભાવિક છે કે જો વ્યાજના દરમાં વધારો થતો હોય તો લોકો વધુ બચત કરે છે. અને જો વ્યાજના દરમાં ઘટાડો થતો હોય તો લોકો ઓછી બચત કરતા હોય છે.

❖ **ધિરાણ ભંડોળની માંગ અને પુરવઠા વચ્ચે સમતુલા :** ધિરાણ ભંડોળની માંગ અને પુરવઠો સરખા થાય ત્યાં વ્યાજદર નક્કી થાય છે. આ બાબતને આકૃતિ દ્વારા જોઈએ.

આકૃતિ-1



આકૃતિ-2



આકૃતિ-1માં OX ધરી પર ધિરાણ ભંડોળનો પુરવઠો અને OY ધરી પર વ્યાજદર દર્શાવવામાં આવેલ છે. SL રેખા ધિરાણ ભંડોળની પુરવઠારેખા અને DL રેખા ધિરાણ ભંડોળની માંગરેખા છે. બન્ને રેખાઓ E બિંદુએ છેદે છે ત્યાં OR જેટલો વ્યાજદર નક્કી થાય છે. E બિંદુ સિવાયના અન્ય કોઈપણ બિંદુએ કાંતો ધિરાણ ભંડોળની માંગ પુરવઠા કરતાં વધુ હોય અથવા ઓછી અને કાંતો ધિરાણ ભંડોળનો પુરવઠો માંગ કરતા વધારે હોય અથવા ઓછો હોય જેનાથી વ્યાજદરમાં ફેરફાર થાય છે.

જ્યારે ધિરાણ ભંડોળનો પુરવઠો અને માંગ સરખા ત્યારે બચત અને મૂડીરોકાણ સરખા ન પણ હોઈ શકે. આકૃતિ-2માં આ બાબત I રેખા મૂડીરોકાણ અને S રેખા બચત દર્શાવે છે. જ્યારે વ્યાજનો દર OR છે ત્યારે બચત RA જેટલી છે અને મૂડી રોકાણ RB છે. ત્યાં બચત કરતા મૂડી રોકાણ વધારે છે બચત કરતાં મૂડીરોકાણ વધારે હોવાથી લોકોની આવકમાં વધારો થશે. જેનાથી બચત રેખા જમણી બાજુએ ખસી જશે. પરિણામે વ્યાજદરમાં પણ ફેરફાર થાય છે.

આમ, ધિરાણપાત્ર ભંડોળની માંગ અને પુરવઠાને ઉપર મુજબના પરિબળો અસર કરતાં હોય છે. આ સિદ્ધાંત મુજબ વ્યાજનો દર નક્કી કરવામાં નાણાંકીય પરિબળો ઉપરાંત બિનનાણાકીય પરિબળોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. આથી આ સિદ્ધાંત વધુ વૈજ્ઞાનિક હોય છે.

❖ **સિદ્ધાંતની ટીકાઓ :** નીચે પ્રમાણે ટીકાઓ આ સિદ્ધાંતમાં પણ કરવામાં આવી છે.

➢ વ્યાજનો દર બચતનો નિર્ણાય નથી : આ સિદ્ધાંતમાં એવુ ધારવામાં આવે છે કે બચતનું પ્રમાણ એ વ્યાજના દરને આધારે નક્કી કરવામાં આવે છે. વાસ્તવમાં વ્યાજનો દર ઊંચો હોવા છતાં પણ લોકો બચત

કરતા નથી અને ઘણીવાર વ્યાજ દર શૂન્ય હોય તો પણ બચત કરતાં હોય છે. તેથી આ સિદ્ધાંત ટીકાપાત્ર બને છે.

- આવકની વ્યાજના દર પર થતી અસરની અવગણના : આ સિદ્ધાંતમાં આવકને સ્થિર ધારવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં આવકમાં સતત વધારો કે ઘટાડો જેવા ફેરફાર થતા હોય છે. અને આ ફેરફારો વ્યાજના દર પર અસર કરતાં હોય છે. આથી આ સિદ્ધાંત ટીકાપાત્ર બને છે.
- વ્યાજના માધ્યમ દ્વારા મૂડીની માંગ અને મૂડીના પુરવઠામાં સમાનતા લાવી શકાય છે. પરંતુ પ્રો.કેઈન્સના મત મુજબ મૂડીની માંગ (મૂડી રોકાણ) અને મૂડીનો પુરવઠો (બચત) વચ્ચે સમતુલન વ્યાજના દર દ્વારા લાવી શકાતુ નથી. પ્રો.કેઈન્સના જણાવ્યા મુજબ વ્યાજનો દર એ રાષ્ટ્રિય આવકના પરિવર્તનના માધ્યમ દ્વારા સ્થાપિત થાય છે.
- વ્યાજના દર પર બચતનો આધાર રહેલો છે, પરંતુ પ્રો.કેઈન્સના મતે બચતનો આધાર આવકની સપાટી પર રહેલો છે, નહિ કે વ્યાજના દર પર. જો આવક જ ઓછી હોય તો વ્યાજનો દર ગમે તેટલો ઊંચો હોય તો પણ બચત થઈ શકે નહિં.
- વ્યાજના દર નિર્ધારણ પર શાખીનાણાનો મહત્ત્વપૂર્ણ પ્રભાવ હોય છે. જે આ સિદ્ધાંતમાં ધ્યાનમાં લેવામાં આવ્યુ નથી.
- આ સિદ્ધાંત પ્રમાણે બચતનો બદલો એ વ્યાજ છે જે યોગ્ય નથી. જો વ્યક્તિ બચત કરે પરંતુ બચતનાં નાણાં પોતાની પાસે જ રાખે તો તેને બચતનું વળતર વ્યાજના સ્વરૂપમાં મળતું નથી.

3.4 પ્રો.કેઈન્સનો રોકડ/તરલતા પસંદગીનો સિદ્ધાંત :

❖ **વ્યાજના સિદ્ધાંત :** પ્રો.કેઈન્સ તેમના The General Theory of Employment Interest and Money નામનાં પુસ્તકમાં જેને આપણે ટૂંકમાં 'જનરલ થિયરી' તરીકે ઓળખીયે છીએ. તેમાં વ્યાજનો રોકડ પસંદગીનો સિદ્ધાંત રજુ કર્યો છે. પ્રો.કેઈન્સે એવી દલીલ કરે છે કે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી રજૂ કરેલ વ્યાજનો સિદ્ધાંત નાણાંની માંગ કે જે મૂડીરોકાણ માટે કરવામાં આવે છે, અને નાણાં પુરવઠો કે જે બચત દ્વારા નક્કી થાય છે. જ્યાં નાણાંની માંગ અને નાણાનો પુરવઠો સરખા થાય ત્યાં વ્યાજદર નક્કી થાય છે. પરંતુ પ્રો.કેઈન્સે માને છે કે આ વિશ્લેષણ ભુલ ભરેલું છે. મૂડીરોકાણ વ્યાજદર આધારીત છે તે યોગ્ય છે, પણ બચતની પુરવઠારેખા વ્યાજદર પર આધારીત નથી. કારણ કે બચતએ આવક સાથે સબંધિત છે. એટલે કે આવકમાં વધારો-ઘટાડો થવાથી બચતમાં વધારો-ઘટાડો થાય છે. એટલે બચતનો સબંધ વ્યાજ સાથે નહિ પણ આવક સાથે છે.

વળી, પ્રશિષ્ટ સિદ્ધાંતમાં મૂડીરોકાણની માંગ પણ વ્યાજદર પર આધારિત છે. પ્રો.કેઈન્સ માને છે કે મૂડીરોકાણના આધાર માત્ર વ્યાજ નહિ પણ મૂડીની સીમાંત કાર્યક્ષમતા બન્ને સંયુક્ત રીતે મૂડીરોકાણનું પ્રમાણ નક્કી કરે છે. વળી મુડીરોકાણનુ પ્રમાણ નક્કી કરે છે. એટલે પ્રો.કેઈન્સ સિદ્ધાંતમાં વ્યાજનો દર અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા

મૂડીરોકાણ નક્કી કરે છે. તેથી મુડીરોકાણ એ આવક નક્કી કરે છે અને આવક એ બચત નક્કી કરે છે. એટલે તેથી વ્યાજનો દર અલાયદો નક્કી થાય છે. પ્રો.કેઈન્સના મતે વ્યાજનો દર નાણાંની માંગ અને નાણાનાં પુરવઠા દ્વારા નક્કી થાય છે.

નાણાંનો પુરવઠો જે તે દેશની કેન્દ્રીય બેંક દ્વારા નક્કી કરવામાં આવે છે. અને તે વ્યાજદરને ધ્યાને લીધા વગર નક્કી થાય છે. વ્યાજદરમાં ફેરફાર થાય તો નાણાનાં પુરવઠાનો ફેરફાર થતો નથી. તેથી નાણાંની પુરવઠા રેખાને OY ધરી પર ઊભી રેખા હોય છે, પણ અહિં મહત્ત્વનો પ્રશ્ન નાણાંની માંગનો છે.

3.4.1 રોકડ પસંદગીના હેતુઓ :

લોકો રોકડ પસંદગી શા માટે ધરાવે છે ? પ્રો.કેઈન્સના મત પ્રમાણે લોકોની રોકડ પસંદગી પાછળ ત્રણ હેતુઓ રહેલા છે. આ ત્રણ હેતુઓ સમાજની કુલ રોકડ પસંદગી નક્કી કરે છે.

(1) વિનિમય અથવા સોદાકીય હેતુ : લોકોને પોતાના રોજબરોજનાં જીવનમાં સોદાઓની ચુકવણી અમુક રોકડ હાથ પર રાખવી પડશે. કારણ કે તેને મળતી આવક અને તેને કરવો પડતો ખર્ચ વચ્ચેનો સમયના ગાળાને પહોંચી વળવાનું હોય છે. જો તત્કાળ આવક ઊભી થતી હોય તો નજીવી અથવા શૂન્ય ખર્ચથી ચલાવી શકાય. પ્રો.એચ.જી. વેલ્સનું એક ઉદાહરણ લઈ તો આ કમ્પ્યુટરના સમયમાં પ્રત્યેક વ્યક્તિનું ખર્ચ અને તેની આવક વચ્ચે સંપૂર્ણ એવો સમન્વય થાય છે કે વ્યક્તિ સોદાકીય હેતુ માટે નાણું ન રાખવું પડે ત્યારે નાણું માત્ર મૂલ્ય માપક જ રહેવાનું. પરંતુ વાસ્તવમાં સમગ્ર અર્થકારણમાં આમ થવું શક્ય નથી.

વ્યક્તિને આવક દૈનિક, અઠવાડીક, માસિક કે વાર્ષિક મળતી હોય છે. જેમ સમયનો ગાળો નાનો તેમ આવા હેતુ માટે ઓછો નાણાં રાખવા પડે છે. દા.ત. A અને B વ્યક્તિનો માસિક પગાર રૂા.300 છે. અને બન્ને રોજના રૂા.20 પ્રમાણે ખર્ચ કરે છે. પરંતુ A વ્યક્તિને 15 દિવસ મળે છે અને B વ્યક્તિને 1 માસ પગાર મળે છે તેથી બન્નેની સરેરાશ કાઢીએ તો A વ્યક્તિને રૂા.150 રોકડ સ્વરૂપે રાખવા પડે છે અને B વ્યક્તિએ રૂા.300 રોકડ સ્વરૂપે રાખવા પડે છે.

આ ઉપરાંત બેંકિંગ વ્યવસ્થાનો વિકાસ, પેઢીની વેચાણ વ્યવસ્થા, રાષ્ટ્રીય આવક, રોજગારી અને ભાવ સપાટીનું પ્રમાણ વગેરે બાબતોથી સોદાકીય હેતું માટેની માંગને અસર કરે છે. પ્રો.કેઈન્સ માને છે કે ટૂંકાગાળામાં આ બાબતો સ્થિર છે. અને જે ફેરફાર થાય તો માત્રને માત્ર આવકના આધારે થાય છે. અને સોદાકીય હેતુ માટેની નાણાંની માંગ અને આવક વચ્ચે ધન સબંધ રહેલો છે.

(2) સાવચેતીના હેતુ : માનવજીવન અનિશ્ચિતતાઓથી ભરેલુ છે. આવનારા ભવિષ્યમાં, કલ્પી ન હોય એવી આપત્તિઓ આવી પડે તો તેને પહોંચી વળવા જે પ્રમાણમાં નાણાં પોતાના હાથ પર રાખે તેને સાવચેતીના હેતું માટેની માંગ તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. માંદગી, બેકારી, અકસ્માત કે પોતાની આવક યોગ્ય સમયે ન મળવી વગેરે આવી સાવચેતી માટે રાખવામાં આવતી રોકડ પસંદગી પણ આવકને આભારી હોય છે. વધારે આવક મેળવતા વધુ રોકડ રાખે છે, અને ઓછી આવક મેળવતા ઓછી રોકડ રાખે છે.

સાવચેતીના હેતુ માટે કેટલીક રોકડ રાખવી તે લોકોના સ્વભાવ પર આધાર રાખે છે. વ્યાજ ગણતરી અને સાહસવૃત્તિ ધરાવતી વ્યક્તિ ઓછી રકમ રાખશે અને બીકણ અને ચંચળ વ્યક્તિ વધારે રકમ રાખે છે. આ ઉપરાંત વ્યાપાર-ઉદ્યોગની સધ્ધરતા બજારમાંથી શાખા મેળવવાની શક્તિ વગેરે પરિબળો સાવચેતી હેતુ માટેનો માંગને અસર કરે છે.

સોદાકીય અને સાવચેતીના હેતુઓ માટે ઊભી થતી નાણાંની માંગને હેતુઓની દૃષ્ટિએ ભિન્ન ગણી શકાય છે. પરંતુ વ્યવહારમાં આવું વર્ગીકરણ કરવું સરળ નથી. જ્યારે બન્ને હેતુઓ માટેની માંગનો આધાર આવક સબંધિત છે. વ્યાજદર સાથે તેનો કશો સબંધ નથી એ નિષ્કર્ષ પર આપણે આવ્યા છીએ. તો વ્યાજ સાથે ક્યાં પ્રકારની નાણાંની માંગ સાથે સંબંધ ધરાવે છે? પ્રો.કેઈન્સના સિદ્ધાંત સટ્ટાકીય હેતુ માટેની માંગ જણાવે છે.

(3) સટ્ટાકીય હેતુ : ભાવિ અનિશ્ચિત છે એ પ્રો.કેઈન્સના પુસ્તકમાં તેનું સામાન્ય ઉચ્ચારણ છે. વ્યાજના દરની બાબતમાં પણ ભવિષ્યની અનિશ્ચિતતા મહત્ત્વનો ભાગ ભજવે છે. ભવિષ્યમાં વ્યાજદરોમાં કેવો ફેરફાર થવાનો છે તેની અસર લોકોની રોકડ પસંદગી પર પડશે. ભવિષ્યમાં આવક વધવાની કે ઘટવાની ધારણા રાખવામાં આવે તેને કારણે રોકડ હાથ પર રાખવાની વૃત્તિમાં જે વધારો-ઘટાડો થાય છે તેને પ્રો.કેઈન્સે સટ્ટાકીય હેતુ માટેની રોકડવૃત્તિ તરીકે ઓળખાવે છે.

બુદ્ધિપૂર્વક વર્તન કરતો વ્યક્તિ સોદાકીય હેતુ કરતાં વધારે રોકડ નાણું હાથ પર રાખશે નહિં. કારણ કે, તેને વ્યાજરૂપી આવક ગુમાવવી પડે છે. પ્રો.કેઈન્સે એવી દલીલ કરે છે કે, વ્યક્તિ નાણું હાથ પર રાખવાને બદલે બોન્ડમાં રોકે ત્યારે તે એવું અનુમાન કરી લે છે. એવો સટ્ટો ખેલી લે છે કે વ્યાજનો દર સ્થિર રહેશે. પરંતુ વ્યાજના દરો હંમેશા સ્થિર રહે એવી કોઈ વ્યવસ્થા હોઈ શકે નહિં. ભૂતકાળમાં આવો સ્થિરદર રહ્યો હોવાનું સુચવતો પણ નથી. વળી ભવિષ્યમાં વ્યાજનો દર વધશે કે ઘટશે એવી સંપૂર્ણ શક્યતા રહેલી છે. આ વ્યાજના વધતો-ઘટતો દર બોન્ડના મૂલ્યમાં ફેરફાર થાય છે. આ સંભવિત બોન્ડ મૂલ્ય ફેરફાર શું છે તે જોઈએ.

બોન્ડ એક નિશ્ચિત વ્યાજદાયી અસ્કયામત છે. જેને આપણે જામીનગીરી શબ્દ પ્રયોગ પણ કરીએ છીએ. લોકો જામીનગીરી ઉપરાંત શેર અથવા ભૌતિક કે સ્થાવર મિલકતમાં કે તૈયાર માલસંગ્રહમાં પણ રોકાણ કરી શકે છે. પરંતુ, તેમાં જામીનગીરીની સરખામણીએ અન્ય મિલકતોને રોકડમાં સરળતાથી રૂપાંતર કરી શકાતા નથી. તેથી લોકો જામીનગીરી વધારે પસંદ કરે છે.

જામીનગીરીના ભાવ અને વ્યાજદર વચ્ચે ઋણ સહસબંધ છે. એટલે વ્યાજના દરમાં વધારો થતા જામીનગીરીના ભાવમાં ઘટાડો થાય છે અને વ્યાજદરમાં ઘટાડો થતાં જામીનગીરીના ભાવમાં વધારો થાય છે. હવે લોકોને ભવિષ્યમાં વ્યાજદર વધવાની અપેક્ષા હોય તો તે પોતાની પાસે રહેલ રોકડ નાણાથી જામીનગીરીની ખરીદી કરે જેથી રોકડ નાણાંમાં ઘટાડો થાય છે. જ્યારે ભવિષ્યમાં વ્યાજદર ઘટવાની અપેક્ષા હોય તો જામીનગીરીનું વેચાણ કરીને લોકો હાથ પર વધારે નાણું રાખવા ઈચ્છે છે. આમ સટ્ટા બજારમાં થતા ભાવોની ઉથલ પાથલોનો લાભ લેવા લોકો પોતાની પાસે નાણાં રાખે છે. તેજીના સમયે ઓછુ નાણું હાથ પર રાખશે અને મંદીના સમયે વધારે નાણાં હાથ પર રાખશે. જે જામીનગીરીના ભાવોમાં વધારો થવાની અપેક્ષા હોય તેની સટોડિયાઓ આગળથી ખરીદી કરી લે છે અને જ્યારે ભવિષ્યમાં ભાવ ઊંચા જાય ત્યારે તે વેચી દઈને નફો મેળવે છે. આમ આ બન્ને સ્થિતિને સાર રૂપ મુકીએ તો..

વ્યાજનો અપેક્ષિત દર	વ્યક્તિનું વર્તન	નાણાંની રોકડ માંગ
A વધવાની ધારણા	જામીનગીરીનું રોકડમાં રૂપાંતર	વધારો
B ઘટવાની ધારણા	રોકડનું જામીનગીરમાં રૂપાંતર	ઘટાડો

3.4.2 વ્યાજદર ફેરફારની ધારણાઓ અને વ્યાજનો દર :

પ્રો.કેઈન્સ કહે છે કે અર્થતંત્રમાં બે પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતાં લોકો હોય છે. (1) તેજીનું માનસ/માનસીકતા ધરાવતા લોકો જે જામીનગીરીના ભાવો વધવાની અપેક્ષા ધરાવતા હોય છે. (2) મંદીનું માનસ ધરાવતાં લોકો જે એવું ધારે કે જામીનગીરીનાં ભવિષ્યમાં ભાવોમાં ઘટાડો થશે. બન્ને પ્રકારનાં લોકોનાં નિર્ણયો એકબીજાની વિરુદ્ધના હોય છે. જો એમ પણ બને કે બજારમાં તેજીવાળા અને મંદીવાળા બન્નેનું પ્રમાણ સરખુ હોય તો જામીનગીરીની ખરીદીની અસર વેચાણ દ્વારા દૂર થાય છે, જેથી વ્યાજ સ્થિર રહે છે.

કોઈ પણ સમયે બજારમાં જો તેજીવાળાઓનું મંદીવાળાઓ કરતાં પ્રભુત્ત્વ વધારે હશે તો જામીનગીરીઓની ખરીદી વધશે અને વ્યાજદરમાં ઘટાડો થશે. આથી ઊલટું જ્યારે મંદીવાળાનું પ્રભુત્ત્વ તેજીવાળા કરતા વધારે હશે તો

જામીનગીરીઓનું વેચાણ વધશે જેથી વ્યાજદરમાં ઘટાડો થાય છે. પ્રો.કેઈન્સ માને છે કે વર્તમાન બજાર વ્યવસ્થામાં ભિન્ન જાતો ધરાવતાં લોકો જોવા મળે છે. તે આર્થિક સ્થિરતાની દષ્ટિએ હિતાવહ છે. કારણ કે, જો બધી વ્યક્તિ માત્ર મંદીવાળું માનસ ધરાવતી હોય તો વ્યાજદરમાં ઘણાં મોટા પ્રમાણમાં ઘટાડો થાય છે. તેની અસર મૂડીરોકાણ પર પડતી આર્થિક અસ્થિરતા ઊભી થાય છે.

3.4.3 વ્યાજદરનું નિર્ધારણ :

વ્યાજનો દર અને રોકડ પસંદગી વચ્ચે વ્યસ્ત સબંધ છે. એટલે વ્યાજદર વધતાં રોકડ પસંદગીમાં ઘટાડો થાય અને વ્યાજદર ઘટતા રોકડ પસંદગીમાં વધારો થાય છે.

આકૃતિ-3



આકૃતિમાં OX ધરી પર નાણાનો પુરવઠો અને OY ધરી પર વ્યાજદર દર્શાવેલ છે. જ્યારે ડાબીબાજુ ઉપરથી જમણીબાજુએ નીચે ઢળતી LL રેખા વ્યાજદર દર્શાવે છે. અને બાદમાં તે OX ધરીની સમાંતર થતો જોવા મળે છે. જ્યારે OM જેટલો અર્થતંત્રમાં નાણાનો પુરવઠો છે. જે વ્યાજદરને ધ્યાનમાં લીધા વગર જે તે દેશની મધ્યસ્થ બેંક દ્વારા પુરો પાડવામાં આવે છે.

હવે 6 ટકાના વ્યાજદર L=M છે એટલે કે રોકડ નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો સરખા છે. જેને આપણે સમતુલાની સ્થિતિ તરીકેઓળખીએ છીએ.

હવે 8 ટકાના વ્યાજદરે બન્ને પ્રકારની નાણાંની માંગ કરતાં RR જેટલો લોકો પાસે રોકડ પસંદગી છે. સામાન્ય વ્યાજદર કરતાં 8 ટકાં વ્યાજદર વધુ હોવાથી લોકો ભવિષ્યમાં વ્યાજદર ઘટશે એવી અપેક્ષા રાખતા હોય છે. તેથી પોતાની પાસે રહેલ RR રોકડ પસંદગીથી જામીનગીરીથી ખરીદી કરશે. તેથી જામીનગીરીના ભાવ વધશે અને વ્યાજદરમાં ઘટાડો થશે. જ્યાં સુધી સમતુલા દર સુધી નહિ ઘટે ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહેશે.

હવે 4 ટકાનો વ્યાજદર સામાન્ય ક્ષમતાના વ્યાજદર કરતાં ઓછો છે. જે

બન્ને પ્રકારના નાણાંની માંગ, નાણાના પુરવઠો JJ જેટલી વધારે છે. હવે ભવિષ્યમાં વ્યાજદર વધવાની અપેક્ષા હોવાથી જામીનગીરીના પુરવઠામાં વધારો થશે જે તેના ભાવમાં ઘટાડો થશે. પરિણામ સ્વરૂપ વ્યાજદરમાં વધારો થશે.

3.4.4 સમતુલાના દરમાં ફેરફાર :

પ્રો.કેઈન્સ પોતાના સિદ્ધાંતમાં નાણાંની માંગ અને નાણાંના પુરવઠા દ્વારા વ્યાજદર નક્કી કરે છે. જ્યારે બન્નેમાંથી કોઈ એક પરિબળમાં ફેરફાર થાય તો સમતુલા દરમાં ફેરફાર થાય તે આ આકૃતિ દ્વારા દર્શાવવાનો પ્રયત્ન કરેલ છે.

આકૃતિ-4

વ્યાજનો દર



નાણાની માંગ અને પુરવઠો

આકૃતિ-5



નાણાની માંગ અને પુરવઠો

ઉપરોક્ત બન્ને આકૃતિમાં OX ધરી પર નાણાની માંગ અને પુરવઠો અને OY ધરી પર વ્યાજદર દર્શાવવામાં આવેલ છે. LL અને L_1L એ જુદીજુદી નાણાંની માંગ અને નાણાંના પુરવઠાએ વ્યાજદરની સમતુલા દર્શાવતી રેખા છે.

પ્રથમ આકૃતિમાં નાણાંના પુરવઠામાં વધારો થાય છે અને નાણાંની માંગને સ્થિર ધારવામાં આવી છે. નાણાંનો પુરવઠો OM થી વધી અને MM_1 જેટલો થાય છે. જે દેશની મધ્યસ્થ બેંક જામીનગીરીની ખરીદી અનામત પ્રમાણમાં ફેરફાર કે બેંકદરમાં ફેરફાર કરીને કરે છે. આપણે જાણીએ છીએ કે નાણાના પુરવઠો અને વ્યાજદર વચ્ચે વ્યસ્ત સબંધ છે. જે અનુસાર નાણાના પુરવઠામાં વધારો થતા વ્યાજદર 8 ટકાથી વધીને 4 ટકા જેટલો થાય છે. હજુ પણ જો નાણાનાં પુરવઠામાં MM_1 થી M_1M_2 જેટલો વધારો થાય છે. ત્યારે વ્યાજદર પણ ઘટીને 4 ટકાથી 2 ટકા જેટલો થાય છે. હજુ કેન્દ્રિય બેંક દ્વારા નાણાંના પુરવઠામાં $M_1 M_2$ થી $M_2 M_3$ વધારો કરવામાં આવે છે પરંતુ વ્યાજદરમાં કોઈ ફેરફાર થતો નથી. પ્રો.કેઈન્સ આ સ્થિતિને તરલતા બંધન તરીકે ઓળખાવે છે. નાણાના પુરવઠામાં વધારો થતો હોવા છતાં વ્યાજદર શા માટે ઘટાડો થતો નથી ? પ્રો.કેઈન્સ જણાવે છે કે લોકો હવે એવી અપેક્ષા બાંધે કે વ્યાજદર આનામાં વધારે ઘટશે નહિં. પરંતુ ભવિષ્યમાં વ્યાજદર વધવાનો હોવાથી જામીનગીરીના ભાવમાં ઘટાડો થશે. પ્રો.કેઈન્સ જણાવે છે કે અર્થતંત્રમાં આવી સ્થિતિમાં નાણાના પુરાવામાં ફેરફાર થવાથી વ્યાજદર પર કોઈ અસર થતી નથી. જે નાણાકીય નીતિની મર્યાદા છે.

વિદ્યાર્થી મિત્રો બીજી આકૃતિમાં નાણાં પુરવઠો સ્થિર ધારીને માત્ર નાણાંની માંગમાં વધારો થાય તો વ્યાજદરમાં વધારો થાય છે. જે આકૃતિમાં OM નાણાના પુરવઠાએ પ્રથમ 8 ટકાના વ્યાજ દરે OM જેટલી નાણાંની માંગ છે. LL રેખા પરનું A બિંદુ દર્શાવે છે. હવે નાણાંની માંગમાં વધારો થતાં વ્યાજદર 8 ટકાથી વધીને 10 થાય છે. જે આપણને આકૃતિમાં L_1L રેખા પરનું B બિંદુ દર્શાવે છે.

પરંતુ, જો નાણાંના પુરવઠામાં અને નાણાંની માંગમાં એકસરખા પ્રમાણમાં વધારો થાય તો વ્યાજદરમાં કોઈ ફેરફાર થતો નથી. જે આકૃતિમાં LL રેખા પરના A બિંદુએથી L_1L રેખા પરના C બિંદુ દર્શાવે છે જ્યાં 8 ટકા સ્થિર વ્યાજદર છે. તેમાં કોઈ ફેરફાર થતો નથી.

3.4.5 સિદ્ધાંતની મર્યાદા :

(1) રોકડ પસંદગીના સિદ્ધાંતમાં માત્ર નાણાંકીય પરિબળોને લક્ષમાં લેવામાં આવ્યા છે. જ્યારે બિનનાણાકીય પરિબળો જેવા કે બચત, મૂડીની ભૌતિક ઉત્પાદકતા વગેરેની અવગણના કરે છે.

(2) પ્રો.કેઈન્સના સિદ્ધાંતમાં રાષ્ટ્રીય હેતું મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ લોકો વ્યાજદર સ્થિર હોવાની ધારણ કરે તો વ્યાજ નિર્ધારણ સમજાવી શકે નહિં.

(3) પ્રો.કેઈન્સનો સિદ્ધાંત ટૂંકાગાળાનું વ્યાજ નિર્ધારણ સમજાવી શકે. લાંબાગાળાનું નથી. કારણ કે લાંબાગાળે એ મૂડીની ઉત્પાદકતા મહત્ત્વનો ભાગ ભજવે છે.

(4) સમાજવાદી અર્થવ્યવસ્થામાં ‘સટ્ટાકીય હેતુ’ માટેની માંગ સંભવી શકે નહિ. તેથી આવી અર્થવ્યવસ્થા સિદ્ધાંત વ્યાજદર સમજાવી શકે નહિં.

3.4.6 સિદ્ધાંતનું મહત્ત્વ :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ મંદીમાંથી અર્થતંત્રને બહાર લાવવા માટે નાણાના પુરવઠામાં વધારો કરીને વ્યાજદર ઘટાડી મૂડી, રોકાણમાં વધારો કરવાનું સૂચવે છે. પરંતુ પ્રો.કેઈન્સ માને છે. મંદીના સમયે જો વ્યાજદર અતિ નિમ્ન હોય ત્યારે વ્યાજદર રેખા સંપૂર્ણ સપાટ બને છે. તેને ‘Liquidity Trap’ કહે છે. તેવા સમયે નાણાનાં પુરવઠાની વ્યાજદર પર કોઈ અસર થતી નથી. તેથી તેવા સમયે નાણાકીય નીતિને બદલે રાજકોષીય નીતિ હેઠળ મૂડીની સિમાંત કાર્યક્ષમતામાં વધારો કરી મંદીને દૂર કરી શકાય છે જે પ્રો.કેઈન્સનું આગવું પ્રદાન છે.

3.5 સારાંશ :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલ વ્યાજના સિદ્ધાંતમાં વ્યાજનાં અર્થઘટનની બાબતમાં જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ જુદીજુદી વ્યાખ્યા આપી છે. વ્યાજના સિદ્ધાંતમાં વાસ્તવિક પરિબળોની અવગણના થઈ શકે નહિ. બચત કરનારાઓ સમય પસંદગીને કારણે વ્યાજરૂપી વળતર માંગે છે. કેટલાક અર્થશાસ્ત્રીઓએ વાસ્તવિક પરિબળો પર ભાર મૂક્યો છે. તો કેટલાક અર્થશાસ્ત્રીઓ નાણાંકીય પરિબળો પર ભાર મૂક્યો છે. તેમાં વ્યાજના દરને નક્કી કરવા માટે વાસ્તવિક અને નાણાંકીય પરિબળો અને બન્ને સમન્વય સાધીને એક નવી જ વિચારધારાને આકાર આપ્યો છે.

3.6 ચાવીરૂપ શબ્દો :

- વ્યાજ : મૂડીના વપરાશ બદલ મૂડીપતિને મળતું વળતર.
- તરલતા : કોઈપણ અસ્કયામત રોકડ સ્વરૂપમાં રૂપાંતરિત કરવાની સહજતા.
- ધિરાણ ભંડોળ : ધિરાણ માટે ઉપલબ્ધ નાણાંભંડોળ કે નાણાનો પુરવઠો.
- તરલતા જાળ : તરલતા જાળ એટલે એવો નીચો વ્યાજનો દર કે જ્યાં નાણાના પુરવઠામાં વધારો કરવા છતાં વ્યાજદર ઘટતો ન હોય તેવી સ્થિતિ.
- જામીનગીરી : વિવિધ પ્રકારની નાણાકીય અસ્કયામતોને આવરી લેતો શબ્દ તેમાં સામાન્યરીતે સરકારી જામીનગીરી, શેર, ડિબેન્ચર વગેરેનો સમાવેશ થાય છે.
- બચત : ચાલુ આવકનો એવો ભાગ કે જે વર્તમાન વપરાશ પાછળ ખર્ચાતો ન હોય તેવા નાણાને બચત કહેવામાં આવે છે.

3.7 તમારી પ્રગતિ ચકાસો :

(અ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.

(1) વ્યાજનો અર્થ જણાવી ધિરાણ ભંડોળનો સિદ્ધાંત આકૃતિ સાથે સમજાવો.

(2) વ્યાજ અંગેનો સમય પસંદગીનો સિદ્ધાંત સમજાવો.

(3) વ્યાજદરનો પ્રતિજ્ઞાનો સિદ્ધાંત સમજાવો.

(4) વ્યાજ-નિર્ધારણનો માંગ અને પુરવઠાનો સિદ્ધાંત સમજાવો.

(5) વ્યાજના નવપ્રશિષ્ટ સિદ્ધાંતની ટૂંકમાં ચર્ચા કરો.

(6) વ્યાજ નિર્ધારણનો પ્રો.કેઈન્સ અભિગમ સમજાવો.

(બ) નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો.

(1) ધિરાણ ભંડોળ સિદ્ધાંત અનુસાર ધિરાણ-ભંડોળની માંગ અને પુરવઠાને અસર કરતા પરિબળો જણાવો.

(2) વ્યાજ ઉદ્ભવના કારણો જણાવો.

(3) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ વ્યાજના સિદ્ધાંતને બિન-નાણાકીય સિદ્ધાંત તરીકે પણ ઓળખાય છે. સમજાવો.

(ક) નીચેની ખાલી જગ્યા પુરો.

(1) તરલતા પસંદગીનો સિદ્ધાંત................ દ્વારા આપવામાં આવ્યો.

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.હિક્સ

(C) પ્રો.હેન્સન (D) પ્રો.રિકાર્ડો

(૨) તરલતા પસંદગીના સિદ્ધાંત અનુસાર સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગ............. સાથે સબંધ ધરાવે છે.

(A) વ્યાજદર (B) આવક

(C) બચત (D) મૂડીરોકાણ

(3) વ્યાજ-નિર્ધારણનો આત્મસંયમનો સિદ્ધાંત.............. દ્વારા આપવામાં આવ્યો.

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.સિનિયર

(C) પ્રો.રિકાર્ડો (D) પ્રો.માલ્થસ

(4) વ્યાજ-નિર્ધારણનો પ્રતિક્ષાનો સિદ્ધાંત............... દ્વારા આપવામાં આવ્યો.

(A) પ્રો.એડમ સ્મિથ (B) પ્રો.માર્શલ

(C) પ્રો.રિકાર્ડો (D) પ્રો.હેન્સન

(5) ધિરાણ ભંડોળના સિદ્ધાંત અનુસાર વ્યાજદર અને બચત વચ્ચે............... સબંધ છે.

(A) ઋણ અને ધન (B) ધન સબંધ

(C) ઋણ સબંધ (D) ઉપરોક્ત એક પણ નહિ

❖ **સંદર્ભગ્રંથ**

(1) માધુકરી સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ, આણંદ.

(2) આર્થિક સિદ્ધાંતો, ડૉ. એમ. એન. રાવળ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.

(3) અર્થશાસ્ત્રના સિદ્ધાતો શ્રી એચ.કે. ત્રિવેદી યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.

(4) આર્થિક સિદ્ધાંતો : વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી કોટા, રાજસ્થાન.

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

1. (A) પ્રો.કેઈન્સ
2. (A) વ્યાજદર
3. (B) પ્રો.સિનિયર
4. (B) પ્રો.માર્શલ
5. (B) ધન સબંધ

****

એકમ : 4
IS-LM મોડેલ

❖ રૂપરેખા :

4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 વ્યાજનો અર્થ

4.3 IS-LM મોડેલ

4.4 સારાંશ

4.5 ચાવીરૂપ શબ્દો

4.6 તમારી પ્રગતિ ચકાસો.

- સંદર્ભસૂચિ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

4.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે,

- ખુલ્લી અર્થવ્યવસ્થામાં સમતુલા સમજાવી શકશો.
- વસ્તુ બજાર અને નાણાં બજારનો ભેદ જાણી શકશો.

4.1 પ્રસ્તાવના :

વ્યાજએ નાણાકીય અર્થકારણમાં ઉદ્‌ભવતી ઘટના છે. આનો અર્થ એ નથી કે નાણાવિહિન અથવા સટ્ટા પધ્ધતિમાં વ્યાજ સંભવિ શકે નહિ. પરંતુ આ પ્રકારના અર્થકારણમાં લેવડ-દેવડનું કાર્ય એટલું બધુ કઠિન હોય છે કે વ્યાજની ગણતરી કરવી મુશ્કેલ છે. આમ છતાં પ્રો.રોબર્ટસનાં જણાવ્યા અનુસાર વ્યાજનો દર વપરાશ અંગેના મૂડીરોકાણ અંગેના અને નાણાંની માંગ-પુરવઠા અંગેના ત્રિવિધ નિર્ણયો દ્વારા સંયુક્ત પણે નક્કી થાય છે. આ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખી પ્રો.હિક્સ IS-LM રેખાઓ (IS રેખા વસ્તુ બજાર અને LM રેખા નાણાં બજાર) દ્વારા વસ્તુ બજાર અને નાણાબજાર દ્વારા સમતુલા સમજાવે છે. સમગ્ર અર્થતંત્રની સમતુલા માટે આ બન્ને બજારમાં સમતુલામાં હોવા જરૂરી છે.

4.2 વ્યાજનો અર્થ :

પ્રો.કેઈન્સના મત અનુસાર “વ્યાજ એ શુધ્ધ નાણાકીય ઘટના છે. જે મૂડી પતિ પોતાની રોકડવૃત્તિ પર કાબુ જતો કરવા માટેનો બદલો છે.”

4.3 IS-LM મોડેલ :

પ્રો.કેઈન્સનો સિદ્ધાંત નાણાં બજારની સમતુલા દ્વારા વ્યાજ નિર્ધારણ સમજાવે છે. જે નાણાંની માંગ અને નાણાનો પુરવઠો સરખા થાય ત્યાં વ્યાજ નક્કી થાય છે. જ્યારે ધિરાણ ભંડોળના સિદ્ધાંત દ્વારા બચતનો પુરવઠો અને મૂડી રોકાણની માંગ સરખા થાય ત્યાં વ્યાજદર

નિર્ધારણ થાય છે. બન્ને સિદ્ધાંત કોઈ એક પરિબળ પર ભાર મૂકી એક પરિબળને ઉપેક્ષા કરે છે. પ્રો.હિક્સ અને પ્રો.હેન્સન નામના અર્થશાસ્ત્રી બન્ને પરિબળો (બન્ને બજાર) સમન્વય કરીને વ્યાજ-નિર્ધારણ સમજાવે છે. તથા વ્યાજ એ નાણાકીય ઘટના છે કે વાસ્તવિક ઘટના છે તે વિવિદનું નિરાકરણ કરેલ છે. જેને આપણે IS-LM મોડેલ અથવા વ્યાજના આધુનિક સિદ્ધાંત તરીકે ઓળખીએ છીએ.

વ્યાજના આધુનિક સિદ્ધાંત અનુસાર વ્યાજનો દર ચાર પરિબળો પર આધાર રાખે.

1. રોકાણની માંગ (મૂડીરોકાણ) (I)
2. રોકાણનો પુરવઠો (બચત) (S)
3. નાણાંની માંગ (તરલતા પસંદગી) (L)
4. નાણાંનો પુરવઠો (M)

ઉપરોક્ત ચાર પરિબળોમાંથી પ્રથમ બે વસ્તુબજારની સમતુલા દર્શાવે છે અને છેલ્લા બે નાણાં બજારની સમતુલા દર્શાવે છે. પ્રો.હિક્સ અને પ્રો.હેન્સન ચારેય પરિબળોનો સમન્વય કરીને IS-LM મોડેલ રજુ કરેલ છે.

4.3.1 રોકાણની માંગ (I) અને રોકાણના પુરવઠા (S) :

ધિરાણ ભંડોળના સિદ્ધાંત અનુસાર બચતો, રોકડ સંગ્રહ અને અસંગ્રહ અને નાણાનું સર્જન વગેરેના કારણે બચતના પુરવઠામાં વધારો થાય છે. જે વ્યાજદરને ઘટાડે છે. જેના આધારે આપણને IS રેખા પ્રાપ્ત થાય છે.

IS રેખાએ આવકના જુદા-જુદા ધોરણોએ વ્યાજદર અને મૂડીરોકાણ વચ્ચેનો સબંધ દર્શાવે છે. જેમ વ્યાજદર વધારે તેમ મૂડીરોકાણ ઓછુ અને જેમ વ્યાજદર નીચો તેમ મૂડીરોકાણ વધારે, એટલે કે બન્ને વચ્ચે વ્યસ્ત સબંધ જોવા મળે છે. તેથી IS રેખા જમણી બાજુએથી ડાબી બાજુએ નીચે જતી રેખા જોવા મળે છે. આ રેખાનો ઢાળ કેટલો હશે તેનો આધાર વ્યાજદરમાં ફેરફાર થવાથી મૂડીરોકાણમાં કેટલો ફેરફાર થાય છે. તેના પર આધાર રાખે છે.



ઉપરોક્ત આકૃતિમાં પ્રથમ આકૃતિમાં OX ધરી બચત અને મૂડીરોકાણ દર્શાવવામાં આવેલ છે. અને OY ધરી પર વ્યાજદર દર્શાવેલ છે. SY_1, SY_2, SY_3, SY_4 અને SY_5 જુદીજુદી બચત રેખાઓ છે. તેના દરેક બિંદુએ બચત

અને મૂડીરોકાણ સરખા છે. આકૃતિમાં જોઈ શકાય છે કે બચતમાં જેમજેમ વધારો થાય છે તેમ વ્યાજદરમાં ઘટાડો થાય છે. વ્યાજદરમાં ઘટાડો થવાના પરિણામે મૂડી રોકાણમાં વધારો થાય. તેના આધારે આકૃતિ-2 IS રેખા તારવવામાં આવેલ છે.

આમ વ્યાજદર અને મૂડીરોકાણ વચ્ચે વ્યસ્ત સબંધ છે. વ્યાજદરમાં ઘટાડાને પરિણામે મૂડીરોકાણમાં વધારો થાય છે. પરિણામે કુલ રાષ્ટ્રીય આવક વધારો થાય છે. આનાથી વિપરીત સ્થિતિ વ્યાજદરમાં વધારો થવાથી રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થાય છે. જે આકૃતિ-2માં જોઈ શકાય છે.

4.3.2 LM રેખાની પ્રાપ્તી (નાણાંની માંગ અને નાણાના પુરવઠા) :

પ્રો.કેઈન્સના સિદ્ધાંત દ્વારા આપણે જુદા જુદા આવકના સ્તરે તરલતા પસંદગીનું પ્રમાણ અલગ અલગ હોય છે. આ બાબતે આપણે નાણાં પુરવઠા સાથે એકત્રિત રીતે લઈ તો આપણને LM રેખા મળે છે. તે રેખા જુદીજુદી આવકના સ્તરે વ્યાજદર કેટલો હશે તેની જાણકારી આપે છે.

આકૃતિ - 3 આકૃતિ - 4



ઉપરોક્ત આકૃતિ-3માં OX ધરી પર નાણાનો પુરવઠો અને OY ધરી પર વ્યાજદર દર્શાવવામાં આવેલ છે. SM રેખા નાણાંની પુરવઠા રેખા છે. Y_1, Y_2, Y_3, Y_4 અને Y_5 લોકોની જુદીજુદી આવક તરલતા પસંદગી દર્શાવે છે. જેમજેમ તરલતા પસંદગીમાં વધારો થાય છે તેમ વ્યાજદરમાં પણ વધારો થાય છે. કારણ કે નાણાનો પુરવઠો સ્થિર છે. આ બાબતને આકૃતિમાં Y_1 થી Y_5 સુધી રેખાઓ દર્શાવે છે.

આકૃતિમાં જોઈ શકાય છે કે જેમજેમ આવકમાં વધારો થાય છે તેમ તરલતા પસંદગી વધે છે અને તેથી વ્યાજદરમાં પણ વધારો થાય છે આથી LM રેખા ડાબી બાજુએથી જમણી બાજુએ ઉપર તરફ જતી ધન ઢાળ ધરાવતી રેખા છે. જેને આપણે આકૃતિ-4માં જોઈ શકાય છે.

❖ **LM રેખાના ઢાળ (નાણાના પુરવઠા સ્થિર) :**

LM રેખાનો ઢાળ રાષ્ટ્રીય આવક અને વ્યાજમાં થતાં ફેરફારના કારણે નાણાંની માંગમાં થતા ફેરફાર પર આધાર રાખે છે. રાષ્ટ્રીય આવકમાં થતાં ફેરફારોના કારણે માંગમાં થતો ફેરફાર વધારે હોય છે. રેખાનો ઢાળ વધારે હોય છે. જ્યારે વ્યાજદરના ફેરફારના કારણે માંગમાં થતો ફેરફાર વધારે હોય ત્યારે LM રેખાનો ઢાળ ઓછો હોય છે. LM રેખા ચપાટ હશે. જ્યારે રાષ્ટ્રીય આવકમાં ફેરફાર થવાના કારણે નાણાંની માંગમાં જે ફેરફાર થાય છે. તે માંગ માત્ર સોદાકીય હેતુ માટેની જ હોય છે. તે લોકોની ઉપભોગ વૃત્તિ બતાવે છે. જ્યારે વ્યાજદર ફેરફારના કારણે નાણાંની માંગમાં થતો ફેરફાર સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગ હોય છે.

આમ જ્યારે વ્યાજદરના ફેરફારના કારણે કે રાષ્ટ્રીય આવકના ફેરફારના કારણે નાણાંની માંગમાં ફેરફાર થાય ત્યારે માત્ર LM રેખાના ઢાળમાં બદલાવ થાય છે.

4.3.3 આવક અને વ્યાજ નિર્ધારણ :

IS રેખાએ વસ્તુ બજારની સમતુલા દર્શાવે છે. તેના પરનાં દરેક બિંદુએ બચત, મૂડીરોકાણ અને ઉત્પાદન સરખું હોય છે. જ્યારે LM રેખાએ નાણાં બજારની સમતુલા દર્શાવે છે તેના દરેક બિંદુએ નાણાંની માંગ નાણાનો પુરવઠો સરખા હોય છે. તેથી IS રેખા અને LM રેખા બન્ને એકબીજાને છેદે ત્યાં બન્ને બજારોમાં સમતુલા મળે છે. જેને આપણે આકૃતિ દ્વારા જોઈએ તો...

આકૃતિ - 5



આકૃતિ-5 માં OX ધરી પર રાષ્ટ્રીય આવક અને OY ધરી પર વ્યાજદર દર્શાવામાં આવેલ છે. IS રેખા વસ્તુ બજારની સમતુલા અને LM રેખા નાણાંબજારની સમતુલા દર્શાવે છે. બન્ને રેખા E બિંદુએ એકબીજાને છેદે છે ત્યાં બન્ને બજારોમાં સમતુલા મળે છે.

આ સિવાયના અન્ય બિંદુઓ અસમતુલા દર્શાવે છે. M અને N બિંદુએ માત્ર નાણાંબજારની સમતુલામાં છે પરંતુ વસ્તુ બજાર અસમતુલામાં છે. જ્યારે A અને B બિંદુએ વસ્તુ બજારમાં સમતુલા છે પરંતુ નાણાં બજારમાં અસમતુલા છે જ્યારે IS રેખાની ડાબી બાજુએ આવેલા દરેક બિંદુ બચત કરતાં મૂડીરોકાણ વધારે તેથી વસ્તુ બજારમાં અસમતુલા છે. જ્યારે IS થી જમણી બાજુએ આનાથી વિપરિત સ્થિતિ જોવા મળે છે. જ્યારે LM રેખાની જમણી બાજુના બિંદુએ નાણાના પુરવઠા કરતાં માંગ વધુ હોય છે. જ્યારે LM ડાબી બાજુના બિંદુ વિપરિત સ્થિતિ જોવા મળે છે. આમ ટુંકમાં કહીએ તો માત્ર E બિંદુએ બન્ને બજારોની સમતુલા દર્શાવે છે. ત્યાં વ્યાજદર નક્કી થાય છે.

આમ પ્રો.હિક્સ અને પ્રો.હેન્સન IS-LM મોડલમાં એક સાથે વસ્તુ બજાર અને નાણાં બજારમાં સમતુલા દર્શાવે છે. પરંતુ આ સમતુલા સંખ્યાબંધ પરિબળો વડે બદલાય શકે છે. IS, LM રેખા બન્નેમાં ફેરફાર થાય છે. આ ઉપરાંત સમતુલા ફેરફાર લાવતા અન્ય પરિબળો જેવા કે...

1. બચતમાં થતો ફેરફાર
2. રોકાણમાં થતો ફેરફાર
3. તરલતા પસંદગીમાં થતો ફેરફાર
4. નાણાંના પુરવઠામાં થતા ફેરફારો
5. રોકાણ અને નાણાંના પુરવઠામાં થતો સમાંતર ફેરફાર
6. સરકારી ખર્ચમાં અને કરવેરામાં થતા ફેરફારો
7. લોકોની ઉપભોગ-વૃત્તિમાં અને કિંમતમાં થતાં ફેરફારો

આમ ઉપરોક્ત પરિબળોમાં ફેરફાર થવાથી IS-LM રેખામાં ફેરફાર થાય છે. જેથી વ્યાજદર અને રાષ્ટ્રીય આવકમાં ફેરફાર થાય છે.

4.3.4 પ્રો.હિક્સ અને હાન્સન સિદ્ધાંતનુ મૂલ્યાંકન :

પ્રશિષ્ટ સિદ્ધાંત અને પ્રો.કેઈન્સના સિદ્ધાંતનો સુવ્યવસ્થીત સમન્વય કરીને હીક્સ અને હોન્સને IS-LM રેખાઓની મદદથી વ્યાજના દરની વ્યવસ્થિત તર્કબધ્ધ અને અસરકારક સમજુતિ આપી છે. નાણાકીય અને વાસ્તવિક પરિબળોનો સમન્વય કર્યો છે. આ ઉપરાંત તેમણે નાણાંકીય અને રાજકોષીય નીતિનો પણ સમન્વય કર્યો છે. જે સિદ્ધાંતનું ચડિયાતાપણું અને અસરકારકતા બતાવે છે. આમ છતાં આ સિદ્ધાંતમાં વસ્તુઓના ભાવો ફેરફાર થવાની શક્યતાની અવગણના કરવામાં આવી છે. કારણકે નાણાનો પુરવઠો, વપરાશવૃત્તિ, તરલતા પસંદગી મૂડીરોકાણ વગેરેમાં ફેરફાર થવાથી માત્ર વ્યાજદર અને આવકની સપાટીમાં જ ફેરફાર થતો નથી પરંતુ કિંમત સ્તરમાં પણ ફેરફાર થાય છે. જે સિદ્ધાંતની છતી જણાય છે.

4.4 સારાંશ :

વ્યાજના સિદ્ધાંતો વિવિધ દષ્ટિકોણને ધ્યાનમાં લઈને અર્થશાસ્ત્રીઓ દ્વારા સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. તેમાંથી પ્રસ્તુત એકમો બે સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો. તેમાં રોકડ પસંદગીનો સિદ્ધાંત એ સમજાવે છે કે મંદીના સમયમાં નાણાં પરિમાણમાં વધારો કરતાં વ્યાજદર ઘટશે અને મૂડીરોકાણ વધશે અને અર્થતંત્ર મંદીમાંથી મુક્ત થશે. પરંતુ અતિ નિમ્ન વ્યાજદરો હોય અને અર્થતંત્ર રોકડ પસંદગી જાળમાં ફશાઈ જાય ત્યારે તો તેને નિવારવા રાજકોષીય નીતિ હેઠળ મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધારવી જોઈએ તે પ્રો.કેઈન્સનું મહત્ત્વ પ્રદાન હતું. જ્યારે પ્રો.હિક્સ અને પ્રો.હેન્સન વસ્તુબજાર સમતુલા અને નાણાં બજારની સમતુલા દ્વારા બન્ને સમન્વય કરીને તરલતા પસંદગીના સિદ્ધાંત અને ધિરાણ-ભંડોળનાં સિદ્ધાંતમાં ખુટતી કડીઓનો ઉમેરો કર્યો છે. નાણાકીય પરિબળો અને વાસ્તવિક પરિબળોનો સમન્વય કરી વ્યાજ-નિર્ધારણ સમજાવો પ્રયાસ કરેલ છે.

4.5 ચાવીરૂપ શબ્દો :

- વ્યાજ : મૂડીના વપરાશ બદલ મૂડીપતિને મળતા વળતરને વ્યાજ કહે છે.
- તરલતા (Liquidity) : એટલે કોઈપણ અસ્કામત (asset)ને રોકડ નાણાંમાં રૂપાતરિત કરવાની સહજતા.
- ધિરાણ ભંડોળ : સામાન્ય અર્થમાં ધિરાણ માટે ઉપલબ્ધ નાણાંભંડોળ (નાણાનો પુરવઠો)
- તરલતા જાળ (Liquidity trap) : એવી સ્થિતિ જેમાં નાણાંના પુરવઠામાં થતો વધારો વ્યાજદરમાં ઘટાડો નિપજાવી શકતો નથી.
- જામીનગીરી : વિવિધ પ્રકારની નાણાંકીય અસ્કયામતોને આવરી લેતો શબ્દ, તેમાં સામાન્ય રીતે સરકારી જામીનગીરી શેર, ડિબેન્ચર વગેરેનો સમાવેશ થાય છે.
- મૂડીરોકાણ : મૂડી સાધનોના જથ્થાને વાસ્તવિક રીતે ટકાવી રાખવા કે તેમાં વધારો કરવા માટે કરવામાં આવતું ખર્ચ
- બોન્ડ : જેના પર ચુકવવામાં આવનાર વ્યાજનો દર નિશ્ચિત હોય તેવો લોનપત્ર અથવા જામીનગીરી.
- નાણાકીય નીતિ : મધ્યસ્થ બેંક દ્વારા બેંકદર, જામીનગીરીનું ખરીદ-વેચાણ અનામત પ્રમાણ ફેરફાર વગેરે ગુણાત્મક અને પરિણાત્મક સાધનો વડે આર્થિક ઉદ્દેશો હાંસલ કરવાની નીતિને.
- બચતો : ચાલુ આવકનો જે ભાગ વર્તમાનમાં વપરાશ પાછળ ખર્ચાતો નથી તે.

4.6 તમારી પ્રગતિ ચકાસો :

(અ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.

(1) IS રેખાનો અર્થ આપી તેની ઉત્પત્તિ કેવી રીતે થાય છે સમજાવો.

(2) LM રેખાનો અર્થ જણાવી LM રેખાની ઉત્પત્તિ જણાવો.

(3) IS - LM રેખા દ્વારા વ્યાજ નિર્ધારણ સમજાવો.

(4) પ્રો.હિક્સ અને પ્રો.હેન્સન સિદ્ધાંત જણાવી. ચડિયાતાપણું દર્શાવો.

(બ) નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો.

(1) IS-LM મોડેલ દ્વારા વસ્તુ બજાર અને નાણાં બજારની સમતુલા જણાવો.

(2) વ્યાજદર એ બચત અને મૂડીરોકાણ વચ્ચે સમતુલા લાવનાર પરિબળ છે. સમજાવો.

(ક) નીચેની ખાલી જગ્યા પુરો.

(1) તરલતા પસંદગીનો સિદ્ધાંત................ દ્વારા આપવામાં આવ્યો.

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.હિક્સ

(C) પ્રો.હેન્સન (D) પ્રો.રિકાર્ડો

(૨) તરલતા પસંદગીના સિદ્ધાંત અનુસાર સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગ............. સાથે સબંધ ધરાવે છે.

(A) વ્યાજદર (B) આવક

(C) બચત (D) મૂડીરોકાણ

(3) તરલતા પસંદગીના સિદ્ધાંત મુજબ જામીનગીરીના ભાવ અને વ્યાજદર વચ્ચે........... સબંધ જોવા મળે છે.

(A) ધન (B) વ્યસ્ત

(C) સંપૂર્ણ ધન (D) સંપૂર્ણ વ્યસ્ત

(4) તરલતા પસંદગીના સિદ્ધાંત અનુસાર સોદાકીય અને સાવચેતીના હેતુ માટેની નાણાંની માંગ................ સાથે સબંધ ધરાવે છે.

(A) આવક (B) વ્યાજદર

(C) બચત (D) મૂડીરોકાણ

(5) રોકડ પસંદગી સ્થિર રહે અને નાણાંના પુરવઠામાં વધારો થાય તો...................

(A) વ્યાજદરમાં વધારો (B) વ્યાજદરમાં ઘટાડો

(C) વ્યાજદર સ્થિર (D) વ્યાજદર અનિર્ણીત

(6) તરલતા પસંદગી સિદ્ધાંત અનુસાર અતિ નિમ્ન વ્યાપદરે તરલતા પસંદગી રેખા .... બને છે.

(A) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ (B) સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ

(C) એકમ મૂલ્ય સાપેક્ષ (D) મૂલ્ય સાપેક્ષ

(7) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ તરલતા પસંદગીને રેખા..................... કહે છે.

(A) તરલતા બંધન (B) પુરવઠા બંધન

(C) આવક બંધન (D) વસ્તુ બંધન

(8) તરલતા બંધન.................ની મર્યાદા દર્શાવે છે.

(A) રાજકોષીય નીતિ (B) નાણાકીય નીતિ

(C) સરકારી નીતિ (D) વ્યાપાર નીતિ

(9) વ્યાજદર અને મૂડીરોકાણ વચ્ચે............... સબંધ જોવા મળે છે.

(A) ધન (B) સહસબંધ

(C) વ્યસ્ત (D) સીધો

(10) વસ્તુ વ્યાજમાં બચત, મૂડીરોકાણ, વ્યાજ, ઉત્પાદન અને માંગમાં સમતુલા દર્શાવતી રેખા.......... તરીકે ઓળખાય છે.

(A) IL રેખા (B) IS રેખા

(C) LM રેખા (D) IM રેખા

(11) IS રેખાનો ઢાળ................. પર આધાર રાખે છે.

(A) વ્યાજ અને મૂડીરોકાણ

(B) રાષ્ટ્રીય આવક અને મૂડીરોકાણ

(C) વસ્તુનું ઉત્પાદન અને માંગ

(D) વસ્તુના પુરવઠા

(12) LM રેખાનો ઢાળ.................. પર આધાર રાખે છે.

(A) વ્યાજદર અને બચત

(B) વ્યાજદર અને નાણાનું પુરવઠો

(C) વ્યાજદર અને નાણાંની માંગ

(D) નાણાંનો પુરવઠો

(13) નાણાંની માંગ સ્થિર હોય અને નાણાંના પુરવઠામાં વધારો થાય તો............

(A) LM રેખાનો ઢાળ બદલાય

(B) LM રેખાનું સ્થાન ફેરફાર

(C) LM સ્થિર

(D) IS રેખા સ્થિર

(14) IS-LM મોડેલ................ દ્વારા આપવામાં આવ્યું.

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.ફિશર

(C) પ્રો.હિક્સ અને પ્રો.હેન્સન (D) પ્રો.કેઈન્સ અને પ્રો.હિક્સ

(15) વસ્તુ બજાર અને નાણાં બજારનો સમન્વય સિદ્ધાંતમાં જોવા મળે છે.

(A) તરલતા પસંદગી (B) ધિરાણ ભંડોળ

(C) IS-LM સિદ્ધાંત (D) બચત ભંડોળ

(16) વ્યાજએ માત્ર નાણાકીય ઘટના છે એવું.............. સિદ્ધાંત જણાવે છે.

(A) તરલતા પસંદગી (B) ધિરાણ ભંડોળ

(C) IS-LM મોડેલ (D) ઉપરોક્ત બધાં જ

❖ **સંદર્ભગ્રંથ**

(1) આર્થિક સિદ્ધાંતો ડૉ. એમ.એન. રાવળ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.

(2) એકમલક્ષી અર્થશાસ્ત્ર-2 પ્રિ. આર. સી. જોષી, ડૉ. પી.પી. પ્રજાપતિ, ડૉ.કિરણ પંડ્યા, પ્રો.જે.પી. ભટ્ટ, ન્યૂ પોપ્યુલર પ્રકાશ, સુરત.

(3) અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, શ્રી એચ.કે. ત્રિવેદી યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.

(4) Macroeconomics Theory, Lovely Professional Uni. Phagwara.

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

1. (A) પ્રો.કેઈન્સ
2. (A) વ્યાજદર
3. (B) વ્યસ્ત
4. (A) આવક
5. (B) વ્યાજદરમાં ઘટાડો
6. (A) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ
7. (A) તરલતા બંધન
8. (B) નાણાકીય નીતિ
9. (C) વ્યસ્ત
10. (B) IS રેખા
11. (A) વ્યાજદર અને મૂડીરોકાણ
12. (C) વ્યાજદર અને નાણાંની માંગ
13. (B) LM રેખાના સ્થાનમાં ફેરફાર
14. (C) પ્રો.હિક્સ અને પ્રો.હેન્સન
15. (C) IS-LM સિદ્ધાંત
16. (A) તરલતા પસંદગી

****

એકમ: 5
નાણાંની માંગ અંગે પ્રો.કેઈન્સ પછીના અભિગમો

❖ **રૂપરેખા :**

5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 પેટીન્કીનાની વાસ્તવિક રોકડ પુરાંત અસર

5.3 વાસ્તવિક રોકડ પુરાંત અસરના ખ્યાલની મર્યાદાઓ

5.4 નાણાંની માગં અંગે ટોબીનનો અભિગમ

5.5 નાણાંની માંગ અંગે બોમલનો અભિગમ

5.6 સારાંશ

5.7 ચાવીરૂપ શબ્દો

5.8 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભસૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

5.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે,

- ➢ વાસ્તવિક રોકડ પુરાંત અસરના ખ્યાલ અંગે સમજૂતી મેળવી શકશો.
- ➢ વાસ્તવિક રોકડ પુરાંત દ્વારા નાણાંની તટસ્થતા અંગે ચર્ચા કરી શકશો.
- ➢ નાણાંના પુરવઠા અને વ્યાજદર વચ્ચે કેવો સબંધ છે તે અંગે જાણકારી મેળવી શકશો.
- ➢ વાસ્તવિક રોકડ પુરાંત અસર દ્વારા કઈ રીતે મંદીનું નિવારણ કરી અર્થતંત્ર પૂર્ણરોજગારીની સપાટીએ સમતુલા પ્રાપ્ત કરી શકે છે તે બાબત સમજી શકશો.
- ➢ અસ્કયામતોના વિવિધ સ્વરૂપો કે જેમાં સંપત્તિ રાખી શકાય છે તે અંગે જાણકારી મેળવી શકશો.
- ➢ પ્રો.કેઈન્સના તરલતા પસંદગીના ખ્યાલને આગળ ધપાવવાની આવશ્યકતા શા માટે છે તે બાબતે જાણકારી મેળવી શકશો.
- ➢ અસ્કયામતોની માંગ અને વ્યાજદર વચ્ચેના સબંધ કેવા છે તે સમજી શકશો.
- ➢ બોમલના માલસૂચિ (ઈન્વેન્ટરી) અભિગમ અંગે ચર્ચા કરી શકશો.

5.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થી મિત્રો, અગાઉના એકમમાં આપણે નાણાંની માંગ અંગે પ્રો.કેઈન્સના અભિગમ અંગે જાણકારી મેળવી. જે મુજબ નાણાંની માંગના મુખ્યત્વે ત્રણ હેતુઓ તેમજ કેટલીક મર્યાદાઓ અંગે પણ આપણે ચર્ચા કરી. તો ચાલો, હવે આપણે નાણાંની માંગ અંગે પ્રો.કેઈન્સ પછીના અભિગમો અંગે સમજૂતી મેળવીએ. આધુનિક દ્રષ્ટિ કોણ મુજબ નાણાંની માંગનું વિધેય નીચે મુજબ મેળવી શકાય :

$$M = f(Y, r)$$

જ્યાં, M = નાણાંની માંગ

Y = આવકની સપાટી

r = વ્યાજદર

દોસ્તો, ઉપરોક્ત દર્શાવેલ વિધેય મુજબ કહી શકાય કે નાણાંની માંગ આવક અને વ્યાજદર પર આધાર રાખે છે. પ્રો.કેઈન્સે વર્ણવેલ નાણાંની માંગ અંગેના આ બે પરિબળો ઉપરાંત આધુનિક સિદ્ધાંત મુજબ નાણાંની માંગ નક્કી કરવામાં સંપત્તિ પણ અગત્યનો ભાગ ભજવે છે. નાણાંની માંગનો ખ્યાલ સંપત્તિના જથ્થા સાથે સીધી રીતે સંકળાયેલો છે. જો સંપત્તિનું પ્રમાણ વધુ હોય, તો નાણાંની માંગ વધુ પ્રમાણમાં થાય છે. આમ, સંપત્તિનો પણ નાણાંની માંગના વિધેયમાં સમાવેશ કરતાં નાણાંની માંગનું નવું વિધેય $M= f(Y, r, W)$ પ્રાપ્ત થાય છે. આમ, નાણાંની માંગ નક્કી કરતાં અગત્યના ત્રણ પરિબળોમાં આવક, વ્યાજદર અને સંપત્તિનો સમાવેશ કરવામાં આવે છે. જે પ્રો.કેઈન્સના નાણાંની માંગ અંગેના દ્રષ્ટિકોણમાં સુધારો અને તેના ખ્યાલનો વિસ્તૃતિકરણ સૂચવે છે.

5.2 પેટીન્કીની વાસ્તવિક ભંડોળ (રોકડ પુરાંત) અસર :

અમેરિકન-ઈઝરાયેલી અર્થશાસ્ત્રી પ્રો.ડોન પેટીન્કીને તેમના પુસ્તક ‘Money, Interest and Prices: An Integration of Monetary and Value theory’ માં 1956 માં જણાવ્યું કે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા અર્થશાસ્ત્રનું “મૂલ્યોના સિદ્ધાંતો” અને “નાણાંકીય સિદ્ધાંતો” એમ બે વિભાગમાં કરવામાં આવેલું વર્ગીકરણ તાર્કિક છે. તેમણે ‘રોકડ પુરાંત અસર’ ના ખ્યાલ દ્વારા આ બંને વિભાગોમાં એક જ સિદ્ધાંત કામ કરે છે એવું દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત તેમણે વાસ્તવિક આર્થિક બાબતો પરત્વે નાણું તટસ્થ છે તેવું સાબિત કરવાનો પ્રયત્ન પણ કર્યો છે.

5.2.1 વાસ્તવિક રોકડ પુરાંતનો અર્થ :

લોકો પાસે રહેલ નાણાંના જથ્થાની વાસ્તવિક વસ્તુઓ ખરીદવાની શક્તિને વાસ્તવિક રોકડ પુરાંત તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો લોકો પાસે રહેલ નાણાંનું વાસ્તવિક મૂલ્ય.

વ્યક્તિ પોતાની પાસે રહેલ રોકડનાણાં દ્વારા કેટલા પ્રમાણમાં વસ્તુની ખરીદી કરી શકે તેને નાણાંની ખરીદશક્તિ કે નાણાંનું વાસ્તવિક મૂલ્ય કહેવામાં આવે છે. જેમ કે, કોઈ એક વ્યક્તિ પાસે રૂ. 500 છે. સામાન્ય સંજોગોમાં આ રૂ. 500 દ્વારા તે જેટલા પ્રમાણમાં વસ્તુઓની ખરીદી કરી શકે છે તેટલી ખરીદી ફુગાવામાં રૂ. 500 નું વાસ્તવિક મૂલ્ય ઘટેલું હોવાથી ફુગાવાની સ્થિતિમાં કરી શકતો નથી. આમ, તે ફુગાવામાં રૂ. 500 વડે અગાઉ કરતાં ઓછા પ્રમાણમાં ખરીદી કરી શકશે અને મંદીની સ્થિતિમાં આનાથી વિપરીત પરિસ્થિતિ હશે.

5.2.2 વાસ્તવિક રોકડ પુરાંત અસરની સમજૂતી :

અર્થતંત્રમાં થતા વિવિધ પરિવર્તનોના પરિણામે લોકો પાસે રહેલા નાણાંના જથ્થામાં પણ ફેરફાર થાય છે. વસ્તુની કિંમતમાં વધઘટ થવાના કારણે લોકોની રોકડ પુરાંતોમાં પણ ફેરફાર થાય છે. પરિણામે વસ્તુની માંગ અને પુરવઠો અસર પામે છે. વસ્તુની કિંમતમાં ઘટાડો થવાથી રોકડ પુરાંતનું વાસ્તવિક મૂલ્ય વધે છે. જેથી વસ્તુની ખરીદીમાં વધારો થાય છે. વસ્તુની ખરીદીમાં વધારો થવાથી અર્થતંત્રમાં આવક, ઉત્પાદન અને રોજગારીમાં પણ વધારો થવા પામે છે તથા આનાથી વિપરીત પરિસ્થિતિ વસ્તુની કિંમતમાં વધારો થતા જોવા મળે છે. આમ, વસ્તુની કિંમતમાં ફેરફાર થવાથી વ્યક્તિની ખરીદશક્તિમાં ફેરફાર થવા પામે છે. જે વસ્તુની માંગ તથા અન્ય પરિબળોને અસર કરે છે. જેને વાસ્તવિક રોકડ પુરાંત અસર તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો ભાવસપાટીમાં ફેરફાર થવાથી અર્થતંત્ર પર જે અસર થાય છે તેને વાસ્તવિક રોકડ પુરાંત અસર કહેવામાં આવે છે.

5.2.3 વાસ્તવિક રોકડ પુરાંત અસર અને નાણાંની તટસ્થતા :

પ્રો.ફિશર અને કેમ્બ્રિજ અર્થશાસ્ત્રીઓએ નાણાંપરિમાણના સિદ્ધાંત દ્વારા નાણાંપરિમાણ અને ભાવસપાટી વચ્ચેના સીધા અને સપ્રમાણ સંબંધને સ્થાપિત કર્યો છે. પ્રશિષ્ટ આર્થિક વિચારસરણીમાં તુલનાત્મક સ્થિરતા બીજી સ્થિતિએ કેવી ગતિ કરે છે અને તેની પ્રક્રિયા કઈ છે તે અંગે ચર્ચા કરવામાં આવી નથી. પ્રો.ડોન પેટીન્કીને વાસ્તવિક રોકડ પુરાંત અસર દ્વારા આની સમજૂતી આપી નાણાંની તટસ્થતા સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

કોઈ એક સમયે નાણાંનો પુરવઠો બમણો કરવામાં આવે તો ભાવસપાટી પણ બમણી થાય. આ સ્થિતિમાં લોકો પાસેની નાણાંકીય પુરાંતનું વાસ્તવિક મૂલ્ય અને નાણાંકીય પુરાંતનો પુરવઠો વધી જાય છે. પેટિક્રીન જણાવે છે કે લોકો પોતાની પાસે નાણાંના સ્વરૂપમાં કુલ વાસ્તવિક મૂલ્ય જેટલી જ ખરીદશક્તિ રાખવા ઈચ્છે છે. પરિણામે જ્યારે નાણાંનો પુરવઠો વધે છે ત્યારે લોકો પોતાની પાસે રહેલ પુરાંત દ્વારા ચીજવસ્તુઓની ખરીદી કરશે. કારણકે નાણાંનો પુરવઠો વધવાથી ચીજવસ્તુઓની ભાવસપાટીમાં વધારો થવા પામે છે. ભાવસપાટીમાં થતો વધારો ત્યાં સુધી ચાલુ રહેશે કે જ્યાં સુધી બમણા થયેલા નાણાંના પુરવઠા દ્વારા પહેલા જેટલી જ વસ્તુઓ અને સેવાઓની ખરીદી

કરી શકાય. આમ, જો સમગ્ર સમાજની વાસ્તવિક નાણાં માટેની માંગ નિશ્ચિત અને સ્થિર હોય તો નાણાંના પુરવઠામાં થયેલો ફેરફાર ભાવસપાટીમાં સીધો અને સપ્રમાણ ફેરફાર લાવે છે.

પ્રો.પેટીન્કીના મતે આ રીતે ભાવસપાટીમાં થતો વધારો સ્થિરતાજનક અને સમતુલાજનક પરિબળ છે. વસ્તુઓ માટેની માંગ ઉપર માત્ર સાપેક્ષ ભાવોની નહીં પરંતુ, સામાન્ય ભાવસપાટીની પણ અસર થાય છે. આમ, પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ નાણાંના મૂલ્યના સિદ્ધાંતો અને નાણાંના સિદ્ધાંતો એવું કરેલું નિરપેક્ષ વિભાજન અને તેની અસંગતતાને વાસ્તવિક રોકડ પુરાંત અસરના ખ્યાલ દ્વારા દૂર કરી શકાય. આ સંદર્ભમાં નાણાંનો સિદ્ધાંત અન્ય વસ્તુઓ માટેના મૂલ્યના સિદ્ધાંતોથી જુદા પાડી શકાય નહિ તેવું પ્રો.પેટીન્કીનું મત છે. જો વાસ્તવિક રોકડ પુરાંત અસરને ધ્યાને લેવામાં આવે તો પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર વિરોધી જે ગેરસમજ પ્રવર્તે છે તે દૂર કરી શકાય.

5.2.4 નાણાંનો પુરવઠો અને વ્યાજદર :

દોસ્તો, ચાલો હવે આપણે વાસ્તવિક રોકડ પુરાંત અસરના સંદર્ભમાં નાણાંના પુરવઠામાં થતા ફેરફારની અસર વ્યાજના દર પર કેવી રીતે થાય છે તે જાણીએ.

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે વ્યાજદર એ વાસ્તવિક ઘટના છે જે બચત અને મૂડીરોકાણ જેવા વાસ્તવિક પરિબળો દ્વારા નક્કી થાય છે. નાણાંકીય પરિબળો વાસ્તવિક પરિબળોને પ્રભાવિત કરતા નથી. તેથી નાણાંના પુરવઠામાં કે લોકોની તરલતા પસંદગીમાં થતા ફેરફારની અસર વ્યાજના દર પર થતી નથી. જ્યારે પ્રો.કેઈન્સના મત મુજબ વ્યાજદર એ શુદ્ધ નાણાંકીય ઘટના હોવાથી નાણાંના પુરવઠામાં થતા ફેરફારની અસર વ્યાજદર પર થાય છે. તેમના મતે નાણાંના પુરવઠામાં વધારો થતા વધારાનું નાણું બોન્ડબજાર તરફ વળે છે, વસ્તુબજારમાં જતું નથી. આ સંદર્ભમાં વાસ્તવિક રોકડ પુરાંત અસરના ખ્યાલમાં નાણાંની વ્યાજદર પરત્વેની તટસ્થતાને એક હકીકત તરીકે પુરવાર કરીને પેટીન્કીના પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની તરફેણ કરવાનો પ્રયાસ કરે છે.

ધારોકે નાણાંના પુરવઠામાં વધારો થાય છે. ભાવસપાટીમાં તાત્કાલિક વધારો થતો નથી તેથી લોકો પાસે નાણાંકીય પુરાંતોના પ્રમાણમાં વધારો થતા વધારાનું નાણું વસ્તુબજાર અને બોન્ડબજાર બંને તરફ જશે. બોન્ડની માંગ વધતાં બોન્ડની કિંમતમાં વધારો થવા પામે છે. બોન્ડની કિંમત અને વ્યાજદર વચ્ચે વ્યસ્ત સંબંધ હોવાથી વ્યાજનો દર ઘટશે. વ્યાજના દરનો આ ઘટાડો માત્ર ટૂંકાગાળા પૂરતો જ હોય છે, કારણ કે લાંબાગાળે વધારાનું નાણું વસ્તુબજાર તરફ વળે છે અને વસ્તુબજારમાં ભાવસપાટીમાં વધારો જોવા મળે છે. ભાવસપાટીમાં વધારો ત્યાં સુધી ચાલુ રહેશે કે જ્યાં સુધી વધેલા નાણાંનું પ્રમાણ

અને ભાવસપાટી સરખા થાય. પરંતુ, હવે ઉત્પાદક પેઢીઓને પહેલા જેટલાજ પ્રમાણમાં વસ્તુઓ ખરીદવા માટે પહેલા કરતાં વધારે નાણાં ચૂકવવા પડે છે. આથી વધારાનું નાણાં ભંડોળ ઊભું કરવા માટે તેઓ બોન્ડ બહાર પાડશે. પરિણામે બોન્ડનો પુરવઠો વધતાં બોન્ડની કિંમતમાં ઘટાડો થશે અને વ્યાજદરમાં વધારો થવા પામશે. આમ, નાણાંકીય પરિબળોની અસરના કારણે શરૂઆતમાં ઘટેલા વ્યાજનો દર વાસ્તવિક રોકડ પુરાંત અસરના કારણે ફરીથી તેની મૂળ સપાટીએ પાછો ફરે છે.

આમ, પેટીન્કીના સાબિત કરે છે કે વ્યાજદર એ વાસ્તવિક ઘટના છે અને નાણાંકીય ઘટના નથી. એટલેકે લાંબાગાળે વાસ્તવિક પરિબળો જ અર્થતંત્રમાં કામ કરતા હોય છે. લાંબાગાળે નાણાંનો પુરવઠો વ્યાજદર પ્રત્યે તટસ્થ રહે છે. આમ, નાણું તટસ્થ છે.

5.2.5 વાસ્તવિક રોકડ પુરાંત અને મંદી નિવારણ :

વિદ્યાર્થી મિત્રો, પેટીન્કીના સમજાવે છે કે વેતન અને ભાવો સંપૂર્ણ પરિવર્તનશીલ હોય અને અર્થતંત્રમાં પૂર્ણહરીફાઈ પ્રવર્તમાન હોય ત્યારે વાસ્તવિક રોકડ પુરાંત અસર દ્વારા મંદી કઇ રીતે દૂર કરી શકાય છે.

ધારોકે અર્થતંત્રમાં મંદીના કારણે સામાન્ય ભાવસપાટી ઘટતી જતી હોય તો નાણાંનું વાસ્તવિક મૂલ્ય વધે છે. તેથી લોકો પાસેની રોકડ પુરાંતોનું વાસ્તવિક મૂલ્ય વધી જતા લોકો પોતાની પાસે રહેલ રોકડ પુરાંતોનું પ્રમાણ ઘટાડશે અને વધારાની રોકડ પુરાંતો દ્વારા પોતાના નાણાંકીય ખર્ચમાં વધારો કરશે. જેથી લોકોનું વપરાશી ખર્ચ વધતાં કુલ માંગ વધશે. જ્યાંસુધી બધા શ્રમિકો અને ઉત્પાદનના સાધનોને રોજગારી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ પ્રમાણે માંગ વધતી રહેશે. વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન વધીને કુલમાંગ જેટલું થતાં અર્થતંત્ર પૂર્ણરોજગારીની કક્ષાએ સમતુલા પામશે.

પેટીન્કીના મતે, વાસ્તવિક રોકડ પુરાંત અસરને સક્રિય થતા કેટલોક સમય લાગે છે. આવી પરિસ્થિતિમાં રાજ્ય દ્વારા ઝડપી મંદી નિવારણ માટે નાણાંકીય નીતિ અને રાજકોષીય નીતિનો આશ્રય લેવામાં આવતો હોય છે. પરંતુ, જો લોકો મંદી આપોઆપ દૂર થાય તે માટે રાહ જોવા તૈયાર હોય તો સરકાર દ્વારા આવી કોઈ નીતિ અમલમાં મૂકવી આવશ્યક નથી. આમ, પેટીન્કીના નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મૂડીવાદી અર્થતંત્રના સ્વયંસંચાલિતતાના ખ્યાલને ટેકો આપે છે.

પેટીન્કીના પ્રો.પિગુના 'વેતનપરિવર્તનશીલતા' ના ખ્યાલને પણ વાસ્તવિક રોકડ પુરાંત અસર દ્વારા સમજાવે છે. તેમના મત મુજબ મંદીના સમયમાં વેતનદરમાં ઘટાડો કરતાં લોકોની ખરીદશક્તિમાં ઘટાડો થવા પામે

છે. પરિણામે વસ્તુઓની માંગમાં ઘટાડો થતાં ભાવસપાટીમાં ઘટાડો થાય છે. વાસ્તવિક રોકડ પુરાંત અસર દ્વારા માંગ કે ખર્ચની વૃદ્ધિ બચત ઘટાડામાં પરિણમે છે. બચત ઘટાડો નિષ્ક્રિય બચતો કે જે અસરકારક માંગના ઘટાડા માટે જવાબદાર છે તેને દૂર કરીને માંગ વૃદ્ધિ દ્વારા બેકારીની પરિસ્થિતિને દૂર કરશે અને પૂર્ણરોજગારીની સ્થિતિનું સર્જન કરશે. આમ, જો કુલખર્ચ વિધેય અન્ય બાબતો ઉપરાંત વાસ્તવિક રોકડ પુરાંત પર આધારિત હોય તો નાણાંની માંગરેખા રોકડતા પિંજરના તબક્કે પણ અર્થતંત્રમાં પૂર્ણરોજગારીની સ્થિતિ સ્વયં પ્રાપ્ત કરી શકે છે તેમ કહી શકાય.

5.2.6 પૂર્ણરોજગારીની સપાટીએ સમતુલા :

વિદ્યાર્થી મિત્રો, પ્રો.પ્રો.ડોન પેટીન્કીને વસ્તુબજાર અને નાણાંબજારનું સમન્વય કરીને અર્થતંત્ર કઈ રીતે વાસ્તવિક રોકડ પુરાંત અસર દ્વારા પૂર્ણરોજગારીની સપાટીએ સંતુલન પામે છે તે નીચેની આકૃતિ દ્વારા સમજાવ્યું છે :

આકૃતિ 5.1 પૂર્ણ રોજગારીની સપાટીએ સમતુલા



ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ OX ધરી પર આવક-રોજગારીનું પ્રમાણ અને OY ધરી પર વ્યાજદર દર્શાવેલ છે. IS રેખા એ વસ્તુબજાર એટલેકે બચત અને મૂડીરોકાણનું તથા LM રેખા એ નાણાંબજાર એટલેકે નાણાંની માંગ-પુરવઠાનું પ્રતિનિધિત્વ કરે છે. A બિંદુએ IS તથા LM રેખા એકબીજાને છેદે છે જ્યાં Or_1 વ્યાજદરે આવક અને રોજગારીની સપાટી OY_1 છે. ધારોકે OYf એ અર્થતંત્રમાં પૂર્ણરોજગારીની સ્થિતિ છે. આ પરિસ્થિતિમાં Or_1 વ્યાજદરે OY_1 જેટલા લોકોને રોજગારી મળે છે અને Y_1Yf જેટલા લોકો બેરોજગાર રહે છે. એટલેકે લોકોની આવક ઓછી હોવાથી માંગ ઓછી રહેવા પામે છે. બીજી તરફ અર્થતંત્રમાં બેરોજગારી હોવાથી લોકો નીચા વેતનદરે પણ કામ કરવા તૈયાર થાય છે. આથી વેતનદર નીચા જાય છે અને ઉત્પાદકોનું ઉત્પાદન ખર્ચ ઘટે છે. આમ, એક બાજુ અર્થતંત્રમાં બેરોજગારી હોવાથી માંગ ઓછી હોય છે તો બીજી બાજુ વેતનદર નીચા જતાં ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય છે. પરિણામે ચીજવસ્તુઓના ભાવોમાં ઘટાડો થવા પામે છે. ચીજવસ્તુઓની કિંમત ઘટતાં વાસ્તવિક

ખરીદશક્તિમાં વધારો થાય છે. વાસ્તવિક રોકડ પુરાતમાં વધારો થવાથી ન્-રેખા જમણી બાજુ નીચે તરફ ખસે છે અને નવી LM_1 રેખા પ્રાપ્ત થાય છે. વાસ્તવિક પુરાંતોમાં વધારો થયો હોવા છતાં ચીજવસ્તુઓની માંગમાં વધારો થયેલ ન હોવાથી IS રેખાના સ્થાનમાં કોઈ ફેરફાર થતો નથી. જો વ્યાજનો દર Or_1 થી ઘટાડીને Or_0 કરવામાં આવે તો IS-LM રેખા એકબીજાને B બિંદુએ છેદે છે તથા આવક અને રોજગારીની સપાટી OY_1 થી વધીને OY_2 થાય છે. અહીં વ્યાજદર ઘટતાં મૂડીરોકાણની માંગ વધે છે. મૂડીરોકાણમાં વધારો થતાં મૂડીરોકાણ ગુણકની અસરના કારણે આવક, રોજગારી અને ઉત્પાદનમાં વધારો થાય છે. અહીં OY_2 એ પૂર્ણરોજગારીની સપાટી નથી. એટલેકે હજુ પણ અર્થતંત્રમાં Y_2Yf જેટલી બેરોજગારી પ્રવર્તે છે. અહીં Or_0 વ્યાજદર એ રોકડતા પિંજરની સ્થિતિ છે. તેથી વ્યાજદર Or_0 કરતાં નીચો જઈ શકતો નથી. અહીં r_0BC રેખા એ રોકડતા પિંજર રેખા છે. વધુમાં વધુ લોકોને રોજગારી મળી શકે તે હેતુથી વેતનોમાં ફરીથી ઘટાડો કરવામાં આવશે. વેતનદર નીચા જતાં ઉત્પાદન ખર્ચ ઘટે છે. પરિણામે ચીજવસ્તુઓની કિંમતમાં પણ ઘટાડો થાય છે. અહીં ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થતાં માંગમાં વધારો થાય છે કારણ કે અર્થતંત્રમાં અગાઉની તુલના એ Y_1Y_2 જેટલાં વધુ લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે. પરિણામે લોકોની આવકમાં વધારો થાય છે અને ચીજવસ્તુઓની કિંમત ઘટતાં વાસ્તવિક રોકડ પુરાંતો વધે છે. આથી ગ્રાહકો ચીજવસ્તુઓની માંગમાં વધારો કરે છે. આમ, કુલમાંગમાં વધારો થવાથી IS રેખા જમણી બાજુ ઉપર તરફ ખસે છે અને નવી IS_1 રેખા અસ્તિત્વમાં આવે છે જે LM_1 રેખાને C બિંદુએ છેદે છે અને આવક તથા રોજગારી OY_2 થી વધીને OYf જેટલી થાય છે. એટલેકે પૂર્ણરોજગારીની સપાટીએ સમતુલા પ્રાપ્ત કરી શકાય છે. આમ, પેટીન્કીના મતે, વાસ્તવિક રોકડ પુરાંત અસર દ્વારા અર્થતંત્ર મંદીમાંથી પૂર્ણરોજગારીની સપાટીએ સ્વયંસમતુલા પ્રાપ્ત કરે છે જે પ્રો.કેઈન્સના અપૂર્ણ રોજગારીએ સમતુલાના ક્રાંતિકારી ખ્યાલને ખોટી ઠરાવે છે.

5.3 વાસ્તવિક રોકડ પુરાંત અસરના ખ્યાલની મર્યાદાઓ :

પ્રો.પ્રો.ડોન પેટીન્કીનના મતે વાસ્તવિક રોકડ પુરાંત અસર દ્વારા અર્થતંત્ર મંદીમાંથી આપોઆપ પૂર્ણરોજગારી ની સપાટીએ સમતુલા મેળવે છે. તેમના આ ખ્યાલની કેટલીક ટીકાઓ થયેલી છે જે નીચે મુજબ છે :

5.3.1 ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો :

મંદીના સમયમાં ચીજવસ્તુઓની કિંમતમાં સતત ઘટાડો થતો જતો હોય છે. તેથી લોકોમાં એવી લાગણી પ્રવર્તતી હોય છે કે વસ્તુઓની કિંમતમાં હજુ વધુ ઘટાડો થશે. પરિણામે તર્કબદ્ધ વર્તન કરતાં ગ્રાહકો પોતાની વાસ્તવિક રોકડ પુરાંતોમાં વધારો થયો હોવા છતાં ચીજવસ્તુઓની ખરીદીમાં વધારો કરશે નહીં એટલુ જ નહીં પરંતુ તેઓ પોતાની નિયમિત ખરીદી પણ મુલતવી રાખવાનું વલણ વધારશે. આમ, અસરકારક વાસ્તવિક રોકડ પુરાંત અસર દ્વારા વસ્તુઓની માંગમાં વધારો થવાના બદલે ઘટાડો થતો જાય છે. પરિણામે મંદી દૂર થઈ શકશે નહીં.

5.3.2 આવકની અસમાન વહેંચણી :

જો અર્થતંત્રમાં આવકની વહેંચણી અસમાન રીતે થયેલી હોય તો રોકડ પુરાંતો માત્ર ધનિકો પાસે જ હોય એવું બને છે. સામાન્ય રીતે ધનિકોની

વપરાશવૃતિ ખૂબ જ નીચી હોય છે. ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થતાં તેમની વાસ્તવિક રોકડ પુરાંતોમાં વધારો થાય છે. તેમ છતાં તેમના ખર્ચમાં ખાસ કંઈ વધારો થતો નથી. આથી મંદીના સમયમાં વાસ્તવિક રોકડ પુરાંત અસર અસરકારક થઈ શકતી નથી.

5.3.3 પરિવર્તનશીલતાનું તત્વ :

અર્થતંત્રમાં પરિવર્તનશીલતાનું પ્રમાણ જ્યારે ઓછું હોય છે ત્યારે મંદીના સમયમાં માંગમાં ઘટાડો સતત ચાલુ રહેતો હોય છે અને આવી સ્થિતિમાં રોકડ પુરાંત અસર તાત્કાલિક સફળ થઈ શકતી નથી અને આ સમયમાં રાજકોષીય નીતિ એકમાત્ર માર્ગ બની રહે છે. પ્રો.કેઈન્સના મત મુજબ રાજકોષીય નીતિ દ્વારા અર્થતંત્રને મંદીમાંથી બહાર કાઢી શકાય છે. પેટીન્કીના પ્રો.કેઈન્સના આ મત સાથે સંમત થાય છે.

5.3.4 શાખીનાણાંની અવગણના :

ગુર્લે અને શો નામના અર્થશાસ્ત્રીઓના મત મુજબ પ્રો.પેટીન્કીને પોતાના વિશ્લેષણમાં માત્ર બાહ્ય નાણાંને જ ધ્યાનમાં લીધું છે જ્યારે આંતરિક નાણાંની અવગણના કરી છે. વિકસિત દેશોમાં દેશના કુલનાણાંમાં આંતરિક નાણું એટલેકે શાખીનાણાંનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. આ આંતરિક નાણું એક રીતે અસ્ક્યામત છે તો બીજી રીતે તે એક જવાબદારી પણ છે. આ સ્થિતિમાં મંદીના સમયમાં ભાવઘટાડાના પરિણામે જે વાસ્તવિક રોકડ પુરાંત અસર ઉદ્ભવે છે તે દેશના કુલનાણાંના સંદર્ભમાં ખૂબ મર્યાદિત હોવાથી તેની મદદથી બેરોજગારી ઘટાડી શકાતી નથી.

5.3.5 અવાસ્તવિક ધારણા :

વાસ્તવિક રોકડ પુરાંત અસરના ખ્યાલની સાર્થકતા માટે ધારણા કરવામાં આવે છે કે "K" સ્થિર રહે છે. પરંતુ, રેડક્લિફ સમિતિના મત મુજબ તેજી અને મંદીના સમયમાં "K" સ્થિર રહેતો નથી. પરિણામે વાસ્તવિક રોકડ પુરાંત અસરના ખ્યાલનો પાયો જ અવાસ્તવિક બની રહે છે.

5.3.6 મૂડીવાદી દેશો માટે બિનઉપયોગી :

જો નાણાંની સાથે સાથે નાણાંની અવેજીનું કામ કરતી સંપત્તિનો સમાવેશ પણ રોકડ પુરાંતમાં કરવામાં આવે તો મૂડીવાદી દેશો માટે આ ખ્યાલ બિનઉપયોગી અથવા ખૂબ જ મર્યાદિત બની રહે છે.

આમ, વાસ્તવિક રોકડ પુરાંત અસરના ખ્યાલની કેટલીક મર્યાદાઓ હોવા છતાં વાસ્તવિક રોકડ પુરાંત અસર એ પ્રો.ડોન પેટીન્કીનનું નાણાંકીય સિદ્ધાંતોમાં એક આગવું સૈદ્ધાંતિક પ્રદાન છે જેને નવપ્રશિષ્ટ વિચારસરણીની સત્યતા અંગે વિશ્વાસ પુનઃ પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે. પ્રો.ડોન પેટીન્કીનના આવા પ્રયાસને ત્યારબાદ પ્રો.મિલ્ટન પ્રો.ફ્રિડમેને વધુ વૈજ્ઞાનિક રીતે આગળ રજૂ કરવાનું કામ કર્યું છે.

5.4 નાણાંની માંગ અંગે પ્રો.બોમલનો અભિગમ :

પ્રો.ડોન પેટીન્કીનના મતે વાસ્તવિક રોકડ પુરાંત અસર દ્વારા અર્થતંત્ર મંદીમાંથી આપોઆપ પૂર્ણરોજગારી ની સપાટીએ સમતુલા મેળવે છે. તેમના આ ખ્યાલની કેટલીક ટીકાઓ થયેલી છે જે નીચે મુજબ છે :

5.4.1 વિવિધ અસ્ક્યામતોની સમતુલાનો અભિગમ (Portfolio Balance Approach) :

પ્રો.જેમ્સ પ્રો.ટોબીને લખેલા લેખ 'Liquidity Preference as Behaviour Towards Risk' માં તરલતા પસંદગીનો સિદ્ધાંત પસંદગીના ધોરણે જોખમ નિવારવાના સિદ્ધાંત તરીકે રજૂ કર્યો છે. પ્રો.કેઈન્સે રજૂ કરેલ તરલતા પસંદગીના સિદ્ધાંતની નીચે મુજબની મુખ્ય બે મર્યાદાઓ દૂર કરવાનો પ્રયાસ પ્રો.પ્રો.ટોબીને પોતાના સિદ્ધાંતમાં કર્યો છે.

5.4.1.1 વ્યાજદર અંગે અનુમાન :

પ્રો.કેઈન્સના મતે ભાવિ વ્યાજદર અંગે અનુમાન કરી શકાય છે અને તેના પર સટ્ટાકીય હેતુ માટે તરલતા પસંદગીની માંગનો આધાર રહેલો છે. પરંતુ, વાસ્તવમાં સંપત્તિ ધારક વ્યાજદર કઈ દિશામાં બદલાશે તેનાથી માહિતગાર હોતો નથી, તે અંગે તેના મનમાં અનિશ્ચિતતા હોય છે.

5.4.1.2 નાણાંની માંગ અને અસ્ક્યામતોનું સ્વરૂપ :

પ્રો.કેઈન્સે તેના સિદ્ધાંતમાં માત્ર બે જ પ્રકારની અસ્ક્યામતો નાણું અને બોન્ડ અંગે વિચાર કર્યો છે. પરંતુ, આધુનિક વિચારકોના મતે બોન્ડ તો અસ્ક્યામતોનું એક સ્વરૂપ માત્ર છે. બીજા પણ એવા અનેક સ્વરૂપો છે કે જેમાં સંપત્તિ રાખી શકાય. આમ, નાણાંની માંગ ઉપર અસર કરતી જુદાજુદા પ્રકારની અસ્ક્યામતો હોય છે. પ્રો.જેમ્સ પ્રો.ટોબીન, ગુર્લે અને શો વગેરે અર્થશાસ્ત્રીઓએ તરલતા પસંદગીના સિદ્ધાંતને આગળ વધારવાનું કાર્ય કર્યું છે. વ્યાજદરની અસર નાણાંની માંગ પર થતી હોય છે અને નાણાંના પુરવઠા ની સીધી અસર વ્યાજદર પર થતી હોય છે તેવું આ સિદ્ધાંતમાં પણ સમજાવવામાં આવ્યું છે. આ સિદ્ધાંત મુજબ આવક કે વળતર પૂરી પાડતી વિવિધ અસ્ક્યામતો સંપૂર્ણપણે એકબીજાની અવેજીમાં આવી શકતી નથી. તેથી અહીં વ્યાજના એક જ દરના બદલે વ્યાજના જુદા જુદા દરોનો ખ્યાલ અગત્યનો છે. વિવિધ અસ્ક્યામતો પર વ્યાજનો દર કેટલો મળશે તેનો આધાર અસ્ક્યામતોના સાપેક્ષ પુરવઠા પર રહેલો છે. આમ, આ સિદ્ધાંત નાણાંકીય નીતિ માટે નવો ખ્યાલ રજૂ કરે છે.

5.4.2 અસ્ક્યામત (પોર્ટફોલિયો) પસંદગીનું અર્થઘટન :

વિવિધ અસ્ક્યામતોમાં રોકાણનો અભિગમ (Portfolio Balance Approach) એ વાસ્તવમાં અસ્ક્યામત પસંદગીનો સિદ્ધાંત છે. આ સિદ્ધાંત સમજાવે છે કે વ્યક્તિઓ તથા સમાજ તેમની રોકડ પુરાંતોની ફાળવણી વિવિધ

અસ્ક્યામતો વચ્ચે કરે છે. આ સિદ્ધાંતને અસ્ક્યામતની માંગના સિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે આ સિદ્ધાંતમાં કુલ અસ્ક્યામતોમાં દરેક અસ્ક્યામતનો ફાળો કેટલો છે તે માપવામાં આવે છે. નાણું એક અસ્ક્યામત હોવાથી પોર્ટફોલિયો પુરાંત સિદ્ધાંત એ નાણાંની માંગનો એક ભાગ બને છે. પ્રો.કેઈન્સના મત મુજબ નાણાંની માંગ અંશતઃ આવક તેમજ ચાલુ અને ભાવિ વ્યાજના દરો પર આધારિત હોય છે. પરંતુ, પ્રો.બોમલ અને પ્રો.ટોબીનના મત મુજબ નાણાંની માંગ એ મૂડીના સિદ્ધાંતનો એક ભાગ છે. આ દૃષ્ટિએ નાણાંની માંગ અને વ્યાજના દર વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે અને તે કદના લાભથી પ્રભાવિત થાય છે.

5.4.3 અસ્ક્યામતની માંગ અને વ્યાજદર :

નાણાંની અવેજીમાં આવી શકે તેવી કોઈપણ અસ્ક્યામતના વ્યાજના દરમાં ફેરફાર થાય તો તેની અસર નાણાંની માંગ પર થાય છે. એટલું જ નહીં, પરંતુ નાણાંની અવેજીમાં આવી શકે તેવી અન્ય સાપેક્ષ અસ્ક્યામતોની માંગમાં પણ ફેરફાર સર્જાય છે. જેમ કે, વિપ્રો કંપનીના ઈક્વિટી શેર પર વળતરનું પ્રમાણ વધે તો નાણાં માટેની માંગમાં ઘટાડો થાય છે અને તેની સાથે અન્ય અસ્ક્યામતોની માંગમાં પણ ઘટાડો જોવા મળે છે. જ્યારે વિપ્રો કંપનીના ઈક્વિટી શેરની માંગમાં વધારો જોવા મળે છે. આમ, કોઈપણ માંગ, જેમાં નાણાંનો પણ સમાવેશ થાય છે એ માત્ર એક વ્યાજના દર નું વિધેય નથી, પરંતુ વ્યાજના અનેક દરોનું વિધેય છે. તેથી કહી શકાય કે કોઈપણ અસ્ક્યામતની માંગ અનેક વ્યાજના દરો સાથે સંકળાયેલ છે. આ સંજોગોમાં કોઈપણ એક અસ્ક્યામતનો પુરવઠો બદલાય તો તે એક વ્યાજના દરને અસર કરતા નથી, પરંતુ વ્યાજના અનેક દરો પર અસર કરે છે. કોઈપણ એક અસ્ક્યામતના વ્યાજના દર બદલાય, તો તે માત્ર તે જ અસ્ક્યામતની માંગ પર અસર ન કરતાં સાપેક્ષ રીતે સંકળાયેલ તમામ અસ્ક્યામતોની માંગ પર અસર પહોંચાડે છે, જે પૈકી એક અસ્ક્યામત નાણું છે. આમ, કહી શકાય કે કોઈપણ એક અસ્ક્યામતનો વ્યાજનો દર માત્ર તેના પુરવઠા દ્વારા નક્કી થતો નથી, પરંતુ સંકળાયેલ અસ્ક્યામતોનો પુરવઠો પણ તેના પર અસર કરે છે.

5.4.4 વ્યક્તિની જોખમ ઉઠાવવાની શક્તિ :

ડૉ. જેમ્સ પ્રો.ટોબીને નાણાંની એક અસ્ક્યામત તરીકેની માંગની વિચારણામાં બોન્ડ પરના વ્યાજના દર ઉપરાંત સરકારી દેવાનું બજાર મૂલ્ય અને આવકવેરાના દરને મુખ્ય પરિબળ તરીકે રજૂ કર્યા છે. પ્રો.ટોબીને નાણાંની માંગની વિચારણામાં જોખમના તત્વનો એક મુખ્ય પરિબળ તરીકે સમાવેશ કર્યો છે. બોન્ડમાં રોકાણ કરનાર દરેક વ્યક્તિ મૂડીલાભ કે મૂડીગેરલાભ અંગેની અનિશ્ચિતતા વિશે સંભાવના મૂકે છે. પ્રો.ટોબીનના મતે આ સંભાવનાઓની સરેરાશ કિંમત શૂન્ય છે. પરિણામે બોન્ડ દ્વારા અપેક્ષિત વળતર અને ચાલુ વ્યાજનો દર બંને સરખા હોય છે. પ્રો.ટોબીન પોર્ટફોલિયો સિદ્ધાંત દ્વારા સમજાવે છે કે વ્યક્તિ નાણાંકીય અસ્ક્યામતોના સમુદાયમાં કેટલું પ્રમાણ રોકડ પુરાંતો માં રાખશે અને કેટલું પ્રમાણ બોન્ડમાં રાખશે તેનો આધાર તે વ્યક્તિની જોખમ ઉઠાવવાની વૃતિ પર રહેલો છે. જો વ્યક્તિ વધુ જોખમ ઉઠાવવા તૈયાર

હશે તો તે બોન્ડમાં નાણાં રોકશે અને જો વ્યક્તિ જોખમથી દૂર ભાગતી હશે તો તે નાણાં પુરાંતો રોકડ સ્વરૂપમાં રાખશે. વ્યાજનો દર જેમ ઊંચો હશે તેમ વ્યક્તિ વધુ જોખમ ઉઠાવવા તૈયાર થશે અને તે નાણાંકીય અસ્ક્યામતોનો વધુ ભાગ બોન્ડના સ્વરૂપમાં રાખશે. ટૂંકમાં, બોન્ડની ખરીદીનો આધાર વ્યક્તિની જોખમ ઉઠાવવાની શક્તિ પર રહેલો છે.

5.4.5 પ્રો.ટોબીનના અભિગમની આકૃતિ દ્વારા સમજૂતી :

પ્રો.ટોબીનના મત મુજબ બોન્ડ ધારક પોતાની સંપત્તિમાં વધારો કરવાની તક મેળવે છે. તેની સંપત્તિમાં વધારો થાય છે ત્યારે તેને બોન્ડ પર વ્યાજની રકમ મળે છે અને બોન્ડના ભાવ વધવાથી મૂડીલાભ મળે છે. આ જ પ્રમાણે જો બોન્ડના ભાવ ઘટે તો તેને ગેરલાભ પણ થઈ શકે છે. જ્યારે નાણું કંઈ જ વળતર આપતું નથી અને તેને હાથ પર રાખવામાં જોખમ પણ હોતું નથી. આથી કહી શકાય કે, જેમ વ્યક્તિ વધુ પ્રમાણમાં બોન્ડ ધરાવે છે તેમ તે વધુ જોખમ ખેડવા તૈયાર હોય છે. વ્યક્તિની સંપત્તિમાં વધારો થતા તેના તૃષ્ટિગુણમાં વધારો થાય છે જ્યારે જોખમમાં વધારો થતા તૃષ્ટિગુણમાં ઘટાડો થાય છે. વ્યક્તિ પોતાની અસ્ક્યામતોની ફાળવણી એ રીતે કરે છે કે જેથી તેને મહત્તમ તૃષ્ટિગુણ મળી રહે. વધુ બોન્ડ હાથ પર રાખી, વધુ સંપત્તિ મળવાથી વ્યક્તિના તૃષ્ટિગુણમાં વધારો તો થાય છે પરંતુ બોન્ડની સાથે જોખમ પણ સંકળાયેલ હોવાથી તે વ્યક્તિના તૃષ્ટિગુણમાં ઘટાડો કરે છે. આમ, વ્યક્તિ પોતાના પોર્ટફોલિયો વિશે શું નક્કી કરે છે તેનો આધાર તેના વધારાના જોખમ અને વધારાની સંપત્તિ મેળવવાના વલણ પર રહેલો છે. જોખમો અને સંપત્તિ આ બંને વચ્ચે તે કયા પ્રકારનો સુમેળ સાધી શકે છે તેના પર પોર્ટફોલિયો કે અક્યામતોની પસંદગી અને તેની માંગનો આધાર રહેલો હોય છે. જે નીચેની આકૃતિમાં દર્શાવેલ છે :

આકૃતિ 5.2 જોખમની વિવિધ અસ્કયામતો વચ્ચે વહેંચણી



ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ OX ધરી પર વિવિધ સંપત્તિમાં રોકાણનું જોખમ તેમજ OY ધરી પર અપેક્ષિત સંપત્તિ દર્શાવેલ છે. અપેક્ષિત

સંપત્તિ અને તેની સાથે સંકળાયેલ જોખમના વિવિધ સંયોજનો તટસ્થ રેખાઓ I_0, I_1 અને I_2 દ્વારા દર્શાવેલ છે. વ્યક્તિ જેમજેમ વધારે સંપત્તિ પસંદ કરે છે તેમ તેમ તેને વધારે જોખમ સહન કરવું પડે છે તેવી ધારણા કરવામાં આવતી હોવાથી તટસ્થ રેખાઓ ડાબી બાજુથી જમણી બાજુ ઉપર તરફ જતી જોવા મળે છે એટલે કે તટસ્થ રેખાઓ ધન ઢાળ ધરાવે છે. આમ, તટસ્થ રેખા નીચે તરફથી જોતા બહિર્ગોળ જોવા મળે છે. વ્યક્તિ પાસે સંપત્તિમાં વધારો થતા તેમાંથી મળતો સીમાંત તૃષ્ટિગુણ ઘટતો જાય છે. તેથી વ્યક્તિ પાસે સંપત્તિમાં વધારો થતા તે ઓછા દરે જોખમ લેવા તૈયાર થાય છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ I_2 તટસ્થ રેખા ડાબી બાજુ ઉપર તરફ હોવાથી તે સંતોષની ઊંચી સપાટી દર્શાવે છે.

W_0W_0 રેખા એ કિંમત રેખા (બજેટ રેખા) છે. વ્યક્તિ વાસ્તવમાં કેટલા પ્રમાણમાં અપેક્ષિત સંપત્તિ અને જોખમના સંયોજનો પસંદ કરે છે તેનો ખ્યાલ આ રેખા પરથી મળતો હોવાથી તેને નિયંત્રણ રેખા તરીકે પણ ઓળખવામાં આવે છે. જો વ્યક્તિ પોતાની બધી જ સંપત્તિ W_0 નાણાંના સ્વરૂપમાં રાખશે તો તેને સહેજ પણ વ્યાજ મળશે નહીં. જો તે પોતાની બધી જ સંપત્તિ બોન્ડના સ્વરૂપમાં રાખવાનું પસંદ કરે તો તે વધુમાં વધુ OW_0 (I+r) પ્રમાણમાં સંપત્તિ ‘r’ વ્યાજના દરે મેળવી શકે. આમ, કરવા માટે તેને વધુમાં વધુ OPRm જેટલું જોખમ સહન કરવું પડે. આપેલ વ્યાજના દર અને બોન્ડ પરના જોખમ ઉઠાવવાની તૈયારી આ બંને સંયુક્ત રીતે બજેટ નિયંત્રણ નક્કી કરે છે કે જે સંજોગોમાં ગ્રાહક મહત્તમ સંતોષ મેળવી શકે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ તટસ્થરેખા I_1 કિંમત રેખા W_0W_0 ને E બિંદુએ સ્પર્શે છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિને મહત્તમ સંતોષ મળે છે. આમ, કહી શકાય કે E બિંદુએ વ્યક્તિ નાણાં અને બોન્ડના એવા સંયોજનો મેળવે છે કે જ્યારે આપેલા વ્યાજના દર અને બોન્ડ પરના જોખમ તેને મહત્તમ સંતોષ આપે છે. અહીં એક અનુમાન એ કરવામાં આવે છે કે વ્યક્તિ પોતાની સંપત્તિની વહેંચણી જુદા જુદા વિભાગો વચ્ચે કરે છે અને વૈવિધ્યકરણને પસંદ કરે છે જે ઉપરોક્ત આકૃતિ દ્વારા સમજાવવામાં આવ્યું છે.

5.4.6 વ્યક્તિઓનું વર્ગીકરણ :

ડૉ. પ્રો.ટોબીન વ્યક્તિઓનું વર્ગીકરણ જોખમ ઉઠાવવાની ઈચ્છાના આધારે બે વિભાગમાં કરે છે :

5.4.6.1 જોખમને ટાળનાર :

જોખમને ટાળનાર વ્યક્તિઓના બે પ્રકાર પડે છે.

5.4.6.1.1 જોખમની વિવિધ અસ્ક્યામતો વચ્ચે વહેંચણી કરનાર :

તટસ્થ રેખાનો ઢાળ અને આકાર વ્યક્તિના જોખમ પ્રત્યેના વલણોના સ્વરૂપ પર આધારિત હોય છે. તો ચાલો દોસ્તો, આપણે જોખમ ઉઠાવવાનું

પસંદ કરનાર વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરીએ. આ વ્યક્તિ વધુ જોખમ ઉઠાવવા માટે ઓછું વળતર સ્વીકારવા તૈયાર થાય છે. પરિણામે તેની તટસ્થરેખા ઋણ ઢાળવાળી જોવા મળે છે. આ વ્યક્તિનો હેતુ મહત્તમ જોખમનું હોવાથી તે પોતાની અસ્ક્યામતો નાણાંના સ્વરૂપમાં રાખતો નથી. જે નીચેની આકૃતિ દ્વારા સમજાવી શકાય છે.

આકૃતિ 5.3 જોખમ ઉઠાવવાનું પસંદ કરનાર



ઉપરોક્ત આકૃતિ પરથી સ્પષ્ટ રીતે કહી શકાય કે વ્યક્તિ પોતાના બધાં જ નાણાં બોન્ડના સ્વરૂપમાં રાખે છે અને તે જોખમ ઉઠાવે છે. આપેલા વ્યાજના દરે I_1 તટસ્થરેખાના આધાર પરથી સમતુલાનો ખ્યાલ મેળવી શકાય છે.

5.4.6.1.2 ભારે સટ્ટો ખેલનાર :

ભારે સટ્ટો ખેલનાર વ્યક્તિ પોતાના નિર્ણયમાં અંતિમ માર્ગ જ અપનાવે છે. એટલેકે તે નાણાંની માંગ માટે સંપૂર્ણ હકારાત્મક કે નકારાત્મક અભિગમ અપનાવે છે. આમ, વ્યક્તિ પોતાની બધી જ સંપત્તિ નાણાંના સ્વરૂપમાં રાખવાનું પસંદ કરે છે અથવા બધી જ સંપત્તિ બોન્ડના સ્વરૂપમાં

રાખે છે. પરિણામે તેની તટસ્થરેખાઓ મૂળ તરફથી જોતાં અંતર્ગોળ હોય છે. અહીં જો તટસ્થરેખાઓ બજેટ રેખા કરતાં સાપેક્ષ રીતે વધુ ઢાળવાળી હોય તો તે બધી જ સંપત્તિ નાણાંના સ્વરૂપમાં રાખે છે. પરંતુ, જો તટસ્થરેખાઓ બજેટ રેખા કરતાં સાપેક્ષ રીતે સપાટ હોય તો તે બધી જ સંપતિ બોન્ડના સ્વરૂપમાં રાખે છે. આ બંને પ્રકારના ખ્યાલની સમજૂતી નીચેની આકૃતિ દ્વારા મેળવી શકાય છે :

આકૃતિ 5.4 જોખમ ખેડનાર સંપૂર્ણ નાણાંમાં રોકાણ



આકૃતિ 5.5 જોખમ ખેડનાર સંપૂર્ણ બોન્ડમાં રોકાણ



ઉપરોક્ત આકૃતિ નં. 5.4 અને 5.5 બંને અંતિમ પ્રકારના સંજોગોમાં જોવા મળે છે. આવી સ્થિતિ વ્યવહારમાં ભાગ્યે જ જોવા મળતી હોય છે. તેથી વ્યવહારમાં નાણાંની માંગનો સિદ્ધાંત જોખમના ટાળવાના વૈવિધ્યકરણના ખ્યાલ સાથે સંકળાયેલ છે.

5.4.6.2 જોખમનો સહર્ષ સ્વીકાર કરનાર :

જોખમનો સહર્ષ સ્વીકાર કરનાર વ્યક્તિ જોખમ ઉઠાવવાનું ચાહીને પસંદ કરે છે એટલેકે તેને આવકાર આપે છે.

5.4.7 નાણાંની માંગ અને વ્યાજદર :

નાણાંની માંગનો પોર્ટફોલિયો અભિગમ અસ્ક્યામતોના વિવિધ સ્વરૂપોના રોકાણના અનુમાન પર આધારિત છે. નાણાંની માંગ રેખાનો આધાર નાણાંની માંગ અને વ્યાજદર વચ્ચેના સંબંધ પર રહેલો છે. જે નીચેની આકૃતિ દ્વારા સમજાવી શકાય છે :

આકૃતિ 5.6 (i) નાણાંની માંગ અને વ્યાજદર



આકૃતિ 5.6 (ii) નાણાંની માંગ અને વ્યાજદર



ઉપરોક્ત આકૃતિમાં નં. 5.6(i) માં દર્શાવ્યા મુજબ જોખમ એક સરખું હોવા છતાં અહીં વ્યાજના ત્રણ દર હોવાની ધારણા કરવામાં આવી છે. જેના પરિણામે ત્રણ નિયંત્રણ રેખાઓ પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં વ્યક્તિ r_0 વ્યાજના દરે તટસ્થરેખા I_0 પર આવેલ E_0 બિંદુએ મહત્તમ સંતોષ મેળવે છે. પરંતુ જો વ્યાજનો દર વધે, તો તે નવી તટસ્થરેખા I_1 અને બજેટરેખા W_1 પર આવેલા

E_1 બિંદુએ વ્યક્તિ સમતુલા પ્રાપ્ત કરે છે. જો વ્યાજનો દર હજુ વધે અને r_2 જેટલો થાય તો વ્યક્તિ વધુ ઊંચી તટસ્થરેખા I_2 પર આવેલ ઈર બિંદુએ સમતુલા પ્રાપ્ત કરે છે. આમ, અહીં જુદા જુદા વ્યાજના દરે જુદીજુદી કિંમતરેખા પ્રાપ્ત થાય છે. આકૃતિ નં. 5.6(ii) પરથી સ્પષ્ટ રીતે જાણવા મળે છે કે વ્યાજના દર વધે ત્યારે નાણાંની માંગમાં ઘટાડો થાય છે. એટલેકે નાણાંની માંગ અને વ્યાજ દર વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે. પરિણામે સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગરેખા સતત નીચે તરફ ઢળતી જોવા મળે છે.

બોન્ડ પરનો જોખમ વધતાં વ્યક્તિના પોર્ટફોલિયો અંગેના નિર્ણય પર અસર થાય છે. બોન્ડમાં જોખમ વધતાં વ્યક્તિ તેમાં પોતાની ઓછી સંપત્તિ રોકવાનું પસંદ કરે છે. પરિણામે સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગરેખા હ્હ્હ જમણી બાજુ ઉપર તરફ ખસે છે. આમ, પ્રો.ટોબીનના વિશ્લેષણ પરથી સટ્ટાકીય હેતુ માટે નાણાંની માંગ અંગે સાચી સમજુતી તો મેળવી શકાય છે પરંતુ નાણાંની કુલમાંગ અંગે વધુ જાણકારી મેળવી શકાતી નથી.

અસ્ક્યામતોને જ્યારે રોકડ સ્વરૂપમાં ફેરવવામાં આવે છે ત્યારે વ્યક્તિએ લાભ કે ગેરલાભનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિમાં અન્ય અસ્ક્યામતો પર મળતા વળતર વિનિમયના હેતુ માટેની નાણાંની માંગ પર અસર કરે છે. આમ, વિનિમયના હેતુ માટેની રોકડ પુરાંતોની માંગ વ્યાજના દર સાથે વ્યસ્ત અને આવકના પ્રમાણ સાથે સીધો સંબંધ ધરાવે છે. જેમ તરલ અસ્ક્યામતો પરનો વ્યાજનો દર વધે તેમ વિનિમયના હેતુ માટેની નાણાં પુરાંતોમાં કરકસર કરવાનું વધુ લાભદાયી બને છે. વિનિમયના હેતુ માટેની નાણાં-પુરાંતોની માંગની આવક સ્થિતિસ્થાપકતા એકમ કરતા ઓછી હોય છે. પ્રો.ટોબીને રોકડ રકમના વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ રજૂ કર્યો છે કે જેમાં રોકડતાને લીધે થાપણ પર પ્રાપ્ત થનાર વળતર જતું કરવું પડે છે.

વિવિધ અસ્ક્યામતોના સમુદાયમાં સમતુલામાં નાણાંના પુરવઠામાં થતો ફેરફાર કે અન્ય અસ્ક્યામતોની કિંમતમાં આવતા ફેરફાર વ્યાજના દરના માળખામાં ફેરફાર સર્જે છે. નાણાંના પુરવઠાના ફેરફારની અસર વ્યાજના દરના માળખા પર થાય છે. કોઈ એક અસ્ક્યામતનો પુરવઠો વધે તો તે અસ્કયામતના દરમાં સાપેક્ષ રીતે વૃદ્ધિ થાય છે. અન્ય અસ્કયામતોની સરખામણીમાં આ વ્યાજના દરનો ફેરફાર અસ્ક્યામતોની અવેજી નજીકની હોય તો સામાન્ય હોય છે અને અવેજી દૂરની હોય તો વ્યાજના દરનો ફેરફાર મોટો હોય છે. આ અભિગમમાં નાણાંનો પુરવઠો વ્યાજના દરો પર અસર કરે છે અને તે મૂડીની માંગ પર અસર પાડે છે અને તે રીતે આર્થિક વિકાસ પર અસર કરે છે. આજ સ્થિતિ અન્ય અસ્ક્યામતોનો પુરવઠો વધે તો સર્જાય છે.

આમ, નાણાંકીય નીતિના ઘડતર વખતે નાણાંના પુરવઠા ઉપરાંત પોર્ટફોલિયોના પુરવઠાને પણ ધ્યાનમાં લેવું જોઈએ. આ અભિગમના પરિણામે નાણાંના અસ્ક્યામત તરીકેના મહત્વમાં ઘટાડો થવા પામ્યો છે. આ ઉપરાંત નાણાંના પુરવઠાની અસરોની દિશા વિશે પણ નવા વિચારો અસ્તિત્વમાં આવ્યા છે. અસ્ક્યામતોના સમુદાયની સમતુલાના અભિગમમાં નાણાંના પુરવઠાની અસર કઈ દિશામાં થશે તેનો આધાર નાણાંના પુરવઠામાં આવતા પરિવર્તન પર રહેલો છે.

5.5 નાણાંની માંગ અંગે પ્રો.બોમલનો અભિગમ (Inventory Approach) :

ડૉ. પ્રો.બોમલ અને ડૉ. પ્રો.ટોબીનના મતે સોદાકીય હેતુ માટેની નાણાંની માંગ વ્યાજ સ્થિતિસ્થાપક હોય છે. ડૉ. પ્રો.બોમલના અભિગમને રોકાણના કુલ સમુચ્ચના અભિગમ (Inventory Approach) તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રો.પ્રો.વિલિયમ પ્રો.બોમલે તેમના પુસ્તકના લેખ "Transaction Demand for Cash and Inventory Theory Approach" માં નાણાંની માંગ વિશેનો પોતાનો સિદ્ધાંત રજૂ કર્યો છે. આ સિદ્ધાંતમાં તેઓ નાણાંની વિનિમયના હેતુ માટે માંગને વિસ્તૃત સ્વરૂપમાં તપાસે છે. 'General Theory' માં પ્રો.કેઈન્સે નાણાંની માંગ વિશે રોકડતા પસંદગી અભિગમની રજૂઆત કરી છે. જેમાં વિનિમયના હેતુ માટે નાણાંની માંગ વ્યાજ અનપેક્ષ છે તેમ માનવામાં આવ્યું છે. જ્યારે પ્રો.બોમલે વિનિમયના હેતુ માટે નાણાંની માંગને ઈન્વેન્ટરી અભિગમના આધારે વ્યાજ સાપેક્ષ દર્શાવી છે. પ્રો.બોમલના મતે વ્યક્તિ વસ્તુ કે સેવાની ખરીદી કરવા માટે પોતાની પાસે જે રોકડ નાણું રાખે છે તે માલસૂચિ (ઇન્વેન્ટરી) તરીકે ઓળખાય છે. તેથી પ્રો.બોમલના આ માલસૂચિ અભિગમને Inventory Approach તરીકે પણ ઓળખવામાં આવે છે.

5.5.1 માલસૂચિ (ઇન્વેન્ટરી) નો અર્થ :

સામાન્યરીતે માલસૂચિ (ઇન્વેન્ટરી) એટલે પેઢી પોતાની પાસે પહેલાથી જ ગોડાઉનમાં જે માલ-સામાનનો સંગ્રહ કરી રાખે છે તે. પેઢી પોતાના વિનિમયના હેતુથી જે નાણું રાખે છે તેને પણ માલસૂચિ (ઇન્વેન્ટરી) તરીકે ઓળખવામાં આવે છે.

5.5.2 માલસૂચિ (ઈન્વેન્ટરી) અભિગમની સમજૂતી :

ધારો કે કોઈ વ્યક્તિની માસિક આવક રૂ. 20,000 છે. જે વ્યક્તિને દર મહિનાની પહેલી તારીખે મળે છે. જો આ વ્યક્તિ રૂ. 20,000 પોતાની પાસે રોકડ સ્વરૂપમાં રાખશે તો તે આખા મહિના દરમિયાન તેને પોતાની જરૂરિયાતો અનુસાર ખર્ચી શકશે. આ વ્યક્તિ પોતાની આવકને બે વિભાગમાં વિભાજીત કરીને પહેલા 15 દિવસ માટે રૂ. 10,000 ખર્ચે અને પછીના 15 દિવસ માટે બીજા રૂ. 10,000 ખર્ચે એવું પણ બની શકે. મહિનો પૂરો થતાં ફરીથી નવા મહિનાની પહેલી તારીખે ફરીથી તેને તેનો પગાર રૂ. 20,000 મળશે જેને તે આખા મહિના દરમિયાન ખર્ચે. જો તે 15-15 દિવસને ધ્યાનમાં રાખીને તેની આવકના બે ભાગ રૂ. 10,000-રૂ. 10,000 કરીને ખર્ચે તો કહી શકાય કે લગભગ તે વ્યક્તિ રૂ. 10,000 રોકડ સ્વરૂપમાં હાથ પર રાખે છે. જે નીચેની આકૃતિ દ્વારા દર્શાવી શકાય :

આકૃતિ **5.7** રોકડ નાણાંની માંગ અને સમયગાળો



ડૉ. પ્રો.બોમલના મતે વ્યક્તિએ તેની બધી જ આવક એકસાથે રોકડ સ્વરૂપમાં હાથ પર રાખવાની જરૂર નથી. જો તે 15-15 દિવસને ધ્યાનમાં રાખીને નાણું રોકડ સ્વરૂપમાં પોતાની પાસે રાખે છે તો તે પહેલા 15 દિવસ માટે વિનિમયના હેતુને ધ્યાનમાં રાખીને રૂ. 10,000 પોતાની પાસે રોકડ સ્વરૂપમાં રાખીને બીજા રૂ. 10,000 ની બચત કરશે અથવા બોન્ડ ખરીદશે જેથી તેને વ્યાજ મળે છે. પરંતુ બોન્ડની ખરીદી સાથે જોખમ સંકળાયેલ હોવાથી તે વ્યક્તિ બેંકમાં બચત કરીને જોખમ ટાળી શકે છે. જો કે બેંકમાંથી મળતું વળતર બોન્ડમાંથી મળતા વળતર કરતા ઓછું હોય છે. જો વ્યક્તિ પોતાની આવકમાંથી રૂ. 10,000 પહેલા પંદર દિવસ માટે રોકડ સ્વરૂપમાં રાખે અને બાકીના રૂ. 10,000 બેંકમાં કે બોન્ડના સ્વરૂપમાં રાખે તો પહેલા 15 દિવસ પછી તેને વ્યાજ સહિત બચત કરેલા રૂપિયા મળશે જે તે બીજા 15 દિવસ સુધી વાપરી શકશે. અહીં વ્યક્તિને વ્યાજની આવક થતી હોવાથી તેને રૂ. 10,000 થી વધુ રકમ માલસૂચિ તરીકે મળે છે. જે નીચેની આકૃતિમાં દર્શાવવામાં આવી છે :

આકૃતિ 5.8 રોકડ નાણાંની માંગ અને સમયગાળો



જો કોઈ વ્યક્તિ પોતાની પાસે વધુ રોકડ રકમનો સંગ્રહ કરે છે તો તેણે વ્યાજરૂપી આવક જતી કરવી પડે છે.

ધારોકે વ્યક્તિ 15 દિવસ માટે પોતાની નાણાંકીય આવક રૂ. 20,000 માંથી નીચે મુજબ રોકડ સ્વરૂપમાં રાખે છે અને તેને પ્રાપ્ત થતું વ્યાજ નીચે

આવક	રોકડ નાણાં	મળતું વ્યાજ
રૂા.20,000	રૂા.20,000	0
રૂા.20,000	રૂા.10,000	રૂા.700
રૂા.20,000	રૂા.6,000	રૂા.1,200

જો વ્યક્તિ પોતાની બધી આવક એટલેકે રૂ. 20,000 પોતાની પાસે રોકડ સ્વરૂપમાં રાખે છે તો તેને વ્યાજરૂપી આવક મળતી નથી. વ્યક્તિ જેમ ઓછી રોકડ રકમ હાથ પર રાખશે તેમ તેને વ્યાજરૂપી આવક વધુ મળે છે. આમ, વ્યક્તિએ વધુ રોકડ રકમ હાથ પર રાખવાથી જે વ્યાજરૂપી આવક ગુમાવવી પડે છે તેને ડૉ. પ્રો.બોમલ વૈકલ્પિક ખર્ચ તરીકે ઓળખાવે છે.

વ્યક્તિ પોતાની આવકમાંથી કેટલી વખત સોદાઓ કરશે તેનો આધાર તે વ્યક્તિ પર રહેલો છે. જો વ્યક્તિ તેની આવક રૂ.20,000 એકસાથે ઉપાડી લેતો સોદાઓની સંખ્યા એક થશે. જો તે રૂ.10,000 બે વખત ઉપાડશે તો સોદાઓનું પ્રમાણ બે થશે અને જો રૂ.5,000 ચાર વખત ઉપાડે તો તે ચાર વખત સોદા કરે છે.

5.5.3 ખર્ચના પ્રકાર :

ડૉ. પ્રો.વિલિયમ પ્રો.બોમલે ખર્ચના બે પ્રકારો દર્શાવ્યા છે :

5.5.3.1 વૈકલ્પિક ખર્ચ : નાણું રોકડ સ્વરૂપે હાથ પર રાખવાથી વ્યાજરૂપી આવક જતી કરવી પડે છે જેને વૈકલ્પિક ખર્ચ તરીકે ઓળખવામાં આવે છે.

5.5.3.2 વિનિમય ખર્ચ : વ્યક્તિ જ્યારે જામીનગીરીની ખરીદી કરે છે અથવા વેચાણ કરે છે ત્યારે તેને દલાલી, ફી, ટપાલ ખર્ચ વગેરે પ્રકારના ખર્ચા કરવા પડતા હોય છે જેને વિનિમય ખર્ચ તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો વ્યક્તિ રોકડ નાણાંના રૂપાંતર માટે (બોન્ડમાંથી રોકડ નાણાંમાં કે બેંક ખાતામાંથી રોકડ ઉપાડ કરે) જે ખર્ચ કરે છે તેને વિનિમય ખર્ચ કહેવામાં આવે છે.

5.5.4 સમીકરણ દ્વારા રજૂઆત :

ડૉ. પ્રો.બોમલ જણાવે છે કે વ્યક્તિ માટે મૂંઝવણ ત્યારે ઉત્પન્ન થાય છે કે જ્યારે તે રોકડ નાણું વધુ હાથ પર રાખે છે. આ સમયે તેને વ્યાજરૂપી આવક જતી કરવી પડે છે અને જો તે રોકડ નાણું ઓછું હાથ પર રાખે તો વારંવાર તેને બેંકમાંથી નાણાં ઉપાડવાનો ખર્ચ કરવો પડે છે. આ સમસ્યાના ઉકેલ સ્વરૂપે પ્રો.બોમલ જણાવે છે કે વ્યક્તિ એ પોતાની પાસે નાણાંનું ઇષ્ટતમ સંયોજન રોકડ પુરાંત રૂપે રાખવું જોઈએ જેથી તેને વૈકલ્પિક ખર્ચ કે વિનિમય ખર્ચ ઓછો ભોગવવો પડે. આ બાબતને ધ્યાનમાં લઇ પ્રો.બોમલે નીચે મુજબનું સમીકરણ રજૂ કર્યું છે :

$M = PKy$ અથવા $P = \frac{Ky}{M}$ જોવા

અહીં, M = નાણાનું પરિમાણ

P = ભાવસપાટી

Y = કુલ વાસ્તવિક આવક

K = વાસ્તવિક આવકનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપમાં રાખવા માંગે છે તેનું પ્રમાણ

$c = 2bt/r$ __________(I)

જ્યાં, c = રોકડ ઉપાડનું ઇષ્ટતમ પ્રમાણ

b = સંપત્તિને રોકડમાં રૂપાંતરિત કરવાનું ખર્ચ

t = વિનિમયનો સમયગાળો

r = વ્યાજદર

દોસ્તો, ઉપરોક્ત સમીકરણ (I) મુજબ, રોકડ ઉપાડનું ઈષ્ટતમ પ્રમાણ દર્શાવે છે કે વ્યક્તિ વ્યાજદર અને વિનિમય બંનેને ધ્યાનમાં રાખીને રોકડ નાણાંનો ઉપાડ કરે છે. વ્યક્તિ બેંકમાંથી કેટલી વખત વિનિમય કરે છે તે વિનિમયના સમયગાળા દ્વારા દર્શાવવામાં આવ્યું છે. જેમ કે, કોઈ વ્યક્તિનું નાણાંમાં રૂપાંતરણ કરવાનું ખર્ચ (b)= રૂ. 50 હોય અને તે વ્યક્તિ બેંકમાંથી ત્રણ વખત નાણાંકીય વ્યવહારો (t) કરે છે તો bt= 50×3= રૂ. 150 ખર્ચ થાય. આમ, જો bt નું પ્રમાણ વધુ હશે તો વ્યક્તિ પોતાની પાસે રોકડ સ્વરૂપમાં નાણું રાખવાનું વધુ પસંદ કરશે જેથી તેને વારંવાર નાણાંકીય વ્યવહાર ન કરવા પડે. આથી કહી શકાય કે રોકડ ઉપાડના ઈષ્ટતમ પ્રમાણ (c) ને સંપત્તિને રોકડમાં રૂપાંતરિત કરવાના ખર્ચ (b) અને વિનિમયના સમયગાળા (t) સાથે સીધો સંબંધ તથા વ્યાજદર સાથે વ્યસ્ત સંબંધ છે.

પ્રો.કેઈન્સના જણાવ્યા મુજબ વિનિમયના હેતુ માટેની નાણાંની માંગનો આધાર આવક પર રહેલો છે જ્યારે પ્રો.બોમલ ના મતે વિનિમયના હેતુ માટે નાણાંની માંગ નો આધાર વ્યાજ દર પર રહેલો છે. આમ, કહી શકાય કે પ્રો.કેઈન્સ અને પ્રો.બોમલના દ્રષ્ટિકોણમાં તફાવત જોવા મળે છે.

જો વ્યક્તિ આવકમાંથી જેટલી વખત નાણાંની માંગ કરે છે તેને T= y/c તરીકે લેવામાં આવે અને વ્યક્તિ પોતાની આવક રૂ. 20,000 માંથી રૂ. 5,000 મુજબ નાણાંકીય વ્યવહાર કરે છે તો,

$T = y/c$ ____________(II)

$\therefore \quad T = 20,000/5,000$

$\therefore \quad T = 4$

$\therefore \quad T = 4$

તે વ્યક્તિ કુલ 4 વખત બેંકમાંથી નાણાંકીય વ્યવહારો કરશે એમ કહી શકાય.

હવે સમીકરણ (II) ની કિંમત સમીકરણ (I)માં મુકતાં,

$c = 2bt/ r$

$\therefore \quad c = 2by/ rc$

$\therefore \quad c \times c = 2by/ r$

$\therefore \quad c^2 = 2by/ r$ (વર્ગ કાઢતાં)

$\therefore \quad c =$ ___________(III)

આમ, ડૉ. પ્રો.બોમલ દ્વારા રજૂ કરવામાં આવેલ ઉપરોક્ત સમીકરણ (III) ને વર્ગમૂળ સૂત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે જે ઈષ્ટતમ રોકડ પુરાંતના ખ્યાલને રજૂ કરે છે.

5.6 સારાંશ :

દોસ્તો, પ્રસ્તુત એકમમાં આપણે નાણાંની માંગ અંગે પ્રો.કેઈન્સ પછીના અભિગમો અંગે જાણકારી મેળવી જેમાં મુખ્યત્વે આપણે,

- પેટીન્કીની વાસ્તવિક રોકડ પુરાંત અસર, પ્રો.બોમલના અસ્કયામતોની સમતુલાના તેમજ પ્રો.ટોબિનના માલસૂચિ (ઈન્વેન્ટરી) અભિગમો વિષે સમજૂતી મેળવી જેમાં આપણે,
- વાસ્તવિક રોકડ પુરાંત અસર અંગે વિગતે જાણકારી પ્રાપ્ત કરી.
- વાસ્તવિક રોકડ પુરાંત અસરના ખ્યાલની કેટલી મર્યાદાઓ અંગે ચર્ચા કરી.
- નાણાંની માંગ અંગે પ્રો.ટોબીનના અસ્કયામતોની સમતુલાના અભિગમ (પોર્ટફોલિયો બેલેન્સ એપ્રોચ) વિષે માહિતી મેળવી.
- પ્રો.વિલિયમ બોમલના માલસૂચિ અભિગમ (ઈન્વેન્ટરી એપ્રોચ) વિષે જાણકારી મેળવી.

5.7 ચાવીરૂપ શબ્દો :

વાસ્તવિક રોકડ પુરાંતઃ વાસ્તવિક રોકડ પુરાંત એટલે લોકો પાસે રહેલ નાણાંના જથ્થાની વાસ્તવિક વસ્તુઓ ખરીદવાની શક્તિ.

- વાસ્તવિક રોકડ પુરાંત અસર : વસ્તુની કિંમતમાં ફેરફાર થવાથી વ્યક્તિની ખરીદશક્તિમાં ફેરફાર થવા પામે છે. જે વસ્તુની માંગ તથા અન્ય પરિબળોને અસર કરે છે. જેને વાસ્તવિક રોકડ પુરાંત અસર તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો ભાવસપાટીમાં ફેરફાર થવાથી અર્થતંત્ર પર જે અસર થાય છે તેને વાસ્તવિક રોકડ પુરાંત અસર કહેવામાં આવે છે.
- પોર્ટફોલિયો : વ્યક્તિ કે સમાજ પોતાની રોકડ પુરાંતોની ફાળવણી બોન્ડ, શેર જેવી વિવિધ અસ્ક્યામતો વચ્ચે કરે છે જેને પોર્ટફોલિયો તરીકે ઓળખવામાં આવે છે.
- માલસૂચિ (ઈન્વેન્ટરી) : સામાન્યરીતે માલસૂચિ (ઈન્વેન્ટરી) એટલે પેઢી પોતાની પાસે પહેલાથી જ ગોડાઉનમાં જે માલ-સામાનનો સંગ્રહ કરી રાખે છે તે.
- વૈકલ્પિક ખર્ચ : નાણું રોકડ સ્વરૂપે હાથ પર રાખવાથી વ્યાજરૂપી આવક જતી કરવી પડે છે જેને વૈકલ્પિક ખર્ચ તરીકે ઓળખવામાં આવે છે.
- વિનિમય ખર્ચ : વ્યક્તિ જયારે જામીનગીરીની ખરીદી કરે છે અથવા વેચાણ કરે છે ત્યારે તેને દલાલી, ફી, ટપાલ ખર્ચ વગેરે પ્રકારના ખર્ચા કરવા પડતા હોય છે જેને વિનિમય ખર્ચ તરીકે ઓળખવામાં આવે છે.

5.8 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નિબંધ પ્રકારના પ્રશ્નો :

- પ્રો.પેટીક્રિનની વાસ્તવિક રોકડ પુરાંત અસર વિષે વિગતે ચર્ચા કરો.
- પ્રો.જેમ્સ ટોબીનનો અસ્કયામતોની સમતુલાનો અભિગમ (પોર્ટફોલિયો બેલેન્સ એપ્રોચ) સમજાવો.
- પ્રો.વિલિયમ પ્રો.બોમલે રજૂ કરેલ નાણાંની માંગનો સિધ્ધાંત સમજાવો.

(ખ) ટૂંકનોંધ :

- ➢ વાસ્તવિક રોકડ પુરાંત અસર
- ➢ પોર્ટફોલિયો બેલેન્સ એપ્રોચ
- ➢ માલસૂચિ અભિગમ

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

(1) વાસ્તવિક રોકડ પુરાંત અસરનો ખ્યાલ કયા અર્થશાસ્ત્રીએ રજૂ કર્યો ?

(ક) પ્રો.કેઈન્સ (ખ) પેટીન્કીના

(ગ) પ્રો.બોમલ (ઘ) પ્રો.ટોબીન

(2) ''વ્યાજદર એ શુદ્ધ નાણાંકીય ઘટના છે''- આ વિધાન કયા અર્થશાસ્ત્રીનું છે ?

(ક) પ્રો.બોમલ (ખ) પ્રો.ટોબીન

(ગ) પેટીન્કીના (ઘ) પ્રો.કેઈન્સ

(3) બોન્ડની કિંમત અને વ્યાજદર વચ્ચે .... સંબંધ છે.

(ક) સીધો (ખ) સપ્રમાણ

(ગ) વ્યસ્ત (ઘ) એકપણ નહિ

(4) ''વ્યાજદર એ વાસ્તવિક ઘટના છે'' - આ વિધાન કયા અર્થશાસ્ત્રીનું છે ?

(ક) પેટીન્કીના (ખ) પ્રો.બોમલ

(ગ) પ્રો.ટોબીન (ઘ) પ્રો.કેઈન્સ

(5) .... વ્યક્તિ પોતાના નિર્ણયમાં અંતિમ માર્ગ જ અપનાવે છે.

(ક) જોખમની વિવિધ અસ્ક્યામતો વચ્ચે વહેંચણી કરનાર

(ખ) ભારે સટ્ટો ખેલનાર

(ગ) જોખમ નો સહર્ષ સ્વીકાર કરનાર

(ઘ) એકપણ નહિ

(6) નાણાંની માંગના પોર્ટફોલિયો અભિગમનો ખ્યાલ ....દ્વારા રજૂ કરવામાં આવ્યો.

(ક) પ્રો.બોમલ (ખ) પેટીન્કીના

(ગ) પ્રો.કેઈન્સ (ઘ) પ્રો.ટોબીન

(7) 'Transaction Demand for Cash and Inventory' નામનો લેખ કયા અર્થશાસ્ત્રી નો છે ?

(ક) પેટીન્કીના (ખ) પ્રો.બોમલ

(ગ) પ્રો.ટોબીન (ઘ) પ્રો.કેઈન્સ

(8) 'General Theory' નામનું પુસ્તક .... દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું.

(ક) પ્રો.બોમલ (ખ) પેટીન્કીના

(ગ) પ્રો.કેઈન્સ (ઘ) પ્રો.ટોબીન

(9) .... લખેલા લેખ 'Liquidity Preference as Behaviour Towards Risk' માં તરલતા પસંદગીનો સિદ્ધાંત પસંદગીના ધોરણે જોખમ નિવારવાના સિદ્ધાંત તરીકે રજૂ કર્યો છે.

(ક) પ્રો.પેટીન્કીને (ખ) પ્રો.બોમલે

(ગ) પ્રો.ટોબીને (ઘ) પ્રો.કેઈન્સે

(10) પેટીન્કીના મતે નાણાંના પુરવઠામાં થયેલો ફેરફાર ભાવસપાટીમાં .... ફેરફાર લાવે છે.

(ક) સીધો અને સપ્રમાણ (ખ) વ્યસ્ત અને સપ્રમાણ

(ગ) વધુ (ઘ) એકપણ નહિ

5.9 સંદર્ભ સૂચિ :

1. Sinh, R. N. (2013): Samashti Arthshastra, Nikhil Publishers and distributors, Agra.

2. Ackley, Gardner (1977): Macroeconomics: Theory & Policy, Macmillan, New York.

5.10 હેતુલક્ષી પ્રશ્નોના જવાબ :

(1)	ખ	(6)	ઘ
(2)	ઘ	(7)	ખ
(3)	ગ	(8)	ગ
(4)	ક	(9)	ગ
(5)	ખ	(10)	ક

****

એકમ: 6
નાણાં પરિમાણોનો આધુનિક સિદ્ધાંત : મિલ્ટન ફ્રિડમેન

❖ રૂપરેખા :

6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 નાણાંપરિમાણના સિદ્ધાંતનું પુનર્કથન

6.3 નાણાંની માંગનું વિધેય

6.4 પ્રો.ફિશર-કેમ્બ્રિજ સમીકરણો સાથે તુલના

6.5 પ્રો.ફ્રિડમેનના નાણાંપરિમાણના સિદ્ધાંતની ટીકાઓ

6.6 સારાંશ

6.7 ચાવીરૂપ શબ્દો

6.8 તમારી પ્રગતિ ચકાસો

6.9 સંદર્ભ પુસ્તકો

6.10 તમારી પ્રગતિ ચકાસો

6.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે,

- નાણાપરિમાણના સિદ્ધાંતના પુનર્કથનની આવશ્યકતા અંગે જાણકારી મેળવી શકશો.
- કાયમી આવક કોને કહી શકાય તે અંગે જાણી શકશો.
- કુલ સંપત્તિના પ્રમાણ અંગે કઈ રીતે જાણકારી પ્રાપ્ત કરી શકાય તે સમજી શકશો.
- બિનમાનવીય તથા માનવીય સંપત્તિ કોને કહેવામાં આવે છે તે અંગે જાણકારી મેળવી શકશો.
- નાણું તથા જુદા જુદા પ્રકારની અસ્કયામતો પર મળતા વળતર દર વિશે જાણી શકશો.
- ભાવસપાટી અને નાણાંની માંગ વચ્ચેનો સંબંધ કેવો હોય છે તે સમજી શકશો.
- નાણાંની માંગના વિધેયને સમીકરણના સ્વરૂપમાં કઈ રીતે દર્શાવી શકાય તે જાણી શકશો.
- નાણાપરિમાણના આધુનિક સિદ્ધાંતની પ્રો.ફિશર અને કેમ્બ્રિજ સમીકરણો સાથે કઈ રીતે તુલના કરી શકાય તે અંગે સમજી શકશો.
- પ્રો.ફ્રિડમેને રજૂ કરેલ નાણા પરિમાણના સિદ્ધાંતની ટીકાઓ અંગે જાણકારી મેળવી શકશો.

6.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થી મિત્રો, નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ ભાવસપાટી કે નાણાંના મૂલ્યમાં થતા ફેરફારોની સમજૂતી આપવા માટે નાણાંપરિમાણનો સિદ્ધાંત વિકસાવ્યો હતો. જે મુજબ નાણું અર્થતંત્રમાં મહત્વનો ભાગ ભજવે છે અને તેથી નાણાંકીય નીતિ આર્થિક પરિબળોના નિયંત્રણ માટે અત્યંત મહત્વનું સાધન ગણાય છે. પરંતુ 1929 માં ઉદભવેલી વૈશ્વિક મંદી દરમિયાન નાણાંપરિમાણના સિદ્ધાંતની મર્યાદાઓ સ્પષ્ટપણે સામે આવી. 1936 માં પ્રો.જે. એમ. પ્રો.કેઈન્સે પોતાના પ્રકાશિત થયેલા પુસ્તક 'The General Theory of Employment, Interest and Money' માં નાણાંપરિમાણના સિદ્ધાંતની આકરી ટીકા કરી અને જણાવ્યું કે નાણું મહત્વનું નથી અને નાણાંકીય નીતિ ઉપયોગી નથી. જેના પરિણામે એવો મત પ્રચલિત થયો કે નાણાંની કોઈ અગત્યતા નથી અને આ અભિપ્રાયને 'કેઇન્સિયન ક્રાંતિ' તરીકે બિરદાવવામાં આવી. પરંતુ 1950 પછી નાણાંનું મહત્વ ફરી પાછું વધવા લાગ્યું અને આ બાબતનું પુનઃ સમર્થન અમેરિકાની શિકાગો યુનિવર્સિટીના અર્થશાસ્ત્રીઓ શ્રીમતી અન્ના સ્કવાર્ટ્ઝ, પ્રો.એલન મેલત્ઝર, પ્રો.કાર્લ પ્રો.બ્રુનર, પ્રો.હેન્રી જહોનસન વગેરે કર્યું. જેમાં પ્રો.મિલ્ટન ફ્રિડમેન અગ્રણી રહ્યા. આમ, પ્રો.મિલ્ટન પ્રો.ફ્રિડમેને નાણાંપરિમાણના સિદ્ધાંતનું પુનઃ સંસ્કરણ કરવાનો પ્રયાસ કર્યો છે અને તેમણે કરેલુ પુનઃસંસ્કરણ આજે નાણાંકીય સિદ્ધાંતોમાં એક આગવું મહત્વ ધરાવે છે. નોબેલ ઇનામ વિજેતા પ્રો.મિલ્ટન પ્રો.ફ્રિડમેને 1956 માં 'Studies in the Quantity Theory of Money' નામના પુસ્તકમાં 'The Quantity Theory of Money- A Restatement' શીર્ષક હેઠળના લેખમાં નાણાંપરિમાણના સિદ્ધાંતનું પુનર્કથન કરીને તેને આધુનિક રીતે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

પ્રો.ફ્રિડમેનના મત મુજબ નાણાંપરિમાણનો સિદ્ધાંત એ સૌપ્રથમ નાણાંની માંગનો સિદ્ધાંત છે તે ઉત્પાદન, નાણાંકીય આવક કે ભાવસપાટીનો સિદ્ધાંત નથી. તેથી સ્વાભાવિક રીતે જ નાણાંપરિમાણના સિદ્ધાંત દ્વારા નાણાંકીય આવક અને ભાવસપાટી જાણવા હોય અને તેમના અંગે આગાહી કરવી હોય તો નાણાંપરિમાણના સિદ્ધાંતનું પુનર્કથન કરવું પડે. જેના માટે નાણાંની માંગ, નાણાંનો પુરવઠો અને અન્ય ફેરફાર પામતા વાસ્તવિક તત્વોને ધ્યાનમાં લેવા પડે. નાણાંના પુરવઠા અંગે તેમનું મંતવ્ય એ છે કે નાણાંના પુરવઠાનું નિર્માણ નાણાંકીય સત્તા કરે છે. તેથી તે બાહ્ય નિર્મિત પરિબળ છે. આમ, આપણે નાણાંની માંગ અને તેના સંબંધિત પરિબળોનો જ વિચાર કરવાનો રહે છે.

6.2 નાણાંપરિમાણના સિદ્ધાંતનું પુનર્કથન :

પ્રો.ફ્રિડમેન નાણાંપરિમાણના સિદ્ધાંતનું પુનર્કથન કરતા અગાઉના જુના સિદ્ધાંતો સાથે સંમત થતાં જણાવે છે કે, પ્રજા દ્વારા થતી નાણાંની માંગ વિનિમયના સોદાઓમાંથી ઉદભવે છે અને તે ભાવસપાટી સાથે એકમ સાપેક્ષતા ધરાવે છે. પ્રો.ફ્રિડમેન એ મત સાથે સહમત થાય છે કે વાસ્તવિક આવક એ નાણાંની માંગને અસર કરતું એક મહત્વનું નિર્ણાયક પરિબળ છે. પરંતુ જૂના સિદ્ધાંતમાં જે એમ માનવામાં આવતું હતું કે નાણાંની માંગની આવકસાપેક્ષતા એકમ બરાબર છે તેની સાથે પ્રો.ફ્રિડમેન સંમત થતા નથી. તેમના મત મુજબ નાણાંની માંગની આવકસાપેક્ષતા એકમથી વધુ અને લગભગ 1.8 જેટલી ઊંચી હોય છે. એટલે કે, લોકોની આવકમાં ફેરફાર થવાથી લોકોની નાણાંની માંગમાં આવકના ફેરફાર કરતા વધુ મોટા ફેરફાર થતા હોય છે.

પ્રો.ફ્રિડમેનના મતે નાણાંની માંગ ભાવસપાટી અને આવકના પ્રમાણ ઉપરાંત નાણાંને સંગ્રહવાનું જે ખર્ચ થાય છે તેના પર પણ આધાર રાખે છે. નાણાંને સંગ્રહવાનું ખર્ચ નીચેની બે રીતે થાય છે :

(1) નાણાં ન ધીરવાથી કે હાથ પર રાખવાથી વ્યાજની જે આવક ગુમાવવી પડે છે તે.

(2) નાણાં હાથ પર રાખ્યા પછીના સમયગાળામાં જો ભાવવધારો થાય તો નાણાંના મૂલ્યમાં એટલે કે નાણાંની ખરીદશક્તિમાં ઘટાડો થાય છે તે.

આમ, ટૂંકમાં જો ઉપરોક્ત બંને પરિબળોમાં એવા ફેરફાર થાય કે જેના પરિણામે નાણાં સંગ્રહવાનું ખર્ચ વધે તો લોકો તેમની પાસેની રોકડ પુરાંતો એટલેકે નાણાંસંગ્રહનું પ્રમાણ ઘટાડી દેશે. આનાથી વિરુદ્ધ જો ભવિષ્યમાં વ્યાજના દરમાં ઘટાડો થવાનો હોય, ભાવસપાટી નીચી જવાની ધારણા હોય તો અથવા તેનો વૃદ્ધિ દર ઘટવાનો હોય તો નાણાંસંગ્રહનું ખર્ચ ઘટશે જેના પરિણામે લોકો રોકડ પુરાંતો વધુ પ્રમાણમાં રાખશે. આમ, કહી શકાય કે નાણાંની માંગ અને નાણાંસંગ્રહ કરવાના ખર્ચ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

પ્રો.ફ્રિડમેનના મત મુજબ નાણાંની માંગ એ કાયમી આવકનું વિધેય છે. આ આવકમાં ઓછા પ્રમાણમાં ફેરફાર થાય છે. કાયમી આવક એટલે સંપત્તિ અકબંધ રાખીને ગ્રાહક વસ્તુઓનો ઉપભોગ કરવાની જે કુલ શક્તિ ધરાવે છે તે. જે બધા કુટુંબોની સરેરાશ અપેક્ષિત આવકનો નિર્દેશ કરે છે. પ્રો.ફ્રિડમેનના મતે નાણાંની માંગ પર નીચેના પરિબળો અસર કરે છે :

(1) કુલ વાસ્તવિક સંપત્તિ : કે જે વિવિધ નાણાંકીય સ્વરૂપમાં રાખવામાં આવે છે અને દેવાની પતાવટ માટે ઉપયોગમાં લઈ શકાય. જેમ કે, બોન્ડ, શેર, ભૌતિક વસ્તુઓ, મજૂરની ચાલુ કમાણી વગેરે- જેના આધારે કાયમી આવક સપાટીનો ખ્યાલ મેળવી શકાય છે.

(2) બિનમાનવીય તથા માનવીય સંપત્તિનો ગુણોત્તર

(3) નાણું તથા અન્ય અસ્ક્યામતો પર પ્રાપ્ત થતો વળતરનો દર

(4) લોકોની પસંદગીના ધોરણો

(5) ભાવસપાટીમાં ફેરફાર

તો ચાલો દોસ્તો, હવે આપણે આ તમામ પરિબળો અંગે વિશેષ સમજણ મેળવીએ.

6.2.1 કુલ વાસ્તવિક સંપત્તિ :

પ્રો.ફ્રિડમેનના જણાવ્યા મુજબ નાણાંની માંગ એક અસ્ક્યામત કે સંપત્તિ તરીકે થાય છે. સંપત્તિ એ આવકનું સાધન છે, સંપત્તિ એ જથ્થો છે અને આવક તેમાંથી વહેતો પ્રવાહ છે. સમાજમાં કુલ સંપત્તિ કેટલી છે તે જાણવાનું કામ મુશ્કેલ

છે. પરંતુ નીચેના સૂત્ર દ્વારા સમાજની કુલ સંપત્તિનું પ્રમાણ જાણી શકાય

$$\text{કુલ સંપત્તિ} \quad (W) = \frac{\text{કુલ આવકનો પ્રવાહ (Y)}}{\text{વ્યાજદર (r)}}$$

ઉપરોક્ત સૂત્રમાં Y એ કુલ આવક, r એ વ્યાજદર અને W એ કુલ સંપત્તિનો નિર્દેશ કરે છે. પ્રો.પ્રો.ફ્રિડમેને રજૂ કરેલ કાયમી આવકનો ખ્યાલ કુલ સંપત્તિ પર આધાર રાખે છે. તેમના મતે કાયમી આવક એટલે વ્યક્તિ તેની પાસે રહેલી કુલ સંપત્તિમાં ફેરફાર કર્યા વગર પોતાની કુલ વપરાશ જાળવી શકે તેવી આવક. આમ, કાયમી આવક એ લાંબાગાળાની આવકની સરેરાશ દર્શાવે છે. દા.ત. જો કોઈ વ્યક્તિએ પોતાની કુલ સંપત્તિ સ્થિર રહે તે રીતે દસ વર્ષમાં રૂ.12,00,000 મેળવવાની અપેક્ષા રાખી હોય તો તેની કાયમી વાર્ષિક આવક રૂ.12,000 કહેવાય. તેથી વ્યક્તિ જે કઈ વપરાશ કરશે તેનો આધાર આ કાયમી વાર્ષિક આવક પર રહેશે. આ કાયમી આવકમાં પ્રો.પ્રો.ફ્રિડમેને બધા જ પ્રકારની સંપત્તિમાંથી પ્રાપ્ત થનાર આવકનો સમાવેશ કરેલ છે.

નાણું એ એક પ્રકારની સંપત્તિ છે અને સંપત્તિના બીજા કેટલાક વૈકલ્પિક સ્વરૂપો પણ છે. પ્રો.પ્રો.ફ્રિડમેને નાણાં સહિતની સંપત્તિના નીચે મુજબના સ્વરૂપો રજૂ કર્યા છે :

(1) નાણું (2) નિશ્ચિત વ્યાજ આપતા બોન્ડ્ઝ કે જામીનગીરીઓ (3) કંપનીના શેર કે જે ડિવિડન્ડ રૂપી આવક આપે છે (4) ભૌતિક સ્વરૂપની બિનમાનવીય સંપત્તિ અને (5) માનવીય સંપત્તિ

પ્રો.ફ્રિડમેનના મતે સંપત્તિના ઉપરોક્ત દર્શાવેલ સ્વરૂપો વ્યક્તિને આવક આપે છે. તો ચાલો દોસ્તો, હવે આપણે આ તમામ સ્વરૂપમાંથી પ્રાપ્ત થતી આવક અંગે સમજણ મેળવીએ.

6.2.2 બિનમાનવીય તથા માનવીય સંપત્તિનો ગુણોત્તર (W) :

માનવીની ઉત્પાદક શક્તિ એટલેકે મજૂરની આવકનું વર્તમાન મૂલ્ય માનવીય સંપત્તિ તરીકે ઓળખવામાં આવે છે. જેને પ્રો.ફ્રિડમેન આવકના સાધનો પૈકીનું એક સાધન માને છે. આ સિવાયના અન્ય ચારેય સ્વરૂપો જેમાં નાણું, બોન્ડ, શેર તથા ભૌતિક વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે છે તેને બિનમાનવીય સંપત્તિ તરીકે ઓળખવામાં આવે છે.

પ્રો.ફ્રિડમેનના જણાવ્યા મુજબ બિનમાનવીય સંપત્તિના વિવિધ સ્વરૂપો વચ્ચે અવેજી સરળતાથી થઈ શકે છે. જેમ કે, શેરનું વેચાણ કરીને તેના બદલામાં નાણું, બોન્ડ કે વસ્તુઓ સરળતાથી મેળવી શકાય છે. માનવીય સંપત્તિનું બજાર ન હોવાથી માનવીય સંપત્તિ અને બિનમાનવીય સંપત્તિ વચ્ચે અવેજી ખૂબ જ ઓછા પ્રમાણમાં થતી હોય છે. મજૂર પોતાની મિલકતનું વેચાણ કરીને તાલીમ તથા કેળવણી મેળવીને પોતાની ઉત્પાદન શક્તિમાં વધારો કરીને માનવીય સંપત્તિમાં વૃદ્ધિ કરી શકે છે. આમ, કહી શકાય કે માનવીય સંપત્તિ અને બિનમાનવીય સંપત્તિ વચ્ચે અવેજી તો થઈ શકે છે પરંતુ તેમાં કેટલોક સમય

લાગે છે. વધુમાં પ્રો.ફ્રિડમેન જણાવે છે કે માનવીય સંપત્તિ માટેના બજારનો અભાવ જ માનવીય સંપત્તિ અને બિનમાનવીય સંપત્તિ વચ્ચેના ગુણોત્તરને નક્કી કરવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. આ ગુણોત્તર નાણાંની માંગ નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. બિનમાનવીય સંપત્તિ અને માનવીય સંપત્તિ વચ્ચેના ગુણોત્તરને પ્રો.ફ્રિડમેન 'W' સંજ્ઞા દ્વારા દર્શાવે છે.

6.2.3 નાણું તથા અન્ય અસ્ક્યામતો પર પ્રાપ્ત થતો વળતરનો દર :

પ્રો.ફ્રિડમેન જણાવે છે કે, વ્યક્તિ દ્વારા ધારણ કરવામાં આવતી સંપતિ નીચે મુજબના પાંચ સ્વરૂપો પૈકી કોઈ એક કે એકથી વધારે સ્વરૂપમાં વહેંચાયેલી જોવા મળે છે :

6.2.3.1 નાણું (M) : રોકડ નાણાંના સ્વરૂપમાં રહેલ સંપત્તિ વ્યક્તિના રોજબરોજના વ્યવહારોને સરળ બનાવે છે. આ ઉપરાંત લોકો દેવાની પતાવટ માટે પણ પોતાની પાસે કેટલુંક નાણું રોકડ સ્વરૂપમાં રાખતા હોય છે. જેના પર વ્યક્તિને કોઈપણ જાતનો વળતર દર પ્રાપ્ત થતો નથી એટલેકે વળતર શૂન્ય હોય છે. પ્રો.ફ્રિડમેન જણાવે છે કે રોકડ નાણાંનો વળતર શૂન્ય હોવા છતાં લોકો કેટલુક નાણું સંપત્તિ તરીકે હાથ પર રાખે છે. લોકો નાણાંની માંગ કેટલી કરશે તેનો આધાર વ્યક્તિની આવક અને ભાવસપાટી પર રહેલો છે

6.2.3.2 બોન્ડ (rb) : બોન્ડના સ્વરૂપમાં રહેલ સંપત્તિ નિશ્ચિત પ્રમાણમાં એકધારી વાર્ષિક નાણાંકીય આવક આપે છે. એટલું જ નહીં પરંતુ બજારના વ્યાજના દરમાં ફેરફાર થતા બોન્ડના મૂલ્યમાં પણ ફેરફાર થાય છે જે મૂડીલાભ કે ગેરલાભ ના સ્વરૂપમાં વ્યક્તિને મળે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને વ્યક્તિ કેટલા પ્રમાણમાં પોતાની સંપત્તિનું બોન્ડમાં રોકાણ કરવું તે નક્કી કરે છે. પ્રો.ફ્રિડમેન બોન્ડમાંથી મળતા વળતરને 'rb' સંજ્ઞા આપે છે.

6.2.3.3 શેર (re) : શેર ના સ્વરૂપમાં રહેલ સંપત્તિ માંથી પ્રાપ્ત થતું વાર્ષિક વળતર અનિશ્ચિત હોય છે. આ ઉપરાંત તેના મૂલ્યમાં થતા વધારા કે ઘટાડાને ધ્યાનમાં રાખીને વ્યક્તિ સામાન્યરીતે તેમાં પોતાની મૂડીનું રોકાણ કરેછે. વાર્ષિક વળતર કે ડિવિડન્ડ અને મૂડીલાભ-ગેરલાભ બંનેનો સમાવેશ થાય તે વળતરને પ્રો.ફ્રિડમેન 're' સંજ્ઞા વડે દર્શાવે છે.

6.2.3.4 ભૌતિક સ્વરૂપની બિનમાનવીય સંપત્તિ : પ્રો.ફ્રિડમેન જણાવે છે કે ભૌતિક સ્વરૂપમાં રહેલી સંપત્તિ તેના ધારકને ભૌતિક સ્વરૂપમાં વળતર આપે છે. ભૌતિક સ્વરૂપમાં મળતા વળતરને નાણાંમાં ભાવોની મદદથી રજૂ કરી શકાય છે. આ ભૌતિક સંપત્તિના નાણાંકીય મૂલ્યમાં થતા ફેરફારો પણ સામાન્ય શેરની જેમ જ ભાવસપાટી અને વળતરના આધારે શોધી શકાય છે. પ્રો.ફ્રિડમેન ભાવસપાટીને ધ્યાનમાં રાખીને ભૌતિક સંપત્તિમાંથી મળતા વળતરના દરને $\frac{1}{p}\cdot\frac{dp}{dt}$ સંજ્ઞા આપે છે.

6.2.3.5 માનવીય સંપત્તિ : પ્રો.ફ્રિડમેન માનવીની ઉત્પાદન શક્તિને અથવા મજૂરની આવકના વર્તમાન મૂલ્યને માનવીય સંપત્તિ તરીકે ઓળખાવે છે. આમ, ઉપરોક્ત વિવિધ સ્વરૂપોમાં રાખવામાં આવતી અસ્ક્યામતો પર મળતું વળતર એ નાણાંની માંગ નક્કી કરનાર અગત્યનું પરિબળ છે. આ સિવાયની અન્ય અસ્ક્યામતો માંથી પ્રાપ્ત થતું વળતર એ નાણું ધારણ કરવાના વૈકલ્પિક ખર્ચ તરીકે ઓળખવામાં આવે છે. જો નાણાં સિવાયની અન્ય અસ્ક્યામતોમાંથી મળતા વળતરનું પ્રમાણ વધે તો નાણાંની માંગ ઘટે. અસ્ક્યામતો માંથી પ્રાપ્ત થતા વળતરમાં મુખ્યત્વે બે બાબતોનો સમાવેશ થયેલો હોય છે.

(i) અસ્ક્યામતો માંથી પ્રાપ્ત થતી વ્યાજ અથવા ડિવિડન્ડની આવક

(ii) અસ્ક્યામતોની કિંમતમાં ફેરફારના પરિણામે ઉદ્ભવતા મૂડીલાભ

પ્રો.ફ્રિડમેન જણાવે છે કે નાણું અને અન્ય તમામ અસ્ક્યામતો તૃષ્ટિગુણ ધરાવે છે. અસ્ક્યામતોનો માલિક આ તમામ પ્રકારની અસ્ક્યામતોના વળતર વચ્ચે સમ-સિમાન્ત તૃષ્ટિગુણના નિયમના આધારે સમતુલા મેળવીને મહત્તમ તૃષ્ટિગુણ મેળવી શકે છે.

6.2.4 લોકોની પસંદગીના ધોરણો (U):

પ્રો.ફ્રિડમેન એવી ધારણા સાથે ચાલે છે કે સામાન્ય સંજોગોમાં સંપત્તિ ધારકના પસંદગીના ધોરણો સ્થિર રહે છે અને તે નાણાંની માંગમાં મોટા ફેરફાર લાવતા નથી. લોકોની પસંદગી અને અભિરૂચિ પર અસર કરતા કેટલાક અગમ્ય પરિબળોને તેઓ 'U' સંજ્ઞા વડે દર્શાવે છે.

6.2.5 ભાવસપાટીમાં ફેરફારઃ

ભાવસપાટીમાં થતા ફેરફારો નાણાંના વળતર દર અને રોકડ પુરાંતોના વાસ્તવિક મૂલ્યો પર અસર કરે છે. જો ભાવસપાટી ઊંચી જાય તો નાણાંભંડોળનું વાસ્તવિક મૂલ્ય ઘટે છે અને આનાથી ઊલટું જો ભાવસપાટી નીચી જાય તો નાણાંભંડોળનું વાસ્તવિક મૂલ્ય વધે છે. એટલેકે ભાવ વધે તો નાણાંનો વળતર દર નકારાત્મક બને છે અને ભાવ ઘટે તો તે હકારાત્મક બને છે. આમ, જો ભાવસપાટી ઘટે અને નાણાંભંડોળમાંથી વધારે વળતરની અપેક્ષા હોય તો નાણાંની માંગ વધશે અને અન્ય અસ્ક્યામતોની માંગ ઘટશે. આનાથી વિપરીત પરિસ્થિતિ ભાવસપાટી વધે ત્યારે સર્જાય છે.

6.3 નાણાંની માંગનું વિધેય :

દોસ્તો, આગળ દર્શાવેલ તમામ પરિબળો કે જે લોકોની રોકડ નાણાંની માંગ પર અસર કરે છે તેના આધારે પ્રો.પ્રો.ફ્રિડમેને નાણાંની માંગ નું વિધેય નીચે દર્શાવેલ સમીકરણ દ્વારા રજુ કર્યું છે.

$$M = F(P, rb, re, \frac{1}{p} . \frac{dp}{dt}, W, Y, U) \qquad \text{________(i)}$$

ઉપરોક્ત વિધેયમાં નાણાંની માંગને અસર કરતાં પરિબળો એક સાથે રજૂ કરવામાં આવ્યા છે. નાણાંની માંગ આ પરિબળોનું વિધેય છે તેમ અહીં દર્શાવવામાં આવ્યું છે.

જેમાં, M= રોકડ નાણાંની માંગ

P = ભાવસપાટી, રોકડ નાણાંની ખરીદશક્તિનો આધાર ભાવસપાટી પર છે

rb = જુદા જુદા પ્રકારના બોન્ડ્ઝમાંથી પ્રાપ્ત થતો અપેક્ષિત વળતરનો દર

re = જુદા જુદા પ્રકારના શેરોમાંથી પ્રાપ્ત થતો અપેક્ષિત વળતરનો દર

$\frac{1}{p}.\frac{dp}{dt}$ = ભૌતિક સંપત્તિ માંથી પ્રાપ્ત થતો અપેક્ષિત વળતરનો દર

W = બિનમાનવીય સંપત્તિ અને માનવીય સંપત્તિ વચ્ચેનો ગુણોત્તર

Y = કાયમી નાણાંકીય આવક

U = સંપત્તિધારકોની અભિરુચિ અને પસંદગીમાં ફેરફાર લાવતાં પરિબળો

f= વિધેય

પ્રો.ફ્રિડમેન રોકડ નાણાંની માંગનું ઉપરોક્ત સમીકરણ અથવા વિધેય રજૂ કર્યા બાદ જણાવે છે કે વાસ્તવિક ચીજવસ્તુઓના સંદર્ભમાં મહત્તમ લાભ કે તૃષ્ટિગુણ દર્શાવવો હોય તો આ સમીકરણને નાણાંકીય રોકડ નાણાંની માંગના બદલે વાસ્તવિક રોકડ નાણાંની માંગના સ્વરૂપમાં રજૂ કરવું જોઈએ. વાસ્તવિક રોકડ નાણાંની માંગના સ્વરૂપમાં ઉપરોક્ત સમીકરણને રજૂ કરવા માટે રોકડ નાણાંની માંગને ભાવસપાટી ‘P’ વડે ભાગવું જરૂરી છે. આ સમીકરણને ટેકનિકલ રીતે જોઈએતો તે દર્શાવે છે કે ભાવસપાટી ‘P’ કે કાયમી નાણાંકીય આવક ‘Y’ ના સંદર્ભમાં તે ‘પ્રથમ કક્ષાનું સમાનગુણી’ વિધેય છે. તેથી આ સમીકરણની બંને બાજુને ભાવસપાટી ‘P’ કે કાયમી નાણાંકીય આવક ‘Y’ વડે ભાગતા કે ગુણતા તેની બંને બાજુઓ સરખી રહે છે. તેથી સમીકરણ (i) ને નીચે મુજબ રજુ કરી શકાય :

સમીકરણ (i) ની બંને બાજુને ભાવસપાટી 'P' વડે ભાગતા,

$$\frac{M}{P} = f(\frac{P}{P}, rb, re, \frac{1}{p}.\frac{dp}{dt}, W, \frac{Y}{P}, U)$$

$$\therefore \frac{M}{P} = f(1, rb, re, \frac{1}{p}.\frac{dp}{dt}, W, \frac{Y}{P}, U)$$

___________(ii)

અહીં M/P એ વાસ્તવિક રોકડ પુરાંતો માટેની માંગ દર્શાવે છે કે જે રોકડ નાણાંકીય મૂલ્યોથી સ્વતંત્ર છે.

ઉપરોક્ત સમીકરણ (i) ની બંને બાજુને ‘Y’ વડે ભાગતા નીચેના સ્વરૂપમાં પણ દર્શાવી શકાય.

$$\frac{M}{Y} = f(\frac{P}{Y}, rb, re, \frac{1}{p}.\frac{dp}{dt}, W, \frac{Y}{Y}, U)$$

$$\therefore \frac{M}{Y} = f(\frac{P}{Y}, rb, re, \frac{1}{p}.\frac{dp}{dt}, W, 1, U)$$

___________(iii)

ઉપરોક્ત સમીકરણમાં રોકડ નાણાંની કુલ માંગ 'M' અને કાયમી નાણાંકીય આવક 'Y' છે. જો M/Y ઊલટાવીએ તો Y/M મળે. ધારોકે નાણાંકીય આવક રૂ.10,000 છે અને રોકડ નાણાંની માંગ રૂ.1,000 છે, તો Y/M= રૂ.10,000/રૂ.1,000= 10 થાય. એનો અર્થ થાય કે

નાણાંના એક એકમે 10 વખત આવક બનવું પડશે. આમ Y/M એ નાણાંનો આવક ચલણવેગ છે. તેથી M/Y એ આવક ચલણવેગ નું વ્યસ્ત સ્વરૂપ છે.

$$\therefore \frac{M}{Y} = \frac{1}{V} \text{ અને } \frac{Y}{M} = V)$$

અહીં, 1/v એટલેકે ($\frac{P}{Y}$, rb, re, $\frac{1}{P}.\frac{dp}{dt}$, W, , U) એ નાણાંની માંગ બતાવે છે કારણકે રોકડ નાણાંની માંગ 'K' અને આવક ચલણવેગ 'V' વચ્ચે વ્યસ્ત સંબંધ છે. તેથી 1/V= રોકડ નાણાંની માંગ છે તેમ કહી શકાય. હવે, M/Y એ નાણાંના આવક ચલણવેગ નો વ્યસ્ત આંક છે. એટલેકે,

$$\frac{M}{Y} = f\left\{\frac{1}{V(\frac{P}{Y}rb, re, \frac{1}{P}.\frac{dp}{dt}, W,1, U)}\right\} \qquad \text{________(iv)}$$

જો આ વિધેયને ઉલટાવીએ તો,

$$\frac{Y}{M} = f\left\{V(\frac{P}{Y}rb, re, \frac{1}{P}.\frac{dp}{dt}, W,1, U)\right\}$$

M ને ડાબી બાજુથી જમણી બાજુએ લઈ જઈએ તો,

$$Y = f\left\{V(\frac{P}{Y}rb, re, \frac{1}{P}.\frac{dp}{dt}, W,1, U)\ M\right\} \qquad \text{________(v)}$$

ઉપરોક્ત સમીકરણ (v) એ નાણાંના પરિમાણના સિદ્ધાંતનું જ એક સ્વરૂપ છે કે જેમાં V નાણાંનો આવક ચલણવેગ દર્શાવેલ છે. સમગ્ર ચર્ચા પરથી કહી શકાય કે કાયમી આવક Y નો આધાર ચલણવેગ V અને નાણાંપરિમાણ M પર રહેલો છે. ચલણવેગ નો આધાર rb, re, U...... વગેરે પરિબળો પર રહેલો છે. આમ, કહી શકાય કે પ્રો.ફ્રિડમેને ચલણવેગને અસર કરતા પરિબળો વિષદ રીતે રજૂ કર્યા છે. તેમના મતે આ પરિબળોમાં ઓચિંતા ફેરફાર થતા નથી. તેમાં આવતા ફેરફારો અંગે આગાહી કરી શકાય છે. ટૂંકમાં, પ્રત્યક્ષ રીતે નાણાંની માંગને અને પરોક્ષ રીતે ચલણવેગને નક્કી કરતા rb, re, ... વગેરે પરિબળો સ્થિર અને આગાહી કરી શકાય તેવા છે. નાણાંપરિમાણના વિનિમય સમીકરણમાં પ્રો.ફિશરે ચલણવેગને સ્થિર ગણ્યો હતો તેમજ રોકડપુરાંતના સમીકરણમાં પ્રો.કેઈન્સે તેને અસ્થિર ગણ્યો હતો. જ્યારે પ્રો.ફ્રિડમેનના મતે નાણાંનો ચલણવેગ એક રીતે અસ્થિર છે. પરંતુ ખાસ વિશિષ્ટ અર્થતંત્રમાં તે સ્થિર છે. પ્રો.પ્રો.ફ્રિડમેને અમેરિકાના ઈતિહાસનો અભ્યાસ કરીને જણાવ્યું કે આવક વધારાની સાથે નાણાંની માંગ વધતી જાય છે અને જો નાણાંની માંગ વધે તો નાણાંનો ચલણવેગ ઘટે. આમ, ચલણવેગ અસ્થિર છે; પરંતુ નાણાંની માંગને અસર કરતા પરિબળો સ્થિર અને આગાહી કરી શકાય તેવા છે. નાણાંના ચલણવેગમાં જે ક્રમશઃ ઘટાડો થાય છે તે જોઈ શકાય તેવો છે. તેથી ઉત્પાદન અને ભાવસપાટીની સ્થિરતા માટે અન્ય પરિબળો એટલેકે નાણાંનો પુરવઠો (M) અગત્યનું બને છે. દેશની મધ્યસ્થ બેંક અને વેપારી બેંકો સંયુક્ત રીતે દેશમાં નાણાંનો પુરવઠો નક્કી કરે છે. આમ, પ્રો.મિલ્ટન પ્રો.ફ્રિડમેને સાબિત કર્યું છે કે નાણાંનો પુરવઠો નાણાંના

મૂલ્યને અસર કરતું મહત્વનું પરિબળ છે અને તેની મદદથી તેમણે નાણાંપરિમાણના સિદ્ધાંતનું પુનઃકથન રજૂ કર્યું છે. પ્રો.પ્રો.ફ્રિડમેને નાણાંની માંગ અંગેનો વિસ્તૃત ખ્યાલ રજૂ કરીને તેના દ્વારા નાણાંપરિમાણનો ભાવસપાટી સાથેનો સંબંધ સમજાવ્યો છે. નાણાંપરિમાણનો સિદ્ધાંત પ્રત્યક્ષ રીતે ભાવસપાટી, ઉત્પાદન કે આવક અંગે કંઈ જણાવતો નથી. પ્રો.ફ્રિડમેનના શબ્દોમાં કહીએ તો, ''નાણાંપરિમાણનો સિદ્ધાંતએ નાણાંની માંગનો સિદ્ધાંત છે. તે ઉત્પાદન, નાણાંકીય આવક કે ભાવસપાટીનો સિદ્ધાંત નથી.''

6.4 પ્રો.ફિશર- કેમ્બ્રિજ સમીકરણો સાથે તુલના :

પ્રો.પ્રો.ફ્રિડમેને રજુ કરેલ નાણાંપરિમાણનો નવો સિદ્ધાંત પ્રો.ફિશર અને કેમ્બ્રિજના નાણાંપરિમાણના સિદ્ધાંતો સાથે સામ્યતા ધરાવે છે. જેમકે, પ્રો.ફિશરના સમીકરણમાં PT= MV છે, તો પ્રો.ફ્રિડમેનના સમીકરણમાં

$$Y = V(\frac{P}{Y}, rb, re, \frac{1}{p} \cdot \frac{dp}{dt}, W, 1, U)\ M$$

છે. આ બંને સમીકરણોમાં જોઈએતો જમણી બાજુએ M અને V સરખા છે. જોકે પ્રો.ફિશરના સમીકરણમાં V નાણાંનો વિનિમય ચલણવેગ દર્શાવે છે, જ્યારે પ્રો.ફ્રિડમેનના સમીકરણમાં V નાણાંનો આવક ચલણવેગ દર્શાવે છે.

પ્રો.ફિશરના સમીકરણમાં ડાબી બાજુએ PT પદ આવેલું છે જે વર્ષ દરમિયાન થયેલા સોદાઓનું મૂલ્ય દર્શાવે છે. જ્યારે પ્રો.ફ્રિડમેનના સમીકરણમાં જમણી બાજુએ આવેલું પદ Y વર્ષ દરમિયાન લોકોની નાણાંકીય આવક દર્શાવે છે જેને આપણે Y= PR તરીકે પણ દર્શાવી શકીએ કારણ કે કુલ નાણાંકીય આવક અંતિમ વાસ્તવિક આવક અને તેની સરેરાશ કિંમતના ગુણાકાર બરાબર હોય છે. આમ, બંને સમીકરણ નીચે મુજબ રજુ કરતા એક સરખા જ માલુમ પડે છે.

$$PT = MV \quad \text{___________}(i)$$

$$Y \text{ અથવા } PR = MV(\frac{P}{Y}, rb, re, \frac{1}{p} \cdot \frac{dp}{dt}, W, 1, U) \quad \text{___________}(ii)$$

અહીં T= વર્ષ દરમિયાન થયેલ સોદાઓ છે જે વર્ષ દરમિયાન ની વાસ્તવિક આવક કે ઉત્પાદન પર આધારિત છે. જ્યારે R= વર્ષ દરમિયાનની વાસ્તવિક આવક છે. MV= PR સમીકરણમાં V ના બદલે 1/K મૂકવામાં આવેતો કેમ્બ્રિજ સમીકરણ પ્રાપ્ત થાય છે. જેમકે,

$$MV = PR$$

$$\therefore \quad M \times 1/K = PR$$

$$\therefore \quad M = PKR \quad \text{__________}(iii)$$

પ્રો.ફિશરના સમીકરણમાં સોદાનું સરેરાશ નાણાંકીય મૂલ્ય છે, જ્યારે પ્રો.ફ્રિડમેનના સમીકરણમાં તે વાસ્તવિક આવકના એકમનું સરેરાશ નાણાંકીય મૂલ્ય દર્શાવે છે. આમ, આ બંને સમીકરણોની મદદથી એક જ વસ્તુ દર્શાવવામાં આવી છે. તેમ છતાં તે બંનેની વચ્ચે કેટલાક અંશે તફાવત જોવા મળે છે. પ્રો.ફિશર-કેમ્બ્રિજના સમીકરણમાં 'V' સતત છે તેવી જે ધારણા કરવામાં આવી છે તેની કોઈ વૈજ્ઞાનિક સમજૂતી આપવામાં આવી નથી. જ્યારે પ્રો.ફ્રિડમેનના સમીકરણમાં 'V' ને એકંદરે સ્થિર ધારી લેવામાં આવ્યું છે અને 'V' ને અસર કરતા પરિબળોનું વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કરી તેના દ્વારા સમજાવવામાં આવ્યું છે કે નાણાંની

માંગ કે નાણાંનો આવક ચલણવેગ નાણાંના પુરવઠાથી સ્વતંત્ર છે. એટલેકે નાણાંના પુરવઠામાં થતા ફેરફારોથી નાણાંની માંગ પર કોઈ અસર થતી નથી. ટૂંકમાં, પ્રો.ફ્રિડમેનનું આ સમીકરણ જૂના નાણાંપરિમાણના સિદ્ધાંતની કેટલીક ખામીઓ દૂર કરવાનો એક પ્રયાસ છે. એટલુંજ નહીં પરંતુ તે નાણાંના મૂલ્યને નાણાંના પુરવઠા સાથે સાંકળવાનો એક વૈજ્ઞાનિક પ્રયત્ન છે.

6.5 પ્રો.ફ્રિડમેનના નાણાંપરિમાણના સિદ્ધાંતની ટીકાઓ :

પ્રો.પ્રો.ફ્રિડમેને નાણાંપરિમાણના સિદ્ધાંતનું પુનર્કથન કરીને નાણાંનું મહત્વ પુનઃસ્થાપિત કર્યું છે. પ્રો.ફ્રિડમેન દ્વારા રજુ કરાયેલ નાણાંપરિમાણનો સિદ્ધાંત નાણાંપરિમાણના નવપ્રશિષ્ટ સિદ્ધાંતની કેટલીક ખામીઓ દૂર કરીને નાણાંકીય અર્થશાસ્ત્રમાં આગવું મહત્વ ધરાવે છે તેમ છતાં આ સિદ્ધાંતની કેટલીક ટીકાઓ થયેલી છે જે નીચે મુજબ છે :

6.5.1 નાણાંની માંગનું પ્રમાણ અનિશ્ચિત : પ્રો.ફ્રિડમેનના નાણાંપરિમાણના સિદ્ધાંતમાં W, U વગેરે પદોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ પદોમાં આત્મલક્ષીતાનું તત્વ હોવાથી ચોકસાઈપૂર્વક દર્શાવી શકાતા નથી. પરિણામે નાણાંની માંગનું પ્રમાણ નિશ્ચિત પણે જાણી શકાતું નથી.

6.5.2 નાણાંનો ચલણવેગ સ્થિર : આ સિદ્ધાંતમાં જણાવવામાં આવ્યું છે કે નાણાંનો ચલણવેગ એ રોકડ નાણાંની માંગનું વ્યસ્ત છે અને તે નાણાંના પુરવઠામાં થતા ફેરફારોથી અસર પામતું નથી. પરંતુ નાણાંના પુરવઠામાં ફેરફાર થતા ભાવસપાટીમાં ફેરફાર થાય છે. જેના પરિણામે નાણાંની માંગમાં પરિવર્તન આવે છે અને તેથી નાણાંના ચલણવેગ પર તેની અસર થતી હોવાથી આ વિધાન સાથે સરળતાથી સંમત થઈ શકાતું નથી. એટલેકે નાણાંનો આવક ચલણવેગ સ્થિર રહે છે તે ધારણા યોગ્ય નથી.

6.5.3 નાણું સંપત્તિ છે : પ્રો.ફ્રિડમેન નાણાંને સંપત્તિ તરીકે ગણી નાણાંની માંગ અને નાણાંના મૂલ્યનો વિચાર કરે છે. જ્યારે પ્રો.કેઈન્સના અનુયાયીઓ નાણાંની માંગ વિનિમયના માધ્યમ તરીકે પણ થાય છે તેમ માને છે. આ સ્થિતિમાં નાણું સંપત્તિ છે કે વિનિમયનું માધ્યમ તે અંગે અર્થશાસ્ત્રીઓમાં એક મત સધાતો નથી. આમ, જો નાણાંને સંપત્તિ તરીકે ગણવામાં આવે તો પ્રો.ફ્રિડમેનનું નાણાંની માંગનું વિધેય સ્વીકાર્ય બને અન્યથા નહીં.

6.5.4 અલ્પવિકસિત દેશોમાં ઉપયોગીતા નહિવત : મૂડીવાદી દેશોમાં નાણાંબજારનો પૂરતો વિકાસ થયેલો હોવાથી સંપત્તિના એક સ્વરૂપને બીજા સ્વરૂપમાં સરળતાથી બદલી શકાય છે. તેથી પ્રો.ફ્રિડમેનનો નાણાંની માંગનો સિદ્ધાંત વિકસિત અને મૂડીવાદી દેશો માટે ઉપયોગી નિવડે છે જ્યારે ભારત જેવા અલ્પવિકસિત દેશો કે જ્યાં નાણાંબજારનો ખાસ વિકાસ થયેલો હોતો નથી ત્યાં આ સિદ્ધાંતની ઉપયોગીતા નહિવત રહે છે.

6.5.5 રાજકોષીય નીતિ અને વ્યાજદરની અવગણના : પ્રો.પ્રો.ફ્રિડમેને નાણાંના પુરવઠાને કાયમી આવક સાથે સાંકળી છે અને રાજકોષીય નીતિ અને વ્યાજદરની ઉપેક્ષા કરી છે. વાસ્તવમાં જોઈએ તો વ્યાજનો દર નાણાંની માંગને મહત્વની રીતે અસર કરતો હોય છે.

6.6 સારાંશ :

દોસ્તો, પ્રસ્તુત એકમમાં આપણે પ્રો.ફ્રિડમેનના નાણાંપરિમાણના આધુનિક સિદ્ધાંત, નાણાંવાદના પુનરુત્થાન અંગે સમજણ મેળવી જેમાં આપણે,

- નાણાંપરિમાણના સિદ્ધાંતના પુનર્કથન અંગે સમજૂતી મેળવી.
- નાણાંની માંગ પર અસર કરતા વિવિધ પરિબળો વિશે ચર્ચા કરી.
- નાણાંની માંગના વિધેય અંગે માહિતી મેળવી.
- નાણાંપરિમાણના આધુનિક સિદ્ધાંતની પ્રો.ફિશર-કેમ્બ્રિજ સમીકરણો સાથે તુલના વિશે જાણકારી મેળવી.
- નાણાંપરિમાણના સિદ્ધાંતની થયેલી ટીકાઓ અંગે જાણકારી મેળવી.

6.7 ચાવીરૂપ શબ્દો :

- કાયમી આવક : કાયમી આવક એટલે વ્યક્તિ તેની પાસે રહેલી કુલ સંપત્તિમાં ફેરફાર કર્યા વગર પોતાની કુલ વપરાશ જાળવી શકે તેવી આવક. કાયમી આવક એ લાંબાગાળાની આવકની સરેરાશ દર્શાવે છે.
- બોન્ડ : કોર્પોરેટ્સ અને સરકાર જેવી જુદીજુદી સંસ્થાઓને બજારમાંથી ભંડોળ એકત્રિત કરવાની મંજૂરી આપતા ધિરાણના સાધનને બોન્ડ તરીકે ઓળખવામાં આવે છે. બોન્ડના સ્વરૂપમાં રહેલ સંપત્તિ નિશ્ચિત પ્રમાણમાં એકધારી વાર્ષિક નાણાંકીય આવક આપે છે. એટલું જ નહીં, પરંતુ બજારના વ્યાજના દરમાં ફેરફાર થતા બોન્ડના મૂલ્યમાં પણ ફેરફાર થાય છે. જે મૂડીલાભ કે ગેરલાભના સ્વરૂપમાં વ્યક્તિને મળે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને વ્યક્તિ કેટલા પ્રમાણમાં પોતાની સંપત્તિનું બોન્ડમાં રોકાણ કરવું તે નક્કી કરે છે.
- શેર : શેર જારીકર્તા કંપનીની માલિકીના એકમને દર્શાવે છે. શેરની કિંમતને વિવિધ પરિબળો અસર કરતા હોય છે. આથી શેરના સ્વરૂપમાં રહેલ સંપત્તિમાંથી પ્રાપ્ત થતું વાર્ષિક વળતર અનિશ્ચિત હોય છે. આ ઉપરાંત તેના મૂલ્યમાં થતા વધારા કે ઘટાડાને ધ્યાનમાં રાખીને વ્યક્તિ સામાન્યરીતે તેમાં પોતાની મૂડીનું રોકાણ કરે છે.
- માનવીય સંપત્તિ : માનવીની ઉત્પાદક શક્તિ એટલેકે મજૂરની આવકનું વર્તમાન મૂલ્ય જે માનવીય સંપત્તિ તરીકે ઓળખવામાં આવે છે.
- બિનમાનવીય સંપત્તિ : નાણું, બોન્ડ, શેર તથા ભૌતિક વસ્તુઓ જેવા આવકના સાધનોને બિનમાનવીય સંપત્તિ તરીકે ઓળખવામાં આવે છે.

6.8 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નિબંધ પ્રકારના પ્રશ્નો :

- પ્રો.ફ્રિડમેનનો નાણાંપરિમાણનો સિદ્ધાંત વિગતે સમજાવો.
- પ્રો.ફ્રિડમેનના નાણાંપરિમાણના સિદ્ધાંતની પ્રો.ફિશર-કેમ્બ્રિજ સમીકરણો સાથે તુલના કરો.

(ખ) ટૂંકનોંધ :

- કાયમી આવક
- સંપત્તિના સ્વરૂપો
- નાણાંની માંગના નિર્ણાયકો
- પ્રો.ફ્રિડમેનના નાણાંપરિમાણના ખ્યાલની ટીકાઓ

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

(1) નીચે પૈકી કયા અર્થશાસ્ત્રીએ નાણાંપરિમાણના સિદ્ધાંતનું પુનઃસંસ્કરણ કરવાનો પ્રયાસ કર્યો છે ?

(ક) પ્રો.ફિશર (ખ) પ્રો.પીગુ

(ગ) પ્રો.રોબર્ટસન (ઘ) પ્રો.ફ્રિડમેન

(2) 'Studies in the Quantity Theory of Money' નામનું પુસ્તક કોણે પ્રકાશિત કર્યું ?

(ક) પ્રો.મિલ્ટન ફ્રિડમેન (ખ) પ્રો.ઈરવિંગ પ્રો.ફિશર

(ગ) પ્રો.કેઈન્સ (ઘ) પ્રો.પિગુ

(3) "નાણાંપરિમાણનો સિદ્ધાંત એ સૌપ્રથમ નાણાંની માંગનો સિદ્ધાંત છે. તે ઉત્પાદન, નાણાંકીય આવક કે ભાવસપાટીનો સિદ્ધાંત નથી" - આ વિધાન ક્યા અર્થશાસ્ત્રીનું છે.

(ક) પ્રો.માર્શલ (ખ) પ્રો.ફ્રિડમેન

(ગ) પ્રો.કેઈન્સ (ઘ) પ્રો.રોબર્ટસન

(4) પ્રો.ફ્રિડમેનના મતે નાણાંની માંગની આવક સાપેક્ષતા લગભગ કેટલી હોય છે ?

(ક) 1.2 (ખ) 1.4

(ગ) 1.6 (ઘ) 1.8

(5) સમાજમાં કુલ સંપત્તિ કેટલી છે તે .... દ્વારા જાણી શકાય છે ?

(ક) W= r/Y (ખ) W= Y/r

(ગ) WY=r (ઘ) એક પણ નહિ

(6) ....સ્વરૂપમાં રહેલી સંપત્તિ નિશ્ચિત પ્રમાણમાં એકધારી વાર્ષિક નાણાંકીય આવક આપે છે.

(ક) બોન્ડ (ખ) શેર

(ગ) નાણાંના (ઘ) એકપણ નહિ

(7) રોકડ નાણાંની માંગ અને આવક ચલણવેગ વચ્ચે .... સબંધ છે.

(ક) સીધો (ખ) વ્યસ્ત

(ગ) સીધો અને સપ્રમાણ (ઘ) એકપણ નહિ

6.9 સંદર્ભ સૂચિ :

1. Sinh, R. N. (2013): Samashti Arthshastra, Nikhil Publishers and distributors, Agra.

2. Ackley, Gardner (1977): Macroeconomics: Theory & Policy, Macmillan, New York.

6.10 હેતુલક્ષી પ્રશ્નોના જવાબ :

(1)	ઘ	(5)	ખ
(2)	ક	(6)	ક
(3)	ખ	(7)	ખ
(4)	ઘ		

****

એકમ: 7
ફુગાવા અંગેના વિવિધ અભિગમો

❖ રૂપરેખા :

7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 ફુગાવાનો અર્થ

7.3 અર્થતંત્રમાં નાણાના મહત્ત્વ અંગેનો વિવાદ

7.4 ફુગાવા અંગેના વિવિધ આર્થિક અભિગમો

7.5 માળખાગત ફુગાવો

7.6 સારાંશ

7.7 ચાવીરૂપ શબ્દો

7.8 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભગ્રંથ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

7.0 ઉદ્દેશો :

આ એકમનો ઉદ્દેશ સતત ભાવ વધારાનો આર્થિક અભ્યાસ છે, જે માનવ સભ્યતાની શરૂઆતથી સમગ્ર વિશ્વમાં એક મહત્વપૂર્ણ ઘટના રહી છે. જુદા જુદા સમયે તેના ગંભીર રાજકીય અને આર્થિક પરિણામો પણ આવ્યા છે. આ એકમ વાંચ્યા પછી, તમે ..

- ➢ ફુગાવાનો અર્થ સમજાવી શકશો.
- ➢ નાણાકીય ફુગાવાના કેટલાક સિદ્ધાંતો અને કારણો જણાવી શકશો.

7.1 પ્રસ્તાવના :

વિશ્વ અર્થતંત્ર માટે ફુગાવો કોઈ નવી ઘટના નથી. શરૂઆતથી જ, પૃથ્વીના સમુદ્રની નજીક વિકસિત સંસ્કૃતિએ સોનાની નવી ખાણોની શોધને કારણે ફુગાવાનો અનુભવ કર્યો. વિજેતા રોમન સમ્રાટો દ્વારા સોના અને ચાંદીના સંગ્રહના કારણે મૂલ્યોમાં ભારે વધારો થયો. ગ્રીક સમ્રાટ સિકંદર દ્વારા ફારસમાં સોનાનો કબજો જપ્ત કરવાથી ફુગાવાની પ્રાચીન યુગમાં સૌથી મોટી ઘટના હતી. આધુનિક યુગમાં પણ, ભાવવધારાના રોગો પરિસ્થિતિ બદલવામાં અને સરકારને ઉથલાવી પાડવામાં ફાળો આપ્યો છે. જર્મનીમાં ડૉ. કુનોની ઉદાર સરકારનું સ્થાન હિટલરની નાઝી સરકાર દ્વારા લેવામાં આવ્યું કારણ કે સદીના બીજા દાયકામાં અતિશય ફુગાવાને નિયંત્રિત કરી શકાયો નહીં. આ સદીના એંસીના દાયકામાં, બ્રિઝિલ, વેનેઝુએલા, નિકારાગુઆ, મેક્સિકો વગેરે જેવા ઘણા દક્ષિણ અમેરિકન દેશોમાં ત્રણ કે ચાર અંકનો ફુગાવો સામાન્ય નહોતો, જેના કારણે રાજકીય અસ્થિરતા અને લશ્કરી સંઘર્ષો થયા. અમેરિકા, પશ્ચિમ જર્મની, ઈટાલી અને બ્રિટન જેવા વિકસિત ઔદ્યોગિક દેશો પણ ફુગાવાથી દુર રહ્યા નથી. આ સમસ્યા એટલી જટિલ છે કે હજુ સુધી કોઈ અસરકારક અને કાયમી ઉકેલ મળ્યો નથી. નવ-

પ્રશિષ્ટવાદી અર્થશાસ્ત્રીઓના મતે, ફુગાવો ભયંકર અને વિનાશક છે, જયારે પ્રો.કેઈન્સવાદીઓના મતે, તે એક સામાન્ય ક્ષણિક ઘટના છે. કારણ કે અર્થતંત્ર અપૂર્ણ રોજગારીએ સંતુલનમાં છે. ફુગાવો અથવા ચલણમાં વધારો માંગ, ઉત્પાદન અને રોજગારમાં વધારો કરે છે. પરંતુ પૂર્ણ રોજગારી પછી, નાણાં પુરવઠામાં વધારો ફુગાવાનું સર્જન થાય છે. હવે આપણે ફુગાવાને વ્યાખ્યાયિત કરીશું.

7.2 ફુગાવાનો અર્થ :

અર્થશાસ્ત્રીઓએ નાણાને ઘણી રીતે વ્યાખ્યાયિત કર્યા અને પરિણામે વ્યાખ્યા વિસ્તરતી રહી. આ વ્યાખ્યાઓ તેની પ્રક્રિયાના આધારે છે કે જેનાથી ફુગાવો થાય છે. માંગ આધારિત, ખર્ચ આધારિત વગેરે જેવા નફાને જન્મ આપતા પરિબળો પર આધારિત છે. પરંતુ આને કારણે નફા અને ભાવ વધારા વચ્ચેનો મૂળભૂત સંબંધ ઝાંખો પડી જાય છે. સામાન્ય ખ્યાલ મુજબ, ફુગાવો એ એવી પરિસ્થિતિ છે જે સામાન્ય ભાવમાં વધારો દર્શાવે છે. ફુગાવો એ આર્થિક શક્તિના પ્રમાણમાં નાણાંના જથ્થામાં બિનજરૂરી વધારો અથવા ચલણના વધુ પડતા છાપવાથી થતી મૂલ્યવૃદ્ધિ

Chamber's Twentieth Century Dictionary મતે, "ફુગાવો એ સામાન્ય અથવા સરેરાશ ભાવ સ્તરમાં સતત અને નોંધપાત્ર વધારો" છે.

પ્રો.પ્રો.પ્રો.પિગુના મતે, અર્થતંત્રમાં ફુગાવો એ સ્થિતિ છે "જ્યારે ઉત્પાદનના સાધનોને કરવામાં આવેલ ચૂકવણી ઉત્પાદન કરતા નાણાકીય આવક વધુ ઝડપથી વધી રહી હોય છે."

આ બધી વ્યાખ્યાઓમાં સામાન્ય મુદ્દો એ છે કે ફુગાવો એ એવી પરિસ્થિતિ છે જ્યાં વર્તમાન ભાવે કુલ માંગ અને કુલ પુરવઠા વચ્ચે અસંતુલનની સ્થિતિ હોય છે. આના કારણે સામાન્ય ભાવ સ્તર વધે છે...

7.3 અર્થતંત્રમાં નાણાના મહત્ત્વ અંગેનો વિવાદ :

આર્થિક ઘટનાઓનો પ્રવાહ નક્કી કરવામાં નાણું અમુક અંશે અગત્યનું છે એ વિષે વ્યાપક સંમતિ પ્રવર્તે છે. પરંતુ નાણું કેટલે અંશે અગત્યનું છે તે વિષે (એટલે કે નાણાંના ગુણાંકના મૂલ્ય વિષે) ગણના પાત્ર વિવાદ પ્રવર્તે છે. નાણાવાદીઓની દલીલ એવી છે કે નાણાંના જથ્થામાં થતા ફેરફારે કુલ ખર્ચમાં થતા ફેરફારોના મુખ્ય નિર્ણાયકો છે. બીજી બાજુ, બિનનાણાવાદીઓ એ સ્વીકારે છે કે નાણું અગત્યનું છે પરંતુ એની સાથે તેઓ કુલ માંગના અન્ય વિવિધ ઘટકોમાં થતા ફેરફારોને પણ આર્થિક પ્રવૃત્તિઓની સપાટી માટે અગત્યના ગણે છે. તેથી તેઓ નાણાકીય અંકુશ ઉપર જેટલો ભાર મૂકે છે તેટલો જ રાજકોષીય નીતિ ઉપર પણ ભાર મૂકે છે. હકીકતમાં તો નાણાંના મહત્ત્વ અંગેના આ અભિપ્રાયોની એક આખી હારમાળા છે, એના એક છેડે "નાણું કોઈ ખાસ મહત્ત્વ ધરાવતું નથી." એવો અભિપ્રાય છે અને બીજે છેડે "કેવળ નાણું અગત્યનું છે" એવો અભિપ્રાય છે. એમાંથી એક અગત્યનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે આ અભિપ્રાયોમાં પ્રક્રિયાના પ્રવર્તતા તફાવતો કેટલે અંશે નાણાકીય પ્રક્રિયાના મોડેલોના તફાવતોને આભારી છે ? (નાણાકીય પ્રક્રિયા એટલે નાણાંનું પ્રસારણતંત્ર અર્થાત્ નાણું કઈ રીતે વાસ્તવિક ઉત્પાદન, રોજગારી અને ભાવસપાટીને અસર કરે છે તેની સમજૂતી) આ એકમમાં આ પ્રશ્નની ચર્ચા કરવાની છે. એ માટે નાણાવાદીઓ અને બિન-નાણાવાદીઓના અભિપ્રાયો પાછળ રહેલા વિશ્લેષણાત્મક પાયાની સમીક્ષા કરવામાં આવી છે.

7.4 ફુગાવા અંગેના વિવિધ અભિગમ :

ભાવ વધારાનો અપેક્ષિત દર સામાન્ય રીતે એજ રહે છે. પરંતુ અર્થતંત્રમાં અમુક ગતિશીલ પરિબળો અપેક્ષિત દરે વૃદ્ધિ અથવા ઘટાડાનું કારણ બને છે. આ પરિબળોને બે ભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે. નાણાકીય શક્તિનું પહેલુ બળ સમયની માંગને વેગ આપે છે. જો કોઈ કારણોસર કુલ માંગનું પ્રમાણ અર્થતંત્રમાં મહત્તમ શક્ય ઉત્પાદન કરતાં વધી જાય, તો ભાવ વધારાનો અપેક્ષિત દર વધવાનું વલણ ધરાવે છે. આને ''માંગ-આધારિત'' ભાવ વધારો કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે સંપૂર્ણ રોજગારી પર કુલ માંગ ઉત્પાદન કરતાં વધી જાય છે, ત્યારે ફુગાવાનો બોજ વધવા લાગે છે. ક્યારેક, પૂર્ણ રોજગારીને અનુરૂપ ઉત્પાદન સ્તર પ્રાપ્ત થાય તે પહેલાં જ, મૂલ્યવૃદ્ધિ જોવા મળે છે. એટલે કે, જો ઉત્પાદનના સંસાધનોનો સંપૂર્ણ ઉપયોગ ન થાય તો પણ, ઉત્પાદન ખર્ચમાં થતો વધારો હજુ પણ ભાવમાં વધારો કરે છે. આ પ્રક્રિયાને ખર્ચ પ્રેરિત ફુગાવો કહે છે.

પ્રો.જે.એમ કેઈન્સ'' બધા જ પ્રકારની કિંમત વધારાને ફુગાવો ગણતા નથી. પરંતુ પૂર્ણ રોજગારીની પરિસ્થિતિએ પહોંચ્યા પછી ભાવ સપાટીમાં જે વધારો થાય તે ફુગાવો ગણવામાં આવે છે.

પ્રો.કેઈન્સ ફુગાવાના ખ્યાલને પૂર્ણ રોજગારી સાથે સાંકળે છે. તેમના મતે અપૂર્ણ રોજગારીએ જે ભાવમાં વધારો થાય છે તેને ફુગાવો કહી શકાય નહિ. તેઓ કહે છે કે, જ્યારે અર્થતંત્રમાં બેકારી હોય ત્યારે જો નાણાના પુરવઠો વધે તો ફુગાવો ઉદ્ભવતો નથી. જ્યારે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીએ પહોંચે ત્યારબાદ જ ભાવ વધારો થાય છે. તેને પ્રો.કેઈન્સ ફુગાવો ગણે છે. આની વધારે સમજુતિ એક આકૃતિની મદદથી સમજીએ.

આકૃતિ 7.1



કુલ રાષ્ટ્રીય ઉત્પાદનનું પૂર્ણ રોજગારી સાથેનું પ્રમાણ OY_f છે. પરંતુ કુલ માંગની રેખા 45° ની રેખાને જે બિંદુએ છેદે છે તે અનુસાર કુલ ખર્ચ OY_e જેટલું થાય છે. ભૌતિક દૃષ્ટિએ OY_f કરતા ઉત્પાદન વધી શકે તેમ નથી કારણ કે અર્થતંત્રમાં તે બિંદુએ પૂર્ણ રોજગારી પ્રવર્તે છે. જ્યારે કુલ માંગ અનુસાર OY_e જેટલા ઉત્પાદનની માંગ પ્રવર્તે છે. OY_f ઉત્પાદનની સપાટીએ ભૌતિક ઉત્પાદનનું મૂલ્ય YFA જેટલો માંગના મૂલ્ય બરાબર છે. પરંતુ એટલાં ઉત્પાદન માટે કુલ માંગ તો Y_fB જેટલી છે. એટલે કુલ માંગની અધિકતા (જે ફુગાવાને જન્મ આપનાર પાયાનું બળ છે) તે AB જેટલી છે. આને આપણે ફુગાવા જનક ખાધ કહી શકીએ. AB જેટલી અધિક માંગ ફુગાવાનું પ્રેરક બળ છે. આમાંથી સતત વધતા ભાવોની જે પ્રક્રિયા ઉપસ્થિત થાય છે તેની સમજુતિ બે રીતે આપી શકાય.

❖ **નાણાં પરિમાણના સિદ્ધાંત અનુસાર :** નાણાં પરિમાણના સિદ્ધાંત અનુસાર નાણાંના ચલણ વેગને સ્થિર અને પૂર્ણ રોજગારીની ધારણા અનુસાર નાણાના પુરવઠામાં થતો વધારો સીધો ભાવ સપાટીના વધારામાં પરિણમે છે.

પ્રો.કેન્સીયન સિદ્ધાંત અનુસાર ‘ફુગાવા જનક ખાધની ઉપસ્થિતિ આકૃતિમાં AB અર્થકારણના કુલ ખર્ચમાં અધિકતા આણે છે અને પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રવર્તતી હોય તો તે ભાવો પર દબાણ આણે છે. ભાવો પર કેવું દબાણ રહેશે (ભાવવૃધ્ધિદર) તેનો આધાર અર્થકારણની વપરાશવૃત્તિ : મૂડીરોકાણ વિધેયનું સ્વરૂપ, વ્યાજનો દર અર્થાત્ સંક્ષેપમાં કહીએ તો ખર્ચના પ્રવાહના ઘટકો અને તેના સ્વરૂપ પર રહેલો છે. ફુગાવાની ક્રિયા ખર્ચના પ્રવાહ પર થતી અસર સાથે સબંધિત છે. નાણાં પરિમાણના સિદ્ધાંત અનુસાર ભાવોનો વધારો થાય તે માટે $\frac{\Delta M}{M} > O$ હોય તે આવશ્યક છે. જ્યારે પ્રો.કેઈન્સ સિદ્ધાંત અનુસાર નાણાનો પુરવઠો સ્થિર રહે $\frac{\Delta M}{M} = O$ તો પણ ફુગાવો ઉદ્‌ભવી શકે છે.

ધારો કે ભાવો વધ્યા છે અને નાણાનો પુરવઠો સ્થિર છે. આથી સોદાકીય હેતુ માટે નાણાંની માંગ વધે છે. જેથી વ્યાજદર વધશે. આ વ્યાજના દરમાં વધારો મૂડીરોકાણ અને ખર્ચમાં ઘટાડો આણી ફુગાવાને થંભાવી દે એ શક્ય છે પરંતુ તે ફુગાવાને નાબુદ નહી કરી શકે. કારણકે સોદાકીય હેતુઓ માટે વધેલી નાણાંની માંગનો કેટલો હિસ્સો સટ્ટાકીય હેતુઓ માટે રખાયેલા નાણાંભંડોળમાં ઘટાડો કરીને સંતોષી શકાશે. અને ફુગાવાનો દર $\frac{\Delta M}{M}$ (M નાણાનો પુરવઠો) ના મૂલ્ય પર આધારિત રહે છે. $\frac{\Delta M}{M} = 3$ ટકા હોય તો ભાવો પણ 3 ટકા અનુસાર વધે છે. આમ જેટલા પ્રમાણમાં નાણાના પુરવઠામાં વધારો થાય તેટલી જ ભાવસપાટીમાં વધારો થાય છે. આમ જ્યાં સુધી નાણાના પુરવઠામાં વૃદ્ધિ થતી રહે ત્યાં સુધી ભાવસપાટી વધતી રહે છે.

આવશ્યક (નાણાંની માંગ અનુસાર) નાણાના પુરવઠાની વૃદ્ધિ કરતાં અધિક પ્રમાણમાં થતી નાણાના પુરવઠાની વૃધ્ધિ જો મોટા પ્રમાણમાં હોય અને સતત ચાલુ રહે તો ભાવ સપાટીમાં વધારો આણે છે. એમ ફ્રિડમેન માને છે. જો સટ્ટાકીય હેતુઓ માટેની નાણાંની માંગ પ્રવર્તતી જ ન હોય તો વ્યાજદરના વધારાને ખાળી શકાશે નહિ. અને નાણાના સ્થિર પુરવઠા સાથે ફુગાવો સંભવિત નહિ બને અને જો આવી માંગ અસ્તિત્ત્વ ધરાવતી હોય પણ તે શૂન્ય થઈ જાય તો પણ ફુગાવાની ક્રિયાનો અંત આવશે. પરંતુ સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માંગ શૂન્ય ન હોય તો નાણાનો પુરવઠો સ્થિર હોવા છતાં ફુગાવાની પ્રક્રિયા ઉદ્‌ભવી શકે.

જ્યારે નાણાના પુરવઠામાં વધારો થાય તો વ્યાજદર ઘટશે. પરંતુ પૂર્ણ રોજગારી પ્રવર્તતી હોવાથી વ્યાજદર ઘટવા છતા મૂડીરોકાણમાં વધારો થતો નથી. એટલે વધેલી નાણાકીય આવકનો ઉપયોગ ભાવો વધારવામાં થશે. નાણાકીય આવક અને ભાવ સપાટીમાં વધારો થતા સોદાકીય હેતુ માટેની નાણાંની માંગમાં વધારો થશે

હવે વધેલી નાણાકીય આવકની અસર કેવળ વસ્તુઓના ભાવો વધારવામાં જ પરિણમશે અને વધેલો નાણાનો પુરવઠો સંપૂર્ણ સોદાકીય હેતુ માટેજ ઉપયોગમાં લેવાશે. આ સ્થિતિમાં નાણાનો પુરવઠાના ફેરફારની અસર કેવળ સોદાકીય માંગને સંતોષવામાં થશે. સટ્ટાકીય હેતુ માટેની માંગ શૂન્ય હોવાથી જેટલા પ્રમાણમાં નાણાનો પુરવઠો વધશે તેટલી ભાવ સપાટી વધશે.

- **પ્રો.બેન્ટ હેન્સનની ફુગાવાની સમજૂતી :** પ્રો.કેઈન્સના સિદ્ધાંતમાં જે ફુગાવાજનક ખાધનો ઉલ્લેખ છે તે કેવળ વસ્તુ બજારમાં કુલ માંગની કુલ પુરવઠા પરની અધિકતા સૂચવે છે માંગ-આકર્ષિત ફુગાવાની સમજૂતી આપતાં જણાવ્યું હતું કે ભાવો વધવાથી નિયોજકો ઉત્પાદન વધારવા પ્રેરાય છે, જેથી ઉત્પાદનના સાધનોની માંગમાં વધારો થાય છે. જેથી ઉત્પાદનના સાધનોના ભાવો (વેતન)માં વધારો થાય છે. આમ વસ્તુ બજારમાં અધિક માંગની સ્થિતિ શ્રમબજારમાં પણ અધિક માંગની સ્થિતિ સૂચવે છે. પ્રો.બેન્ટ હેન્સનના મતે પૂર્ણ સ્વરૂપના ફુગાવા માટે વસ્તુ બજાર અને સાધન બજાર બન્નેમાં ખાદ્યની સ્થિતિ હોવી જોઈએ. જો વસ્તુ બજારની ખાદ્ય હંમેશાં અનિવાર્ય પણે સાધન બજારમાં ખાધ આણતી હોય તો બન્નેનો અલગ વિચાર કરવો કે ઉલ્લેખ કરવો જરૂરી નથી પરંતુ જો વસ્તુ બજારમાં ધન ખાધ એટલે કે ચોખ્ખી અધિક માંગની સાથે સાધન બજારમાં ઋણ ખાદ્ય એટલે કે પુરવઠાની સ્થિતિ જોવા મળતી હોય તો પૂર્ણ સ્વરૂપનો ફુગાવો જોવા મળશે નહિ. વાસ્તવમાં વસ્તુ બજારમાં અદિક માંગ અને સાદન બજારમાં અધિક પુરવઠો ફુગાવાનો સ્થિતી સૂચતા નથી. પણ વિસમતુલાની સ્થિ સૂચવે છે. જેના મુળ ઉત્પાદનના સાધનોના ભાવો ઊંચા હોવામાં રહેલું છે.

ફુગાવા દરમ્યાન બન્ને પ્રકારના બજારોમાં માંગની અધિકતાની સ્થિતિ જુદીજુદી હોય છે. ત્યારે ફુગાવાનું સ્વરૂપ જુદુ હોવાનું ખરેખર બન્નેમાં વિસંગત સ્થિતિ હોય ત્યારે સતત ભાવો વધતા હોય તેવી સુસ્પષ્ટ સ્થિતિને બદલે વિ-સમતુલાની સ્થિતિ જોવા મળશે. ફુગાવામાં બન્ને બજારોની માંગની વિભાગીકરણ કરીને વિશ્લેષણ કરવાથી વધુ સારી સમજુતિ મળે છે.

ધારો કે કુલ માંગની અધિકતાને કારણે વસ્તુબજારમાં કુલ માંગનું દબાણ વિશેષ રહે છે. આથી વેતના દરો વધશે પણ ધીમે ત્યારે વસ્તુના ભાવો વધુ ઝડપથી વધશે. પરંતુ વસ્તુના ભાવો વધે તેમ વાસ્તવિક વેતન ઘટશે (વાસ્તવિક વેતન = નાણાકીય વેતન = ભાવ સપાટીનો વધારો થાય) અને ઘટેલા વાસ્તવિક વેતન શ્રમનો પુરવઠો ઘટવાનો એટલે વસ્તુ બજારમાં જે ખાધ હતી તે હવે સાધન બજારમાં પણ જોવા મળશે. સાધન બજારની ખાદ્યથી વેતનદરો વધશે.

અમુક તબક્કે, વસ્તુના ભાવો અને વેતનદર એકસાથે વધતા રહેશે પરંતુ બન્ને વચ્ચે બન્ને બજારમાં પ્રવર્તતી ખાધની માત્રા અનુસાર વૃધ્ધિના દર જુદા જુદા રહેશે આમાંથી નીપજતી સમતુલાની સ્થિતિમાં વેતનના દરો મંદગતિએ વધતાં હોય અને વસ્તુના ભાવો ઝડપથી વધતા હોય તેવી વિ-સમતુલાની એક સ્થિતિ (જેમાં P/W ratio ઊંચો હશે. અથવા વેતનના દરો ઝડપથી વધતા હોય અને વસ્તુના ભાવો ધીરેથી વધતા હોય એવી વિ-સમતુલાની બીજી સ્થિતિમાં P/W ratio નીચો હશે) એવી વિવિધતા જોવા મળશે.

બન્ને બજારનો ખાધની પ્રમાણ અનુસાર જો ભાવો અને વેતનો ખાધના સબંધમાં ઓછા સંવેદનશીલ હશે તો ફુગાવો ધીમે વધશે.

પ્રો.બેન્ટ હેન્સનની રજુઆત ફુગાવાના કોઈ નવા સિદ્ધાંત કે પ્રકાર કરતાં ફુગાવાની પ્રક્રિયાના સ્વરૂપની છણાવટ કરતું વિશ્લેષણ છે. ફુગાવાની પ્રક્રિયા વિ-સમતુલાની હોય છે એ તેનો સારમુદ્દો છે. પ્રો.હેન્સનનો સમજુતીમાં નાણાના પરિમાણમાં ફેરફારો અને તેની અસરને સંપૂર્ણ વિસારી દેવામાં આવી છે તેથી, અને તાજેતરના વર્ષોમાં ફુગાવાની

પ્રક્રિયા વધુ વિશદ સમજૂતી સમાજના જુદા જુદા વર્ગોની આવકની વહેંચણી અને તેમની ખર્ચ કરવાની વૃત્તિ સબંધમાં આપવામાં આવી છે. એટલે આ મોડેલની આગવી વિશિષ્ટતા ગણી ઓછી છે. આધારિત'' ભાવ વધારો કહેવામાં આવે છે. આમ મૂલ્ય વૃદ્ધિના વિવિધ પરિબળોને ધ્યાનમાં લઈને નીચે મુજબ અર્થશાસ્ત્રીઓ દ્વારા વિવિધ અભિગમો આપવામાં આવ્યા છે.

7.5 માળખાગત ફુગાવો :

માંગ-પુરવઠા-આધારિત ફુગાવા સાથે સબંધિત બીજી એક વિચારધારા માળખાકીય ફુગાવો છે, કે જે અર્થતંત્રમાં રહેલા વિવિધ અવરોધોના કારણે ઉદ્ભવે છે, જે સમગ્ર ભાવ સપાટીને અસર કરે છે. જેવા કે સંસાધનોનો બિનકાર્યક્ષમ ઉપયોગ, અપૂરતી માળખાકીય સુવિધા, અપૂર્ણ બજાર વ્યવસ્થા, નિકાસની સાપેક્ષ આયાત વધુ, વસ્તી વધારો, કૃષિ ઉત્પાદનની નીચી ઉત્પાદકતા અને નીચી મૂલ્યસાપેક્ષતા, આંતરરાષ્ટ્રીય વેપારમાં ઘણા અવરોધો હોય છે, આર્થિક વૃદ્ધિ પોતે જ આયાતને પ્રોત્સાહન આપે છે, અને નિકાસી વસ્તુની માંગમાં લાંબા ગાળાનો ઘટાડો થાય છે. આવા મુખ્ય પરિબળ ઉત્પાદનમાં માળખાકીય પરિવર્તન કરે છે. જેથી માંગ અને પુરવઠાની સમતુલામાં અસમતુલા પેદા કરે છે. પરંતુ આવા પ્રશ્નો મોટા ભાગે અલ્પવિકસિત અને વિકાસશીલ દેશોમં વધારે જોવા મળે છે. જેથી માળખાગત ફુગાવો પણ મોટા ભાગે અલ્પવિકસિત અને વિકાસશીલ દેશોમાં જ જોવા મળે છે.

આ માળખાકીય અસંતુલન કારણે વિકાસશીલ દેશોના કેદલાક ક્ષેત્રોમાં, માંગની તુલનામાં પુરવઠાની અછત જોવા મળે છે, તો અન્ય ક્ષેત્રોમાં માંગના અભાવને કારણે સંસાધનોનો ઓછો ઉપયોગ અને વધારાની ક્ષમતા અસ્તિત્વમાં છે. આ ક્ષેત્રીય અવરોધો અસંતુલન પેદા કરે છે અને ભાવ વધારો તરફ દોરી જાય છે. તેથી, વિકાસશીલ દેશોમાં ફુગાવાના મૂળ અને પ્રસારને સમજાવવા માટે, આર્થિક વિકાસની પ્રક્રિયામાં આ અવરોધો અથવા વિવિધ પ્રકારના અસંતુલન પેદા કરતી શક્તિઓનું વિશ્લેષણ માળખાકીય ફુગાવામાં કરવામાં આવે છે.

ઉદાહરણ : ભારતમાં, ધારો કે ખેડૂત 10,000 પ્રતિ ક્વિન્ટલના ભાવે ફળો અને શાકભાજીનું ઉત્પાદન કરે છે. પરંતુ અંતિમ ગ્રાહકને તે જ ભાવ પ્રતિ ક્વિન્ટલ 20,000 રૂપિયા મળે છે. ખેડૂતને મળે છે અને ગ્રાહકને મળે છે તે વચ્ચેનો મોટો તફાવત માળખાગત અસુવિધાઓ અને કૃષિ અવરોધોને કારણે છે. આ અવરોધ મુખ્યત્વે રસ્તાઓ, હાઈવે, કોલ્ડ ચેઈન અને અવિકસિત કૃષિ બજારોના અભાવને કારણે ઉદ્ભવે છે. આ બધાના કારણે ખેડૂતોથી ગ્રાહકો સુધી વસ્તુના પરિવહનનો ખર્ચ વધે છે જેના કારણે ફુગાવો વધે છે.

7.5.1 માળખાગત ફુગાવાનો અર્થ :

માળખાગત ફુગાવો એ એક એવી પરિસ્થિતિ છે કે જયારે અર્થતંત્રના મૂળભૂત માળખામાં રહેલી ખામીઓ અથવા અવરોધોને કારણે સતત ભાવ વધારો થાય છે. આ ફુગાવો માંગ અને પુરવઠાની અસમતુલા, નીચી ઉત્પાદકતા, બજારની અપૂર્ણતા અથવા માંદા ઔદ્યોગિક એકમો, અપૂરતી માળખાકીય સુવિધાઓ જેવી લાંબા ગાળાની સમસ્યાઓના કારણે ઉદ્ભવે છે.

વિકાસશીલ દેશોમાં ફુગાવાને સમજાવવા માટે આ અવરોધોનો અભ્યાસ જરૂરી છે.

1. કૃષિ અવરોધો : વિકાસશીલ દેશો દ્વારા સામનો કરવામાં આવતી પ્રથમ અને મુખ્ય અવરોધ કૃષિ સબંધિત છે. અને તે ખાદ્ય અનાજના પુરવઠાને પૂરતા પ્રમાણમાં વધારો કરી શકતો નથી. માળખાકીય પરિબળોમાં ઉલ્લેખ તો જમીન ધારણામાં અસમાનતા, ખામીયુક્ત જમીન માલિકી વ્યવસ્થા જે, વસ્તી વૃદ્ધિ અને શહેરીકરણને કારણે વધતી માંગના કારણે કૃષિ ઉત્પાદન વધારવા માટે ઉવરોધક તરીકે કાર્ય કરે છે. ઉપરાંત પછાત કૃષિ ટેકનોલૉજીનો ઉપયોગ પણ કૃષિ વિકાસને અવરોધે છે. આમ, ફુગાવાને નિયંત્રિત કરવા માટે આ અવરોધો દૂર કરવા પડશે જેથી આર્થિક વિકાસની પ્રક્રિયામાં વધતી માંગને પહોંચી વળવા માટે કૃષિ ઉત્પાદન ઝડપથી વધે.

2. સંસાધનોનો અભાવ અને બિન કાર્યક્ષમ ઉપયોગ અવરોધ : બીજી એક મહત્ત્વપૂર્ણ અવરોધ આર્થિક વિકાસ માટે ધિરાણના અભાવ સાથે સબંધિત છે. વિકાસશીલ દેશોમાં સરકાર દ્વારા તેમના અર્થતંત્રોને ઔદ્યોગિક બનાવવા માટે આયોજિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ માટે વિવિધ ઉદ્યોગોમાં જાહેર ક્ષેત્રના રોકાણને ધિરાણ પૂરું પાડવા માટે મોટા સંસાધનોની જરૂર પડે છે. ઉદાહરણ તરીકે, ભારતમાં જાહેર ક્ષેત્રમાં શરૂ થયેલા મૂળભૂત ભારે ઉદ્યોગોમાં રોકાણ માટે મોટા પ્રમાણમાં સંસાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પરંતુ આ દેશોનું સામાજિક-આર્થિક અને રાજકીય માળખું એવું છે કે સરકાર માટે કરવેરા, જનતા પાસેથી ઉધાર, જાહેર ક્ષેત્રના સાહસોમાં આર્થિક વિકાસના પ્રોજેક્ટ્સમાં રોકાણ માટે વધારાનું ઉત્પાદન દ્વારા પૂરતા સંસાધનો એકત્ર કરવા શક્ય નથી. ઓછા કર આધાર, મોટા પાયે કરચોરી, બિનકાર્યક્ષમ અને ભ્રષ્ટ કર વહીવટને કારણે કરવેરામાંથી આવક એકત્ર કરવી પ્રમાણમાં ખૂબ જ ઓછી છે. પરિણામે, સરકારને અતિશય ખાધ પૂરાવણી (એટલે કે નવું ચલણ છાપવું) નો આશરો લેવાની ફરત પડી છે જેના કારણે વર્ષ દર-વર્ષ ઉત્પાદનમાં વધારો થવાની તુલનામાં નાણાં પુરવઠામાં અતિશય વૃદ્ધિ થઈ છે અને પરિણામે વિકાસશીલ દેશોમાં ફુગાવો થયો છે. આ ઉપરાંત, અપૂરતી સ્વૈચ્છિક બચત અને મૂડી બજારના અવિકસિતતાને કારણે ખાનગી ક્ષેત્રમાં સંસાધનોનો પુરતું બેંક ધિરાણ મળતું નથી. આ માળખાકીય કઠોરતાઓની એક વ્યવસ્થા છે, જે ફુગાવાના કારણને બદલે ફુગાવાના દબાણને જન્મ આપે છે.''

3. વિદેશી વિનિમય અવરોધ : વિકાસશીલ દેશોને જે બીજી મહત્ત્વપૂર્ણ અવરોધનો સામનો કરવો પડે છે તે વિકાસ માટે જરૂરી આયોતને ભંડોળ પૂરું પાડવા માટે વિદેશી વિનિમયની અછત છે. વિકાસશીલ દેશોમાં ઔદ્યોગિકીકરણનો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે. ઔદ્યોગિકીકરણ માટે મૂડી માલ, આવશ્યક કાચા માલ અને કેટલાક કિસ્સાઓમાં, જેમ કે ભારતમાં, વર્ષો પહેલા ખાદ્યાન્નની પણ ભારે આયાત કરવી પડતી. આ ઉપરાંત, મોટા પાયે તેલની આયાત થઈ રહી છે. આ બધી આયાતોને કારણે, વિકાસશીલ દેશોનો આયાત ખર્ચ ઝડપથી વધી રહ્યો છે, બીજી બાજુ, આયાતની સાપેક્ષમાં નિકાસમાં વધારો થતો નથી,

વિકાસશીલ દેશો દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણો, નિકાસની પ્રમાણમાં ઓછી સ્પર્ધાત્મકતાને કારણે, વિકસિત દેશોની નિકાસનો વિકાસ ધીમો રહ્યો છે. ધીમી નિકાસ અને વધતી જતી આયાતના પરિણામે, વિકાસશીલ દેશો ચુકવણી સંતુલન મુશ્કેલીઓ અને વિદેશી હૂંડિયામણની અછતનો સામનો કરી રહ્યા છે. જે ક્યારેક કટોકટીનું સ્વરૂપ ધારણ કરે છે. આનાથી ભાવ સ્તર પર બે રીતે અસર પડી છે. પ્રથમ, વિદેશી હૂંડીયામણની અછતને કારણે સ્થાનિક સ્તરે ઓછા પુરવઠાવાળા વસ્તુઓની ઉપલબ્ધતા વધારી શકાઈ ન હતી, જેના કારણે તેમના ભાવમાં વધારો થયો હતો. બીજું, લેટિન અમેરિકન દેશોમાં તેમજ ભારત અને પાકિસ્તાનમાં, નિકાસને પ્રોત્સાહન આપીને અ; આયાત ઘટાડીને વિદેશી હૂંડિયાણની અછતની સમસ્યાને ઉકેલવા માટે રાષ્ટ્રીય ચલણમાં અવમૂલ્યન કરવું પડ્યું. પરંતુ આ અવમૂલ્યનને કારણે આયાતી વસ્તુઓ અને સામગ્રીના ભાવમાં વધારો થયો જેના વસ્તુના ભાવમાં પણ વધારો થયો.

4. ભૌતિક માળખાકીય અવરોધો : માળખાકીય વિવિધ અવરોધો તરફ ધ્યાન દોરે છે જેમ કે માળખાકીય સુવિધાઓનો અભાવ એટલે કે વીજળી, પરિવહન અને બળતણનો અભાવ જે ઉત્પાદનમાં પર્યાપ્ત વૃદ્ધિના માર્ગમાં અવરોધરૂપ છે. હાલમાં ભારતમાં, આ માળખાકીય એકમોની તીવ્ર અછત છે જે ઉત્પાદનના વિકાસને આવરોધે છે. એક તરફ ઉત્પાદનમાં ધીમી વૃદ્ધિ અને બીજી તરફ નાણાં પુરવઠામાં અતિશય વૃદ્ધિને કારણે હવે ફુગાવો જે સ્થિરતા અથવા ધીમી વૃદ્ધિ સાથે અસ્તિત્વ ધરાવે છે. આ અવરોધો આ દેશોના સામાજિક, રાજકીય અને આર્થિક માળખામાં છે. તેથી, તેમના મતે, ફુગાવા વિના આર્થિક વિકાસ લાવવા માટે આ અર્થતંત્રોમાં સામાજિક, સંસ્થાકીય અને માળખાકીય ફેરફારો લાવવાનો હેતુ ધરાવતી વ્યાપક વિકાસ વ્યૂહરચના જરૂરી છે. વધુમાં, ઘણા માળખાકીયવાદીઓ ભાવ સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે વિકાસ વ્યૂહરચનામાં કૃષિને ઉચ્ચ પ્રાથમિકતા આપવાનો દારો કરે છે. આમ, આપણે જોઈએ છીએ કે વિકાસશીલ દેશોમાં ફુગાવાને સમજાવવા અને તેને નિયંત્રિત કરવા માટેના પગલાં અપનાવવા માટે માળખાકીય દૃષ્ટિકોણ ખૂબ જ સુસંગત છે.

7.5.2 માળખાગત ફુગાવાની અસરો :

- આર્થિક વિકાસમાં આવરોધ : સતત ફુગાવો રોકાણ અને બચતને નિરુત્સાહિત કરી શકે છે. જેનાથી આર્થિક વિકાસ ધીમો પડી શકે છે.
- આવકની અસમાનતામાં વધારો : ફુગાવાની સૌથી વધુ અસર ઓછી આવક ધરાવતા લોકો પર પડે છે, કારણ કે તેમની આવક ભાવ વધારા સાથે તાલમેલ જાળવી શકતી નથી.
- સ્પર્ધાત્મકતામાં ઘટાડો : ઊંચા ફુગાવાના કારણે દેશની નિકાસ મોંઘી બને છે, જેનાથી આંતરરાષ્ટ્રીય બજારમાં તેની સ્પર્ધાત્મક ઘટે છે.
- સામાજિક અશાંતિ : જીવનધોરણમાં ઘટાડો અને ખરીદશક્તિમાં ઘટાડો સામાજિક અસંતોષ અને અશાંતિ તરફ દોરી શકે છે.

- સરકાર પર દબાણ : સરકાર પર ફુગાવાને નિયંત્રિત કરવા માટે દબાણ વધે છે, અને જો તે નિષ્ફળ જાય તો તેની લોકપ્રિયતા ઘટી શકે છે.

  માળખાગત ફુગાવાને નિયંત્રિત કરવા માટે માત્ર નાણાકીય અને રાજકોષીય નીતિઓ પૂરતી નથી. આ માટે અર્થતંત્રના મૂળભૂત માળખામાં સુધારા કરવા જરૂરી છે, જેમ કે માળખાકીય સુવિધાઓનો વિકાસ, ઉત્પાદકતામાં વધારો, બજારની કાર્યક્ષમતામાં સુધારો અને સંસ્તાઓને મજબૂત કરવી. આ એક લાંબા ગાળાની પ્રક્રિયા છે અને તેમાં વિવિધ ક્ષેત્રોમાં સુધારાની જરૂર પડે છે.

7.6 સારાંશ :

આપણે આ એકમાં જોયું કે તમામ પ્રકારનો ભાવ વધારા ફુગાવો નથી પણ જ્યારે પૂર્ણ રોજગારી બાદ થતો નાણાના પુરવઠાના વધારેને જ ફુગાવો ગણવામાં આવે છે. પ્રો.ફિશર અને તેના અનુયાયીઓ એવું માને છે કે પૂર્ણ રોજગારી બાદ નાણાના પુરવઠામાં જેટલા પ્રમાણમાં વધારો થાય જેટલી ભાવ સપાટીમાં પણ વધારો થાય છે. જ્યારે પ્રો.મિલ્ટન ફ્રીડમેન એવું માને છે કે પૂર્ણ રોજગારી બાદ નાણાના પુરવટામાં વધારો થતા વ્યાજના દર ઘટવા છતાં મૂડીરોકાણમાં વધારો થતો નથી. એટલે વધેલી બધી આવક સોદાકીય હેતુ માટે થાય છે. જેથી ભાવ વધારો જોવા મળે છે. જ્યારે પ્રો.બેન્ટ હેન્સન જણાવે છે કે વસ્તુ બજાર અને સાધન બજારમાં અસમતુલા ઉદ્‌ભવવાના કારણે ભાવ વધારો જોવા મળે છે. આમ આપણે આ એકમાં વિવિધ અભીગમોના માધ્યમથી મૂલ્યવૃદ્ધિનો અભ્યાસ કર્યો. જે એક મતે સ્વીકાર કરે અમુક સ્થિતિ બાદ થતો નાણાના પુરવઠામાં થતો વધારો મૂલ્યવૃદ્ધિમાં પરિણમે છે.

7.7 ચાવીરૂપ શબ્દો :

- માળખાગત ફુગાવો : એ એક એવી પરિસ્થિતિ છે જ્યારે અર્થતંત્રના મૂળભૂત માળખામાં રહેલી ખામીઓ અથવા અડચણોને કારણે સતત ભાવ વધારો થાય છે.

- પૂર્ણ રોજગારી : પૂર્ણ રોજગારી એક એવી આર્થિક સ્થિતિ છે જ્યાં ઉપલબ્ધ તમામ શ્રમ સંસાધનોનો સૌથી કાર્યક્ષમ રીતે ઉપયોગ થઈ રહ્યો હોય. તેનો અર્થ એ છે કે જે લોકો કામ કરવા માટે તૈયાર અને સક્ષમ છે તેમને કામ મળી રહે છે.

- સાધન બજાર એ એવી જગ્યા છે જ્યાં ઉત્પાદનના સાધનો : એટલે કે જમીન, શ્રમ, મૂડી અને સાહસિકતાની ખરીદી અને વેચાણ થાય છે. વસ્તુઓ અને સેવાઓના બજારથી વિપરીત, જ્યાં અંતિમ ઉત્પાદનોનો વેપાર થાય છે, સાધન બજાર એ પરિબળો સાથે સબંધિત છે જે આ ઉત્પાદનો બનાવવા માટે વપરાય છે.

- વસ્તુ બજાર એ એવી જગ્યા છે જ્યાં વસ્તુઓ અને સેવાઓની ખરીદી અને વેચાણ થાય છે. આ બજારમાં ગ્રાહકો તેમની જરૂરિયાતો અને ઈચ્છાઓ પૂરી કરવા માટે ઉત્પદનો અને સેવાઓ ખરીદે છે, જ્યારે ઉત્પાદકો અને સેવા પ્રદાતાઓ તેમનો માલસામાન અને સેવાઓ વેચી નફો કામાય છે.

- નાણાપરિમાણ (Money Supply) એ એક ચોક્કસ સમયે અર્થતંત્રમાં ફરતા નાણાંની કુલ રકમને દર્શાવે છે. સરળ શબ્દોમાં કહીએ તો, લોકો અને વ્યવસાયો પાસે ઉપલબ્ધ રોકડ અને અન્ય પ્રવાહી સ્વરૂપોમાં રહેલા નાણાંનો જત્થો એટલે નાણાપરિમાણ.

➢ મૂડીરોકાણ (Capital Investment) એટલે ભવિષ્યમાં લાભ મેળવવાના હેતુથી કરવામાં આવેલું રોકાણ.

7.8 તમારી પ્રગતિ ચકાસો :

(અ) નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો.

(1) ફુગાવો એટલે શું ? ફુગાવા અંગેના પ્રો.ફિશર અને પ્રો.ફ્રીડમેનના વિચારો જણાવો.

(2) ફુગાવો એટલે શું ? ફુગાવા અંગેના પ્રો.કેઈન્સના વિચારો જણાવો.

(3) ફુગાવો એટલે શું ? ફુગાવા અંગેના પ્રો.બેન્ટ હેન્સનના વિચારો જણાવો.

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) માળખાગત ફુગાવો એટલે શું ? તેને ઉદ્‌ભવવાના કારણો જણાવો.

(2) માળખાગત ફુગાવો એટલે શું ? તેના નિયંત્રણ માટેના ઉપાયો જણાવો.

(ક) નીચેની ખાલી જગ્યા પૂરો.

(1) પ્રો.કેઈન્સ અનુસરા................ બાદ થતો નાણાનો પુરવઠામાં વધારો જ ફુગાવો છે.

(A) પૂર્ણ રોજગારી (B) અપૂર્ણ રોજગારી

(C) ઉપરોક્ત બન્ને (D) ઉપરોક્ત એકપણ નહિ

(2) પ્રો.બેન્ટ હેન્સનના માટે અનુસાર ફુગાવો........... કારણે ઉદ્‌ભવે છે.

(A) પૂર્ણ રોજગારી (B) અપૂર્ણ રોજગારી

(C) ઉપરોક્ત બંને (D) સાધન બજાર અને વસ્તુ બજારમાં અસમતુલા

(3) અર્થતંત્રના મૂળભૂત માળખામાં રહેલી ખામીઓ અથવા અડચણોને કારણે સતત ભાવ વધારો................. કહે છે.

(A) ફુગાવો (B) માળખાગત ફુગાવો

(C) ખર્ચજન્ય ફુગાવો (D) માંગજન્ય ફુગાવો

(4) માંગનું પ્રમાણ અર્થતંત્રમાં મહત્તમ શક્ય ઉત્પાદન કરતાં વધી જાય, તો ભાવ વધારાનો અપેક્ષિત દર વધવાનું વલણ ધરાવે છે............. કહે છે.

(A) ફુગાવો (B) માળખાગત ફુગાવો

(C) ખર્ચજન્ય ફુગાવો (D) માંગજન્ય ફુગાવો

(5) જો ઉત્પાદનના સંસાધનોનો સંપૂર્ણ ઉપયોગ ન થાય તો પણ, ઉત્પાદન ખર્ચમાં થતો વધારો હજુ પણ ભાવમાં વધારો કરે છે. આ પ્રક્રિયાને .... કહે છે.

(A) ફુગાવો (B) માળખાગત ફુગાવો

(C) ખર્ચજન્ય ફુગાવો (D) માંગજન્ય ફુગાવો

❖ સંદર્ભ સૂચિ :

1. Dwivedi, D.N. (2008) Macro-Economics. 7th edition, Vikas Publishing House, New Delhi.

2. Ahuja, H.I. (2012) Macro Economics, Theory and policy, S. Chand and Company Ltd, New Delhi.

3. ભટ્ટ મહેશ પી (2001) જાહેર વિત્તવ્યવસ્થાના સિદ્ધાંતો યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય

4. શાહ હેમંતકુમાર (2019), ભારતીય અર્થતંત્ર વેદ વ્યાસ વિદ્યાપીઠ ગાંધીનગર.

❖ હેતુલક્ષી પ્રશ્નોના જવાબ :

(1) (A) પૂર્ણ રોજગારી

(2) (D) સાધન બજાર અને વસ્તુ બજારમાં અસમતુલા

(3) (B) માળખાગત ફુગાવો

(4) (B) માંગજન્ય ફુગાવો

(5) (C) ખર્ચજન્ય ફુગાવો

****

એકમ: 8
ફિલિપ્સ રેખા વિશ્લેષણ

❖ રૂપરેખા :

8.0 ઉદ્દેશો

8.1 પ્રસ્તાવના

8.2 ફિલિપ્સ રેખા

8.3 ટૂંકા અને લાંબા ગાળામાં ફિલીપ્સ રેખા

8.4 પ્રો.જેમ્સ ટોબીનનો ફિલિપ્સ રેખા અંગે દષ્ટિકોણ

8.5 સારાંશ

8.6 ચાવીરૂપ શબ્દો

8.7 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભગ્રંથ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

8.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

- ➢ ફિલિપ્સ રેખા એટલે શું ? તે સમજી શકશો.
- ➢ લાંબાગાળા અને ટુંકાગાળામાં ફિલિપ્સ રેખા કેવી હોય તે સમજાવી શકશો.
- ➢ ફુગાવો અને બેરોજગારી વચ્ચેનો સબંધ ફિલિપ્સ રેખા દ્વારા સમજાવી શકશો.
- ➢ પ્રો.જેમ્સ ટોબીનનો ફિલિપ્સ રેખા અંગે દષ્ટિકોણ સમજાવી શકશો.

8.1 પ્રસ્તાવના :

ફિલિપ્સ રેખા આધુનિક અર્થશાસ્ત્રમાં એક મહત્વપૂર્ણ ખ્યાલ છે, જે બે મુખ્ય આર્થિક ચલો વચ્ચેના સંબંધને સમજાવવાનો પ્રયાસ કરે છે: બેરોજગારીનો દર (Unemployment Rate) અને ફુગાવાનો દર (Inflation Rate). સરળ શબ્દોમાં કહીએ તો, ફિલિપ્સ રેખા દર્શાવે છે કે સામાન્ય રીતે બેરોજગારી અને ફુગાવા વચ્ચે વિપરીત સંબંધ હોય છે. ફિલિપ્સ રેખા એક બેરોજગારી દર અને ફુગાવાના દર વચ્ચેના સંબંધને દર્શાવે છે. સામાન્ય રીતે, તે દર્શાવે છે કે બેરોજગારી ઓછી હોય ત્યારે ફુગાવો ઊંચો હોય છે અને જ્યારે બેરોજગારી ઊંચી હોય ત્યારે ફુગાવો ઓછો હોય છે. આ સંબંધને ઘણીવાર સ્થિર અને વિપરીત ગણવામાં આવે છે, જેનો અર્થ છે કે નીચી બેરોજગારી હાંસલ કરવા માટે ઊંચા ફુગાવાનો ખર્ચ કરવો પડે છે, અને ઊંચા ફુગાવાને નિયંત્રિત કરવા માટે ઊંચી બેરોજગારી સહન કરવી પડે છે.

ફિલિપ્સ રેખા નીતિ નિર્માતાઓ માટે એક મહત્વપૂર્ણ સાધન બની ગયું, કારણ કે તે બેરોજગારી અને ફુગાવા વચ્ચેના ટ્રેડ-ઓફ (Trade-off) ને સમજવામાં મદદ કરે છે. સરકારો અને કેન્દ્રીય

બેંકો આ ખ્યાલનો ઉપયોગ એવી નીતિઓ ઘડવા માટે કરે છે જે અર્થતંત્રમાં સ્થિરતા લાવવામાં મદદરૂપ થાય.

8.2 ફિલિપ્સ રેખા :

ઈંગ્લૅન્ડના અર્થશાસ્ત્રી એ. ડબલ્યૂ. ફિલિપ્સે ભાવવધારાના દર અને બેકારીના દર વચ્ચેનો વ્યસ્ત સંબંધ દર્શાવતી રેખાને ફિલિપ્સ રેખા તરીકે ઓળખવામા આવે છે. ઈંગ્લૅન્ડના વર્ષ 1861થી 1957ના સમયગાળાના આંકડાઓનો ઉપયોગ કરીને ફિલિપ્સ રેખા તારવી હતી. તેમાં નાણાકીય વેતનના વૃદ્ધિદરના અને બેકારીના દરના આંકડાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભાવોના પરિવર્તનના આ દર અને બેરોજગારીની સપાટી વચ્ચે આંકડાકીય સંબંધ છે. તેમનું એવું અવલોકન હતું કે 1861થી 1957ના સમય દરમિયાન સમયમાં ફુગાવાનો દર ઊંચો હતો. તેમાં બેરોજગારીની સપાટી નીચી હતી અને તેનાથી ઊલટા ક્રમમાં સ્થિતિ પણ જોવા મળતી. આને આધારે ફિલિપ્સે એવા નિષ્કર્ષ ઉપર આવ્યા કે ફુગાવો અને બેરોજગારી ઉપર ઋણાત્મક સંબંધ છે. ફુગાવો અને બેરોજગારી વચ્ચેનો સંબંધ ફિલિપ્સ રેખા દ્વારા દર્શાવવામાં આવે છે. આ રેખા ડાબી બાજુથી જમણી બાજુ નીચે તરફ ઢળતી હોય છે અને તે ઉદ્ ભવ બિંદુથી બહિર્ગોળ હોય છે. આકૃતિ- 8.1 માં ફિલિપ્સ રેખા દર્શાવવામાં આવી છે.

આકૃતિ- 8.1



ઉપરોક્ત આકૃતિમાં ox ધરી પર બેરોજગારીનું પ્રમાણ અને oy ધરી પર ભાવ સપાટી(ફુગાવાનો દર) દર્શાવવામાં આવી છે. A બિંદુએ ફુગાવાનો ઊંચો દર અને બેરોજગારીનો નીચો દર જોવા મળે છે. તેનાથી વિરુદ્ધ B બિંદુએ જોવા મળે છે અહી ફુગાવાનો દર નીચો અને બેરોજગારીનો ઊંચો દર જોવા મળે છે. આકૃતિમાં જોઈ શકાય છે કે B બિંદુ એ ભાવ વધારાની સપાટી નીચે અને બેરોજગારીનું પ્રમાણ વધુ જોવા મળે છે. A બિંદુએ બેરોજગારીનું પ્રમાણ ઓછું અને ભાવ સપાટીમાં વધારો જોવા મળે છે. અહિ સ્પષ્ટપણે જોઈ શકાય છે, કે ભાવ વધારો(ફુગાવાનો દર) અને બેરોજગારીના પ્રમાણ વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે.

આર્થિક નીતિના નિર્દેશન તરીકે ફિલિપ્સ રેખા સરકારોને એમ દર્શાવે છે કે ફુગાવા અને બેરોજગારીની સપાટી વચ્ચે વ્યસ્ત સંબધ છે. તેથી જો સરકારની નીતિના અગત્યતા અનુક્રમી બેરોજગારીની નીચી સપાટીને મહત્ત્વ હોય તો તેણે ફુગાવાનો ઊંચો દર સ્વીકારવો જ રહ્યો. આથી વિરુદ્ધ જો તેની નીતિના ઉદ્દેશ તરીકે ફુગાવાના નીચા દરને મહત્ત્વ હોય તે સંજોગોમાં તેણે બેરોજગારીની ઊંચી સપાટી સ્વીકારવી જ રહી. તાજેતરના અભ્યાસો ફિલિપ્સ રેખાના

નિષ્કર્ષને ટેકો આપતા નથી. વિકસિત મૂડીવાદી અર્થવ્યવસ્થાઓમાં ફુગાવાના ઊંચા દર અને બેરોજગારીના ઊંચા દરનું સહઅક્તિત્વ જોવા મળે છે.

ફિલિપ્સ રેખા વિશ્લેષણની બે દ્રષ્ટિકોણથી ટીકા થાય છે. એક, ફિલિપ્સ રેખા વિશ્લેષણ ફુગાવો અને બેરોજગારીની પરિસ્થિતિ સર્જવામાં મૂડીના ફાળા અંગે દુર્લભ્ય દર્શાવે છે. માટે ઉત્પાદનના પદ્ધતિમાં વધુ ને વધુ પ્રમાણમાં મૂડી મૂલક ઉત્પાદન પદ્ધતિ પસંદ કરે છે. આ પ્રક્રિયા શ્રમને બેકાર બનાવે છે જેને પરિણામ શ્રમિકોની સંખ્યા વધે છે અને બેરોજગારી પણ વધે છે. જેને પરિણામે ફુગાવાજનક પરિસ્થિતિ સર્જાય છે.

પ્રો.સેમ્યુલ્સન અને અન્ય કેટલાક અર્થશાસ્ત્રીઓ એવું મંતવ્ય ધરાવે છે કે અર્થતંત્રમાં બેરોજગારીનો પ્રાકૃતિક દર હોય છે. આ પ્રાકૃતિક દરે લાંભા ગાળાની ફિલિપ્સ રેખા ઊભી (Vertical) હશે. બેરોજગારીના આ પ્રાકૃતિક દર કરતાં નીચી બેરોજગારી કોઈ પણ સરકાર ફુગાવો સર્જ્યા વગર હાંસલ કરી શકતી નથી. પણ કટોકટીના અંત સાથે તે નવી સપાટીએ સ્થિર થતો હોય છે અને અર્થતંત્રમાં પ્રાથમિક ફુગાવો અને બેરોજગારીના નવા પ્રાકૃતિક દરો જોવા મળે છે. આ વિશ્લેષણનું ભારતના સંદર્ભમા મહત્ત્વ નથી. ભારતમાં પ્રવર્તતી બેરોજગારી સંરચનાત્મક છે અને તે સંસ્થાનવાદી નીતિનું પરિણામ છે.

જો કે, સમય જતાં, ફિલિપ્સ રેખાની સરળ ધારણાઓ પડકારવામાં આવી છે. 1970 ના દાયકામાં, ઘણા દેશોએ એકસાથે ઊંચો ફુગાવો અને ઊંચી બેરોજગારીનો અનુભવ કર્યો, જેને 'સ્ટેગફ્લેશન'(Stagflation) તરીકે ઓળખવામાં આવે છે. આ ઘટનાએ ફિલિપ્સ રેખાના પરંપરાગત સ્વરૂપ પર પ્રશ્નો ઉભા કર્યા અને અર્થશાસ્ત્રીઓને આ સંબંધને વધુ ઊંડાણથી સમજવા માટે પ્રેરિત કર્યા.

❖ **ફિલિપ્સ રેખાના અંગેની ટીકાઓ :**

- આ રેખા ટૂંકાગાળાની સમજૂતી આપે છે. લાંબાગાળાની સમજૂતી આપી શકતા નથી. આ રેખાના તારણો વિવાદાસ્પદ છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની આર્થિક નીતિના ઘડતરમાં તેનો ઉપયોગ કરી શકાય નહીં.
- નાણાંના પુરવઠામાં વધારો થતો હોય અને સરકાર ફરજિયાત બચત યોજના અમલમાં મૂકે તો ભાવસપાટી વધતી નથી અને રોજગારીનું સ્તર એનું એ જ જોવા મળે છે.
- બેંકો જે મધ્યસ્થ બૅંક્ર પાસે અનામતનું પ્રમાણ મૂકે છે તેમાં વધારો કરવામાં આવે તો નાણાંનો પુરવઠો ઓછો થાય છે, જેને અહીં લક્ષમાં લેવામાં આવ્યું નથી.
- વેતનનો દર કઈ રીતે, કયા પરિબળો દ્વારા નક્કી થાય છે તે ફિલિપ્સના વિશ્લેષણ દ્વારા જાણી શકાતું નથી. વાસ્તવિક વેતનના પરિબળો કોને આભારી છે તે ફિલિપ્સ રેખા દ્વારા રજૂ કરી શકાતું નથી.
- ફુગાવામાં સૌથી વધુ નફો નિયોજકને પ્રાપ્ત થાય છે, તેથી મજૂર સંઘો વેતન વધારાની માંગ કરશે જે સ્વીકારવામં આવશે. આ બાબત સાથે પ્રો.ફિલિપ્સ સહમત થતા નથી.
- આ સમજૂતી ભારત જેવા દેશમાં સાચી પડતી નથી, કારણ કે ભારતમાં નાણાંનો પુરવઠો અને ભાવોમાં સતત વધારે થયો હોવા છતાં બેકારી પણ એટલા જ દરે વધી છે. તેમનો કુદરતી બેકારીનો ખ્યાલ પણ અસ્પષ્ટ છે.

➢ આ રેખા એમ જણાવે છે કે પૂર્ણ રોજગારી અને આર્થિક સ્થિરતા પરસ્પર વિરોધી છે છતાં, આયોજિત અર્થકારણમાં આ બંને એક સાથે સિદ્ધ થઈ શકે તેમ છે.

8.3 ટૂંકા અને લાંબા ગાળામાં ફિલીપ્સ રેખા :

ટૂંકાગાળામાં ફિલિપ્સ રેખાના સ્થાનમાં ફેરફાર અંગેની સમજૂતી પ્રો.ફ્રીડમૅને જે આપી છે તેમાં ભવિષ્યના ફુગાવાના દર અંગેની અપેક્ષાઓ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. પ્રો.ફ્રીડમૅને અર્થશાધક અપેક્ષાઓનો સિદ્ધાંત (Theory of adaptive expectations) રજૂ કર્યો છે, જે અનુસાર લોકો અગાઉના અથવા ભૂતકાળના સમયના ફુગાવાના દરના આધારે અમુક અપેક્ષાઓ બાંધે છે અને તેમની તે અપેક્ષાઓમાં ત્યારે જ ફેરફાર કરીને સ્વીકારે છે કે જ્યારે ફુગાવાનો ખરેખર દર તે નની અપેક્ષાઓના દર કરતાં ભિન્ન હોય. પ્રો.ફ્રીડમેનના અર્થસાધક અપેક્ષાઓના સિદ્ધાંત અનુસાર ટૂંકાગાળામાં ફુગાવાના દર અને બેરોજગારીના દર વચ્ચે સંબંધ હોઈ શકે, પરંતુ લાંબેગાળે આ બે વચ્ચે કોઈ સંબંધ હોતો નથી. ફ્રીડમૅન અને તેમના નાણાવાદી અનુયાયીઓના મતે આ બાબત નીચેની આકૃતિ દ્વારા સમજાવી શકાય :

આકૃતિ- 8.2



આકૃતિ 8.2 માં SPC_1 એ ટૂંકાગાળાની ફિલિપ્સ રેખા છે. અર્થતંત્ર A_0 બિંદુએ છે જ્યાં બેરોજગારીનો કુદરતી દર 5 ટકા જેટલો છે. બીજું કે, આપણે એ પણ ધારી લઈએ છીએ કે નાણાકીય વેતન દર 5 ટકાના ફુગાવાના દરની અપેક્ષાએ નક્કી થાય છે.

હવે ધારો કે, કોઈક કારણોસર સરકાર કુલ માંગમાં વધારો કરવાના આશયથી રાજકોષીય અને નાણાકીય વિસ્તરણની નીતિ અપનાવે છે. કુલ માંગ (Average Demand) માં થયેલા વધારાને લીધે ફુગાવાનો દર વધીને 7 ટકા જેટલો થાય છે. હવે વેતન દર ૫ ટકાના ફુગાવાનો દર ચાલુ રહેવાની અપેક્ષાઓ નક્કી થયા હતાં, પરંતુ અપેક્ષાથી ઊંચી ભાવ વૃદ્ધિને લીધે પેઢીઓના નફામાં વધારો થશે જેને લીધે આ પેઢીઓ ઉત્પાદનમાં વધારો કરીને વધુ કામદારોને રોજગારી આપશે. આમ, કુલ માંગમાં વધારો થવાને લીધે તે ફુગાવાના ઊંચા દર અને વધુ ઉત્પાદન તથા વધુ રોજગારીમાં પરિણમે છે. અર્થતંત્ર ટૂંકાગાળાની ફિલિપ્સ રેખા SPC_1 પર A_1 બિંદુ તરફ ખસશે કે જ્યાં બેરોજગારી ઘટીને 3.5 ટકા જેટલી થાય છે, જ્યારે ફુગાવાનો દર વધીને 7 ટકા જેટલો થાય છે. ટૂંકાગાળાની ફિલિપ્સ રેખા SPC_1 પર જ્યારે A_0 બિંદુ A_1 બિંદુ તરફ ખસે છે ત્યારે અર્થતંત્ર બેરોજગારીના નીચા દરના ભોગે ફુગાવાનો ઊંચો દર સ્વીકારે છે.

❖ **લાંબાગાળાની ફિલિપ્સ રેખા અને અર્થસાધક અપેક્ષાઓ :** પ્રો.ફ્રીડમૅન અને તેમના સમર્થકોએ રજૂ કરેલ લાંબાગાળાની ફિલિપ્સ રેખા મુજબ અર્થતંત્ર A_1 બિંદુએ સ્થિર સમતુલામાં રહેશે નહિ. આનું કારણ એ છે કે કામદારોને એ હકીકત જણાશે કે અપેક્ષા કરતાં ફુગાવાના ઊંચા દરને લીધે તેમના વાસ્તવિક વેતનમાં ઘટાડો થયો છે. આથી, સ્વાભાવિક રીતે જ તેઓ વધુ નાણાકીય વેતનની માંગણી કરશે અને આ વેતનમાં વધારો થતાં પેઢીઓનો નફો અગાઉના સ્તર સુધી ઘટી જશે. નફામાં થયેલા આ ઘટાડાને લીધે ઉત્પાદનનું વિસ્તરણ અને વધુ લોકોને રોજગારી આપવાનું અગાઉનું પ્રોત્સાહન નબળું પડશે. આને પરિણામે તેઓ રોજગારી ઘટાડવા જશે કે જ્યાં સુધી બેરોજગારીનો દર તેની કુદરતી સપાટી 5 ટકા સુધી ન આવી જાય. બીજાં શબ્દોમાં કહીએ તો નાણાકીય વેતનમાં વધારો થતાં અર્થતંત્ર A_1 બિંદુથી B_0 બિંદુ તરફ ખસશે કે જયાં ફુગાવાનો દર 7 ટકા જેટલો છે. વધુમાં B_0 બિંદુએ ફુગાવાનો વાસ્તવિક દર 7 ટકા જેટલો થતાં કામદારો આ 7 ટકા ફુગાવાનો દર ભવિષ્યમાં પણ ચાલુ રહેવાની અપેક્ષા રાખશે. આને પરિણામે ટૂંકાગાળાની ફિલિપ્સ રેખા SPC તે SPC_1 થી ખસીને SPC_2 થવા પામશે. લાંબેગાળે જયારે નાણાકીય વેતનો એ ફુગાવાના દરમાં થતા ફેરફારો અને તેને પરિણામે બેરોજગારીના દરમાં થતાં ફેરફારો સાથે મેળ સાધી લઈ તેની કુદરતી સપાટી પર પુનઃ આવી જાય છે, ત્યારે ટૂંકાગાળાની એક નવી ફિલિપ્સ રેખા ફુગાવાના ઊંચા અપેક્ષિત દર સાથે અસ્તિત્વમાં આવે છે.

પ્રસ્તુત આકૃતિમાં 8.2 અર્થતંત્ર B_1 બિંદુથી C_0 બિંદુ તરફ ખસશે અને આ C_0 બિંદુથી ટૂંકાગાળાની ફિલિપ્સ રેખા SPC_3 માંથી પસાર થશે. આ પ્રક્રિયા ફરી આગળ ચાલી શકે છે જેને લીધે ટૂંકાગાળામાં જો કે બેરોજગારીનો દર એ કુદરતી દરથી નીચો હોઈ શકે છે, પરંતુ લાંબાગાળે તો તે પુનઃ તેની કુદરતી સપાટી પર આવી જાય છે. અલબત્ત, આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ફુગાવાનો દર સતત વધતો જાય છે. આકૃતિમાં A_o, B_o અને C_o બિંદુઓને જોડતાં આપણને લાંબાગાળાની ફિલિપ્સ રેખા LPC મળે છે. જે ઊભી ધરીને સમાંતર છે. આમ, બેરોજગારીના કુદરતી દર અંગેના અર્થસાધક અપેક્ષાઓના સિદ્ધાંતમાં ટૂંકાગાળાની ફિલિપ્સ રેખા જો કે નીચેની તરફ ઢળતી રેખા છે જે ટૂંકાગાળામાં બે- ફુગાવા અને બેરોજગારીના દર વચ્ચેનો સંબંધ વ્યક્ત કરે છે, પરંતુ લાળ ગાળે તો આ ફિલિપ્સ રેખા ઉપરની તરફ જતી સીધી રેખા હોય છે જે ચક એમ દશવિ છે કે લાંબે ગાળે ફુગાવા અને બેરોજગારી વચ્ચે કોઈ સંબંધ નથી.

મધ્યસ્થ બૅંકની નાણાં સંકોચનની નીતિને લીધે કુલ માંગમાં ઘટાડો થાય છે. જેને લીધે ફુગાવાનો દર 9 ટકાથી નીચો જશે અને તેને પરિણામે પેઢીઓના નફામાં ઘટાડો થશે, જેને લીધે ફુગાવાનો દર 9 ટકાથી નીચો જશે અને તેને પરિણામે પેઢીઓના જે નફામાં ઘટાડો થશે, કારણ કે વેતન દર કરતાં ભાવોમાં ઝડપી ઘટાડો થશે, અને તેને પરિણામે પેઢીઓના નફામાં ઘટાડો થશે, કારણ કે વેતન દર કરતાં ભાવોમાં ઝડપી ઘટાડો થશે, નફામાં ઘટાડો થવાને લીધે રોજગારીમાં ઘટાડો થશે અને તેને પરિણામે બેરોજગારી દરમાં વધારો થવા પામશે અને અંતે તો પેઢીઓ અને કામદારો તેમની અપેક્ષાઓનું અનુરૂપ કરતાં બેરોજગારીનો દર તેના કુદરતી દરે પાછો ફરશે. આ પ્રક્રિયા લાંબેગાળે ચાલુ રહેતા અર્થતંત્ર તેના અધોગામી વલણ તરફ આવી જતાં લાંબાગાળાની ફિલિપ્સ રેખા ઊભી ધરીને સમાંતર રેખામાં પરિણમશે જેને આપેલા બેરોજગારીના કુદરતી દરે ફુગાવાના ઘટના દરનો નિર્દેશ કરે છે.

8.4 જેમ્સ પ્રો.ટોબીનનો ફિલિપ્સ રેખા અંગે દૃષ્ટિકોણ. :

નોબેલ પારિતોષિક વિજેતા જેમ્સ પ્રો.ટોબીન એ મૂળ ફિલિપ્સ રેખામાં સુધારો કરી ફિલિપ્સ રેખા બેરોજગારી અને ફુગાવા વચ્ચે વ્યસ્ત સંબંધ દર્શાવતી હતી. પ્રો.ટોબીનના રૂપાંતરિત ફિલિપ્સ રેખાના ખ્યાલ આપેલ છે. જેમ્સ ટોબિને 1972 માં Inflation and unemployment માં એક લેખ પ્રસ્તુત કર્યો હતો. જેમાં તેમણે રજૂ કરેલ ફિલિપ્સ રેખા ખાંચાવાળી દર્શાવેલ છે.

આકૃતિ નં- 8.3



આકૃતિ નં 8.3માં ox ધરી પર બેરોજગારીનો દર અને oy ધરી પર ફુગાવાનો દર દર્શાવેલ છે. Uc એ બેરોજગારીનો નિર્ણાયક દર છે કે જ્યાં ફિલિપ્સ રેખા ઊભી ધરીને સમાંતર બની જાય છે. જ્યાં બેરોજગારી દર અને ફુગાવાના દર વચ્ચે કોઈ સંબંધ નથી.(ફ્રિડમેન જેને બેરોજગારીના કુદરતી દર તરીકે ઓળખવામાં આવે છે. ફિલિપ્સ તેને બેરોજગારીના નિર્ણાયક દર તરીકે દર્શાવે છે) પ્રો.ટોબિનના મતે ફિલિપ્સ રેખાનો ઉદવારકાર ભાગ વેતનની માંગમાં વધારો થવાને કારણે નથી પરંતુ શ્રમ બજારની અપૂર્ણતા ને કારણે છે. Uc સ્તરે વધુ લોકોને રોજગારી આપવાનું શક્ય નથી. કારણે કે નોકરી શોધનારાઓ પાસે યોગ્ય કુશળતા, યોગ્ય ઉમંર, યોગ્ય જાતિ (સ્ત્રી-પુરુષ) કે યોગ્ય સ્થળ નથી. ફિલિપ્સ રેખામાં Uc ની જમણી બાજુ જે સામાન્ય ભાગ છે અને ઋણ (નકારાત્મક) ઢાળ ધરાવે છે. તે અંગે જણાવાયું છે કે વેતન ઘટવાથી બેરોજગારી વધે છે. વળી શ્રમિકો પોતાના સંબંધિત વેતનમાં થતાં ઘટાડાનો પ્રતિકાર કરે છે.

❖ **પ્રો.ટોબિનની ફિલિપ્સ રેખાના મુખ્ય વિચારો :**

➢ સમાધાનકારી દૃષ્ટિકોણ : પ્રો.ટોબિનની રેખા પરંપરાગત નકારાત્મક ઢાળવાળી ફિલિપ્સ રેખા અને પ્રો.ફ્રીડમેનના ઊભી ફિલિપ્સ રેખાના ખ્યાલ વચ્ચે સમાધાન રજૂ કરે છે. તે સૂચવે છે કે ફિલિપ્સ રેખા પરિસ્થિતિના આધારે બંને લાક્ષણિકતાઓ દર્શાવી શકે છે.

➢ બેવડો સ્વભાવ : પ્રો.ટોબિન અનુસાર, ફિલિપ્સ રેખાના બે ભાગ હોઈ શકે છે :

⇨ નકારાત્મક ઢાળવાળો ભાગ: ઊંચા બેરોજગારીના સ્તરે, ફુગાવા અને બેરોજગારી વચ્ચે પરંપરાગત વિપરીત સંબંધ જોવા મળે છે. બેરોજગારી ઘટાડવા માટે થોડો વધારે ફુગાવો સહન કરી શકાય છે.

⇨ ઊભો ભાગ : નીચા બેરોજગારીના સ્તરે, શ્રમ બજારની અપૂર્ણતાઓના કારણે ફુગાવા અને બેરોજગારી વચ્ચે કોઈ સ્થિર વેપાર-બંધન રહેતું નથી. આ સ્તરે, માંગ વધારવાના પ્રયત્નો માત્ર ફુગાવામાં વધારો કરે છે, બેરોજગારીમાં નહીં.

- નિર્ણાયક બેરોજગારી દરઃ પ્રો.ટોબિન એક ‘નિર્ણાયક બેરોજગારી દર’નો ખ્યાલ રજૂ કરે છે. આ એક ચોક્કસ નીચો બેરોજગારી દર છે જેનાથી નીચે બેરોજગારી ઘટાડવી મુશ્કેલ બને છે. આ સ્તર પછી, વધુ માંગ વધારવાથી માત્ર વેતન અને કિંમતોમાં વધારો થાય છે, કારણ કે કંપનીઓ પાસે કામદારોને આકર્ષવા માટે વધુ વેતન ચૂકવવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી.
- વેતન ઘટાડા માટેની મર્યાદા (‘વેતન ફ્લોર’)ઃ પ્રો.ટોબિન માને છે કે ઊંચા બેરોજગારીના સ્તરે પણ વેતનમાં ઘટાડા માટે એક નીચલી મર્યાદા હોય છે. આના કારણે, જ્યારે બેરોજગારી ઊંચી હોય ત્યારે પણ વેતન શૂન્યથી નીચે જઈ શકતું નથી. જ્યારે વેતન આ મર્યાદાથી ઉપર હોય છે, ત્યારે માંગ વધારવાથી બેરોજગારી ઘટી શકે છે અને ફુગાવો વધી શકે છે.
- શ્રમ બજારની અપૂર્ણતાઓઃ પ્રો.ટોબિનના સિદ્ધાંતમાં શ્રમ બજારની અપૂર્ણતાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ અપૂર્ણતાઓ નીચા બેરોજગારીના સ્તરે ફિલિપ્સ રેખાને ઊભી બનાવે છે, કારણ કે અમુક ક્ષેત્રોમાં કામદારોની અછત હોય છે જ્યારે અન્ય ક્ષેત્રોમાં બેરોજગારી ચાલુ રહે છે.

8.5 સારાંશ :

ફિલિપ્સ રેખા અર્થશાસ્ત્રમાં એક મહત્વપૂર્ણ ખ્યાલ છે જે બેરોજગારી અને ફુગાવા વચ્ચેના સંભવિત સંબંધને સમજવામાં મદદ કરે છે. જો કે, લાંબા ગાળામાં અને આધુનિક આર્થિક પરિસ્થિતિઓમાં આ સંબંધ વધુ જટિલ હોઈ શકે છે અને તેમાં ફુગાવાની અપેક્ષાઓ અને અન્ય પરિબળોની ભૂમિકા મહત્વની હોય છે. તેમ છતાં, ટૂંકા ગાળાના વિશ્લેષણ અને નીતિ નિર્માણ માટે ફિલિપ્સ રેખા આજે પણ એક ઉપયોગી સાધન છે. આધુનિક અર્થશાસ્ત્રીઓ માને છે કે લાંબા ગાળામાં ફિલિપ્સ રેખા ઊભી (vertical) હોય છે, જે સૂચવે છે કે બેરોજગારીના કુદરતી દર (Natural Rate of Unemployment) પર ફુગાવાના સ્તરમાં કોઈ કાયમી ઘટાડો કર્યા વિના બેરોજગારીને લાંબા સમય સુધી તેના કુદરતી દરથી નીચે રાખી શકાતી નથી. લોકોની ફુગાવાની અપેક્ષાઓ આ સંબંધમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આધુનિક અર્થશાસ્ત્રમાં, ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની ફિલિપ્સ રેખા વચ્ચે ભેદ પાડવામાં આવે છે. ટૂંકા ગાળામાં, બેરોજગારી અને ફુગાવા વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળી શકે છે, પરંતુ લાંબા ગાળામાં, ઘણા અર્થશાસ્ત્રીઓ માને છે કે આ સંબંધ સ્થિર નથી રહેતો અને ફુગાવાની અપેક્ષાઓ જેવા પરિબળોથી પ્રભાવિત થઈ શકે છે.

8.6 ચાવીરૂપ શબ્દો :

- બેરોજગારીઃ જ્યારે કોઈ વ્યક્તિ પાસે કામ કરવાની શક્તિ અને ઈચ્છા હોય, પરંતુ તેને પ્રવર્તમાન વેતન દરે કામ ન મળતું હોય, ત્યારે તે વ્યક્તિ બેરોજગાર કહેવાય છે. ટૂંકમાં કહીએ તો, કામ કરવા ઈચ્છુક અને સક્ષમ હોવા છતાં કામ ન મળવું તે બેરોજગારી છે.
- વેતન એટલે કર્મચારીને તેના કામના બદલામાં ચૂકવવામાં આવતી નાણાકીય રકમ.
- ફુગાવો એટલે સમય જતાં અર્થતંત્રમાં માલસામાન અને સેવાઓની સામાન્ય કિંમતમાં થતો સતત વધારો. જ્યારે ફુગાવો થાય છે, ત્યારે ચલણના દરેક એકમથી ઓછી વસ્તુઓ અને સેવાઓ ખરીદી શકાય છે, પરિણામે નાણાંની ખરીદ શક્તિમાં ઘટાડો થાય છે.

- શ્રમ બજાર (Labour Market) એ એક એવી વ્યવસ્થા છે જ્યાં કામ કરવા ઇચ્છુક લોકો (શ્રમિકો) અને કામ આપવા ઇચ્છુક સંસ્થાઓ (માલિકો) એકબીજા સાથે સંપર્કમાં આવે છે. આ બજારમાં શ્રમની ખરીદી અને વેચાણ થાય છે.
- ટ્રેડ-ઓફ એટલે એવી પરિસ્થિતિ જ્યાં તમારે એક વસ્તુ મેળવવા માટે બીજી વસ્તુ છોડવી પડે છે. સરળ શબ્દોમાં કહીએ તો, જ્યારે તમે એક વિકલ્પ પસંદ કરો છો, ત્યારે તમારે બીજા સારા વિકલ્પનો ત્યાગ કરવો પડે છે.
- પૂર્ણ રોજગારી એટલે એવી આર્થિક સ્થિતિ જ્યાં અર્થતંત્રમાં ઉપલબ્ધ તમામ શ્રમ સંસાધનોનો કાર્યક્ષમ રીતે ઉપયોગ થઈ રહ્યો હોય. આનો અર્થ એ છે કે જે કોઈ વ્યક્તિ કામ કરવા માટે તૈયાર અને સક્ષમ છે તેને રોજગારી મળી રહે છે.

8.7 તમારી પ્રગતિ ચકાસો :

(અ) નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો.

(1) ફિલિપ્સ રેખા એટલે શું? ફિલિપ્સ રેખા સહિત આકૃતિ દોરીને સમજાવો.

(2) ફિલિપ્સ રેખા અર્થ આપી, ટૂંકા અને લાંબા ગાળામાં ફિલીપ્સ રેખા સમજાવો.

(3) પ્રો.જેમ્સ પ્રો.ટોબીનનો ફિલિપ્સ રેખા અંગે દષ્ટિકોણ જણાવો.

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) ફિલિપ્સ રેખા એટલે શું?

(2) ટૂંકાગાળામાં ફિલીપ્સ રેખા જણાવો.

(3) લાંબા ગાળામાં ફિલીપ્સ રેખા જણાવો.

(4) પ્રો.ટોબીનની પરિવર્તિત ફીલીપ્સ રેખા જણાવો.

(5) લાંબાગાળાની ફિલિપ્સ રેખા અને અર્થસાધક અપેક્ષાઓ જણાવો.

(ક) સાચો વિકલ્પ પસંદ કરી લખો.

(1) ફુગાવા અને બેરોજગારીના દર વચ્ચે કેવો સંબંધ છે.

(A) સીધો (B) વ્યસ્ત

(C) પરોક્ષ (D) સ્થિર

(2) અર્થતંત્રમાં ફુગાવાનો દર ઊંચો હોય ત્યારે બેરોજગારીનો દર કેવો હોય છે.

(A) સીધો (B) ઊંચો

(C) નીચો (D) સ્થિર

(3) અર્થતંત્રમાં ફુગાવાનો દર નીચો હોય ત્યારે બેરોજગારીનો દર કેવો હોય છે.

(A) સીધો (B) ઊંચો

(C) નીચો (D) સ્થિર

(4) ટૂંકાગાળામાં ફિલિપ્સ રેખા સ્થાનમાં ફેરફાર અંગેની સમજૂતી ક્યા અર્થશાસ્ત્રીએ આપી છે.

(A) પ્રો.એ. ડબલ્યૂ. ફિલિપ્સે (B) પ્રો.ટોબિન

(C) પ્રો.માર્શલ (D) પ્રો.ફ્રીડમૅને

(5) લાંબા ગાળામાં ફિલિપ્સ રેખા કેવી હોય છે.

(A) ધન ઢાળ (B) ઋણ ઢાળ

(C) ઊભી ધરીને સમાંતર (D) આડી ધરીને સમાંતર

(6) પ્રો.જેમ્સ ટોબિને રજૂ કરેલ ફિલિપ્સ રેખા કેવી દર્શાવેલ છે.

(A) ધન ઢાળ (B) ઋણ ઢાળ

(C) ઊભી ધરીને સમાંતર (D) ખાંચાવાળી

❖ **સંદર્ભ સૂચિ :**

1. આર્થિક સિદ્ધાંતો - ડો. એમ.એન રાવળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.

2. અર્થશાસ્ત્રમાં સિદ્ધાંતો - શ્રી એચ. કે. ત્રિવેદી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

3. Macroeconomics - S.K. Chakravarty, Himalaya Publishing house, 2010.

4. Macroeconomics: Economic Growth Fluctuations and Policy-Robert A. Hall and David H. Paipal, Vaina Bokos, 2010.

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ :**

(1) (B) વ્યસ્ત

(2) (C) નીચો

(3) (B) ઊંચો

(4) (D) પ્રો.ફ્રીડમૅને

(5) (C) ઊભી ધરીને સમાંતર

(6) (D) ખાંચાવાળી

****

એકમ: 9
ફુગાવાનું નિયંત્રણ અને નાણાંકીય નીતિ

❖ **રૂપરેખા :**

9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 નાણાંકીય નીતિનો અર્થ

9.3 નાણાંકીય નીતિની અસરકારકતા

9.4 નાણાંકીય નીતિની અસરકારકતામાં વિલંબ

9.5 સારાંશ

9.6 ચાવીરૂપ શબ્દો

9.7 તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભગ્રંથ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

9.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તેમ...

- નાણાંકીય નીતિનો અર્થ સમજાવી શકશો.
- ફુગાવાના નિયંત્રણ માટે નાણાંકીય નીતિની અસરકારકતા જાણી શકશો.

9.1 પ્રસ્તાવના :

જો અર્થતંત્રમાં શ્રમના વધારાના પ્રમાણ સાથે મૂડી સ્ટોક પણ વધતો રહે, તો પૂર્ણ રોજગારીએ સંતુલનની સ્થિતિ સતત જાળવી શકાય છે. શ્રમ શક્તિના પ્રમાણમાં મૂડી સ્ટોકમાં વધારો થવાથી વધારાની રોજગારી અને ઉત્પાદન ક્ષમતા બંનેમાં વધારો થશે અને અર્થતંત્રને સંતુલિત લાંબા ગાળાના વિકાસ માર્ગ પર લઈ જશે. પરંતુ વ્યાપાર ચક્રના ઉતાર-ચઢાવ અર્થતંત્રને આ માર્ગથી ભટકાવતા રહે છે. અર્થતંત્રને તેજી અને મંદીના ચરમસીમાથી બચાવવા માટે, સર્વાંગી નીતિઓ અપનાવવી જરૂરી બની જાય છે. આ વ્યાપારચક્ર વિરોધના સંદર્ભમાં આપણે બે મુખ્ય નીતિઓની ચર્ચા કરીશું જેમ કે. નાણાકીય અને રાજકોષીય નીતિ છે. જેમાંથી આપણે આ એકમાં નાણાકીય નીતિનો અભ્યાસ કરીશું.

9.2 નાણાકીય નીતિનો અર્થ :

સામાન્ય રીતે નાણાંકીય નીતિનો અર્થ થાય છે જે તે દેશની મધ્યસ્થ બેંક દ્વારા અપનાવવામાં આવેલી નિયંત્રણ નીતિ, જેમાં નાણાંની માત્રા, તેની કિંમત (એટલે કે વ્યાજ દર) અને કેટલાક ચોક્કસ ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે તેના ઉપયોગને નિયંત્રિત કરવાના પગલાંનો સમાવેશ થાય છે. હાલમાં નાણાંકીય નીતિનો અર્થ સ્પષ્ટ શબ્દોમાં સમજાવતી વખતે એવું કહી શકાય કે નાણાકીય

નીતિનો અર્થ મધ્યસ્થ બેંકની ધિરાણ નિયંત્રણ નીતિ અને તે હેઠળ તમામ નાણાકીય નિર્ણયો અને પગલાં શામેલ છે, જેનો હેતુ નાણાકીય નીતિને પ્રભાવિત કરવાનો છે.

9.3 નાણાકીય નીતિની અસરકારકતા :

નાણાકીય નીતિની અસરકારકતા કુલ માંગ અને આવકના સ્તરને પ્રભાવિત કરવાની તેની ક્ષમતા દ્વારા માપવામાં આવે છે. જો તેજી અ; ફુગાવાના તબક્કા દરમિયાન નાણાંનો પુરવઠો ઘટાડવાના પ્રયાસથી કુલ માંગમાં ઘટાડો થાય છે, અને મંદીના તબક્કા દરમિયાન, નાણાંનો પુરવઠો વધારવાના પ્રયાસથી કુલ માંગમાં વધારો થાય છે, તો નાણાકીય નીતિ સફળ માનવામાં આવે છે.

9.3.1 ફુગાવા દરમિયાન નાણાકીય નીતિની અસરકારકતા : સામાન્ય રીતે ફુગાવાની પરિસ્થિતિમાં નાણાકીય નીતિ દ્વારા કુલ માંગને પ્રભાવિત કરી શકાય પરંતુ નાણાકીય નીતિની આ અસરકારકતા માત્ર માંગ વધારતા (Demand pull) ફુગાવા સુધી મર્યાદિત રહેશે. નાણાકીય નીતિ ખર્ચ-વધારતા (Cost push) ફુગાવાને નિયંત્રિત કરવામાં નિષ્ફળ જશે. ઝડપી ફુગાવાના કિસ્સામાં, નાણાંની રકમ ઘટાડવા માટે લેવામાં આવેલા પગલાં વ્યાજ દરમાં વધારો કરશે. આનાથી રોકાણ અને કાયમી વપરાશની ચીજવસ્તુઓ પર ખર્ચ ઘટાડો થવાથી કુલ માંગમાં ઘટાડો થાય છે.

ઉંચા ફુગાવાના કિસ્સામાં નાણાકીય નીતિની સફળતા શંકાસ્પદ રહેશે. અહીં, જો ચલણના જથ્થામાં ઘટાડાને કારણે વ્યાજ દરમાં સામાન્ય વધારો થાય છે, તો ઝડપથી વધતા દરથી થતા નફાની લાલચમાં વ્યાજના ખર્ચને અવગણીને પણ રોકાણ ચાલુ રાખી શકાય છે. આવા સમયે ચલણવેગમાં વધારો કરીને વધારાના રોકાણ માટે નાણાકીય સંસાધનોનું એકત્રીકરણ શક્ય બનશે. આવી સ્થિતિમાં, નાણાકીય નીતિની સફળતા માટે, જો વ્યાજ દરો ખૂબ ઊંચા કરીને નાણાંનો પુરવઠો ઘટાડવા માટે અતિશય કડક પગલાં લેવામાં આવે, તો પરિણામ વધુ અસ્થિર અને ખર્ચાળ રહેશે. સૌ પ્રથમ આ માટે ખુલ્લા બજારમાં વેચાણ માટે મોટી માત્રામાં સિક્યોરિટીઝ ઓફર કરવી પડશે. આનાથી સરકારી સિક્યોરિટીઝના ભાવમાં તીવ્ર ઘટાડો થશે અને સિક્યોરિટીઝ બજારમાં અનિશ્ચિતતા સર્જાશે, બીજું વ્યાજ દરમાં અસાધારણ વધારો થવાથી રોકાણમાં અચાનક તીવ્ર ઘટાડો થઈ શકે છે. આનાથી અર્થતંત્રમાં ગંભીર મંદી આવી શકે.

ઉપરોક્ત ચર્ચા પરથી એ સ્પષ્ટ થાય છે કે તીવ્ર તેજી અને મોંઘવારી જેવી પરિસ્થિતિઓમાં, સ્વતંત્ર નાણાંકીયની નીતિ ખૂબ અસરકારક રહેશે નહીં. તેની અસરકારકતા સામાન્ય ઉછાળા અને માંગ આધારિત ફુગાવાના નિયંત્રણ સુધી મર્યાદિત રહેશે.

9.3.2 મંદી દરમિયાન નાણાકીય નિતિની અસરકારકતા : મંદીના સમયમાં નાણાકીય નીતિ સફળ થઈ શકતી નથી અથવા રાજકોષીય નીતિની સાપેક્ષ ઓછી અસરકારક છે. અર્થતંત્રમાં મંદીના પ્રકોપને ઓછો કરવા માટે નાણાંની પુરવઠામાં વધારો કરીને કુલ માંગમાં વધારો કરવો બે મુખ્ય કારણોસર શક્ય બનશે નહીં. પહેલું કારણ મંદીના સમયગાળા દરમિયાન મૂડીની સીમાંત

ઉત્પાદકતા નીચી જોવા મળે છે. નાણાંના પુરવઠામાં વધારીને વ્યાજ દર ઘટાડીને રોકાણ ખર્ચ વધારી શકાતો નથી, કારણ કે મંદીમાં મૂડીને સીમાંત ઉત્પાદકતા ખૂબ ઓછી થઈ જાય તો રોકાણનો હેતુ પોતે જ નાશ પામે છે. તેથી, રોકાણમાં વધારો ન થાય તો, કુલ માંગમાં વધારો થશે નહીં. બીજું કારણ લિક્વિડિટી ટ્રેપ (તરલતા પિંજર) દ્વારા સર્જાયેલ અવરોધ હશે., બજારના મંદીના સમયમાં, લોકો ચલણને રોકડમાં રાખવાની માંગ અસ્થિર બની જાય છે. આ કારણોસર, તેઓ પૈસાનો ઉપયોગ સિક્યોરિટીઝ વગેરે ખરીદવા માટે કરવાને બદલે, તેને રોકડમાં પોતાની પાસે રાખે છે. આવી સ્થિતિમાં, મધ્યસ્થ બેંક દ્વારા કરવામાં આવતા નાણાંના જથ્થામાં વધારો સિક્યોરિટીઝ પરના વ્યાજદરને અસર કરી શકશે નહીં. લોકોએ તેને રોકડના રૂપમાં રાખવાનું પસંદ કરે છે. જેનાથી વ્યાજ દર ઘટાડી શકાતો નથી, તેથી રોકાણમાં વધારો શક્ય બનશે નહીં. આ બે મુખ્ય કારણોને કારણે, નાણાકીય નીતિ દ્વારા બજારની સ્થિતિમાં સુધારો શક્ય બનશે. નહીં.

9.4 નાણાકીય નીતિની અસરકારકતામાં વિલંબ :

9.4.1 પરોક્ષ અસર : પ્રો.કેઈન્સના મતે નાણાંના પુરવઠામાં ફેરફાર થતાં તરત જ મૂડીરોકાણ, ઉત્પાદન વગેરેમાં ફેરફાર થતો નથી. તેમના જણાવ્યાનુસાર જો નાણાંના પુરવઠામાં વધારો થાય તો વ્યાજદરમાં ઘટાડો થાય છે અને તેના લીધે મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય છે. ગુણાંકના સિદ્ધાંત મુજબ મૂડીરોકાણમાં વધારો થતાં માંગમાં અનેક ગણો વધારો થાય છે. જેથી રોજગારી અને આવકમાં પણ વધારો જોવા મળે છે. આ સમયે જો અર્થતંત્રમાં પૂર્ણરોજગારી પ્રવર્તતી હશે તો નાણાંના પુરવઠામાં વધારો થતા ઉત્પાદન કે રોજગારી કરતા ભાવોમાં વધુ વધારો થાય છે. પરંતુ, જો અર્થતંત્રમાં મંદી હશે તો નાણાંના પુરવટામાં વધારો થવાથી વ્યાજદરમાં ઘટાડો થતો નથી. એટલું જ નહીં પણ મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઓછી હોવાથી મૂડીરોકાણ, ઉત્પાદન અને રોજગારી પર પણ ખાસ અસર જોવા મળશે નહીં. આમ, નાણાંના પુરવઠાની અસરોનો આધાર અર્થતંત્ર કઈ પરિસ્થિતિમાં છે તેના પર રહેલો છે.

9.4.2 પ્રત્યક્ષ અસર : પ્રો.મિલ્ટન ફ્રિડમેન જેવા નાણાંવાદીઓના મતે નાણાંના પુરવઠામાં ફેરફાર થતા તેની સીધી અસર અર્થતંત્ર પર થાય છે. તેમના જણાવ્યાનુસાર નાણાંના પુરવઠામાં ફેરફાર થતા લોકો પાસેની રોકડ પુરાંતોમાં ફેરફાર થાય છે. જેની સીધી અસર જુદીજુદી ચીજવસ્તુઓની માંગ, તેમના ભાવ, મૂડીરોકાણ, ઉત્પાદન, રોજગારી અને આવક પર થાય છે. જો અર્થતંત્રમાં નાણાંના પુરવઠામાં વધારો થાય તો લોકો પાસેની રોકડ પુરાંતોમાં વધારો થવા પામે છે.

જેથી લોકો વપરાશી ચીજવસ્તુઓ, જમીન, શેર વગેરેની પાછળ વધુ પ્રમાણમાં નાણું ખર્ચશે, પરિણામે ચીજવસ્તુઓના ભાવ, ઉત્પાદન, મૂડીરોકાણ વગેરેમાં વધારો થશે. ચીજવસ્તુઓના ભાવમાં વધારાની પ્રક્રિયા જ્યાં સુધી ચીજવસ્તુઓના ભાવ વધુ નાણાં પ્રમાણને અનુકૂળ નહીં થાય ત્યાં સુધી ચાલુ રહેશે. આમ, નાણાંવાદીઓના મતે નાણાંનો પુરવઠો વધતા તેની સીધી અસર વાસ્તવિક થાપણની માંગ પર થાય છે અને તેથી ભાવમાં વધારો જોવા મળે છે. અહીં વ્યાજદરના ફેરફારો અને તેની અસરોને ગૌણ માનવામાં આવે છે.

9.4.3 સમય વિલંબ : નાણાંવાદી અર્થશાસ્ત્રીઓ માને છે કે નાણાંના પુરવઠામાં ફેરફાર થતા તેની અસર અર્થતંત્ર પર તરતજ થતી નથી પરંતુ તેમાં કેટલો સમયગાળો પડે છે. આ સમય વિલંબ શા માટે જોવા મળે છે તે અંગે પ્રો.મિલ્ટન ફ્રિડમેન નીચે મુજબ જણાવે છે.

i. ઓળખ વિલંબ : અર્થતંત્રની બદલાતી જરૂરિયાત મુજબ નાણાંના પુરવઠામાં ફેરફાર કરવાનો હોય છે. જ્યારે ઉત્પાદનમાં વધારો થાય ત્યારે તે મુજબ નાણાંના પુરવઠામાં વધારો કરવો આવશ્યક બને છે.

તે જ પ્રમાણે જ્યારે વસ્તીનું પ્રમાણે, રોકડની પસંદગી, આવક વગેરેમાં ફેરફાર થાય તો તે અનુસાર નાણાંના પુરવઠામાં ફેરફાર કરવો આવશ્યક બને છે. આમ ક્યારે, ક્યાં અને કેટલા પ્રમાણમાં નાણાંનું પ્રમાણ બદલવું તેની ઓળખ કરવામાં સમય જાય છે. ઉત્પાદન, મૂડીરોકાણ, રોજગારી આવક, ભાવ, આયાત-નિકાસ, સંગ્રહ વગેરે નિર્દેશકો સમયસર, પૂરેપૂરા અને આધારભૂત મેળવવામાં વિલંબ થતો હોવાથી મધ્યસ્થ બેંકને નાણાંના પુરવઠામાં ફેરફાર કરવામાં કેટલો સમય લાગે છે અને તેથી તેના ઈચ્છિત પરિણામો મેળવી શકાતા નથી.

ii. ક્રિયા વિલંબ : ક્યા સંજોગોમાં કેટલા પ્રમાણમાં નાણાના પુરવઠામાં ફેરફાર કરવો તે અંગે નક્કી કર્યા પછી બીજો વિલંબ ક્રિયામાં થાય છે. નાણાંના પુરવઠામાં ઘટાડો કરવો કે બેંક રેટ વધારવું ? જો વધારવો તો કેટલો વધારવો ? કે પછી ગુણાત્મક શાખનિયંત્રણના પગલાં લેવા ? શાખનિયંત્રણના ક્યા પ્રકારના પગલાં લેવા ? વગેરે અંગે નિર્ણય લેતા પહેલા જે તે ખાતાઓ અને સબંધિત લોકો સાથે ચર્ચા-વિચારણા કરવી આવશ્યક હોય છે. એટલું જનહીં પરંતુ આ પગલાંની સામાજિક આર્થિક અને રાજકીય અસરો કેવી રહેશે તે અંગે પણ વિચાર કરવો પડે છે. આ પગલાંઓ કાયદા અને નિયમો અનુસાર જ લેવામાં આવતા હોવાથી તેના પર ચર્ચા-વિચારણા કરવામાં સારો એવો સમય નીકળી જાય છે.

iii. અસર વિલંબ : આવશ્યકતા મુજબ તમામ માહિતી મેળવીને ચર્ચા-વિચારણા કરીને નાણાંના પુરવઠામાં જ્યારે ફેરફાર કરવામાં આવે છે ત્યારે તેની અસર તરત જ થતી નથી. અસર થવામાં પણ વિલંબ થાય છે. જ્યારે ફુગાવાને અટકાવવા માટે નાણાંના પુરવઠામાં ઘટાડો કરવામાં આવે છે ત્યારે તેના માટે મધ્યસ્થ બેંક ખુલ્લા બજારમાં સરકારી જામીનગીરીઓનું વેચાણ કરે છે. જેના પરિણઆમે બેંકોની રોકડતામાં ઘટાડો થાય છે અને બેંક ધિરાણનું પ્રમાણ ઘટે છે. જેથી ખર્ચમાં ઘટાડો થાય છે અને ભાવવધારા પર કેટલાક અંશે દબાણ લાવી શકાય છે. પણ આ સમગ્ર પ્રક્રિયામાં કેટલો સમય લાગે છે. ફુગાવાને નિયંત્રિત કરવાના પગલાંઓ અમલમાં મુકતાની સાથે જ ફુગાવાને નિયંત્રિત કરી શકાતો નથી. આમ, કોઈપણ નાણાંકીય પગલાંઓની અસર થવા માટે કેટલોક સમય લાગતો હોય છે. વિકસિત કરતા અલ્પવિકસિત અર્થતંત્રમાં નાણાંના પુરવઠાના ફેરફારોની અસર થવામાં વધુ સમય લાગે છે.

iii. અસર વિલંબ : આવશ્યકતા મુજબ તમામ માહિતી મેળવીને ચર્ચા-વિચારણા કરીને નાણાંના પુરવઠામાં જ્યારે ફેરફાર કરવામાં આવે છે ત્યારે તેની અસર તરત જ થતી નથી. અસર થવામાં પણ વિલંબ થાય છે. જ્યારે ફુગાવાને અટકાવવા માટે નાણાંના પુરવઠામાં ઘટાડો કરવામાં આવે છે ત્યારે તેના માટે મધ્યસ્થ બેંક ખુલ્લા બજારમાં સરકારી જામીનગીરીઓનું વેચાણ કરે છે. જેના પરિણામે બેંકોની રોકડતામાં ઘટાડો થાય છે અને બેંક ધિરાણનું પ્રમાણ ઘટે છે. જેથી ખર્ચમાં ઘટાડો થાય છે અને ભાવવધારો પર કેટલાક અંશે દબાણ લાવી શકાય છે. પણ આ સમગ્ર પ્રક્રિયામાં કેટલોક સમય લાગે છે. ફુગાવાને નિયંત્રિત કરવાના પગલાંઓ અમલમાં મુકતાની સાથે જ ફુગાવાને નિયંત્રિત કરી શકાતો નથી. આમ, કોઈપણ નાણાંકીય પગલાંઓની અસર થવા માટે કેટલોક સમય લાગતો હોય છે. વિકસિત કરતા અલ્પવિકસિત અર્થતંત્રમાં નાણાંના પુરવઠાના ફેરફારોની અસર થવામાં વધુ સમય લાગે છે.

iv. આંતરિક અને બાહ્ય વિલંબ : ઓળખ વિલંબ અનક્રિયા વિલંબ મધ્યસ્થ બેંકની આંતરિક બાબતો પર આધારિત હોવાથી તેને આંતરિક વિલંબ તરીકે ઓળખવામાં આવે છે. મધ્યસ્થ બેંકના પગલાંની અસરોનો આધાર બાહ્ય સંજોગો પર વિશેષ પ્રમાણમાં રહેલો હોય છે. તેથી અસર વિલંબને બાહ્ય વિલંબ તરીકે ઓળખવામાં આવે છે.

v. વિલંબ ગાળાનો આધાર : ઓળખ વિલંબ, ક્રિયા વિલંબ તથા અસર વિલંબ બધાજ દેશોમાં બધા સમય માટે એક સરખો હોતો નથી. પ્રત્યેક વિલંબનો આધાર પરિસ્થિતિ પર રહેલો હોય છે. વિકસિત દેશોમાં જરૂરી માહિતીઓ ઝડપથી અને આધારભૂત રીતે મેળવી શકાતી હોવાથી ઓળખ વિલંબ વિકસિત દેશોમાં ઓછા હોય છે. જ્યારે અલ્પવિકસિત દેશોમાં વિકસિત દેશો જેવું કાર્યક્ષમ માળખું ન હોવાથી ઓળખ વિલંબ લાંબો હોય છે.

નાણાંના પુરવઠામાં થથા ફેરફારોનો ક્રિયા વિલંબ કરવેરા કે જાહેર ખર્ચ અંગેના ક્રિયા વિલંબ કરતા ટૂંકો હોય છે. સામાન્ય રીતે નાણાંના પુરવઠામાં ફેરફાર કરવા અંગેનો નિર્ણય મધ્યસ્થ બેંકો લેતી હોય છેય જ્યારે કરવેરા કે જાહેરખર્ચ અંગેના નિર્ણયો લોકસભામાં લેવાતા હોવાથી સમય લાગે છે.

ઓળખ વિલંબ અને અસર અસર વિલંબ કરતા ક્રિયા વિલંબ ટૂંકો હોય છે. કારમ કે અમુક પગલું ભરવું અનિવાર્ય છે એવું સમજાય ત્યારે તે અંગે ક્રિયા પણ તરતજ થાય છે.

અર્થતંત્રમાં કેટલા અંશે બેંકો છે. ખાસ બેંકોને કેટલો સહકાર પ્રાપ્ત થાય ચે. દેશમાં બેંકો કેટલા પ્રમાણમાં ઉપલબ્ધ છે વગેરે બાબતો પર અસર વિલંબનો આધાર રહેલો છે. બેંકોની સ્થિતિ જુદા જુદા દેશમાં જુદીજુદી હોવાથી અસર વિલંબમાં પણ વિવિધતા જોવા મળે છે.

9.5 સારાંશ :

નાણાકીય નીતિ કેન્દ્રીય બેંક દ્વારા લેવામાં આવેલા પગલાંનો ઉલ્લેખ કરે છે. અર્થતંત્રમાં નાણાના પુરવઠામાં ફેરફાર કરી વ્યાજદર પર અસર કરે છે. જેનાથી નાનાની માંગ. બચત અને મૂડી રોકાણ, ભાવ સપાટી વગેરે પ્રભાવિત થાય છે. દેશમાં સંતુલન જાળવવા માટે નાણાકીય નીતિ બે મુખ્ય સાધનોનો ઉપયોગ કરે છે, જેને માત્રાત્મક પગલાં અને ગુણાત્મક પગલાં કહેવામાં આવે છે. માત્રાત્મક પગલાઓ નાણાનો પુરવટો અને તેની કિંમત એટલે કે વ્યાજ દરના નિયંત્રણ સાથે સબંધિત છે. ગુણાત્મક પગલાઓ દૂધના પ્રવાહને યોગ્ય પ્રવૃત્તિઓમાં ફેરવવાનો પ્રયાસ કરે છે જયારે પરિણાત્મક પગલાઓ ફક્ત દૂધના જથ્થાને અસર કરે છે.

નાણાકીય નીતિ અને રાજકોષીય નીતિના મુખ્ય ઉદ્દેશો ફાગાવાને નિયંત્રિત કરવા, કિંમતોને સ્થિર કરવા માટે ચલણને નિયંત્રિત કરવા, વિનિમય દર જાળવવા, ચુકવણી સંતુલન પ્રાપ્ત કરવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. પરંતુ આ બંને નીતિમાંથી કઈ નીતિ વધારે અસરકારક છે તે નક્કી કરવું મુશ્કેલ છે. આમ છતાં નાણાકીય નીતિમાં અલ્પવિકસિત દેશો, અસંગઠિત નાણાં બજાર, નાણાકીય નીતિની વિલંબિત અસર, બિલ વિનિમય દરોની અસર, ચલણનું ઓછું મહત્વ અને સ્થિર વ્યાજ દર માળખાનો અભાવ, આ કેન્દ્રીય નાણાકીય નીતિની મર્યાદાઓ છે, જેથી આ સંજોગોમાં નાણાકીય નીતિની સાપેક્ષ રાજકોષીય નીતિ વધુ અસરકારક જણાઈ છે.

9.6 ચાવીરૂપ શબ્દો :

- બોજારહિત સિક્યોરિટીઝ (Unencumbered Securities) : બોજારહિત સિક્યોરિટીઝ એટલે એવી સિક્યોરિટીઝ જે સેન્ટ્રલ બેંક પાસેથી લોન માટે સિક્યોરિટીઝ તરીકે કામ કરતી નથી.
- ફુગાવો (Inflation) : ફુગાવાનો અર્થ એ છે કે ચોક્કસ સમયગાળા દરમિયાન વસ્તુ અને સેવાઓના ભાવમાં સામાન્ય વધારો. આનો અર્થ એ થયો કે નાણાં પુરવટામાં પણ વધારો થઈ શકે છે. ફુગાવો નાણાંની ખરીદ શક્તિ ઘટાડે છે, જેનો અર્થ એ થાય કે ચલણના દરેક એકમથી ઓછી વસ્તુઓ અને સેવાઓ ખરીદાય છે.
- બિલ માર્કેટ (Bill Market) : બિલ માર્કેટ અથવા ડિસ્કાઉન્ટ માર્કેટ એટલે એવા બજારો જ્યાં ટૂંકા ગાળાના બિલ અને અન્ય કાગળો ખરીદવામાં આવે છે અને વેચવામાં આવે છે.
- મંજૂર સિક્યોરિટીઝ (Approved Securities) : મંજૂર સિક્યોરિટીઝ એટલે એવી સિક્યોરિટીઝ કે જેની ચુકવણી સરકાર દ્વારા ગેરંટી આપવામાં આવે છે.

9.7 તમારી પ્રગતિ ચકાસો :

(અ) નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો.

(1) નાણાકીય નીતિનો અર્થ જણાવી તેજી-મંદીમાં નાણાકીય નીતિની ભૂમિકા જણાવો.

(2) નાણાકીય નીતિની અસરકારકતામાં વિલંબ એટલે શું ? વિગતે સમજાવો.

(3) જ્યાં અસંગઠિત નાણાં બજારનું પ્રભુત્ત્વ હોય ત્યાં નાણાકીય નીતિ ઓછી અસરકારક સાબિત થાય છે. શા માટે ?

(બ) નીચેના પ્રશ્નનો ટૂંકમાં જવાબ આપો.

(1) મંદીના સમયમાં નાણાકીય નીતિની ભૂમિકા જણાવો.

(2) ફુગાવા દરમિયાન નાણાકીય નીતિની ભૂમિકા જણાવો.

(3) નાણાકીય નીતિની અસરકારકતામાં વિલંબ

(ક) નીચેની ખાલી જગ્યા પૂરો

(1) જયાં નાણાં બજાર વધુ અસંગઠિ હોય ત્યાં .... નીતિ અસરકારક જોવા મળે છે.

(A) નાણાકીય નીતિ (B) રાજકોષીય નીતિ

(C) વ્યાપાર નીતિ (D) આયાત નીતિ

(2) અન્ય પરિબળ સ્થિર રહે એવી સ્થિતિએ અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધારતા વ્યાજ દર .... ફેરફાર થાય છે.

(A) વધે (B) સ્થિર

(C) ઘટે (D) અસ્થિર

(3) મંદીના સમયમાં મૂડીની સીમાંત કાર્યક્ષમતા.............. હોય છે.

(A) વધુ (B) ઓછી

(C) સ્થિર (D) અસ્થિર

(4) અલ્પવિકસિત અર્થતંત્રમાં આર્થિક સમતુલા માટે........... નીતિ વધારે અસરકારક છે.

(A) નાણાકીય નીતિ (B) રાજકોષીય નીતિ

(C) વ્યાપાર નીતિ (D) આયાર નીતિ

❖ **સંદર્ભ સૂચિ :**

➢ Dwivedi, D.N. (2008) Macro-Economics. 7th edition, Vikas Publishing House, New Delhi.

➢ Ahuja, H.L. (2012) Macro Economics, Theory and policy, S. Chand and Company Ltd. New Delhi.

➢ શાહ હેમંતકુમાર (૨૦૧૯), ભારતીય અર્થતંત્ર વેદ વ્યાસ વિદ્યાપીઠ ગાંધીનગર.

➢ ભટ્ટ મહેશ પી. (૨૦૦૧) જાહેર વિત્તવ્યવસ્થાના સિદ્ધાંતો યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ :**

(1) (B) રાજકોષીય નીતિ

(2) (C) ઘટે

(3) (B) ઓછી

(4) (B) રાજકોષીય નીતિ

****

એકમ: 10
બેરોજગારીનું વિશ્લેષણ

❖ **રૂપરેખા :**

10.0 ઉદ્દેશો

10.1 પ્રસ્તાવના

10.2 બેરોજગારીનો કુદરતી દર

10.3 પૂર્ણરોજગારીની સમતુલા અને નવપ્રશિષ્ટ મોડેલ

10.4 સેના બજારનો નિયમ

10.5 સેના નિયમના તારણો

10.6 સેના નિયમની ટીકાઓ

10.7 ચાવીરૂપ શબ્દો

10.8 સારાંશ

10.9 તમારી પ્રગતિ ચકાસો

- ➢ નિબંધ પ્રકારના પ્રશ્નો
- ➢ ટૂંકનોંધ
- ➢ હેતુલક્ષી પ્રશ્નો
- ➢ સંદર્ભ સૂચિ
- ➢ હેતુલક્ષી પ્રશ્નોના જવાબો

10.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તેમ...

- ➢ બેરોજગારીના કુદરતી દર અંગે જાણકારી મેળવી શકશો.
- ➢ પૂર્ણરોજગારીની સમતુલા તથા નવપ્રશિષ્ટ મોડેલ અંગે જાણકારી મેળવી શકશો.
- ➢ સાટા પદ્ધતિવાળા અર્થતંત્રમાં પ્રો.સેનો નિયમ કઈ રીતે કામ કરે છે તે સમજી શકશો.
- ➢ નાણાંકીય અર્થતંત્રમાં પ્રો.સેનો નિયમ કઈ રીતે કામ કરે છે તે અંગે જાણકારી મેળવી શકશો.
- ➢ પ્રો.સેનો નિયમ, અતિઉત્પાદન અને બેરોજગારી વચ્ચેના સંબંધો અંગે ચર્ચા કરી શકશો.
- ➢ પ્રો.સેનો નિયમ અને બચતો વચ્ચેના સંબંધ વિષે જાણકારી મેળવી શકશો.
- ➢ સેના નિયમના તારણો વિષે ચર્ચા કરી શકશો.
- ➢ સેના નિયમની ટીકાઓ અંગે જાણકારી મેળવી શકશો.

10.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થી મિત્રો, આવક અને રોજગારીનો સિદ્ધાંત અર્થશાસ્ત્રના સાહિત્યમાં એક આગવું સ્થાન ધરાવે છે. સૌ પ્રથમ પ્રો.કાર્લ માર્કસે 'પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ' એ શબ્દનો પ્રયોગ કર્યો હતો. જેમાં તેમણે પ્રો.એડમસ્મિથ અને પ્રો.ડેવિડ રિકાર્ડો નો સમાવેશ કર્યો હતો. 1772 થી 1823 નો સમય ગાળો એટલે કે પ્રો.ડેવિડ રિકાર્ડોના સમયથી પ્રચલિત અર્થશાસ્ત્રના પરંપરાગત સિદ્ધાંતોના સમૂહને 'પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર' તરીકે ઓળખવામાં આવે છે. પ્રો.રિકાર્ડો દ્વારા રજૂ કરવામાં આવેલા આર્થિક સિદ્ધાંતોની કેટલીક મર્યાદાઓ ધ્યાને આવતાં આ મર્યાદાઓને દૂર કરવાનો પ્રયાસ જે અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવ્યું તેમને પ્રો.કેઇન્સે 'પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ' તરીકે ઓળખાવ્યા છે. જેમાં મુખ્યત્વે પ્રો.રિકાર્ડો ઉપરાંત પ્રો.જે. એસ. મીલ, પ્રો.માર્શલ, પ્રો.પીગુ, પ્રો.રોબર્ટસન વગેરેનો સમાવેશ થાય છે.

સમગ્રલક્ષી નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રએ પૂર્ણરોજગારીનું મોડેલ છે. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે પૂર્ણરોજગારીએ સામાન્ય પરિસ્થિતિ છે અને મુક્ત અર્થતંત્રમાં પૂર્ણરોજગારીની સપાટીએ સ્થિર સમતુલા શક્ય છે. જો અર્થતંત્રમાં ક્યારે બેરોજગારી સર્જાય છે તો તે ટૂંકાગાળામાં જ બજારના પરિબળો દ્વારા આપોઆપ નાબૂદ થાય છે.

પૂર્ણરોજગારીના આ મોડેલમાં અર્થતંત્રને શ્રમબજાર, વસ્તુબજાર અને નાણાંબજાર એમ ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. પૂર્ણરોજગારીની સપાટીએ શ્રમબજારમાં શ્રમની માંગ અને શ્રમના પુરવઠા, વસ્તુબજારમાં વસ્તુની કુલમાંગ અને વસ્તુના કુલપુરવઠા તેમજ નાણાંબજારમાં નાણાંની કુલમાંગ અને નાણાંના કુલપુરવઠા વચ્ચે સમતુલા જોવા મળે છે. શ્રમબજાર, વસ્તુબજાર અને નાણાંબજારમાં અનુક્રમે રોજગારી, ઉત્પાદનની સમતોલ સપાટી અને સામાન્ય ભાવસપાટી નક્કી થાય છે.

પૂર્ણરોજગારી એ અર્થતંત્રમાં એવી પરિસ્થિતિનો નિર્દેશ કરે છે કે જ્યાં ઐચ્છિક બેકારીનું પ્રમાણ ઓછામાં ઓછું હોય અને સામાન્યતઃ જે લોકો કામ કરવાની તત્પરતા અને યોગ્યતા ધરાવે છે તે પૈકીના મોટાભાગના લોકોને પ્રવર્તમાન વેતન દરે રોજગારી મળી રહે છે. ટૂંકમાં, પૂર્ણરોજગારી એટલે અનૈચ્છિક બેકારીનો અભાવ.

રોજગારીનો નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રનો સિદ્ધાંત એ કોઈ એક જ અર્થશાસ્ત્રીનું પ્રદાન નથી. પરંતુ કાળક્રમે એક પછી એક અર્થશાસ્ત્રીઓએ આ સિદ્ધાંતને વિકસાવ્યો છે. અર્થશાસ્ત્રના પિતા ગણાતા એડમસ્મિથે મુક્ત અર્થતંત્રના સંદર્ભમાં આ સિદ્ધાંતની રજૂઆત કરી. ત્યારબાદ ઇંગ્લેન્ડના સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી પ્રો.ડેવિડ રિકાર્ડોએ તેને વૈજ્ઞાનિક સ્વરૂપ આપવાનો પ્રયાસ કર્યો. પ્રો.રિકાર્ડોની આ વિચારધારાને ફ્રેંચ અર્થશાસ્ત્રી પ્રો.જે. બી. પ્રો.સેએ નિયમના સ્વરૂપમાં રજૂઆત કરી. પ્રો.જે. બી. સે.ના બજારના નિયમ મુજબ "વસ્તુઓનો કુલપુરવઠો અને વસ્તુઓની કુલમાંગ અનિવાર્ય રીતે સરખા થઈ રહે છે, કેમ કે જે બધી ચીજો ઉત્પન્ન થયેલી હોય છે તે જ કુલમાંગ છે. પરિણામે સમગ્ર રીતે વસ્તુઓનું વધારે પડતું પ્રમાણ હોવું અસંભવિત છે." સેના કહેવામાં કેટલીક અસ્પષ્ટતા રહેલી હોવાથી પ્રો.સેના સમકાલીન બ્રિટિશ અર્થશાસ્ત્રી પ્રો.રિકાર્ડોએ સે જે કહેવા માંગતા હતા તે બાબત વધુ સ્પષ્ટતા સાથે આ પ્રમાણે કહીઃ "કોઈપણ માણસ વાપરવા કે વેચવા સિવાય ચીજો ઉત્પન્ન કરતો નથી અને તે તત્કાળ ઉપયોગી થાય તેવા હેતુથી અન્ય વસ્તુઓ ખરીદવાના આશય સિવાય અથવા ભવિષ્યમાં ઉત્પાદન કાર્યોમાં ઉપયોગી થઈ શકે તેવી વસ્તુઓ ખરીદવાના આશય સિવાય તે કદી વેચતો નથી. માટે ઉત્પન્ન કરીને અનિવાર્ય રીતે પોતાની વસ્તુનો ગ્રાહક બને છે અથવા અન્ય લોકોએ બનાવેલી વસ્તુઓનો

ગ્રાહક અને વાપરનાર બને છે.'' ઇંગ્લેન્ડના અર્થશાસ્ત્રીઓ જેવા કે પ્રો.માર્શલ, પ્રો.પિગુ, પ્રો.પ્રો.રોબર્ટસન વગેરેએ આ સિદ્ધાંતને સ્વીકારીને સમગ્રલક્ષી અને નાણાંકીય અર્થશાસ્ત્ર વિકસાવ્યું. એટલું જ નહીં આજે પણ વિશ્વના કેટલાક અગ્રગણ્ય ગણાતા અર્થશાસ્ત્રીઓ જેવા કે પ્રો.રોબિન્સ, પ્રો.હેઝલીટ, પ્રો.હાયેક, પ્રો.ફ્રિડમેન, પ્રો.બાવર, પ્રો.શીનોય વગેરે આ નવપ્રશિષ્ટ સિદ્ધાંતના ચુસ્ત પુરસ્તકર્તાઓ છે. આથી એ બાબત સ્પષ્ટ થાય છે કે આજના યુગમાં પણ આ સિદ્ધાંતની ઉપયોગીતા છે.

10.2 બેરોજગારીનો કુદરતી દર :

દોસ્તો, કોઈપણ સમયે અર્થતંત્રમાં બેરોજગારીનું પ્રમાણ શૂન્ય હોઈ શકે નહીં. માંગના ફેરફારો, ટેકનિકલ પરિવર્તનો, શ્રમના પુરવઠામાં ફેરફાર વગેરે પરિબળોના લીધે અર્થતંત્રમાં સંઘર્ષજન્ય અને માળખાગત બેકારી ઉદ્ભવે છે. જેમ કે રોજગારી મેળવવાની ઈચ્છા ધરાવતા નવા લોકોને રોજગારી શોધવામાં કેટલોક સમય લાગે છે, કેટલાક ઉત્પાદકો અમુક કારણોસર ઉત્પાદનમાં ઘટાડો કરે ત્યારે કેટલાક શ્રમિકો બેકાર બને છે તો વળી, કેટલાક ઉત્પાદકો ઉત્પાદનમાં વધારો કરવા રોજગારીની નવી તકો ઊભી કરે છે અને રોજગારી પૂરી પાડતાં પહેલાં તેમને ટ્રેનિંગ આપવામાં આવતી હોય છે. જેના પરિણામે અર્થતંત્રમાં કોઈપણ સમયે લગભગ 4 થી 5% જેટલા શ્રમિકો બેરોજગાર રહેશે. જેને પ્રો.મિલ્ટન ફ્રિડમેન બેરોજગારીના કુદરતી દર તરીકે ઓળખાવે છે.

પ્રો.ફ્રિડમેન નીચે તરફ ઢળતી ફિલિપ્સ રેખાના ખ્યાલ સાથે સંમત તો થાય છે પરંતુ સાથે સાથે જણાવે છે કે તે રેખા સ્થિર હોતી નથી. તેમના જણાવ્યા મુજબ સમય અને સંજોગો સાથે આ રેખા કેટલીક વખત ડાબી બાજુ કે જમણી બાજુ ખસતી હોય છે. પ્રો.પ્રો.ફ્રિડમેને રજૂ કરેલા બેરોજગારીના કુદરતી દરના ખ્યાલમાં જણાવ્યું છે કે ટૂંકાગાળામાં ફુગાવા અને બેરોજગારી વચ્ચે સંબંધ છે તે સાચું પણ લાંબાગાળે તેમની વચ્ચે કોઈ સંબંધ નથી. એટલે કે લાંબાગાળે અર્થતંત્ર બેરોજગારીના કુદરતી દરે જ સ્થિર થાય છે અને તેથી લાંબાગાળે ફિલિપ્સ રેખા એ ઋણ ઢાળવાળી ન રહેતાં સીધી ઊભી રેખા (લંબ રેખા) જોવા મળે છે. આમ, લાંબાગાળે ફુગાવાના દર અને બેરોજગારીના દર વચ્ચે અદલાબદલી થતી નથી. તેથી લાંબાગાળે ફિલિપ્સ રેખા સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ જોવા મળે છે. પ્રો.ફ્રિડમેનના મતે બેરોજગારીનો કુદરતી દર એટલે બેરોજગારીના જે દરે શ્રમબજારમાં બેકાર લોકોની પ્રવર્તમાન સંખ્યા અને ઉપલબ્ધ રોજગારીની સંખ્યા બરાબર હોય તે દર.

પ્રો.ફ્રિડમેન બેરોજગારીના કુદરતી દરની વ્યાખ્યા આપતા જણાવે છે કે આ એ દર છે કે જે વાસ્તવિક વેતનદરના માળખાની સાથે સુસંગત હોવાનો ગુણ ધરાવે છે. ટૂંકમાં, બેરોજગારીનો કુદરતી દર એ અર્થતંત્રની માળખાકીય અપૂર્ણતાઓના પરિણામે સ્થિર થવાના દરનો નિર્દેશ કરે છે. અહીં ફુગાવાનો વાસ્તવિક દર અને ફુગાવાનો અપેક્ષિત દર બંને એકસરખા હોવાથી તે બેરોજગારીના સમતુલિત દર તરીકે પણ ઓળખવામાં આવે છે કે જે બાજુ અર્થતંત્ર લાંબાગાળે ગતિ કરે છે. પરિણામે લાંબાગાળે ફિલિપ્સ રેખા એ બેરોજગારીના કુદરતી દરે સીધી ઊભી રેખા જોવા મળે છે.

વિદ્યાર્થી મિત્રો, અહીં ખાસ નોંધનીય બાબત એ છે કે બેરોજગારીનો કુદરતી દર હંમેશા સ્થિર રહેતો નથી. શ્રમબજાર અને વસ્તુબજારની અનેક માળખાકીય વિશિષ્ટતાઓ દ્વારા તે અર્થતંત્રમાં નિર્ધારિત થાય છે. જ્યારે ફિલિપ્સ રેખામાં થતા ફેરફારોએ ફુગાવાના અપેક્ષિત

દરના પરિણામે થાય છે. ફુગાવાનો વાસ્તવિક દર એ ફગાવાના અપેક્ષિત દર કરતાં વધુ હોય ત્યારે બેરોજગારીનો દર ટૂંકાગાળા પૂરતો જ બેરોજગારીના કુદરતી દર કરતાં ઓછો હોય છે; લાંબાગાળે ફરીથી બેરોજગારીનો કુદરતી દર સ્થપાય છે.

10.3 પૂર્ણરોજગારીની સમતુલા અને નવપ્રશિષ્ટ મોડેલ :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ પ્રો.એડમસ્મિથ, પ્રો.રિકાર્ડો, પ્રો.જે. બી. સે, પ્રો.જે. એસ. મીલ, માર્શલ, પ્રો.પીગુ વગેરે દ્વારા રજૂ કરવામાં આવેલ નવપ્રશિષ્ટ સિદ્ધાંતોમાં પૂર્ણરોજગારીની પરિસ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ તમામ અર્થશાસ્ત્રીઓના મતે પૂર્ણરોજગારી એ એક સામાન્ય ઘટના છે અને જો અમુક કારણોસર કોઈ એક સમયે અર્થતંત્રમાં પૂર્ણરોજગારીની સ્થિતિ ન પ્રવર્તતી હોય તો પણ અર્થતંત્ર પૂર્ણરોજગારી પ્રાપ્ત કરવાનું વલણ ધરાવે છે. ટૂંકમાં, નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ રજૂ કરેલા સિદ્ધાંતોમાં પૂર્ણરોજગારીની ધારણા કરવામાં આવી છે. તેમના મતે અર્થતંત્રમાં હંમેશા પૂર્ણરોજગારી પ્રવર્તે છે. એટલે કે અર્થતંત્ર હંમેશા પૂર્ણરોજગારીની સપાટીએ સમતુલામાં હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો આનો મતલબ એ નથી કે અર્થતંત્રમાં બેકારી ક્યારેય સજાશે નહીં. જો અમુક કારણોસર અર્થતંત્રમાં બેકારીનું સર્જન થાય તો અર્થતંત્ર પોતે એક સ્વયંસંચાલિત વ્યવસ્થા હોવાથી ટૂંક સમયમાં જ પૂર્ણરોજગારી પુનઃસ્થપાશે. આમ, નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે બેરોજગારીએ માત્ર ટૂંકાગાળા પૂરતી જ હોય છે. પરંતુ લાંબાગાળે તો પૂર્ણરોજગારીની સપાટીએ જ અર્થતંત્ર સમતુલા મેળવે છે.

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ પૂર્ણરોજગારીની સમતુલાના સંદર્ભમાં પ્રો.જે. બી. પ્રો.સેના બજારના નિયમને રજૂ કરે છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, ‘પુરવઠો સ્વયં પોતાની માંગ સર્જે છે’. ઉત્પાદકોએ ઉત્પન્ન કરેલી ચીજવસ્તુઓના બદલામાં બીજા ઉત્પાદકોએ ઉત્પન્ન કરેલી ચીજવસ્તુઓ મેળવે છે. આમ, ઉત્પાદન વધતાં વપરાશમાં વધારો થાય છે. તેથી અર્થતંત્રમાં માંગ અને પુરવઠો હંમેશા સમતુલામાં જ રહે છે. અહીં પ્રત્યેક વસ્તુ કે સેવાનો પુરવઠો પોતાની માંગ ઊભી કરતો હોવાથી પુરવઠો ક્યારેય માંગ કરતા વધુ કે ઓછો થશે નહીં. ટૂંકમાં, અર્થતંત્ર એ સ્વયંસંચાલિત વ્યવસ્થા હોવાથી તેનું ખાસ ધ્યાન રાખવાની જરૂર નથી કારણ કે તેમાં કોઈ વિશેષ સમસ્યા ઉદ્ભવતી નથી.

10.4 પ્રો.પ્રો.સેનો બજારનો નિયમ :

પ્રો.એડમસ્મિથના શિષ્ય ફ્રાંસના અર્થશાસ્ત્રી પ્રો.જે. બી. સે (જીન બેપ્ટીસ્ટ સે) (1767-1832) દ્વારા તેમના પુસ્તક ‘Treatise on Political Economy’માં તેમનો નિયમ બજારની માંગ અને પુરવઠાના સાદા પરિબળો દ્વારા સમજાવ્યો છે. તેથી તેમના નિયમને પ્રો.સેના બજારના નિયમ તરીકે ઓળખવામાં આવે છે. આ નિયમ મુજબ અતિઉત્પાદન અને બેરોજગારી એ તાર્કિક રીતે અસંભવ છે. એક જ વાક્યમાં સેના નિયમને આ મુજબ રજુ કરવામાં આવે છે ‘પુરવઠો સ્વયં પોતાની માંગ સર્જે છે’ (Supply Creates its own Demand). બીજી રીતે કહીએ તો ‘ઉત્પાદન એ વસ્તુઓ માટેનું બજાર સર્જે છે.’ એટલે કે અર્થતંત્રની ઉત્પાદક પ્રવૃત્તિ સ્વયમેવ એટલી માંગ સર્જે છે કે જેટલું ઉત્પાદન થયું હોય. આમ, કુલમાંગ અને કુલપુરવઠો એક સરખા થઈ જાય છે. અર્થતંત્રમાં કુલ ઉત્પાદન જેટલી માંગ થતી હોવાથી સામાન્યતઃ અતિઉત્પાદન કે બેરોજગારીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો કદાચ બેરોજગારી સર્જાય તો તે માત્ર ટૂંકાગાળા પૂરતી જ હોય છે. આમ, પ્રો.સેના બજારના નિયમ સાથે અતિઉત્પાદન અને બેરોજગારી સુસંગત નથી.

10.4.1 સેના નિયમની ધારણાઓ : દોસ્તો, પુરવઠો સ્વયં પોતાની માંગ કેવી રીતે સર્જે છે તે બાબત સમજાવવા માટે પ્રો.જે. બી. પ્રો.સેએ નિયમમાં કેટલીક ધારણાઓ કરી છે જે નીચે મુજબ છે :

- દેશમાં પ્રજા ઉત્પાદન પોતાના વપરાશ માટે તેમજ વિનિમયના હેતુ માટે જ કરે છે.
- નાણું વાસ્તવિક પરિબળો પર પ્રભાવ પાડતું નથી એટલે કે નાણું વિનિમયના માધ્યમ તરીકે જ કાર્ય કરે છે.
- અર્થતંત્રમાં પૂર્ણહરીફાઈ પ્રવર્તે છે.
- બજારમાં સરકારના હસ્તક્ષેપનો અભાવ છે.
- બજારના વિસ્તરણને કોઈ મર્યાદા નથી. ચીજવસ્તુઓનું ઉત્પાદન વધતા બજારના કદમાં ફેરફાર થાય છે.
- અર્થતંત્રમાં વ્યાજનો દર બચત અને મૂડીરોકાણ વચ્ચે સમતુલા સ્થાપવાનું કાર્ય કરે છે.
- ગ્રાહકોની આવકમાં વધારો થાય છે અને લોકોમાં સંગ્રહવૃતિનો અભાવ હોય છે.
- ગ્રાહકોની વધેલી આવકો ચીજવસ્તુઓની વપરાશ પાછળ તાત્કાલિક ખર્ચવામાં આવે છે. વધેલી આવકોમાંથી કોઈ બહિઃસ્રાવ થતો નથી.

પ્રો.જે. બી. પ્રો.સેએ તેમનો નિયમ સાટાપદ્ધતિ (વસ્તુ વિનિમય)વાળા અર્થતંત્રના સંદર્ભમાં આપ્યો હતો. તેમના અનુયાયીઓએ આ નિયમની રજૂઆત નાણાંકીય અર્થતંત્રના સંદર્ભમાં કરી. તો ચાલો દોસ્તો, હવે આપણે ઉપરોક્ત કેટલી ધારણાઓના આધારે રજૂ થયેલ પ્રો.સેના બજારના નિયમની સમજૂતી બંને પ્રકારના અર્થતંત્રના સંદર્ભમાં મેળવીએ.

10.4.2 સાટાપદ્ધતિ (વસ્તુ વિનિમય)વાળા અર્થતંત્રમાં પ્રો.સેનો નિયમ : સાટાપદ્ધતિ (વસ્તુ વિનિમય)વાળા અર્થતંત્રમાં લોકો સ્વવપરાશ માટે અને વિનિમયના હેતુને ધ્યાનમાં રાખીને ઉત્પાદન કરે છે. સાટાપદ્ધતિવાળા અર્થતંત્રમાં ચીજવસ્તુઓનો જેટલો પુરવઠો વધે તેટલા જ પ્રમાણમાં તેની માંગ સર્જાય છે. જ્યારે કોઈ ઉત્પાદક કોઈ વસ્તુનું ઉત્પાદન કરે ત્યારે તે પોતે ઉત્પાદિત વસ્તુઓમાંથી કેટલીક વસ્તુઓ સ્વવપરાશ માટે રાખે છે અને બાકીની વસ્તુઓ અન્ય જરૂરીયાતવાળા ગ્રાહકને આપીને તેના બદલામાં અન્ય વસ્તુઓ મેળવે છે. ટૂંકમાં, તેણે ઉત્પન્ન કરેલી વસ્તુઓની કુલમાંગ તેના પુરવઠા જેટલી જ હોય છે.

ધારોકે કોઈ ખેડૂત 100 મણ અનાજ ઉત્પન્ન કરે છે અને તેમાંથી 20 મણ અનાજ તે સ્વવપરાશ માટે રાખે છે તો તેની પાસે 80 મણ અનાજ વધે છે. આ 80 મણ અનાજનો ઉપયોગ તે કાપડ, શાકભાજી, મીઠું, લોખંડ, મસાલા વગેરે વસ્તુઓ મેળવવા માટે કરશે. દરેક ઉત્પાદક આ જ પ્રમાણે વર્તશે. પરિણામે

દરેક ઉત્પાદકે કરેલા ઉત્પાદન સામે માંગ ઉભી કરે છે.

100 મણ અનાજનો પુરવઠો	=	20 મણ અનાજની માંગ	+	80 મણ અનાજની માંગ
		(સ્વવપરાશ માટે)		(અન્ય જરૂરિયાતો સંતોષવા માટે)

10.4.2.1 પ્રો.સેનો નિયમ, અતિઉત્પાદન અને બેરોજગારી : પ્રો.સેના બજારના નિયમ મુજબ અર્થતંત્રમાં જેટલું ઉત્પાદન થાય છે તેટલી જ તેની માંગ પણ થતી હોય છે. એટલે કે પુરવઠો સ્વયં પોતાની માંગ સર્જતો હોય છે. પરિણામે અર્થતંત્રમાં કુલપુરવઠો અને કુલમાંગ સરખા થવાનું વલણ ધરાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો પુરવઠો ક્યારેય માંગ કરતા વધારે હોતો નથી. એટલે કે અતિઉત્પાદનનો પ્રશ્ન ઉદ્ભવતો જ નથી એવું સેનું માનવું છે. દોસ્તો, અતિઉત્પાદન એવી પરિસ્થિતિનો નિર્દેશ કરે છે કે જ્યાં ઉત્પાદન વધારે થયું હોય અને માંગ પ્રમાણમાં ઓછી હોય અથવા માંગનો અભાવ હોય. જો અર્થતંત્રમાં અતિઉત્પાદનનો પ્રશ્ન સર્જાય તો તેની સાથે બેરોજગારીની સમસ્યા પણ ઊભી થાય છે. પરંતુ અર્થતંત્રમાં પૂર્ણરોજગારી પ્રવર્તતી હોવાથી ઉત્પાદનનું કોઈ સાધન બેકાર રહેતું નથી તેમજ ચીજવસ્તુઓનું જેટલું ઉત્પાદન થાય છે તેટલી જ તેમની માંગ પણ થતી હોય છે. પરિણામે અતિઉત્પાદન કે બેરોજગારીની સમસ્યા સર્જાતી નથી.

જો અર્થતંત્રમાં જરૂરિયાત કરતાં વધુ ઉત્પાદન થયું હોય તો તે વસ્તુઓની માંગ તેના પુરવઠા કરતાં ઓછી હોવાથી તે વસ્તુઓનું ઉત્પાદન ઘટાડવામાં આવે અથવા બંધ કરી દેવામાં આવે છે. પરિણામે તેટલા પ્રમાણમાં બેરોજગારી સર્જાય છે. પરંતુ આ બેરોજગારી માત્ર સમયના ટૂંકાગાળા પૂરતી જોવા મળે છે. જે વસ્તુઓનું ઉત્પાદન વધુ થયું હોય તેનું મૂલ્ય અન્ય વસ્તુઓના સંદર્ભમાં ઘટે છે. પરિણામે અગાઉ કરતાં તે વસ્તુના એકમો અન્ય વસ્તુઓ મેળવવા માટે વધુ આપવા પડે છે અને પરિણામે આપોઆપ તે વસ્તુની માંગ સર્જાય છે અને ઉત્પાદિત વસ્તુઓનો કુલપુરવઠો તે વસ્તુની કુલમાંગ જેટલો જ થાય છે. તેથી તે વસ્તુઓનું ઉત્પાદન ફરીથી ચાલુ કરવામાં આવે છે. પરિણામે બેરોજગારીની સમસ્યા દૂર થાય છે. આમ, જો અર્થતંત્રમાં બેરોજગારી સર્જાય તો તે માત્ર ટૂંકાગાળા પૂરતી જોવા મળે છે. પરંતુ લાંબાગાળે માંગ અને પુરવઠો બંને સરખા થતાં બેરોજગારીનો પ્રશ્ન દૂર થાય છે.

10.4.3 નાણાંકીય અર્થતંત્રમાં પ્રો.સેનો નિયમ : પ્રો.જે. બી. સેના અનુયાયીઓના મતે જો વિનિમય નાણાંની મદદથી થતો હશે તો પણ પુરવઠો સ્વયં પોતાની માંગ સર્જશે. અહીં નાણું એ માત્ર વિનિમયના માધ્યમ તરીકે જ કામ કરતું હોવાથી અતિઉત્પાદન અને બેરોજગારીની સમસ્યા સર્જાશે નહીં. દોસ્તો, પ્રો.સેનો નિયમ જેટલો સાટાપદ્ધતિવાળા અર્થતંત્ર માટે સાચો છે તેટલો જ

નાણાંકીય અર્થતંત્ર માટે પણ સાચો છે. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે નાણું માત્ર વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરતું હોવાથી સાટાપદ્ધતિવાળા અર્થતંત્ર અને નાણાંકીય અર્થતંત્ર વચ્ચે કોઈ ભેદ રહેતો નથી. નાણાંકીય અર્થતંત્રમાં જ્યારે વસ્તુઓનું ઉત્પાદન થાય છે ત્યારે તે ઉત્પાદનને બજારમાં વેચવાથી નાણું મળે છે. ફરીથી આ નાણાં દ્વારા અન્ય જરૂરીયાતની વસ્તુઓ ખરીદવામાં આવતા માંગ સર્જાય છે. ટૂંકમાં, અર્થતંત્રમાં જેટલો પુરવઠો થાય છે તેટલી જ માંગનું સર્જન થાય છે. તેથી અતિઉત્પાદન કે બેરોજગારીનો પ્રશ્ન પેદા થતો નથી.

ધારોકે કોઈ ખેડૂત 100 મણ અનાજનું ઉત્પાદન કરે છે. એક મણ અનાજનો ભાવ રૂ.50 છે. તો પરિસ્થિતિ નીચે મુજબ હોઈ શકે :

રૂ.5000ના અનાજનો પુરવઠો	=	રૂ.1000નું અનાજ સ્વપરાશ માટે	+	રૂ.4000નું અનાજ અન્ય જરૂરિયાતો સંતોષવા માટે
(100 મણ અનાજ)		(20 મણ અનાજ)		(80 મણ અનાજ)

આનો અર્થ એ થાય કે ખેડૂત 80 મણ અનાજનું બજારમાં વેચાણ કરીને રૂ.4000 મેળવે છે અને આ રૂ.4000 દ્વારા તે અન્ય વસ્તુઓની માંગ કરી પોતાની જરૂરિયાતો સંતોષે છે. આમ, ખેડૂત જેટલા મૂલ્યની વસ્તુનો પુરવઠો બજારમાં વેચાણ માટે મૂકે છે તેટલા જ મૂલ્યની વસ્તુઓની માંગ કરે છે. એટલે કે, બજારમાં વસ્તુનો કુલપુરવઠો તેની કુલમાંગ બરાબર થાય છે. આમ, અર્થતંત્રમાં નાણું માત્ર વિનિમયના માધ્યમ તરીકે જ કાર્ય કરતું હોવાથી તે વાસ્તવિક પરિબળો પર પ્રભાવ પાડતું નથી તેવું સેનું મંતવ્ય છે.

10.4.3.1 પ્રો.સેનો નિયમ અને બચતો : પ્રો.સેના બજારના નિયમની ધારણાઓ પૈકી એક ધારણા એવી કરવામાં આવી છે કે ગ્રાહકોની વધેલી આવકો ચીજવસ્તુઓની વપરાશ પાછળ તાત્કાલિક ખર્ચવામાં આવે છે. વધેલી આવકોમાંથી કોઈ બહિઃસ્રાવ થતો નથી. એટલે કે બચત થતી નથી. આથી ભાવસપાટીના ફેરફાર વડે માંગ અને પુરવઠો સરખા થઈ રહે છે. પરંતુ, વાસ્તવમાં નાણાંકીય અર્થવ્યવસ્થામાં બચત થતી હોય છે. જેટલાં પ્રમાણમાં બચતો થાય છે તેટલા પ્રમાણમાં માંગમાં તે સમયે ઘટાડો થાય છે. પરિણામે અર્થતંત્રમાં ચીજવસ્તુઓનો પુરવઠો તેમની માંગ કરતાં વધુ જોવા મળે છે. દોસ્તો, આગળ દર્શાવેલ ઉદાહરણ મુજબ ખેડૂતને 80 મણ અનાજનું વેચાણ કરતાં જે રૂ.4000 આવક મળે છે તેમાંથી જો તે રૂ.3000 વપરાશી ચીજવસ્તુઓ પાછળ ખર્ચે અને રૂ.1000ની બચત કરે તો વસ્તુની માંગ રૂ.1000 જેટલી ઓછી થાય છે. આવા સંજોગોમાં વસ્તુની માંગ કરતાં તેનો પુરવઠો વધી જાય છે. પરિણામે અર્થતંત્રમાં બેકારી અને અતિઉત્પાદનનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પરંતુ નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે અર્થતંત્રમાં જે બચતો થાય છે તે બધી જ બચતોનું મૂડીરોકાણ થઈ જશે. લોકો પોતાની બચતોને

નિષ્ક્રિય રહેવા દેતા નથી. તેઓ આ બચતોમાંથી આવક મેળવવા માટે કાંતો પોતે જ મૂડીરોકાણ કરે છે અથવા તો વ્યાજરૂપી આવક મેળવવા માટે બીજાઓને મૂડીરોકાણ કરવા માટે પોતાની બચતો ધીરે છે. વ્યાજનો દર બચતો અને મૂડીરોકાણ વચ્ચે સમતુલા જાળવવાનું કામ કરે છે. જો બચતોમાં વધારો થાય તો વ્યાજદરમાં ઘટાડો થતાં મૂડીરોકાણ માટે બચતોની માંગમાં વધારો થાય છે અને બચતોમાં ઘટાડો થતાં વ્યાજના દરમાં વધારો થાય છે. પરિણામે મૂડીરોકાણ માટે બચતોની માંગમાં ઘટાડો થાય છે. આમ, અર્થતંત્રમાં બચતો અને મૂડીરોકાણ સરખા થવાનું વલણ ધરાવે છે અને તેથી બેકારી કે અતિઉત્પાદનની સમસ્યા ઉદ્ભવતી નથી.

10.5 સેના નિયમના તારણો :

વિદ્યાર્થી મિત્રો, તો ચાલો હવે આપણે પ્રો.જે. બી. પ્રો.સેના બજારના નિયમના નીચે મુજબના કેટલાક તારણો જોઈએ :

10.5.1 સ્વયંસંચાલિત સંકલન : અર્થતંત્રમાં તમામ પરિબળોનું સંકલન આપોઆપ થતું હોય છે. જેમ કે, વસ્તુના પુરવઠામાં વધારો થતાં માંગમાં પણ આપોઆપ વધારો થાય છે. જેથી માંગ અને પુરવઠા વચ્ચે આપોઆપ સંકલન થયેલું જોવા મળે છે. પરિણામે સરકારે અર્થતંત્રમાં કોઈપણ જાતનો હસ્તક્ષેપ કરવાની જરૂર રહેતી નથી. તેથી જ નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ સ્વૈરવિહારની નીતિની હિમાયત કરી હતી.

10.5.2 અતિઉત્પાદન અશક્ય : ઉત્પાદન વધતાં ઉત્પાદનના સાધનોની આવક વધે છે. પરિણામે નવી માંગનું સર્જન થતાં વધેલો પુરવઠો બજારમાં વેચાઈ જાય છે. આમ, તાર્કિક રીતે જોઈએ તો પુરવઠો પોતાની માંગ સ્વયં સર્જતો હોવાથી અર્થતંત્રમાં અતિઉત્પાદનની સમસ્યા ઉદ્ભવતી નથી.

10.5.3 બેરોજગારી અશક્ય : અર્થતંત્રમાં અતિઉત્પાદનનો પ્રશ્ન સર્જાતો ન હોવાથી બેરોજગારીની સમસ્યા ઉદ્ભવતી નથી. જો કદાચ બેરોજગારીની સમસ્યા સર્જાય તો તે ટૂંકાગાળા પૂરતી જ હોય છે. લાંબાગાળે અર્થતંત્રમાં પૂર્ણરોજગારી જોવા મળે છે.

10.5.4 નીતિવિષયક બાબતો : સેના નિયમના કેટલાક નીતિવિષયક ફલિતાર્થો પણ છે. પ્રો.સેના મત મુજબ આર્થિક પદ્ધતિ સ્વયંસંચાલિત હોય છે અને તે સ્વયંમેવ કોઈપણ બાહ્ય પરિબળના પ્રોત્સાહન વિના કાર્ય કરે છે. અર્થતંત્રમાં અંતર્ગત ફેરફારક્ષમતા હોય છે. અર્થતંત્રમાં કોઈપણ વિસંવાદિતા સર્જાય તો પણ તેમાં સમય જતા આપમેળે જ સંવાદિતા સ્થપાય છે. આથી સરકારે અર્થતંત્રમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં અને વ્યાજના દર, ભાવ કે વેતનને બદલાતી પરિસ્થિતિમાં પોતાની મેળે અનુકૂળ થવા દેવા જોઈએ.

10.6 સેના નિયમની ટીકાઓ :

પ્રો.સેના નિયમને પડકારવામાં પ્રો.કેઈન્સ સફળ થયા હતા. પ્રો.કેઈન્સે પ્રો.જે. બી. સેના નિયમની નીચે મુજબની ટીકાઓ કરી છે :

10.6.1 નાણાંના મૂલ્ય સંગ્રાહક તરીકેના કાર્યની અવગણના : પ્રો.પ્રો.સેના મત મુજબ લોકો ઉત્પાદન દ્વારા પ્રાપ્ત થતી નાણાંકીય આવકનો ઉપયોગ ચીજવસ્તુઓની ખરીદી માટે જ કરે છે. એટલે કે અહીં નાણું માત્ર વિનિમયના માધ્યમ તરીકે જ કામ કરે છે. પ્રો.કેઈન્સ આ દલીલની ટીકા કરતાં જણાવે છે કે લોકો તેમની આવકમાંથી કેટલોક ભાગ હંમેશા હાથ પર રાખે છે. કારણ કે નાણું મૂલ્યનું સંગ્રાહક છે. લોકો જેટલા પ્રમાણમાં આવક પોતાની પાસે નિષ્ક્રિય બચતોના સ્વરૂપમાં પોતાની પાસે રાખે છે તેટલા પ્રમાણમાં અર્થતંત્રમાં કુલમાંગમાં ઘટાડો થાય છે. પરિણામે વસ્તુના પુરવઠા કરતાં માંગ ઓછી થવાથી બેકારીનું સર્જન થાય છે. આમ, આ સિદ્ધાંતમાં નાણાંના મૂલ્ય સંગ્રાહક તરીકેના કાર્યની અવગણના કરવામાં આવી છે.

10.6.2 અતિઉત્પાદનની શક્યતા : નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે પુરવઠો સ્વયં તેની માંગનું સર્જન કરતો હોવાથી અર્થતંત્રમાં હંમેશા પૂર્ણરોજગારી હોય છે. તેમના મતે અર્થતંત્રમાં સર્જાતી બેકારી એ ટૂંકાગાળાની છૂટી છવાઈ અને અપવાદરૂપ પરિસ્થિતિ છે. પ્રો.સેના નિયમની ટીકા કરતા પ્રો.કેઈન્સ જણાવે છે કે આધુનિક વિકસિત રાષ્ટ્રોમાં આવકનો મોટો ભાગ બચતોમાં જાય છે અને તેની સામે આ બચતોને ઉત્પાદન કાર્યોમાં રોકવાની તકો અથવા મૂડીની સીમાન્ત ઉત્પાદકતા ઓછી હોય છે. પરિણામે તમામ બચતોનું રોકાણ થતું નથી અને નિષ્ક્રિય બચતો અસ્તિત્વમાં આવે છે. જેથી અર્થતંત્રમાં માંગનો અભાવ અને અતિઉત્પાદનની સ્થિતિ સર્જાય છે જે અંતે મંદી કે બેકારીમાં પરિણમે છે.

10.6.3 સમયના ટૂંકાગાળા માટે ઉપયોગી નથી : પ્રો.સેના મતે આ નિયમ ટૂંકાગાળામાં બેરોજગારી અને અતિઉત્પાદનની શક્યતાને નકારાતો નથી. પરંતુ સમયના લાંબાગાળે અતિઉત્પાદન અને બેરોજગારી દૂર થાય છે. પ્રો.કેઈન્સ આ દલીલની ટીકા કરતાં જણાવે છે કે અર્થતંત્રમાં ટૂંકાગાળામાં બેરોજગારીની ગંભીર સમસ્યા સર્જાઈ હોય તો લાંબાગાળે સ્વયમેવ તે દૂર થઈ જશે આવી ધારણા રાખવી અનુચિત છે. લોકોને લાંબાગાળાના પરિણામોમાં નહીં પરંતુ ટૂંકાગાળાના પરિણામોમાં વધુ રસ હોય છે. કારણ કે લાંબાગાળે તો આપણે બધા મરી ગયા હોઈશું. આથી, ટૂંકાગાળામાં બેરોજગારી કેવી રીતે સર્જાય છે અને તેને દૂર કરવા માટે કયા પગલાં ભરવા જોઈએ તેનો વિચાર કરવો જોઈએ. આમ, પ્રો.પ્રો.સેનો નિયમ ટૂંકાગાળામાં બેરોજગારી દૂર કરવા માટે ઉપયોગી નિવડતો નથી.

10.6.4 રાજ્યનો હસ્તક્ષેપ અનિવાર્ય : જો અર્થતંત્રમાં અતિઉત્પાદનની શક્યતા હોય, સાર્વત્રિક બેકારી સર્જાતી હોય તેમ જ સમયના ટૂંકાગાળામાં બજારના પરિબળો તેને દૂર કરવામાં નિષ્ફળ જતા હોય તો રાજ્યની દખલગીરી આવશ્યક બને છે. પ્રો.કેઈન્સ આ અંગે જણાવે છે કે આવકના વધારા સાથે બચતો વધતી જાય છે અને તેટલા પ્રમાણમાં મૂડીરોકાણ વધતું નથી. તેથી માંગનો અભાવ અને બેરોજગારીની સમસ્યા ઉદ્ભવે છે. આવા સમયે રાજ્યે દખલગીરી કરીને અસરકારક માંગમાં વધારો કરી અનૈચ્છિક બેકારી દૂર કરવી જોઈએ.

10.6.5 પૂર્ણહરીફાઈની અવાસ્તવિક ધારણા : પ્રો.સેએ પોતાના નિયમમાં પૂર્ણહરીફાઈ પ્રવર્તે છે એવી ધારણા કરી છે જે અવાસ્તવિક છે. વાસ્તવમાં પૂર્ણહરીફાઈ જોવા મળતી નથી. આથી આર્થિક પરિબળો સંપૂર્ણ પરિવર્તનશીલ રહેવાના બદલે જડતા ધારણ કરે છે. જે અર્થતંત્રમાં અતિઉત્પાદન પેદા કરીને બેકારી સર્જનમાં પોતાનો ફાળો આપે છે.

10.6.6 બચત અને મૂડીરોકાણ અલગ અલગ વ્યક્તિઓ દ્વારા થવા : પ્રો.સે જણાવે છે કે જે વ્યક્તિ બચત કરે છે તે જ મૂડીરોકાણ કરે છે. જેઓ મૂડીરોકાણ કરતાં હોય તેઓ જ બચત કરે તો જ બચત અને મૂડી રોકાણ સરખા થવાની શક્યતા રહે છે. પરંતુ આ અંગે પ્રો.કેઈન્સ જણાવે છે કે મૂડીવાદી સમાજમાં વ્યક્તિઓ અને કુટુંબો બચત કરે છે અને કંપનીઓ મૂડીરોકાણ કરે છે. આથી, આવી વિભિન્નતાના કારણે બચતો અને મૂડીરોકાણ સમાન થવાના વલણો હોતા નથી.

10.6.7 અલગ અલગ હેતુઓ માટે બચત તથા મૂડીરોકાણ : બચત અને મૂડીરોકાણ કરનાર વર્ગ ભિન્ન ભિન્ન હોવાથી બંનેના ઉદ્દેશો સરખા હોતા નથી. જો બંનેના ઉદ્દેશો સરખા હોય તો જ બચત અને મૂડીરોકાણ સમાન થવાની શક્યતા રહે. પરંતુ પ્રો.કેઈન્સ આ અંગે જણાવે છે કે વ્યાજ જેવા કોઈક સમાન હેતુથી બચત અને મૂડીરોકાણ અસર પામતા નથી.

10.6.8 બચત અને મૂડીરોકાણનો આધાર આવક સપાટી : પ્રો.સેના મતે બચત અને મૂડીરોકાણ વ્યાજના દર પર આધાર રાખે છે. વ્યાજનો દર વધે તો બચતો વધે છે અને મૂડીરોકાણ ઘટે છે અને વ્યાજનો દર ઘટે તો બચતો ઘટે અને મૂડીરોકાણ વધે છે. પરંતુ પ્રો.કેઈન્સ આ દલીલની ટીકા કરતા જણાવે છે કે બચત અને મૂડીરોકાણ વ્યાજ દર પર નહીં પરંતુ આવકની સપાટી પર આધાર રાખે છે. વ્યાજનો દર ઊંચો હોય પરંતુ આવકો ઓછી હોય તો બચત વધારી શકાતી નથી અને વ્યાજનો દર નીચો હોય પરંતુ આવકો વધુ હોય તો બચત વધુ થાય છે. આમ, બચતો આવક પર આધાર રાખે છે જ્યારે મૂડીરોકાણનો આધાર વ્યાજના દર ઉપરાંત મૂડીની સીમાંત કાર્યક્ષમતા પર રહેલો છે.

10.6.9 પૂર્ણરોજગારીની અવસ્થા પહેલા સમતુલા શક્ય : સેના નિયમ મુજબ પૂર્ણરોજગારીની અવસ્થાએ બચત અને મૂડીરોકાણ સરખા થાય છે. પરંતુ પ્રો.કેઈન્સ તેમની આ દલીલની ટીકા કરતા જણાવે છે કે પૂર્ણરોજગારીની અવસ્થા પ્રાપ્ત થાય તે પહેલા બચત અને મૂડીરોકાણ સરખા થાય છે. પ્રો.કેઈન્સ જણાવે છે કે નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રના સિદ્ધાંતો જે ધારણાઓ પર આધારિત છે તે સમગ્ર અર્થતંત્રને નહીં પરંતુ અમુક વિશિષ્ટ બાબતોને જ લાગુ પડે છે.

10.7 ચાવીરૂપ શબ્દો :

- પૂર્ણરોજગારી : જે લોકો કામ કરવાની તત્પરતા અને યોગ્યતા ધરાવે છે તેવા તમામ લોકોને પ્રવર્તમાન વેતન દરે રોજગારી મળી રહે તેવી સ્થિતિને પૂર્ણરોજગારીની સ્થિતિ તરીકે ઓળખવામાં આવે છે. પૂર્ણરોજગારી અર્થતંત્રમાં એવી પરિસ્થિતિનો નિર્દેશ કરે છે કે જ્યાં ઐચ્છિક બેકારીનું પ્રમાણ ઓછામાં ઓછું હોય. ટૂંકમાં, પૂર્ણરોજગારી એટલે અનૈચ્છિક બેકારીનો અભાવ.

- પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ : પ્રો.રિકાર્ડો દ્વારા રજૂ કરવામાં આવેલા આર્થિક સિદ્ધાંતોની કેટલીક મર્યાદાઓ ધ્યાને આવતાં આ મર્યાદાઓને દૂર કરવાનો પ્રયાસ જે અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવ્યું તેમને નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં મુખ્યત્વે પ્રો.રિકાર્ડો ઉપરાંત પ્રો.જે. એસ. મીલ, પ્રો.માર્શલ, પ્રો.પીગુ, પ્રો.રોબર્ટસન વગેરેનો સમાવેશ થાય છે.
- બેરોજગારી : કોઈ કામદાર બજારમાં ચાલુ વેતન દરે કામ કરવા ની ક્ષમતા અને ઈચ્છા ધરાવતો હોય અને જો તેને તેવી કામગીરી ન મળે તો આવી સ્થિતિને બેરોજગારી તરીકે ઓળખવામાં આવે છે.
- બેરોજગારીનો કુદરતી દર : બેરોજગારીનો કુદરતી દર એટલે બેરોજગારીના જે દરે શ્રમબજારમાં બેરોજગાર લોકોની પ્રવર્તમાન સંખ્યા અને ઉપલબ્ધ રોજગારીની સંખ્યા બરાબર હોય તે દર.
- વસ્તુબજાર : વસ્તુબજાર એટલે વસ્તુની માંગ અને તેનો પુરવઠો, જેના વડે વસ્તુના ભાવ નક્કી થાય છે.
- શ્રમબજાર : શ્રમબજાર એટલે શ્રમની ખરીદી અને વેચાણ, જેના દ્વારા વેતનદર નક્કી થાય છે.
- નાણાંબજાર : નાણાંબજાર એટલે નાણાંની માંગ અને તેનો પુરવઠો, જેના દ્વારા વ્યાજદર અને ભાવોની સામાન્ય સપાટી નક્કી થાય છે.

10.8 સારાંશ :

દોસ્તો, પ્રસ્તુત એકમમાં આપણે બેરોજગારી વિશ્લેષણઃ બેરોજગારીનો કુદરતી દર, પૂર્ણરોજગારીએ સમતુલાનું નવપ્રશિષ્ટ મોડેલ (પ્રો.જે. બી. પ્રો.પ્રો.સેનો બજારનો નિયમ) અંગે સમજણ મેળવી જેમાં આપણે,

- પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર અને નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ વિષે જાણકારી મેળવી.
- બેકારીના કુદરતી દર અંગે સમજૂતી મેળવી.
- સાટા પદ્ધતિવાળા અર્થતંત્રમાં પ્રો.સેનો નિયમ કઈ રીતે કામ કરે છે તે જોયું.
- નાણાંકીય અર્થતંત્રમાં પ્રો.સેનો નિયમ કઈ રીતે કામ કરે છે તે ચકાસ્યું.
- પ્રો.સેનો નિયમ, અતિઉત્પાદન અને બેરોજગારી વચ્ચેના સંબંધો કેવા છે તે સમજ્યા.
- પ્રો.સેનો નિયમ અને બચતો વચ્ચેના સંબંધ વિષે ચકાસ્યું.
- પ્રો.સેના નિયમના તારણો અંગે ચર્ચા કરી.
- પ્રો.સેના નિયમની ટીકાઓ વિષે જાણકારી મેળવી.

10.9 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નિબંધ પ્રકારના પ્રશ્નો :

- 'પુરવઠો સ્વયં તેની માંગ સર્જે' છે ટીકાત્મક રીતે સમજાવો.
- પ્રો.જે. બી. પ્રો.સેના બજારના નિયમના તારણો જણાવો.

(ખ) નીચેના પ્રશ્નનો ટૂંકમાં જવાબ આપો.

- ➢ બેરોજગારીનો કુદરતી દર
- ➢ સાટા પદ્ધતિવાળા અર્થતંત્રમાં પ્રો.સેનો નિયમ
- ➢ નાણાંકીય અર્થતંત્રમાં પ્રો.સેનો નિયમ
- ➢ સેના નિયમની મર્યાદાઓ

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

(1) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે .... એ સામાન્ય પરિસ્થિતિ છે

(A) પૂર્ણરોજગારી (B) અપૂર્ણરોજગારી

(C) (A) અને (B) બંને (D) એકપણ નહિ

(2) 'Treatise on Political Economy' નામનું પુસ્તક કોણે પ્રકાશિત કર્યું ?

(A) પ્રો.મિલ્ટન ફ્રિડમેન (B) પ્રો.ડેવિડ રિકાર્ડો

(C) પ્રો.કેઈન્સ (D) પ્રો.જે. બી. સે

(3) ''પુરવઠો સ્વયં પોતાની માંગ સર્જે છે.'' - આ વિધાન કયા અર્થશાસ્ત્રીનું છે.

(A) પ્રો.માર્શલ (B) પ્રો.જે. બી. સે

(C) પ્રો.કેઈન્સ (D) પ્રો.રોબર્ટસન

(4) સૌ પ્રથમ નીચે પૈકી કયા અર્થશાસ્ત્રીએ 'પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ' એ શબ્દનો પ્રયોગ કર્યો હતો.

(A) પ્રો.એડમસ્મિથ (B) પ્રો.રિકાર્ડો

(C) પ્રો.કાર્લ માર્કસ (D) પ્રો.રોબિન્સ

(5) પ્રો.ફ્રિડમેનના મતે લાંબાગાળે ફિલિપ્સ રેખા કેવી હોય છે ?

(A) ઋણ ઢાળવાળી (B) ધન ઢાળવાળી

(C) લંબ રેખા (D) આડી રેખા

(6) લાંબાગાળે ફિલિપ્સ રેખા .... જોવા મળે છે.

(A) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ (B) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ

(C) મૂલ્યસાપેક્ષ (D) મૂલ્યઅનપેક્ષ

(7) પ્રો.સેના મત મુજબ અર્થતંત્રમાં જો કદાચ બેરોજગારી સર્જાય તો તે માત્ર .... પૂરતી જ હોય છે.

(A) ટૂંકાગાળા (B) લાંબાગાળા

(C) કાયમી (D) એક પણ નહિ

(8) અર્થતંત્રમાં ....બચત અને મૂડીરોકાણ વચ્ચે સમતુલા સ્થાપવાનું કાર્ય કરે છે.

(A) બચતોનું પ્રમાણ (B) મૂડીરોકાણનું પ્રમાણ

(C) વ્યાજનો દર (D) એક પણ નહિ

(9) અતિઉત્પાદન એ .... ની સ્થિતિનો નિર્દેશ કરે છે.

(A) ઓછુ ઉત્પાદન (B) વધુ ઉત્પાદન

(C) સ્થિર ઉત્પાદન (D) એક પણ નહિ

(10) પ્રો.કેઈન્સના મતે બચતોનો આધાર .... પર રહેલો છે.

(A) આવક (B) વ્યાજદર

(C) મૂડીની સીમાંત કાર્યક્ષમતા (D) એક પણ નહિ

❖ **સંદર્ભ સૂચિ :**

1. Sinh, R. N. (2013): Samashti Arthshastra, Nikhil Publishers and distributors, Agra.
2. Ackley, Gardner (1977): Macroeconomics: Theory & Policy, Macmillan, New York.
3. Trivedi. R. A. et al. (1987): Arthshastra-2, Shreshth Prakashan, Ahmedabad.

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ :**

(1)	(A) પૂર્ણરોજગારી	(6)	(A)	સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ
(2)	(D) પ્રો.જે. બી. સે	(7)	(A)	ટૂંકાગાળા
(3)	(B) પ્રો.જે. બી. સે	(8)	(C)	વ્યાજનો દર
(4)	(C) પ્રો.કાર્લ માર્કસ	(9)	(B)	વધુ ઉત્પાદન
(5)	(C) લંબ રેખા	(10)	(A)	આવક

****

એકમ: 11
અપૂર્ણ રોજગારીએ સમતુલા

❖ **રૂપરેખા :**

11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 પ્રો.કેઈન્સના રોજગારીના સિદ્ધાંતની ધારણાઓ

11.3 અસરકારક માંગનો ખ્યાલ

11.4 અસરકારક માંગ નક્કી કરતાં પરિબળો

11.5 રોજગારીમાં વધારો કરવાનો ઉપાય

11.6 અસરકારક માંગના ઘટકો

11.7 સારાંશ

11.8 ચાવીરૂપ શબ્દો

11.9 તમારી પ્રગતિ ચકાસો

➢ સંદર્ભ સૂચિ

➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

11.0 ઉદ્દેશો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ પછી તમે...,

➢ અસરકારક માંગ અંગે જાણકારી મેળવી શકશો.

➢ અસરકારક માંગ નક્કી કરતાં પરિબળો વિશે સમજણ મેળવી શકશો.

➢ અસરકારક માંગ અને રોજગારીની સમતુલા અંગે ચર્ચા કરી શકશો.

➢ પૂર્ણ કરતાં ઓછી રોજગારીની સપાટીએ અર્થતંત્રની સમતુલા અંગે જાણકારી મેળવી શકશો.

➢ રોજગારીમાં વધારો કઈ રીતે કરી શકાય તે સમજી શકશો.

➢ અસરકારક માંગના ઘટકો અંગે ચર્ચા કરી શકશો.

11.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થી મિત્રો, અર્થતંત્રમાં કુલ આવક અને કુલ રોજગારીનું નિર્ધારણ કેવી રીતે થાય છે તે અંગે નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની જેમ પ્રો.જહોન મેનાર્ડ કેઈન્સે પણ પોતાના વિચારો રજૂ કર્યા છે. અગાઉના એકમમાં આપણે નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના આ અંગેના વિચારો વિશે જાણકારી મેળવી અને તેમાં જોયું કે કઈ રીતે અર્થતંત્ર પૂર્ણરોજગારીની સપાટીએ સ્થિર સમતુલા

પ્રાપ્ત કરે છે. પરંતુ 1929માં ઉદ્દ્ભવેલી વૈશ્વિક મંદીના પરિણામે જોવા મળતી વ્યાપક બેરોજગારીએ નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના પૂર્ણરોજગારીના ખ્યાલને ધરાશાયી કરી દીધો. આ નવી પરિસ્થિતિને સમજાવવા માટે પ્રો.કેઈન્સે પ્રયત્નો કર્યા અને તેના પરિણામ સ્વરૂપે 1936 માં તેમણે 'The General Theory of Employment, Interest and Money' નામનું ક્રાંતિકારી પુસ્તક પ્રકાશિત કર્યું. જે ટૂંકમાં 'General Theory' ના નામથી પણ ઓળખાય છે. તેમના આ પુસ્તકે પ્રો.એડમ સ્મિથના 'Wealth of Nations', પ્રો.કાર્લ માર્કસના 'Das Capital' અને ચાર્લ્સ ડાર્વિનના 'Origin of Species' જેટલી જ પ્રસિદ્ધિ મેળવી. પ્રો.કેઈન્સે રજૂ કરેલ રોજગારીનો સિદ્ધાંત આર્થિક સિદ્ધાંતો અને આર્થિક નીતિના વિકાસમાં સીમાચિન્હરૂપ છે. પ્રો.કેઈન્સને વિશ્વના મહાન આર્થિક ચિંતકો પૈકીના એક ગણવામાં આવે છે. તેમને 20મી સદીના સૌથી મહાન અર્થશાસ્ત્રી તરીકે ઓળખવામાં આવે છે. તેમના આ પુસ્તકે આર્થિક ખ્યાલો અને વિચારોમાં ક્રાંતિ લાવી છે. એટલું જ નહીં, પરંતુ આર્થિક નીતિના ઘડતરમાં પણ તેમણે મહત્વનું પ્રદાન કર્યું છે. પ્રો.કેઈન્સે મૂડીવાદી અર્થતંત્રને ધ્યાનમાં રાખીને પોતાના સિદ્ધાંતો રજૂ કર્યા છે. મહામંદી અને તેની સાથે સંકળાયેલ મહત્વના આર્થિક પ્રશ્નોના ઉકેલમાં પ્રો.કેઈન્સના સિદ્ધાંતો માર્ગદર્શનરૂપ બન્યા છે.

11.2 પ્રો.કેઈન્સના રોજગારીના સિદ્ધાંતની ધારણાઓ :

પ્રો.કેઈન્સનો રોજગારીનો સિદ્ધાંત નીચે મુજબની કેટલીક ધારણાઓ પર આધારિત છે :

- અર્થતંત્રમાં પૂર્ણહરીફાઈ પ્રવર્તે છે.
- અર્થતંત્ર મૂડીવાદી અને વિકસિત છે.
- અર્થતંત્ર બંધિયાર (closed) છે એટલે કે વિદેશ વેપારનો અભાવ છે.
- અર્થતંત્ર સ્થિર છે તેથી આર્થિક પરિબળો સ્થિર રહે છે. અર્થતંત્રમાં વસ્તીનું પ્રમાણ, તેનું વયબંધારણ, લોકોની રુચિ, ઉત્પાદનના સાધનોનું પ્રમાણ, તેમની ગુણવત્તા, ઉત્પાદન પદ્ધતિ વગેરે સ્થિર છે.
- સમયના ટૂંકાગાળાને ધ્યાનમાં લેવામાં આવ્યું છે.
- જ્યાં સુધી અર્થતંત્રમાં બેકારી હોય છે ત્યાં સુધી રોજગારીમાં વધારો થતા ઉત્પાદન વધે છે, પરંતુ ચીજવસ્તુઓ અને સેવાઓના ભાવ વધતા નથી. પરંતુ બેકારી નાબૂદ થયા બાદ એટલે કે પૂર્ણરોજગારી સ્થપાયા બાદ અર્થતંત્રમાં જો કુલ માંગ વધે તો તે ફુગાવા જનક નીવડે છે.
- અર્થતંત્ર સામાન્યત : પૂર્ણરોજગારીની નીચેની સપાટીએ કામ કરે છે.
- સપ્રમાણ મળતરનો નિયમ અમલમાં છે.

11.3 અસરકારક માંગનો ખ્યાલ :

દોસ્તો, આગળના એકમમાં આપણે જોયું કે નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનું વિશ્લેષણ પૂર્ણરોજગારીની ધારણા પર આધારિત છે. પરંતુ અર્થતંત્રમાં પૂર્ણરોજગારી જોવા મળતી નથી.

સામાન્યરીતે અર્થતંત્ર પૂર્ણરોજગારીની નીચેની સપાટીએ કામ કરે છે. પ્રો.માલ્થસે તો પ્રો.રિકાર્ડો સાથેના પત્રવ્યવહારમાં એ બાબત સાબિત કરવાનો પ્રયાસ કર્યો કે ઘણીવાર અર્થતંત્રમાં કુલ પુરવઠા કરતા કુલ માંગ ઓછી હોવાથી અતિઉત્પાદન અને બેરોજગારીની સમસ્યા સર્જાવાનો ભય રહે છે. પરંતુ આ પ્રકારની અસમતુલા કેમ સર્જાય છે તે બાબતે પ્રો.માલ્થસ સંતોષકારક સમજૂતી આપી શક્યા નહિ. પ્રો.કેઇન્સે રજૂ કરેલા અસરકારક માંગના સિદ્ધાંતમાં તેને વ્યવસ્થિત રીતે સમજાવવામાં આવ્યું છે.

11.3.1 અસરકારક માંગનો અર્થ : પ્રો.કેઈન્સના અસરકારક માંગના સિદ્ધાંતને સમજવા માટે આપણે સૌ પ્રથમ 'અસરકારક માંગ' એટલે શું? તે જાણવું જરૂરી છે. તો ચાલો, આપણે અસરકારક માંગ અંગે સમજણ મેળવીએ. મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે આવકની જુદીજુદી સપાટીએ માંગનું પ્રમાણ જુદુંજુદું હોય છે. પરંતુ આ દરેક માંગ એ અસરકારક માંગ નથી. પરંતુ માંગનું જે પ્રમાણ વસ્તુઓના પુરવઠાના પ્રમાણ જેટલું હોય તેને જ અસરકારક માંગ તરીકે ઓળખવામાં આવે છે. આ સ્થિતિમાં નિયોજકો ઉત્પાદનમાં કોઈ ફેરફાર કરશે નહી. પરિણામે રોજગારીનું પ્રમાણ સ્થિર બનશે. પ્રો.કેઈન્સના મતે કોઈપણ અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવક અને રોજગારી અસરકારક માંગ પર આધાર રાખે છે. ટૂંકમાં, અસરકારક માંગ એ અર્થતંત્રની એવી સમતુલાની સ્થિતિનો નિર્દેશ કરે છે કે જ્યાં આવક કે ખર્ચની સપાટીએ કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થાય અને આ સમતુલાના બિંદુને અસરકારક માંગ તરીકે ઓળખવામાં આવે છે.

11.3.2 અસરકારક માંગ, ઉત્પાદન અને રોજગારી : મિત્રો, અસરકારક માંગ અર્થતંત્રમાં ઉત્પાદનનું પ્રમાણ કેટલું રાખવું તે નક્કી કરે છે. જો અર્થતંત્રમાં કુલ માંગ કરતા કુલ પુરવઠો ઓછો હોય તો, કુલ પુરવઠો વધારવાથી નફો વધે છે. કુલ પુરવઠો વધારવા માટે ઉત્પાદનમાં વધારો કરવો પડે છે. તેનાથી વિપરીત પરિસ્થિતિમાં જો કુલ માંગ કરતા કુલ પુરવઠો વધુ હોય તો, કુલ પુરવઠો ઘટાડવાથી નફો વધે છે અને કુલ પુરવઠો ઘટાડવા માટે ઉત્પાદનમાં ઘટાડો કરવો પડે છે. ટૂંકમાં ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરવામાં અસરકારક માંગ અગત્યનો ભાગ ભજવે છે. અર્થતંત્રમાં રોજગારીનું પ્રમાણ કેટલું રહેશે તેનો આધાર ઉત્પાદનના પ્રમાણ પર રહેલો છે. જો ઉત્પાદનમાં વધારો કરવામાં આવે તો રોજગારીમાં વધારો થાય છે અને જો ઉત્પાદનમાં ઘટાડો કરવામાં આવે તો રોજગારીમાં ઘટાડો થાય છે. આમ, કહી શકાય કે ઉત્પાદનના પ્રમાણમાં ફેરફાર થવાથી રોજગારીના પ્રમાણમાં ફેરફાર થાય છે અને ઉત્પાદનના પ્રમાણમાં ફેરફાર અસરકારક માંગમાં ફેરફાર થવાથી થાય છે. ટૂંકમાં, અસરકારક માંગ ઉત્પાદન અને રોજગારીની સપાટી નક્કી કરે છે. એટલે કે ઉત્પાદન અને રોજગારીમાં વધારો કરવો હોય તો અસરકારક માંગ વધારવી જોઈએ અને અસરકારક માંગ વધારવા માટે મૂડીરોકાણમાં વધારો કરવો જોઈએ.

11.4 અસરકારક માંગ નક્કી કરતાં પરિબળો :

પ્રો.કેઈન્સના મતે અર્થતંત્રમાં રોજગારીનું કુલ પ્રમાણ કેટલું નિર્ધારિત થશે તેનો આધાર અસરકારક માંગ પર રહેલો છે. પ્રો.માર્શલે રજૂ કરેલ કિંમત નિર્ધારણના સિદ્ધાંતમાં જે રીતે વસ્તુની કિંમત તેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે તે જ રીતે પ્રો.કેઈન્સે રજૂ કરેલ અસરકારક માંગના સિદ્ધાંતમાં અસરકારક માંગ કુલ માંગકિંમત અને કુલ પુરવઠાકિંમત દ્વારા નક્કી થાય છે. તો ચાલો મિત્રો, હવે આપણે આ બંને પરિબળો અંગે વિગતે ચર્ચા કરીયે.

11.4.1 કુલ માંગકિંમત (Aggregate Demand Price) અથવા કુલ માંગવિધેય (Aggregate Demand Function) : કુલ માંગકિંમત અથવા કુલ માંગવિધેયમાં કિંમત એ નિયોજકની આવક બાજુ છે. નિયોજકનો હેતુ મહત્તમ નફાનો હોય છે. તેથી તે રોજગારીની જુદીજુદી સપાટીએ થતા ઉત્પાદનના વેચાણમાંથી જે આવક મળવાની આશા રાખે છે તેના દ્વારા કુલ માંગવિધેય નક્કી થાય છે. જો રોજગારીનું પ્રમાણ વધારવામાં આવે તો કુલ ઉત્પાદનમાં વધારો થાય છે અને આ વધારાનું ઉત્પાદન વેચવાથી વધારાની આવક મળે છે. આમ, રોજગારીની કોઈ એક સપાટીએ થતાં કુલ ઉત્પાદનના વેચાણમાંથી જે આવક મેળવવાની નિયોજક અપેક્ષા રાખે છે તે અપેક્ષિત વેચાણ આવકને તે રોજગારીની સપાટીની કુલ માંગકિંમત એટલે કે કુલ માંગવિધેય તરીકે ઓળખવામાં આવે છે. રોજગારીની જુદીજુદી સપાટીએ આ ઉત્પાદનનું પ્રમાણ જુદુંજુદું હોવાથી કુલ માંગકિંમત જુદીજુદી હોય છે. કુલ માંગકિંમત જેમજેમ રોજગારી વધે તેમ તેમ વધે છે. તેથી કુલ માંગકિંમત એ રોજગારીનું વધતું જતું વિધેય છે. સપ્રમાણ મળતરનો નિયમ અમલમાં છે તેમ ધારીએ તો રોજગારીનું પ્રમાણ જેમજેમ વધતું જાય તેમ તેમ તેના પ્રમાણ અનુસાર જ કુલ માંગકિંમત વધે છે. પરંતુ વધતા જતા ઉત્પાદનને વેચવા માટે નિયોજકે વસ્તુની કિંમત ઘટાડવી પડે છે. તેથી રોજગારીના વધારા સાથે કુલ માંગકિંમત પ્રમાણાનુસાર વધવાના બદલે ઘટતા દરે વધે છે. જે નીચેની આકૃતિમાં દર્શાવેલ છે.

આકૃતિ 11.1 કુલ માંગકિંમત / કુલ માંગવિધેય



ઉપરોક્ત આકૃતિમાં OX ધરીપર રોજગારીનું પ્રમાણ દર્શાવેલ છે અને OYધરીપર આવકનું પ્રમાણ દર્શાવેલ છે જ્યારે ADPરેખા એ કુલમાંગ વિધેયરેખા છે. ઉપરોક્ત આકૃતિ નં. 11.1માં દર્શાવ્યા મુજબ ADP એ ધન ઢાળવાળી કુલ માંગવિધેય રેખા છે. જેનો ઢાળ ક્રમશઃ ઘટતો જાય છે. જે દર્શાવે

છે કે જેટલા પ્રમાણમાં રોજગારી વધે છે તેના કરતાં ઓછા પ્રમાણમાં આવક વૃદ્ધિની અપેક્ષા નિયોજકો રાખે છે. તેથી કુલ માંગકિંમત રેખા OX ધરી પરથી જોતા અંતર્ગોળ જોવા મળે છે.

11.4.2 કુલ પુરવઠાકિંમત (Aggregate Supply Price) અથવા કુલ પુરવઠાવિધેય (Aggregate Supply Function) : રોજગારીની કોઈ એક સપાટીએ કામ કરવા માટે નિયોજકને પ્રોત્સાહન મળી રહે તેટલી પ્રાપ્ત થવી જોઈતી ન્યૂનતમ આવકને કુલ પુરવઠાકિંમત તરીકે ઓળખવામાં આવે છે. રોજગારીની ઊંચી સપાટીએ કામ આપતી વખતે નિયોજકને ઉત્પાદનના સાધનોની વધારે પ્રમાણમાં જરૂર પડે છે. પરિણામે તેનું ખર્ચ વધે છે. તેથી વધારાના મજૂરોને કામે લગાડવાથી જે ઉત્પાદન વધે તેનું વેચાણ કરવાથી સામાન્ય નફો મળી રહે તો જ તે વધારાના મજૂરોને કામે લગાડે છે. વધારાના ઉત્પાદનને લીધે જે આવક મળે છે તે ઓછામાં ઓછી વધારાના ખર્ચ અને સામાન્ય નફાના સરવાળા જેટલી તો હોવી જ જોઈએ. આ દૃષ્ટિએ વિચારતા રોજગારીની દરેક સપાટી સાથે કોઈ એક કુલ પુરવઠાકિંમત જોડાયેલી હોય છે. કુલ પુરવઠાકિંમત પણ રોજગારીના પ્રમાણનું વધતું જતું વિધેય છે. કુલ પુરવઠાકિંમત નિયોજકનું ખર્ચ બતાવે છે. પ્રો.કેઈન્સના મત મુજબ ટૂંકાગાળામાં ઉત્પાદનના બેકાર સાધનો ચાલુ કિંમતે જોઈએ તેટલા પ્રમાણમાં મળતા હોવાથી રોજગારી અને કુલ પુરવઠાકિંમત વચ્ચે સીધો અને સપ્રમાણ સંબંધ જોવા મળે છે જે નીચેની આકૃતિમાં દર્શાવેલ છે.

આકૃતિ 11.2 કુલ પુરવઠાકિંમત / કુલ પુરવઠાવિધેય



ઉપરોક્ત આકૃતિમાં OX ધરી પર રોજગારીનું પ્રમાણ અને OY ધરી પર ખર્ચ બતાવેલ છે, જ્યારે ASP એ કુલ પુરવઠા વિધેય રેખા છે. ઉપરોક્ત આકૃતિ નં. 11.2 માં દર્શાવ્યા મુજબ ધન ઢાળવાળી અને 45°નો ખૂણો બનાવતી ASP રેખા એ કુલ પુરવઠાવિધેય રેખા છે. અહીં પ્રો.કેઈન્સે સપ્રમાણ મળતરનો નિયમ અમલમાં છે તેવી ધારણા કરી છે તેથી રોજગારીનું પ્રમાણ જે રીતે વધે છે તેટલા જ પ્રમાણમાં તેની પાછળ થતું ખર્ચ વધે છે. તેથી કુલ પુરવઠાકિંમત રેખા 45°એ આવેલી સીધી રેખા છે.

અહીં નોંધનીય બાબત એ છે કે જ્યાં સુધી અર્થતંત્રમાં બેકારી હોય ત્યાં સુધી જ ASP રેખા 45°ના ખૂણે ઉપર તરફ જાય છે. એકવાર અર્થતંત્રમાં પૂર્ણરોજગારીની પરિસ્થિતિ પ્રાપ્ત કર્યા બાદ રોજગારી વધી શક્તી નથી. એટલે કે વાસ્તવિક આવક વધતી નથી પરંતુ માત્ર નાણાંકીય ખર્ચ જ વધે છે. તેથી ASP રેખા OY ધરીને સમાંતર હોય છે.

11.4.3 અસરકારક માંગ અને રોજગારીની સમતુલા : દોસ્તો, આપણે કુલ માંગકિંમત રેખા અને કુલ પુરવઠાકિંમત રેખા અંગે સમજણ મેળવી. તો ચાલો, હવે આપણે આ બંને પરિબળો દ્વારા અસરકારક માંગ અને રોજગારીનું નિર્ધારણ કેવી રીતે થાય છે તે જોઈએ. કુલ ઉત્પાદન એ અર્થતંત્રમાં ઉત્પન્ન થતી તમામ વસ્તુઓના ઉત્પાદનનો સરવાળો હોય છે, જે વિવિધ એકમો દ્વારા રજૂ કરવામાં આવે છે. પરિણામે અર્થતંત્રમાં કુલ ઉત્પાદનનું માપ કયા એકમમાં રજૂ કરવું તે એક સમસ્યા હતી. પરંતુ પ્રો.કેઈન્સે આ સમસ્યા દૂર કરવા માટે કુલ ઉત્પાદનનું માપ રોજગારીના એકમ દ્વારા રજૂ કર્યું. આથી સ્પષ્ટ છે કે અસરકારક માંગ ઉત્પાદન સપાટીનું નિર્ધારણ કરે છે, જે રોજગારી નિર્ધારણ દ્વારા રજૂ કરવામાં આવે છે. કુલ માંગકિંમત રેખા તેમજ કુલ પુરવઠાકિંમત રેખા દ્વારા અસરકારક માંગ, ઉત્પાદન અને રોજગારીનું પ્રમાણ કેવી રીતે નક્કી થાય છે તે નીચેની આકૃતિ પરથી સમજી શકાય છે :

આકૃતિ 11.3 અસરકારક માંગ અને રોજગારીની સમતુલા



ઉપરોક્ત આકૃતિ નં 11.3 માં OX ધરી પર રોજગારીનું પ્રમાણ અને OY ધરી પર કુલ માંગકિંમત તથા કુલ પુરવઠાકિંમત દર્શાવેલ છે. પ્રો.કેઈન્સના મતે રોજગારીના વધારાનું પ્રમાણ અને કુલ પુરવઠાકિંમતમાં થતા વધારાનું પ્રમાણ સરખા હોવાથી કુલ પુરવઠા રેખા OX ધરી સાથે 45°નો ખૂણો બનાવતી ધન ઢાળવાળી સીધી રેખા છે. કુલ પુરવઠાકિંમત રેખા અને કુલ માંગકિંમત રેખા એકબીજાને P બિંદુએ છેદે છે. એટલે કે P બિંદુએ કુલ માંગકિંમત અને કુલ પુરવઠાકિંમત સરખા થાય છે. તેથી P બિંદુએ અસરકારક માંગનું બિંદુ છે. પરિણામે અર્થતંત્રમાં OM જેટલી રોજગારીનું પ્રમાણ નક્કી થાય છે. જો

રોજગારીની સપાટી OM કરતાં ઓછી કે વધારે હોય તો અર્થતંત્રમાં રોજગારીની સમતુલા સ્થપાતી નથી. જેમકે અર્થતંત્રમાં રોજગારીનું પ્રમાણ OM_1 હોય તો આ રોજગારીની સપાટીએ કુલ પુરવઠાકિંમત M_1T_1 અને કુલ માંગકિંમત M_1P_1 થાય. અહીં કુલ પુરવઠાકિંમત કરતાં કુલ માંગકિંમત વધારે છે. તેથી વધુ રોજગારી આપીને ઉત્પાદન વધારવાથી નફામાં વધારો થઈ શકે છે. પરિણામે રોજગારીમાં વધારો થવાનું વલણ સર્જાય છે. છેવટે જ્યાં કુલ પુરવઠાકિંમત અને કુલ માંગકિંમત સરખા થાય તેટલી રોજગારી એટલે કે OM જેટલી રોજગારી નક્કી થાય છે, જે રોજગારીનું સમતોલ પ્રમાણ છે. આથી ઊલટું, જો રોજગારીની સપાટી OM_2 હોય તો કુલ માંગકિંમત M_2T_2 તથા કુલ પુરવઠાકિંમત M_2P_2 થાય. અહીં કુલ માંગકિંમત કરતાં કુલ પુરવઠાકિંમત વધુ હોવાથી ઉત્પાદકની આવક કરતાં ખર્ચ વધુ હોય છે. એટલે કે ઉત્પાદકને ખોટ જતી હોવાથી રોજગારીમાં ઘટાડો થવાનું વલણ સર્જાય છે. છેવટે જ્યાં કુલ પુરવઠાકિંમત અને કુલ માંગકિંમત સરખા થાય એટલે કે આવક અને ખર્ચ સરખા થાય તેટલી રોજગારી એટલે કે OM જેટલી રોજગારી નક્કી થાય છે, જે રોજગારીનું સમતોલ પ્રમાણ છે.

ટૂંકમાં, પૂર્ણહરીફાઈના સંજોગોમાં જ્યાં કુલ માંગકિંમત અને કુલ પુરવઠાકિંમત સરખા થાય એટલે કે કુલ આવક અને કુલ ખર્ચ સરખા થાય ત્યાં આગળ અસરકારક માંગ નક્કી થાય છે અને આ અસરકારક માંગ કે સમગ્ર માંગ દ્વારા રોજગારીનું જે પ્રમાણ નક્કી થાય છે તેને રોજગારીના સમતોલ પ્રમાણ તરીકે ઓળખવામાં આવે છે.

11.4.4 પૂર્ણ કરતાં ઓછી રોજગારીએ સમતુલા : પ્રો.કેઈન્સના મતે રોજગારીની સમતુલાની સપાટીએ પૂર્ણરોજગારીની પરિસ્થિતિ હોય તે જરૂરી નથી. અર્થતંત્ર પૂર્ણરોજગારીથી ઓછી રોજગારીએ પણ સમતુલામાં હોઈ શકે. એટલે કે અપૂર્ણ રોજગારીએ પણ અર્થતંત્ર સમતુલામાં હોઈ શકે. કુલ માંગકિંમત અને કુલ પુરવઠાકિંમત સરખા થાય ત્યાં અર્થતંત્ર સમતુલા મેળવે છે. પરંતુ આ બિંદુએ પૂર્ણરોજગારીની સ્થિતિ હશે એમ કહી શકાય નહીં. પૂર્ણરોજગારી પહેલાં પણ જો કુલ માંગકિંમત અને કુલ પુરવઠાકિંમત સરખા થાય તો અર્થતંત્ર સમતુલા મેળવે છે. ટૂંકમાં, અર્થતંત્રમાં બેકારીનું અમુક પ્રમાણ હોવા છતાં પણ અર્થતંત્ર સમતુલા પ્રાપ્ત કરતું હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો અર્થતંત્રમાં પૂર્ણરોજગારી કરતાં ઓછી રોજગારીએ પણ સમતુલા જોવા મળે છે.

આકૃતિ 11.4 પૂર્ણ કરતાં ઓછી રોજગારીએ સમતુલા



ઉપરોક્ત આકૃતિમાં OX ધરી પર રોજગારીનું પ્રમાણ, OY ધરી પર કુલમાંગ કિંમત અને કુલ પૂરવઠા કિંમત દર્શાવેલ છે. જ્યારે ADP_1, ADP_2 અને ASP રેખા અનુક્રમે કુલમાંગ કિંમતરેખા 1, કુલ માંગ કિંમતરેખા 2 અને કુલ પૂરવઠાકિંમતરેખા છે.

ઉપરોક્ત આકૃતિ નં. 11.4માં OX ધરી પર રોજગારીનું પ્રમાણ અને OY ધરી પર કુલ માંગકિંમત તથા કુલ પુરવઠાકિંમત દર્શાવેલ છે. ADP_1 અને ADP_2 રેખા અનુક્રમે કુલ માંગકિંમત રેખા 1 તથા કુલ માંગકિંમત રેખા ADP_1 કુલ પુરવઠાકિંમત રેખા ASP ને P બિંદુએ છેદે છે. તેથી P બિંદુએ કુલ માંગકિંમત=કુલ પુરવઠાકિંમત થાય છે. પરિણામે P બિંદુએ રોજગારીનું પ્રમાણ OM અને કુલ ઉત્પાદનનું પ્રમાણ PM નક્કી થાય છે. કુલ પુરવઠાકિંમત રેખા ASP એ સીધી રેખા છે. તે આપેલી અને સ્થિર છે. તેથી કુલ માંગકિંમત રેખા ADPની ઊંચાઈ રોજગારીનું પ્રમાણ નક્કી કરે છે. જો આ રેખાની ઊંચાઈ વધે, એટલે કે કુલ માંગકિંમત રેખા ADP_1 ઉપરની બાજુએ ખસે તો નવી કુલ માંગકિંમત રેખા ADP_2 અસ્તિત્વમાં આવે છે. જે કુલ પુરવઠાકિંમત રેખા ASPને P_1 બિંદુએ સ્પર્શે છે. પરિણામે રોજગારીનું પ્રમાણ OM થી વધીને OM_1 અને આવકનું પ્રમાણ PM થી વધીને P_1M_1 થાય છે. ટૂંકમાં, સમતુલિત કિંમત રોજગારી નક્કી કરે છે તેથી તે અસરકારક માંગ છે. કુલ માંગકિંમત રેખા ADPના બધા જ બિંદુઓ રોજગારી નક્કી નથી કરતા. પરંતુ કુલ માંગકિંમત રેખા ADPનું જે બિંદુ કુલ પુરવઠાકિંમત રેખા ASPને છેદે છે તે જ બિંદુ રોજગારી નક્કી કરે છે. કોઈપણ કુલ માંગકિંમત રેખા ADP પર આવેલું આવું બિંદુ માત્ર એક જ હોય છે. તેથી તે બિંદુ રોજગારીને નક્કી કરવામાં અસરકારક ભાગ ભજવે છે. તેથી જ પ્રો.કેઈન્સે સમતુલિત કુલ માંગકિંમતને અસરકારક માંગ તરીકે ઓળખાવી છે. સમતુલિત કુલમાંગ કિંમત દ્વારા જે રોજગારી નક્કી થાય છે તે પૂર્ણરોજગારી નથી. જો અસરકારક માંગ વધે તો હજુ પણ રોજગારી વધી શકે. તેથી જો બેકારી સંપૂર્ણપણે નિવારીને પૂર્ણરોજગારી સ્થાપવી હોય તો અસરકારક માંગમાં વધારો કરવો જોઈએ.

11.5 રોજગારીમાં વધારો કરવાનો ઉપાય :

અસરકારક માંગમાં વધારો કરવા માટે અસરકારક માંગ જે પરિબળો પર આધાર રાખે છે તે પરિબળો અંગે જાણવામાં આવે છે. પ્રો.કેઈન્સના મતે અસરકારક માંગ એ સમતુલિત કુલ માંગકિંમત છે. સમતુલિત કુલ માંગકિંમત એ રોજગારીની અમુક ચોક્કસ સપાટીએ ઉત્પન્ન થતી ચીજવસ્તુઓ અને સેવાઓનું બજાર ભાવે વેચાણ કરવાથી થતી કુલ વેચાણઆવક છે. એટલે કે તે રાષ્ટ્રીય આવક છે. કુલ માંગકિંમત એ વપરાશી ખર્ચ અને મૂડીરોકાણ ખર્ચ પર આધાર રાખે છે. એટલે કે રોજગારીનો આધાર વપરાશી વસ્તુઓ માટેની માંગ અને મૂડીગત વસ્તુઓ માટેની માંગ પર રહેલો છે. જો રોજગારી વધારવી હોય તો વપરાશી વસ્તુઓ અને મૂડીગત વસ્તુઓ પર થતાં ખર્ચમાં વધારો કરી તેમની માંગ વધારવી જોઈએ. આમ, અસરકારક માંગ વધારવી હોય તો દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો કરવો જોઈએ. જો અર્થતંત્રમાં મંદી અને બેકારી પ્રવર્તતી હોય તો વપરાશી અને મૂડીગત વસ્તુઓ પર કુલ ખર્ચ વધારીને તે દૂર કરી શકાય. તેથી વિરુદ્ધ, જો અર્થતંત્રમાં ફુગાવાની સ્થિતિ હોય તો આ ખર્ચ પર કાપ મુકવો જોઈએ.

આમ, પ્રો.કેઈન્સના મત મુજબ અપૂર્ણ રોજગારીએ આધુનિક મૂડીવાદી દેશો માટે સ્વાભાવિક બાબત છે જ્યારે પૂર્ણરોજગારી એ અપવાદરૂપ સ્થિતિ છે. પ્રો.કેઈન્સના આ પ્રકારના વલણને લક્ષમાં લઈને ઘણા લોકો પ્રો.કેઇન્સના અર્થશાસ્ત્રને અપૂર્ણ રોજગારીના અર્થશાસ્ત્ર (Economics of Under Employment) તરીકે ઓળખાવે છે. પ્રો.કેઈન્સનો રોજગારીનો સિદ્ધાંત એક સામાન્ય સિદ્ધાંત છે. કારણ કે તે સંપૂર્ણ રોજગારીના વિવિધ બિંદુઓએ તેમજ પૂર્ણરોજગારીના બિંદુએ આવતી રોજગારીની સમતુલા તેમજ ફુગાવાના સમયમાં સર્જાતી અતિ રોજગારી (Over Employment)ની સ્થિતિની પણ સમજૂતી આપી શકે છે. આમ, પ્રો.કેઈન્સનું અર્થશાસ્ત્ર મૂડીવાદી દેશોમાં મંદી અને ફુગાવાને અંકુશમાં લેવા માટે આર્થિક નીતિ ઘડવામાં ઉપયોગી બને છે.

11.6 અસરકારક માંગના ઘટકો :

પ્રો.કેઈન્સના મતે અસરકારક માંગનો આધાર કુલ માંગકિંમત પર રહેલો છે. કોઈ એક સમયે અસરકારક માંગ કેટલી હશે અને તે પૂર્ણરોજગારી માટે કેમ અપૂરતી છે તે સમજવા માટે કુલ માંગકિંમત રેખાનું વિશ્લેષણ કરવું આવશ્યક બને છે. એક વ્યક્તિની આવક એ બીજી વ્યક્તિનું ખર્ચ છે. તેથી રાષ્ટ્રીય આવક=રાષ્ટ્રીય ખર્ચ એવું કહી શકાય. જેને ટૂંકમાં Y=E એવી સંજ્ઞા આપી શકાય. પ્રો.કેઇન્સના જણાવ્યા મુજબ અર્થતંત્રમાં આવકની સપાટી એટલે કે રાષ્ટ્રીય આવક કેટલી રહેશે તેનો આધાર કુલ માંગ અને કુલ પુરવઠા પર રહેલો છે.

11.6.1 કુલ માંગ (Aggregate Demand) : કુલ માંગ બે ઘટકોની બનેલી હોવાથી અર્થતંત્રમાં કુલ માંગ કેટલી રહેશે તેનો આધાર બે બાબતો પર રહેલો છે. જેમાં સમાજનું ખાનગીક્ષેત્રે થતું વપરાશી ખર્ચ(C) અને સમાજનું ખાનગીક્ષેત્રે થતું મૂડીરોકાણ ખર્ચ(I) નો સમાવેશ થાય છે. તેમાં સરકાર દ્વારા થતું વપરાશી ખર્ચ અને મૂડીરોકાણ ખર્ચ પણ આપણે ઉમેરીએ તો C+I એ સમાજ વપરાશી વસ્તુઓ અને મૂડીગત વસ્તુઓ પાછળ કુલ કેટલું ખર્ચ કરવા માંગે છે તે દર્શાવે છે. તેથી સમાજનું કુલ ખર્ચ (E)= C+I એવું સમીકરણ મૂકી શકાય.

11.6.2 કુલ પુરવઠો (Aggregate Supply) : અર્થતંત્રમાં જે કુલ ઉત્પાદન થાય છે તેને કુલ પુરવઠો કહેવામાં આવે છે. સમાજમાં રહેલા ઉત્પાદનના સાધનોની આવક અર્થતંત્રમાં જે કુલ ઉત્પાદન થયું હોય તેની બરાબર થાય છે. તેથી કહી શકાય કે કુલ માંગ એ અર્થતંત્રનું કુલ ખર્ચ(E) દર્શાવે છે જ્યારે કુલ પુરવઠો એ અર્થતંત્રની કુલ આવક(Y) દર્શાવે છે. અર્થતંત્રની કુલ આવક(Y)નો આધાર અર્થતંત્રમાં થતા કુલ ઉત્પાદન પર રહેલો છે. સમયના ટૂંકાગાળામાં કુલ ઉત્પાદનને અસર કરતાં પરિબળો સ્થિર રહે છે. તેથી સમાજની કુલ ઉત્પાદન શક્તિ સમયના ટૂંકાગાળામાં સ્થિર રહે છે. હવે અર્થતંત્રમાં જે કુલ પુરવઠો એટલે કે કુલ ઉત્પાદન થાય છે તેટલી આવક અર્થતંત્રની બને છે. આ આવકને પ્રો.કેઈન્સ વપરાશી ખર્ચ(C) અને બચત(S) એમ બે ભાગમાં વહેંચે છે. તેથી સમાજની કુલ આવક Y=C+S એવું સમીકરણ મૂકી શકાય. સમયના ટૂંકાગાળામાં રાષ્ટ્રીય આવકનું પ્રમાણ કુલ માંગ અને કુલ પુરવઠા દ્વારા નક્કી થાય છે. પરંતુ સમયના ટૂંકાગાળામાં કુલ પુરવઠો સ્થિર રહેતો હોવાથી રાષ્ટ્રીય આવકનું પ્રમાણ નક્કી કરવામાં કુલ માંગ અગત્યનો ભાગ ભજવે છે. જો કુલ

માંગ વધે તો અર્થતંત્રની કુલ આવકમાં વધારો થાય અને જો કુલ માંગ ઘટે તો અર્થતંત્રની કુલ આવકમાં ઘટાડો થાય છે. અર્થતંત્રમાં આવકની જે સપાટીએ કુલ માંગ=કુલ પુરવઠો થશે તે સપાટીએ અર્થતંત્રની રાષ્ટ્રીય આવક નક્કી થશે. ટૂંકમાં,

કુલ માંગ = કુલ પુરવઠો

$\therefore$ E = Y

$\therefore$ C+I = C+S

$\therefore$ I = S (અથવા S = I).

એટલે કે આવકની જે સપાટીએ અર્થતંત્રમાં બચત = મૂડીરોકાણ થશે તે સપાટી રોજગારીની સમતુલાની સ્થિતિ (રાષ્ટ્રીય આવકની) થશે જે નીચેની આકૃતિ દ્વારા રજુ કરેલ છે :

આકૃતિ 11.5 રોજગારીની સમતુલા



ઉપરોક્ત આકૃતિ નં. 11.5માં OX ધરી પર આવકનું પ્રમાણ અને OY ધરી પર વપરાશી ખર્ચ તેમજ મૂડીરોકાણ ખર્ચ દર્શાવેલ છે. અર્થતંત્રની કુલ આવક એટલે કે કુલ પુરવઠો દર્શાવતી Y=C+S રેખા 45°ના ખૂણે દોરવામાં આવેલી છે, જે અર્થતંત્રની કુલ ઉત્પાદનશક્તિ દર્શાવે છે. આ રેખા પર જમણી બાજુએ જેમજેમ ઉપર તરફ જઈએ તેમ તેમ અર્થતંત્રમાં કુલ ઉત્પાદન એટલે કે રાષ્ટ્રીય આવકમાં વધારો થાય છે. આ રેખા પરનું F બિંદુ એ પૂર્ણરોજગારીની સપાટીએ પ્રાપ્ત થતી આવકનું બિંદુ છે. OYf આવક એ પૂર્ણરોજગારીની સપાટીએ પ્રાપ્ત થતી આવક છે. અર્થતંત્રની વાસ્તવિક રાષ્ટ્રીય આવક આ બિંદુથી આપેલા સંજોગોમાં વધી શકતી નથી. આકૃતિમાં દર્શાવ્યા મુજબ CC રેખા એ વપરાશી ખર્ચ દર્શાવતી રેખા છે. વપરાશી ખર્ચ, એ આવકનું વધતું જતું વિધેય છે. જેમજેમ આવકમાં વધારો થાય છે તેમ તેમ વપરાશી ખર્ચમાં વધારો થાય છે. તેથી CC રેખા જમણી બાજુ ઉપર તરફ આગળ વધે છે. જો કે J બિંદુની જમણી બાજુએ આવક કરતાં વપરાશી ખર્ચનો વધારો ઓછો છે. તેથી CC

રેખા આવક રેખા(Y)ની નીચે તરફ રહે છે. આ બે રેખાઓ વચ્ચેનો ગાળો અર્થતંત્રની કુલ બચતો દર્શાવે છે. એટલે કે OY આવકની સપાટીએ અર્થતંત્રમાં વપરાશી ખર્ચ KY છે અને બચતો EK છે.

I બિંદુમાંથી નીકળતી રેખા એ મૂડીરોકાણ ખર્ચ રેખા છે. પ્રો.કેઈન્સના મતે મૂડીરોકાણ ખર્ચ પ્રત્યક્ષ રીતે આવક પર આધાર રાખતું નથી. તેથી આવકના વધારા સાથે મૂડીરોકાણ ખર્ચમાં વધારો થતો નથી. અહીં મૂડીરોકાણ ખર્ચને સ્થિર ધારેલું હોવાથી મૂડીરોકાણ ખર્ચ આવકના દરેક તબક્કે CI=KE ગાળા જેટલું છે. C+I રેખા અને C રેખા વચ્ચેનો ગાળો મૂડીરોકાણ ખર્ચ દર્શાવે છે. C+I રેખા એ સમાજમાં થતું કુલ ખર્ચ કે કુલ માંગ દર્શાવતી રેખા છે.

કુલ માંગરેખા અને કુલ પુરવઠારેખા જે બિંદુએ એકબીજાને છેદે તે બિંદુએ અર્થતંત્રની કુલ માંગ અને કુલ પુરવઠો સમતુલા પામે છે અને તે બિંદુ અસરકારક માંગનું બિંદુ કહેવાય છે. આકૃતિમાં E બિંદુએ અસરકારક માંગનું બિંદુ છે કે જ્યાં, કુલ પુરવઠો=કુલમાંગ થાય છે, તેમજ KE બચતો છે, KE મૂડીરોકાણ છે. માટે અહીં બચતો=મૂડીરોકાણ થાય છે. તેથી EY=OY આવક એ સમતુલાની આવક છે. પ્રો.કેઈન્સના મતે બચત અને મૂડીરોકાણની આ સમતુલા અપૂર્ણ રોજગારીએ છે કેમકે પૂર્ણરોજગારીની સમતુલાની આવક OYf=YfF છે. તેથી પૂર્ણરોજગારી મેળવવી હોય તો બચત અને મૂડીરોકાણ વચ્ચે સમતુલા F બિંદુએ સ્થપાવી જોઈએ. Y=C+S રેખા સ્થિર હોવાથી F બિંદુએ સમતુલા મેળવવા માટે C+I રેખાને ઉપર તરફ ખસેડવી પડે. એટલે કે જો કુલ ખર્ચ OIના બદલે OG જેટલું કરવામાં આવે અર્થાત IG જેટલું ખર્ચ વધારવામાં આવે તો સમતુલા F બિંદુએ મળી શકે. F બિંદુએ કુલ આવક OYf=YfF થશે જ્યાં વપરાશી ખર્ચ YfH અને બચત=મૂડીરોકાણ HF થશે. આ પ્રકારની સમજૂતીના પરિણામે નીચે મુજબની બે બાબતો સમજાવી શકાય :

11.6.3 અપૂર્ણ રોજગારીએ સમતુલા : નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે અર્થતંત્રમાં બચત અને મૂડીરોકાણ પૂર્ણરોજગારીની સપાટીએ સમતુલામાં હોય છે. પરંતુ ઉપરોક્ત આકૃતિ મુજબ પૂર્ણરોજગારીની આવક YfF છે. આવકની આ સપાટી મેળવવા માટે અર્થતંત્રમાં YfF જેટલું કુલ ખર્ચ થવું જોઈએ. પરંતુ અર્થતંત્રમાં કુલ ખર્ચ OI જેટલું છે એટલે કે IG જેટલું ખર્ચ ઓછું થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો પૂર્ણરોજગારીની સપાટીએ કુલ ઉત્પાદન YfF છે; પરંતુ અર્થતંત્રમાં કુલ માંગ EY જેટલી જ છે. તેથી કુલ પુરવઠાનું પ્રમાણ કુલ માંગ કરતાં વધી જાય છે. કારણ કે YfF > EY. કુલ પુરવઠો કુલ માંગ કરતાં જેટલા અંશે વધે તેટલા અંશે અર્થતંત્રમાં મૂડીરોકાણ કરતાં બચતો વધી જાય છે. મૂડીરોકાણ કરતાં બચતો વધી જવાથી અર્થતંત્રમાં અતિઉત્પાદન અને બેકારીનો પ્રશ્ન ઉદભવે છે. આવી પરિસ્થિતિમાં E બિંદુએ એટલે કે અપૂર્ણ રોજગારીની પરિસ્થિતિ એ અર્થતંત્રે સમતુલા સ્વીકારવી પડે છે. બચતોનું પ્રમાણ મૂડીરોકાણ કરતાં શા માટે વધુ જોવા મળે છે તે બાબત સમજાવતાં પ્રો.કેઈન્સ જણાવે છે કે બચત અને મૂડીરોકાણ કરનાર વર્ગ અલગ અલગ હોય છે તેમજ બચત અને મૂડીરોકાણના હેતુઓ અલગ અલગ હોવાથી બચત અને મૂડીરોકાણ વચ્ચે પૂર્ણરોજગારીની સપાટીએ સમતુલા સ્થપાતી નથી. બચતનો આધાર આવકની

સપાટી પર છે, મૂડીરોકાણનો આધાર મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજના દર પર છે. જો રોકડતા પિંજરની પરિસ્થિતિ આવી ગઈ હોય તો વ્યાજનો દર ઘટતો નથી. મૂડીની સીમાંત કાર્યક્ષમતા વ્યાજના દરથી નીચે જઈ શકે છે, જે બચત અને મૂડીરોકાણ વચ્ચે અસમતુલા પેદા કરે છે. મૂડીરોકાણ કરતાં બચતો વધી જાય છે. બચતોમાં વધારો થતાં અર્થતંત્રમાં કુલ ખર્ચ કે કુલ માંગ ઘટે છે. તેથી પૂર્ણરોજગારીની નીચેની સપાટીએ અર્થતંત્રને સમતુલા મેળવવી પડે છે.

11.6.4 **પૂર્ણરોજગારીએ સમતુલા :** જો અર્થતંત્ર પૂર્ણરોજગારીએ સમતુલા મેળવવા માંગતું હોય તો પૂર્ણરોજગારીની સપાટીએ જે આવક YfF હોય તેટલું અર્થતંત્રમાં કુલ ખર્ચ થવું જોઈએ. ઉપરોક્ત આકૃતિ મુજબ અર્થતંત્રમાં કુલ ખર્ચ EYના બદલે YfF થવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો પૂર્ણરોજગારીના F બિંદુએ કુલ આવક=કુલ ખર્ચ થાય તે પ્રમાણે ખર્ચ થવું જોઈએ. અસરકારક માંગના ત્રણ ઘટકો C+I+G પૈકી (1) ખાનગી વપરાશી ખર્ચ(C) સમયના ટૂંકાગાળામાં વધારવું શક્ય નથી, (2) ખાનગી મૂડીરોકાણ ખર્ચ(I)નો આધાર મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને વ્યાજદર પર છે. વ્યાજનો દર સ્થિર રહેતો હોવાથી મૂડીરોકાણવૃતિ માટે મૂડીની સીમાંત કાર્યક્ષમતા અગત્યનું પરિબળ બની રહે છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો આધાર વેપારવિષયક ધારણાઓ પર રહેલો છે જેના વિશે ચોક્કસ આગાહી કરવી મુશ્કેલ છે. જો અર્થતંત્રમાં નિરાશાવાદી વાતાવરણ હોય તો મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં વધારો ન થતો હોવાથી નિયોજકો મૂડીરોકાણમાં વધારો કરશે નહીં. પ્રો.કેઈન્સના મતે આ સંજોગોમાં અસરકારક માંગમાં વધારો કરવા માટે સરકારે આગળ આવવું જોઈએ. તેણે ખાડા ખોદાવવા અને ખાડા પૂરાવવા જેવી પ્રવૃત્તિઓ હાથ ધરીને પણ અસરકારક માંગમાં વધારો કરવો જોઈએ. આમ, પ્રો.કેઈન્સ પૂર્ણરોજગારી પ્રાપ્ત કરવા માટે રાજ્યની અર્થતંત્રમાં દખલગીરીની હિમાયત કરે છે.

11.7 સારાંશ :

મિત્રો, પ્રસ્તુત એકમમાં આપણે અપૂર્ણ રોજગારીએ સમતુલા અંગે સમજણ મેળવી જેમાં આપણે,

- પ્રો.કેઈન્સના રોજગારીના સિદ્ધાંતની ધારણાઓ વિશે જાણકારી મેળવી.
- અસરકારક માંગનો અર્થ તેમજ અસરકારક માંગ, ઉત્પાદન અને રોજગારી વચ્ચેના સંબંધો અંગે સમજૂતી મેળવી.
- કુલ માંગવિધેય અને કુલ પુરવઠાવિધેય વિશે જાણકારી મેળવી.
- રોજગારીનું સમતોલ પ્રમાણ કઈ રીતે નક્કી થાય છે તે જોયું.
- અર્થતંત્ર પૂર્ણ કરતાં ઓછી રોજગારીની સપાટીએ કઈ રીતે સમતુલા મેળવે છે તેના વિશે સમજણ મેળવી.
- અસરકારક માંગના ઘટકો, કુલ માંગ અને કુલ પુરવઠા અંગે ચર્ચા કરી.
- રોજગારીમાં વધારો કરીને પૂર્ણરોજગારી પ્રાપ્ત કરવા માટે સરકાર કઈ રીતે હસ્તક્ષેપ કરી શકે તે સમજ્યા.

11.8 ચાવીરૂપ શબ્દો :

- અસરકારક માંગ : અર્થતંત્રમાં આવકની જે સપાટીએ કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થાય તે બિંદુને અસરકારક માંગ તરીકે ઓળખવામાં આવે છે. અસરકારક માંગ એ અર્થતંત્રની સમતુલાની સ્થિતિનો નિર્દેશ કરે છે.
- કુલ માંગકિંમત : રોજગારીની કોઈ એક સપાટીએ થતાં કુલ ઉત્પાદનના વેચાણમાંથી જે આવક મેળવવાની નિયોજક અપેક્ષા રાખે છે તે અપેક્ષિત વેચાણ આવકને તે રોજગારીની સપાટીની કુલ માંગકિંમત તરીકે ઓળખવામાં આવે છે. રોજગારીની જુદીજુદી સપાટીએ આ ઉત્પાદનનું પ્રમાણ જુદુંજુદું હોવાથી કુલ માંગકિંમત જુદીજુદી હોય છે. કુલ માંગકિંમત જેમજેમ રોજગારી વધે તેમ તેમ વધે છે. તેથી કુલ માંગકિંમત એ રોજગારીનું વધતું જતું વિધેય છે.
- કુલ પુરવઠાકિંમત : રોજગારીની કોઈ એક સપાટીએ કામ કરવા માટે નિયોજકને પ્રોત્સાહન મળી રહે તેટલી પ્રાપ્ત થવી જોઈતી ન્યૂનતમ આવકને કુલ પુરવઠાકિંમત તરીકે ઓળખવામાં આવે છે. રોજગારીની દરેક સપાટી સાથે કોઈ એક કુલ પુરવઠાકિંમત જોડાયેલી હોય છે. કુલ પુરવઠાકિંમત પણ રોજગારીના પ્રમાણનું વધતું જતું વિધેય છે. કુલ પુરવઠાકિંમત નિયોજકનું ખર્ચ બતાવે છે.
- રોજગારીનું સમતોલ પ્રમાણ : જ્યાં કુલ માંગકિંમત અને કુલ પુરવઠાકિંમત સરખા થાય એટલે કે કુલ આવક અને કુલ ખર્ચ સરખા થાય ત્યાં આગળ અસરકારક માંગ નક્કી થાય છે અને આ અસરકારક માંગ કે સમગ્ર માંગ દ્વારા રોજગારીનું જે પ્રમાણ નક્કી થાય છે તેને રોજગારીના સમતોલ પ્રમાણ તરીકે ઓળખવામાં આવે છે.

11.9 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નિબંધ પ્રકારના પ્રશ્નો :

- અસરકારક માંગ એટલે શું ? અસરકારક માંગ નક્કી કરતા પરિબળો વિગતે સમજાવો.
- ‘અર્થતંત્રમાં પૂર્ણરોજગારી કરતાં ઓછી રોજગારીએ પણ સમતુલા જોવા મળે છે’ - ચર્ચા કરો.

(ખ) નીચેના પ્રશ્નનો ટૂંકમાં જવાબ આપો.

- અસરકારક માંગના ઘટકો
- રોજગારીમાં વધારો કરવાના ઉપાય
- અસરકારક માંગ, ઉત્પાદન અને રોજગારી વચ્ચેના સંબંધો
- કુલ માંગકિંમત અને કુલ પુરવઠાકિંમત

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

(1) પ્રો.કેઈન્સે લખેલ ‘General Theory’ નામનું પુસ્તક ક્યારે પ્રસિદ્ધ કરવામાં આવ્યું ?

(A) 1929 માં (B) 1932 માં

(C) 1936 માં (D) 1939 માં

(2) 'Origin of Species' નામનું પુસ્તક કોણે પ્રકાશિત કર્યું ?

(A) પ્રો.ચાર્લ્સ ડાર્વિને (B) પ્રો.પ્રો.એડમ સ્મિથે

(C) પ્રો.કેઈન્સ (D) પ્રો.પ્રો.કાર્લ માર્કસે

(3) અસરકારક માંગના ખ્યાલનું મૂળ કયા સિદ્ધાંતમાં જોવા મળે છે ?

(A) પ્રો.સેના બજારના સિદ્ધાંતમાં

(B) પ્રો.માલ્થસના વસ્તીના સિદ્ધાંતમાં

(C) પ્રો.કેઈન્સના વપરાશના સિદ્ધાંતમાં

(D) પ્રો.પિગુના વેતનકાપના સિદ્ધાંતમાં

(4) ઉત્પાદન અને રોજગારીની સપાટીનું નિર્ણાયક પરિબળ નીચે પૈકી કયું છે ?

(A) કુલ પુરવઠો (B) કુલ રોકાણ

(C) કુલ અસરકારક માંગ (D) વ્યાજદર

(5) ઉત્પાદિત વસ્તુઓનો કુલ પુરવઠો ઘટાડવા માટે .... ઘટાડવું પડે.

(A) કુલ વપરાશ (B) કુલ માંગ

(C) કુલ જથ્થો (D) કુલ ઉત્પાદન

(6) પ્રો.કેઈન્સના મતે ટૂંકાગાળમાં પુરવઠાકિંમત .... હોય છે.

(A) સ્થિર (B) અસ્થિર

(C) અનિશ્ચિત (D) ચલિત

(7) પ્રો.કેઈન્સના મત મુજબ કુલ પુરવઠાકિંમત(ASP) = C+ ....

(A) I (B) C

(C) S (D) એક પણ નહિ

(8) પ્રો.કેઈન્સે .... અર્થતંત્રને ધ્યાનમાં રાખીને પોતાના આર્થિક સિદ્ધાંતો રજૂ કર્યા છે.

(A) મૂડીવાદી (B) સમાજવાદી

(C) મિશ્ર (D) એક પણ નહિ

(9) સમગ્ર સમાજની માંગ એટલે ....

(A) અસરકારક મૂડીરોકાણ માંગ

(B) અસરકારક વપરાશ માંગ

(C) કુલ અસરકારક માંગ

(D) એક પણ નહિ

(10) નિયોજકને પ્રોત્સાહન મળી રહે તેટલી પ્રાપ્ત થવી જોઈતી ન્યૂનતમ આવક એટલે ....

(A) કુલ વેચાણ કિંમત (B) કુલ પુરવઠા કિંમત

(C) કુલ માંગ કિંમત (D) કુલ ઉત્પાદન કિંમત

❖ **સંદર્ભ સૂચિ :**

1. Parmar, B.D. et al. (2008): Samagralakshi Arthshastra, C. Jamnadas ni Company, Ahmedabad.
2. Joshi, R. C., Bhatt, J. P. (2014-15): Samagralakshi Arthshastra, New Popular Prakashan, Surat.
3. Sinh, R. N. (2013): Samashti Arthshastra, Nikhil Publishers and distributors, Agra.
4. Shah, H., Shah A. H. (2013): Samagralakshi Aarthik Vishleshan, Nirav Prakashan, Ahmedabad
5. Patel, B. S. (1993-94): Aadhunik Arthshastra-2, C. Jamnadas ni Company, Ahmedabad.
6. Joshi, R. C. et al. (2002): Aadhunik Samagralakshi Arthshastra, New Popular Prakashan, Surat.
7. Ackley, Gardner (1977): Macroeconomics: Theory & Policy, Macmillan, New York.
8. Patel, C. J. et al. (1987-88): Money and Macro Economics, Nirav Prakashan, Ahmedabad.
9. Trivedi. R. A. et al. (1987): Arthshastra-2, Shreshth Prakashan, Ahmedabad.

❖ **હેતુલક્ષી પ્રશ્નોના જવાબ :**

(1) (C) 1936 માં

(2) (A) પ્રો.ચાર્લ્સ ડાર્વિને

(3) (B) પ્રો.માલ્થસના વસ્તીના સિદ્ધાંતમાં

(4) (C) કુલ અસરકારક માંગ

(5) (D) કુલ ઉત્પાદન

(6) (A) સ્થિર

(7) (C) S

(8) (A) મૂડીવાદી

(9) (C) કુલ અસરકારક માંગ

(10) (B) કુલ પુરવઠા કિંમત

****

એકમઃ 12
વ્યાપારચક્રો : ખ્યાલ અને સિદ્ધાંત

❖ રૂપરેખા :

12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 વ્યાપારચક્રનો ખ્યાલ, તબ્બકા અને લક્ષણો

12.3 પ્રો.શુમ્પીટરના સિદ્ધાંત.

12.4 પ્રો.સેમ્યુલસનના સિદ્ધાંત.

12.5 પ્રો.હિક્સના સિદ્ધાંત.

12.6 સારાંશ

12.7 ચાવીરૂપ શબ્દો

12.8 તમારી પ્રગતિ ચકાસો

- ➢ સંદર્ભ સૂચિ
- ➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

12.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે....

- ➢ વ્યાપાર ચક્રોનો ખ્યાલ અને તબ્બકા સમજાવી શકશો.
- ➢ વ્યાપારચક્રના ચક્રાકાર પરિવર્તનો ચર્ચા કરી શકશો.
- ➢ વ્યાપારચક્રના પ્રો.શુમ્પીટર, પ્રો.સેમ્યુઅલ્સન અને પ્રો.હિક્સના સિદ્ધાંત સમજી અને સમજાવી શકશો.

12.2 વ્યાપારચક્રનો ખ્યાલ :

આર્થિક પ્રવૃત્તિનો પ્રવાહ સતત એકધારો વહેતો નથી. મૂડીવાદી દેશોનો આર્થિક પ્રવૃત્તિઓનો ઈતિહાસ જોતાં કહી શકાય કે આર્થિક સ્થિરતા કરતાં આર્થિક અસ્થિરતા જ નિયમ હોય તેમ લાગે છે. મૂડીવાદી અર્થતંત્રની એક મહત્ત્વની ખાસિયત એ છે કે તેમાં તેજી-મંદીનાં મોજાં વારાફરતી આવ્યા કરે છે. આમ અર્થતંત્રમાં તેજી અને મંદીનું વારાફરતી થતું આગમન વ્યાપારચક્ર તરીકે ઓળખાય છે. બીજી રીતે કહીએ તો આર્થિક પ્રવૃત્તિની ચઢઊતર કે ભરતી-ઓટને વ્યાપારચક કહેવામાં આવે છે. વ્યાપારચક્ર એ આર્થિક પરિવર્તનનો એક પ્રકાર છે. વ્યાપારચક તેજી, ઓટ, મંદી અને સુધારણા એવા ચાર તબક્કાઓનું બનેલું હોય છે. આ ચારેય તબક્કાઓ પૂર્ણ થાય ત્યારે એક વ્યાપારચક્ર પૂરું થયું કહેવાય. જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ વ્યાપારચકની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે :

'વ્યાપારચક્રના સારા વેપારના સમયગાળા દરમિયાન ભાવો વધતા જતા હોય છે અને બેકારીની ટકાવારી નીચી હોય છે; જયારે નબળા વેપારના સમયગાળા દરમિયાન ભાવો ઘટતા જતા હોય છે અને બેકારીની ટકાવારી ઊંચી હોય છે.'

-પ્રો.કેઈન્સ

''વનસ્પતિશાસ્ત્ર અને વિજ્ઞાનોમાં ચક્રનો અર્થ ઘટનાઓનો ક્રમ એવો થાય છે, કે જેનું સતત પુનરાવર્તન થયા કરે છે. પણ એકસરખા સમયગાળામાં નહિ કે એકસરખા અંશમાં પણ નહિ અહીં ક્રમના પુનરાવર્તન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. જેમાં ચક્રના વિવિધ તબક્કાઓ તેજી, ઓટ, મંદી અને સુધારણાનું ક્રમમાં પુનરાવર્તન થાય છે.''

-પ્રો હેન્સન

''વ્યાપારચક એક જ સમયે ઘણી આર્થિક પ્રવૃત્તિઓમાં જણાતી તેજી, ઓટ, મંદી અને સુધારણા જે અંતે બીજા વ્યાપારચકની તેજીમાં ભળી જાય છે. વ્યાપારચક્રના પરિવર્તનોનો આ ક્રમ વારંવાર ચાલે છે, પણ નિયતકાલિન હોતો નથી. વ્યાપારચક્રની આ સમયમર્યાદા એક કરતાં વધુ વર્ષથી માંડીને દશથી બાર વર્ષની હોય છે.''

-મિચેલ અને આર્થર બર્ન્સ

''એક વર્ષથી વધારે સમય સુધી ચાલતી તેજી અને મંદીના મોજાં જેવી આર્થિક પ્રવૃત્તિની ઉથલપાથલોને વ્યાપારચક્ર કહે છે.''

-જે.એ.એસ્ટે

''વ્યાપારચક્ર એ એક એવી ઘટના છે કે જે મૂડીવાદી અર્થતંત્રના વધતા ઓછા ક્રમમાં આવતાં નિયમિત આર્થિક પરિવર્તનોનો નિર્દેશ કરે છે.'' વારાફરતી આવતાં તેજી-મંદીના મોજાઓને વ્યાપારચક કહેવામાં આવે છે. વ્યાપારચક્રીય પરિવર્તનોનો કોઈ ચોક્કસ સમય હોતો નથી. પરંતુ વ્યાપારચક્રોના સ્વરૂપમાં એકરૂપતા જોવા મળે છે.

-જે.કે. મિત્રા

વ્યાપારચક્રોના સમય તેમની અસરોની તીવ્રતા વગેરેમાં વિવિધતા હોવાના કારણે વ્યાપારચક્ર અંગે કોઈ ચોક્કસ નિયમ રજૂ કરી શકાય તેમ નથી. સમયની દ્રષ્ટિએ જોઈએ તો કેટલાંક વ્યાપારચક્રો એક વર્ષનાં તો કેટલાંક બે વર્ષના પણ હોય છે. તો વળી કેટલાંક બહુ જ લાંબા સમયના પણ જોવા મળે છે. આવા લાંબાસમયગાળાના વ્યાપારચક્રો અંગે સૌપ્રથમ રશિયન અર્થશાસ્ત્રી કોન્ડ્રેટીવે સંશોધન કરેલ હોવાથી તેમને કોન્ડ્રાટિવ ચક્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. વ્યાપારચક્રોનો સમયગાળો જુદો જુદો હોવાં છતાં કેટલાંક અર્થશાસ્ત્રીઓએ તેમનો સરેરાશ સમય કાઢવાનો પ્રયાસો પણ કર્યો છે.

વ્યાપારચક્રો અંગે રજૂ થયેલ વિવિધ વ્યાખ્યાઓ પૈકી પ્રો.મિચેલની વ્યાખ્યા વધુ સ્વીકાર્ય બની છે. આ વ્યાખ્યામાં વ્યાપારચક્રોની ત્રણ અગત્યની બાબતોનો નિર્દેશ કરવામાં આવેલ છે.

(1) વ્યાપારચક્રો માત્ર સંગઠિત સમાજો કે જેમાં નાણાંની વપરાશ થાય છે, ત્યાં જ જોવા મળે છે.

(2) વ્યાપારી સંજોગોમાં આવતાં પરિવર્તનો એ વ્યાપારચક્ર છે.

(3) વ્યાપાર તથા આર્થિક પ્રવૃત્તિઓમાં નિયમિત તેમજ અમુક સમયના અંતરે આવતાં પરિવર્તન એ વ્યાપારચક્ર છે.

12.2.1 વ્યાપારચક્રના તબક્કાઓ : વ્યાપારચક્રના તબક્કાઓ વિગતવાર સમજીએ. સામાન્ય રીતે વ્યાપારચક્ર ચાર તબક્કાઓનું બનેલું હોય છે અને આ તબક્કાઓનું ક્રમશઃ પુનરાવર્તન થયા કરે છે.

1. મંદી : અર્થતંત્રમાં મૂડીરોકાણનું પ્રમાણ ઘટતાં ઉત્પાદન ઘટવા લાગે છે. જેના પરિણામે રોજગારી, આવક, વસ્તુની માંગ, નફો વગેરે ઘટવા લાગે છે. જેને મંદી તરીકે ઓળખવામાં આવે છે.

2. સુધારણા : અર્થતંત્ર જ્યારે મંદીના તબક્કામાંથી બહાર નીકળીને તેજીના તબક્કા તરફ આગળ વધે છે ત્યારે તે તબક્કાને સુધારણા તરીકે ઓળખવામાં આવે છે. આ તબક્કામાં મૂડીસાધનોની માંગ વધતા રોજગારી, આવક, વસ્તુની માંગ, કિંમત, નફો વગેરેમાં વધારો થવા લાગે છે.

3. તેજી : અર્થતંત્રમાં મૂડીરોકાણનું પ્રમાણ વધતાં ઉત્પાદન, રોજગારી અને આવકમાં વધારો થવા લાગે છે. જેના પરિણામે વસ્તુની માંગ, કિંમત, નફો વગેરે વધવા લાગે છે. જેને તેજી તરીકે ઓળખવામાં આવે છે.

4. ઓટ : અર્થતંત્રમાં વસ્તુના પ્રમાણમાં વધારો અને નાણાંના પ્રમાણમાં ઘટાડો થતા ઓટની પરિસ્થિતિ સર્જાય છે. અહીં મૂડીરોકાણમાં ઘટાડો થતા આવક, ઉત્પાદન, રોજગારી, નફો વગેરેમાં ઘટાડો થાય છે.

12.2.2 વ્યાપારચક્રના ચક્રાકાર પરિવર્તનો : અર્થકરણમાં તેજી-મંદીના જે વારાફરતી મોજાઓ આવે છે તેમને ચક્રાકાર પરિવર્તનો કહેવાય છે. આ પરિવર્તનોમાં કોઈ ચોક્કસતા હોતી નથી એટલે કે કોઈ ચોક્કસ લય કે તાલ હોતો નથી. તેમ છતાં વ્યાપારચક વારંવાર અને ચોક્કસ સ્વરૂપમાં જોવા મળે છે. સામાન્ય રીતે વિકસિત અને ઔદ્યોગિક દેશોમાં વ્યાપારચક્ર વિશેષ જોવા મળે છે. ચક્રાકાર પરિવર્તનોમાં તેજી-મંદીના જે વારાફરતી મોજાઓ ઉદભવે છે. તેમાં તેજી-ઓટ- મદી અને સુધારણા જેવા તબક્કાઓ જોવા મળે છે. આ ચારેય તબક્કાઓ મળીને એક વ્યાપારચક્ર થાય છે આમ ચક્રાકાર પરિવર્તનોને વ્યાપારચક્રીય પરિવર્તનો કહેવામાં આવે છે.

આકૃતિ 12.1



આકૃત્તિ12.1માં OX ધરી પર વર્ષોનું પ્રમાણ અને OY ધરી પરી પર આર્થિક પ્રવૃત્તિની સપાટી દર્શાવી છે. આકૃત્તિમાં તેજી-મંદીના વારાફરતી

મોજાઓ ચોક્કસ સમયના અંતરે આવે છે. જો કે તેમાં કોઈ ચોક્કસતા હોતી નથી તેમ છતાં તેને ચોક્કસ સ્વરૂપમાં જોઈ શકાય છે. વ્યાપારચક્રીય પરિવર્તનોને અન્ય પ્રકારના પરિવર્તનોથી અલગ પાડી શકાય છે. જેમ કે મોસમી પરિવર્તનો જેમાં જુદીજુદી ઋતુઓ પ્રમાણે માંગમાં થતા ફેરફારોને કારણે મોસમી પરિવર્તનો સર્જાય છે. આ મોસમી પરિવર્તનોની સંખ્યા એક વર્ષની હોય છે. જયારે દીર્ઘકાલીન પરિવર્તનો અર્થકરણમાં લાંબા સમય સુધી તેની અસરો આપે છે. તેમ જ એક જ દિશામાં આગળ વધવાનું વલણ ધરાવે છે. જયારે અનિયમિત પરિવર્તનો આકસ્મિક રીતે આવે છે તેના અંગે આગાહી કરી શકાતી નથી. જયારે વ્યાપારચક્રીય પરિવર્તનો અંગે આગાહી કરી શકાય છે.

12.2.3 વ્યાપારચક્રીય પરિવર્તનોની કેટલાંક વિશિષ્ટ લક્ષણો :

(1) ચક્રાકાર ગતિ.

(2) તેજી, મંદીના તબક્કા સ્વયંવિકસિત.

(3) આકારમાં સમાનતા.

(4) વ્યાપારચક્રમાં અનેક પ્રકારની ઉત્પાદકતા અને પ્રવૃત્તિઓ દૃષ્ટિગોચર થાય છે.

(5) ખેતીપ્રધાન દેશ કરતાં ઉદ્યોગપ્રધાન દેશમાં વધુ.

(6) તેજીમાંથી મંદી તરફની ગતિ ઘણી ઝડપી, જયારે મંદીથી તેજી તરફનું પ્રમાણ ઘણું ધીમું હોય છે.

(7) વ્યાપારચક્રોની અસરો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિસ્તરે છે.

12.3 પ્રો.શુમ્પીટરનો નવપ્રવર્તનનો સિદ્ધાંત :

પ્રો.જોશેફ શુમ્પીટર એ ઑસ્ટ્રિયનના અર્થશાસ્ત્રીએ 1911 માં એક પુસ્તક લખ્યું હતું. જેનું નામ "THE THEORY OF ECONOMIC DEVELOPMENT" છે. જેમાં તેમણે આ નવપ્રવર્તનનો સિદ્ધાંત આપ્યો છે. પ્રો.શુમ્પીટર મૂડીવાદની હિમાયત કરતાં હતા. તેમણે આ સિદ્ધાંતમાં મૂડીવાદનો ઉદ્દભવ, સંચાલન અને વિકાસ કેવી રીતે થાય છે તેને સમજાવ્યું છે. તેમના માટે આર્થિક વૃદ્ધિનું મુખ્ય કારણ સંશોધનો અથવા નવપ્રવર્તન (Innovations) છે. તેમના મતે નિયોજકનું મુખ્ય કાર્ય શોધખોળનો સફળતાપૂર્વક અમલ કરવાનું છે. તેમને આ કાર્ય બદલ નફો મળે છે. કેટલીક બાબતોમાં પ્રો.શુમ્પીટરનો શોધખોળનો આ ખ્યાલ જે. બી. કલાર્કના ગતિશીલતાના સિદ્ધાંત સાથે સામ્ય ધરાવે છે. પ્રો.પ્રો.શુમ્પીટર નફાના ઉદ્ભવ અંગે કલાર્કની જેમ તમામ પરિવર્તનોને ધ્યાનમાં લેતા નથી, પણ માત્ર સંશોધનો (શોધખોળો) દ્વારા આવતાં પરિવર્તનોથી થતા નફાને જ ધ્યાનમાં લે છે.

નવીનીકરણ શબ્દનો પ્રો.શુમ્પીટરે વિસ્તૃત અર્થમાં ઉપયોગ કર્યો છે. ''યોજક દ્વારા ઉત્પાદન ખર્ચ ઘટાડે કે તેમની વસ્તુની માંગ વધારે તેવા લેવામાં આવતાં પગલાં કે નીતિઓ એ નવીનીકરણ અથવા નવપ્રવર્તન છે.'' તેમના મતે

12.3.1 આર્થિક વૃદ્ધિના ઘટકો :

➢ પ્રો.શુમ્પીટરએ ઉત્પાદન પ્રક્રિયાને ઉત્પાદકીય દળો અને તેના દ્વારા થતું વસ્તુઓનું ઉત્પાદન એ બે નું સંયોજન માને છે. ઉત્પાદકીય દળો ના બે

પ્રકાર છે, 1. ભૌતિક દળ 2. અભૌતિક દળ. ભૌતિક દળ માં જમીન, શ્રમ અને મૂડી નો સમાવેશ થાય છે. અભૌતિક દળમાં ટેકનિકલ પ્રગતિ અને સામાજિક માળખું (જે સ્થિર છે.)

➢ પ્રો.શુમ્પીટરએ ઉત્પાદન પ્રક્રિયાના માર્કસએ આપેલ ઉત્પાદન વિધેયને ધ્યાનમાં લીધું છે.

Y= f (K, T, S, U)

જ્યાં,

Y = ઉત્પાદન

K = મૂડી

T = ટેકનોલોજી

S = ઉત્પાદન સંબંધો

U = સામાજિક માળખું

12.3.2 ઉત્પાદનમાં થતો વધારો : ઉત્પાદનમાં થતો વધારો એ પ્રો.શુમ્પીટરના મતે ત્રણ બાબતો પર આધાર રાખે છે.

1. ઉત્પાદનના સાધનોના જથ્થામાં થતો વધારો : ઉત્પાદનના સાધનોના જથ્થામાં જો વધારો થાય તો ઉત્પાદનમાં વધારો થાય. જો કે ઉત્પાદનના સાધનોના જથ્થામાં થતો વધારો એ ટૂંકાગાળામાં સ્થિર માનવામાં આવે છે.

2. ટેક્નોલોજીમાં થતાં ફેરફારનો દર : જે દરે ટેક્નોલોજીમાં ફેરફર થાય છે, જેથી ટેક્નોલોજીમાં બદલાવ આવે તો પણ ઉત્પાદનમાં વધારો થાય. ટેક્નોલોજીમાં થતાં ફેરફારનો દર આર્થિક વૃધ્ધિ માટે જવાબદાર પરિબળ છે.

૩. સામાજિક માળખામાં થતાં ફેરફારનો દર : ઉત્પાદનમાં થતાં વધારો એ સામાજિક માળખામાં થતાં ફેરફાર ના દર ને કારણે પણ થાય છે. સામાજિક માળખામાં થતો ફેરફારનો દર પણ આર્થિક વૃધ્ધિ માટે જવાબદાર પરિબળ ગણાવી શકાય.

12.3.3 પ્રો.પ્રો.શુમ્પીટરનો આર્થિક વિકાસનો સિદ્ધાંત :

પ્રો.પ્રો.શુમ્પીટરે આર્થિક વિકાસના સિદ્ધાંતમાં નવપ્રવર્તનને વધુ મહત્વ આપ્યું છે. તેમની દ્રષ્ટિએ આર્થિક વિકાસ એ મૂળભૂત રીતે નવપ્રવર્તનનું પરિણામ છે. ચક્રિય પ્રવાહમાં થતા ટેકનોલોજીકલ પરિવતનો સ્વયં આકસ્મિક અને સતત હોય છે. નવ પ્રવર્તન એટલે માત્ર શોધખોળો જ નહીં પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને પરિણામે ઉત્પાદન ક્ષેત્રે થયેલી નવી પદ્ધતિઓ અને રીત રસમોનો આર્થિક વ્યવહારમાં ઉપયોગ કરવો. બીજા શબ્દોમાં કહીએ તો શોધખોળ કે નવી ટેકનોલોજીનો ગમે તેટલો વિકાસ થાય પરંતુ જો તેને આર્થિક રીતે

વ્યવહારમાં મૂકવામાં ન આવે તો તેમને કહી શકાય નહીં. નવપ્રવર્તન એટલે

1. નવી વસ્તુનું ઉત્પાદન કરવું.
2. નવી ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ
3. નવા બજારોની શોધ
4. કાચામાલ માટેના નવા પ્રાપ્તિ સાધનોની શોધ
5. ઉદ્યોગનું પુન : ગઠન કરવું.

સામાન્ય રીતે નિયોજક નવપ્રવર્તન દ્વારા ઉત્પાદનના માળખામાં ક્રાંતિકારી ફેરફારો કરીને આર્થિક વિકાસ માટેની એક નવી જ ભૂમિકા તૈયાર કરે છે. નવપ્રવર્તનને પરિણામે ઉત્પાદનમાં સાધનોમાં, ઉત્પાદન પદ્ધતિમાં અને સામાજિક તેમજ સાંસ્કૃતિક માળખામાં પરિવર્તન થવાથી આર્થિક વિકાસની એક નવી શરૂઆત થાય છે. પ્રો.શુમ્પીટરના મતે આર્થિક વિકાસ એ અસતત પ્રક્રિયા છે. પ્રો.શુમ્પીટર એમ માને છે કે આર્થિક વિકાસની પ્રક્રિયામાં અસતત ફેરફારો થાય છે. જેથી અર્થતંત્રમાં જૂની સમાતુલાની સ્થિતિમાં ખલેલ પેદા કરે છે અને ત્યાર બાદ અર્થતંત્ર નવી સમતુલા પ્રાપ્ત કરે છે. ફરીથી આ નવી સમતુલામાં ભંગાળ પડે છે અર્થતંત્ર ફરી નવી સમતુલા પ્રાપ્ત કરે છે, આમ આ આર્થિક ચક્ર એમ જ ચાલ્યા કરે છે.

પ્રો.શુમ્પીટરના મતે આર્થિકવિકાસ અસતત પ્રક્રિયા છે આજે અર્થતંત્રમાં ખલેલ પેદા થાય છે તે અર્થતંત્રમાં નવપ્રવર્તન (INNOVATION) ના કારણે જ થાય છે.

12.3.4 નવપ્રવર્તન : પ્રો.શુમ્પીટરના કહેવા મુજબ આર્થિક વૃધ્ધિના ખ્યાલમાં નવપ્રવર્તન (INNOVATION) ખૂબ જ મહત્વ ધરાવે છે. પ્રો.શુમ્પીટર કહે છે કે સમગ્ર આર્થિક વિકાસની પ્રક્રિયા અને તેની સાથે સંકળાયેલી આવકની વધઘટની પ્રક્રિયાના મૂળમાં નવપ્રવર્તનો રહેલાં છે એમ માને છે. નવપ્રવર્તનો વિવિધરૂપે ઉદ્ભવે છે. જેમકે, ઉત્પાદનની નવી પ્રક્રિયાની શોધખોળ; ઉત્પાદનની નવી વસ્તુની શોધખોળ; નવાં બજારોનો કે વેચાણની નવતર પદ્ધતિનો વિકાસ વગેરે બાબતો ઉત્પાદનના ક્ષેત્રે મૂડીરોકાણની માંગ વધારે છે. મંદીમાંથી વિસ્તરણને જન્મ આપનાર નવપ્રવર્તન સંપૂર્ણ નવી ઘટના હોય કે થોડા સમય અગાઉ અમલમાં મુકાયેલ નવપ્રવર્તનનો વધુ ઉપયોગ થવાની ઘટના પણ હોય. સામાન્ય રીતે મંદીના સમયમાં જ પ્રાદુર્ભાવ પામેલી શોધખોળ એટલા મોટા પ્રમાણમાં મૂડીરોકાણની માંગ નહિ વધારે જેથી વિસ્તરણની પ્રક્રિયાનો આરંભ થાય. અગાઉ વિસ્તરણની ટોચ સમયે આર્થિક અને વ્યાપારિક દૃષ્ટિએ અમલમાં મુકાઈ હોય તેવી શોધખોળની, સંચિત થયેલી પરંતુ સંકોચન અને મંદી દરમિયાન ઘટી ગયેલી મૂડીરોકાણની માંગ, પુનઃજીવિત થઈને મૂડીરોકાણની કુલ માંગ મોટા પ્રમાણમાં વધારો આણે એ વધુ સ્વાભાવિક છે.

વ્યાપારચક્રની વિસ્તરણની પ્રક્રિયાના આરંભના મૂળમાં આમ આંતરિક અને, યા તો, બાહ્ય પરિબળો એવો વેગ ધારણ છે કે અર્થકારણ મંદીની સ્થિતિમાંથી મુક્ત બનીને પુનરુત્થાન અને આર્થિક પ્રવૃત્તિના ઉર્ધ્વગામી પાસામાં નિઃશંક પ્રયાણ કરે છે. અર્થતંત્રમાં નવપ્રવર્તન આવે છે, તે અર્થતંત્રમાં પરિવર્તન લાવે છે, અને જે નફામાં પરિણામે છે. જેથી અર્થતંત્ર ગતિશીલ રહે છે. તેમણે નવપ્રવર્તનને બે ભાગ માં વહેંચે છે. 1. ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય, 2. વસ્તુની માંગમાં વધારો થાય.

➢ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય : અર્થતંત્રમાં એવું નવપ્રવર્તન થાય કે જેથી ઉત્પાદનવિધેયમાં ફેરફાર થાય, જેમકે નવા યંત્રો, નવો કાચો માલ, નવી ઉત્પાદન પ્રક્રિયા શોધાય જેનાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય.

➢ વસ્તુની માંગમાં વધારો કરે : અર્થતંત્રમાં જે નવપ્રવર્તન થાય છે, ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરે છે જેથી વસ્તુ બજારમાં સસ્તી બને છે અને વસ્તુની માંગ માં વધારો થાય છે. આ માંગ કે તૃષ્ટિગુણ વિધેયમાં ફેરફાર લાવે જે નવી વસ્તુનું બજારમાં નિર્માણ કરે છે, આકર્ષક જાહેર ખબરો નવા બજાર ને અસ્તિત્વમાં લાવે છે. તેવા નવપ્રવર્તન થાય.

➢ નવી વસ્તુ : બજારમાં નવી વસ્તુનું ઉત્પાદન થાય. Ex. મોબાઈલફોન, LED TV, A.C., લેપટોપ. વગેરે. આમ નવી વસ્તુ બજારમાં આવે તેને આપણે નવપ્રવર્તન કહીએ.

➢ નવી ઉત્પાદન પધ્ધતિ : નવીઉત્પાદન પધ્ધતિ અપનાવવામાં આવે અથવા નવી ઉત્પાદન પધ્ધતિની શોધ થાય, ઉત્પાદન પ્રક્રિયા બદલાય. જૂની વસ્તુનુ જ નવી ઉત્પાદન પધ્ધતિથી ઉત્પાદન થાય. જેમ કે ટેક્નોલોજી બદલાય, કચ માલમાં ફેરફાર થાય,

➢ નવું બજાર : નવું બજાર અસ્તિત્વમાં આવે. ઉત્પાદક પોતાની વસ્તુ માટે નવું બજાર શોધે. ઉદા. વિદેશી બેન્ક, વિદેશી કાર કંપની ભારતમાં આવી વેપાર કરે. આમ તેમણે નવું બજાર ભારતમાં ઊભું કર્યું.

➢ નવી કાચી સાધન-સામગ્રી : નવી કાચી સાધન-સામગ્રી અથવા કાચો માલ શોધાય. તેથી ઉપાદાન ખર્ચમાં ઘટાડો થાય.

➢ ઔધોગિક માળખામાં ફેરફાર : ઔધોગિક નવરચના થાય એટલે કે ઔધોગિક સંગઠનમાં ફેરફાર થાય, ઔધોગિક માળખું બદલાય તો તેના કારણે પણ નફામાં ફેરફાર થાય છે.

ઉપરોક્ત કારણો માટે નવપ્રવર્તન થાય છે જેથી નફાનું પ્રમાણ વધે છે જે અર્થતંત્રમાં ગતિશીલતા રહે છે. પ્રો.શુમ્પીટર એમ જણાવે છે કે અર્થતંત્રમાં સ્પર્દાત્મકતા અને આર્થિક ગતિશીલતા માટે અર્થતંત્રમાં

નવપ્રવર્તન થવા ખૂબ જરૂરી છે. આમ નવપ્રવર્તન અર્થતંત્ર આવવાથી નિયોજક નવું ને નવું અપનાવતો રહે છે અને જૂનાનું ત્યાગ કરે છે. જેને પ્રો.શુમ્પીટર "સર્જનાત્મક વિનાશ" (Creative Destruction) તરીકે ઓળખાવે છે.

12.3.5 વિકાસનો ચક્રીય પ્રવાહ :

- પહેલું ચરણ : શરૂઆતમાં અર્થતંત્રમાં અમુક જ નિયોજકો આ નવપ્રવર્તનને અપનાવે છે. પછી નવપ્રવર્તનના લીધે નિયોજકોને જે નફામાં વૃધ્ધિથી છે. તેનાથી આકર્ષિત થઈને બીજા નિયોજકો પણ નવપ્રવર્તનનું અનુકરણ કરે છે. જેથી અર્થતંત્રમાં આર્થિક ચેતના ઉત્પન્ન થાય છે, જેના કારણે અર્થતંત્ર ગતિશીલ બને છે, પરિણામે ઉત્પાદનમાં વધારો થાય છે.
- બીજું ચરણ : અર્થતંત્રમાં ઉત્પાદનમાં વધુ વધારો જો મળે છે, અર્થતંત્રમાં સટ્ટાકીય પ્રવૃત્તિમાં વધારો થાય છે, જેને પ્રથમ ચરણનું વિસ્તરણ કહે છે. આમ અર્થતંત્રમાં મોટાપાયે ઉત્પાદન થાય છે.
- સર્જનાત્મક વિનાશની પ્રક્રિયા : આપણે પહલા ચરણમાં જોયું કે પેહલા કેટલાક નિયોજકો નવપ્રવર્તન અપનાવે છે, પછી તેમનો નફો જોઈને બીજા નિયોજકો પણ નવપ્રવર્તનનું અનુકરણ કરે છે, સાથે સાથે નવા નિયોજકો પણ બજારમાં પ્રવેશે છે, જેથી નફામાં ભાગ વધુ પડે છે જેથી નિયોજકોના નફામાં ઘટાડો થાય છે. હવે નિયોજક ઉત્પાદન ઘટાડે છે અને ફરીથી નિયોજક પોતાના ઉત્પાદનમાં વધારો અને નફામાં વધારો કરવા નવું નવપ્રવર્તન કરવા પ્રેરાય છે.
- મંદી પ્રવેશે છે : અર્થતંત્રમાં જયાં સુધી ફરીથી નવી આર્થિક ચેતના ઉત્પન્ન થાય ત્યાં સુધી અર્થતંત્રમાં મંદી રહે છે. ત્યારબાદ અર્થતંત્ર નવી સમતુલા તરફ આગળ વધે છે.

પ્રો.શુમ્પીટરના સિદ્ધાંત અનુસાર નવપ્રવર્તનો મૂડીરોકાણની ક્ષિતિજને વિસ્તારે છે અને વિસ્તરણ તથા આર્થિક વિકાસ માટે પોષક બને છે. એકાદ પેઢી કે ગણીગાંઠી વ્યક્તિઓ આનો લાભ અને ઈજારાશાહી નફો મેળવે છે પરંતુ સમય જતાં હરીફાઈનાં પરિબળો દ્વારા નવપ્રવર્તનો અર્થકારણમાં વ્યાપ્ત બને છે અને કેવળ સામાન્ય નફો પ્રાપ્ત થતાં વિસ્તરણની પ્રક્રિયા થંભી જાય છે; સંકોચનનો પ્રારંભ થાય છે અને વળી નવપ્રવર્તનો દ્વારા નવી નવી તકો ઉપસ્થિત થતાં મૂડીરોકાણ વધે છે.

12.3.6 નવપ્રવર્તનના સિદ્ધાંતની સમીક્ષા : આ સિદ્ધાંતનું મૂલ્યાંકન કરતી વખતે તેનું મહત્ત્વ અને ઉપયોગિતા અંગે સૌપ્રથમ વિચારીએ તો આ રીતે નોંધી શકાય :

(1) આ સિદ્ધાંત ઉદ્યોગ સાહસિકની મુખ્ય કામગીરી શું છે તે સમજાવે છે.

તેની કામગીરી સાધન ગોઠવણી કે સંચાલન કે જોખમો ઉઠાવવાની નથી. પણ નવપ્રવર્તન કરવાની છે.

(2) આ સિદ્ધાંત વાસ્તવિક છે. કારણ કે આજના યુગમાં મોટા ભાગની સફળ કંપનીઓ નવપ્રવર્તન દ્વારા જ નફો મેળવે છે.

(3) આ સિદ્ધાંત અનુસાર ઉત્પાદકનું મુખ્ય કાર્ય નવા સંશોધનોનું નથી પણ નવા સંશોધનોનો અમલ કરવાનું છે.

(4) આ સિદ્ધાંત અનુસાર સતત રીતે નવપ્રવર્તન ચાલુ રહેવા જોઈએ. એક વખતના નવપ્રવર્તનથી કાયમ માટે નફો મળી ન શકે.

(5) વર્તમાન ઉત્પાદન અને બજાર વ્યવસ્થાને સમજાવવા માટે આ સિદ્ધાંત ઘણો જ મહત્ત્વનો છે.

આ સિદ્ધાંતનું કેટલીક મર્યાદાઓ નીચે મુજબ છે.

(1) નફા માટે જોખમ અને અનિશ્ચિતતાનો સામનો કરવો જરૂરી છે. આ બાબતની પ્રો.શુમ્પીટરે ઉપેક્ષા કરી છે.

(2) તેઓએ જણાવેલ કે નવપ્રવર્તનો અમલ કરવામાં જોખમ છે. ત્યારે તેઓએ અનિશ્ચિતતાની નોંધ લીધી ન હતી.

(3) ઉત્પાદકનું એક માત્ર કાર્ય નવપ્રવર્તનનું નથી. પરંતુ બદલાતી જતી પરિસ્થિતિમાં સમાજની જરૂરિયાત આધારીત ઉત્પાદક કામગીરીનું સંકલન કરીને શ્રેષ્ઠ સંચાલન કરવું તેનું મહત્ત્વનું કાર્ય છે.

(4) અર્થકારણ બંધિયાર નથી પણ મુક્ત તથા વૈશ્વિક છે.

(5) અર્થકારણમાં સમતુલાની સ્થિતિ લાંબો સમય રહી ન શકે. તે માત્ર સૈદ્ધાંતિક બાબત છે.

12.4 વ્યાપારચક્રો અંગે પ્રો.સેમ્યુલસનના વિચારો :

1970 વર્ષનું નોબેલ પ્રાઈઝથી સન્માનિત પી. એ. પ્રો.સેમ્યુલસન (Paul Anthony Samuelson) અમેરિકન અર્થશાસ્ત્રી હતા. તેમનું સૈદ્ધાંતિક અર્થશાસ્ત્રીય બાબતોની સમજૂતી આપવામાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે. પ્રો.સેમ્યુલસન વ્યાપારચક્રો માટે ગુણક અને ગતિવર્ધનની અસરોને મુખ્ય કારણરૂપ માને છે. આમ, પ્રો.સેમ્યુલસન પ્રો.કેઈન્સીયન વિભાનાઓને જ આધારરૂપ લઈને તેમના વિચારો સમજાવે છે. જો કે પ્રો.સેમ્યુલસન જાહેરક્ષેત્રને કે તેના દ્વારા થતા જાહેર ખર્ચને તટસ્થ માને છે. આમ, જ્યાં પ્રો.કેઈન્સ વેપારચક્રોનાં નિયંત્રણ માટે જાહેરક્ષેત્રની સક્રિયતાની જ મુખ્ય ભૂમિકા માને છે ત્યારે પ્રો.સેમ્યુલસન આ પરિબળને તટસ્થ રાખીને સીમાંત ઉપભોગવૃત્તિ અને મૂડી ઉત્પાદન ગુણોત્તરને મહત્ત્વના માને છે. હવે, આપણે પ્રો.સેમ્યુલસને સમજાવેલી વ્યાપારચક્રોની ગતિને સમજીએ :

પ્રો.સેમ્યુલસનના સમયનાં કોઈ એક બિંદુએ થયેલું સ્વતંત્ર રોકાણ (Δ Ia) તેની અસરરૂપે આવકમાં વધારો કરે છે. આવકમાં આ વધારો થયેલાં રોકાણ કરતાં અનેકગણો હોય

છે. પ્રતિક્રિયા રૂપે આવકમાં થયેલો વધારો નવાં રોકાણને ઉત્તેજન આપે છે, જે ગતિવર્ધનની અસર છે. માત્ર ગુણક અસર વેપારચક્રો સર્જવામાં એટલી સક્ષમ રહેતી નથી. કારણ કે, આવકમાં થતો વધારો અર્થતંત્રમાં નવી માંગ લઈ આવશે. આ માંગ પ્રમાણે ઉત્પાદન કરવા માટે નવું મૂડીરોકાણ કરવું પડશે. આમ, આ વિચારધારા પ્રમાણે મૂડીરોકાણ અને આવક પારસ્પરિક અસરો સર્જે છે. ખાનગીક્ષેત્ર આધારિત મુક્ત અર્થતંત્રમાં રોકાણની અસ્થિરતા જ વેપારચક્રો જન્માવવામાં મુખ્ય પરિબળ હોય છે. આ અસ્થિરતાની તીવ્રતા કેટલી હશે એટલે કે ફુગાવો કે મંદી કેટલાં તીવ્ર રહેશે તેનો આધાર સીમાંત ઉપભોગવૃત્તિ અને મૂડી-ઉત્પાદન ગુણોત્તર ઉપર રહેલો છે.

ગુણક અને ગતિવર્ધન વચ્ચેની આંતરક્રિયા આપણે એક ગાણિતીક મોડેલથી રજૂ કરીએ તો,

$$Yt = Ct + It \ldots\ldots(i)$$

$$Ct = Ca + c(Yt-1) \ldots. (ii)$$

$$It = Ia + V(Yt-1-Yt-2) \ldots\ldots (iii)$$

સમીકરણ (i) અનુસાર Yt એટલે એક સમયની આવકનો આધાર ઉપભોગ અને રોકાણ ઉપર છે.

સમીકરણ (ii) પ્રમાણે રોકણ મુખ્યત્વે સ્વતંત્ર ઉપભોગખર્ચ (જેને આપણે અમુક ફરજિયાત કરવા પડતા ખર્ચા તરીકે પણ ઓળખી શકીએ) એટલે કે અન્ય કોઈ બાહ્ય ઉત્તેજક પરિબળ ન પણ હોય તેમ છતાં આ લઘુત્તમ ખર્ચ તો થાય જ છે. જેમ કે લોકોનો ખોરાક પાછળનો પ્રાથમિક ખર્ચ, જે અર્થથંત્રને મંદીની સ્થિતિમાંથી બહાર લાવવામાં મુખ્ય અસર કરે છે અને સીમાંત ઉપભોગવૃત્તિ ઉપર આધાર રાખે છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા Yt-1 એટલે કે અગાઉની આવક ઉપર આધારિત છે.

સમીકરણ (iii) મુજબ It એટલે કે કોઈ એક સમયનું રોકાણ Ya સ્વતંત્ર રોકાણ, મૂડી-ઉત્પાદન ગુણોત્તર (v) તથા સીમાંત ઉપભોગવૃત્તિ ઉપર આધાર રાખે છે.

કોઈપણ ઉત્પાદકને સ્વતંત્ર રીતે નવું રોકાણ કરવાનું પ્રોત્સાહન ત્યારે જ મળે કે જ્યારે લોકોની સીમાંત ઉપભોગવૃત્તિ ઊંચી હોય તથા મૂડી ઉત્પાદન ગુણોત્તર નીચો હોય. એટલે કે ઓછી મૂડીએ પણ વધારે ઉત્પાદન કરી શકાતું હોય.

આપેલ સમીકરણ (ii) પ્રમાણે સીમાંત ઉપભોગવૃત્તિ માત્ર ચાલુ આવક નહીં પરંતુ Yt-1 એટલે કે અગાઉની આવક ઉપર પણ આધાર રાખે છે. આમ, આવક અને ખર્ચ વચ્ચે કેટલોક સમયગાળો પસાર થાય તેવી શક્યતા છે. આ સમયગાળો જેટલો લાંબો તેટલું નવું રોકાણ કરવા માટે ઉત્પાદકોને પ્રોત્સાહન મોડું મળે, જેને કારણે મંદીનો ગાળો લંબાવાની શક્યતા હોય છે.

પ્રો.સેમ્યુલસનના વિચારોનો અભ્યાસ કરતાં જણાય છે કે પ્રો.સેમ્યુલસને વ્યાપારચક્રોનાં નિયંત્રણ માટે પ્રો.કેઈન્સની જેમ કોઈ સ્પષ્ટ ઉપાય જણાવેલ નથી. પરંતુ પ્રો.સેમ્યુલસનનાં મોડેલ પ્રમાણે વ્યાપારચક્રોનો વૃદ્ધિપથ અગાઉથી જાણી શકાય છે. જો આ રીતે વ્યાપારચક્રોનો વૃદ્ધિપથ અગાઉથી જાણી શકાતો હોય તો તે અનુસાર ઉત્પાદકો તેમના રોકાણ અંગે આયોજન કરી શકે તેવી અહીં ધારણા અભિપ્રેત છે.

12.5 પ્રો.પ્રો.હિક્સનો વ્યાપારચક્રનો સિદ્ધાંત :

બ્રિટીશ અર્થશાસ્ત્ર પ્રો.જે. આર. પ્રો.હિક્સે તેમના પુસ્તક "A Contribution to the Theory of Trade Cycle" માં વ્યાપારચક્ર વિષે રજૂઆત કરી છે. પ્રો.હિક્સે ગુણક અને ગતિવર્ધનના આંતરકાર્યનો ખ્યાલ સ્વીકારીને વ્યાપારચક્રની ઘટના સમજાવી છે. પ્રો.હિક્સના મત મુજબ વ્યાપારચક્રો તીવ્ર વધઘટવાળા હોય છે. પ્રો.હિક્સની માન્યતા મુજબ વ્યાપારચક્રની તીવ્ર અસરને બે બાબતો અંકુશમાં રાખે છે. તે એ છે કે ટોચ ઉપર આવતી મર્યાદા અને તળિયા પર રહેતી મર્યાદા છે. આમ પ્રો.હિક્સનો વ્યાપારચક્રનો ખ્યાલ ઘણો આધુનિક છે.

પ્રો.જે. આર. પ્રો.હિક્સે વ્યાપારચક્રનો સિદ્ધાંત રજૂ કર્યો એ અગાઉ રજૂ થયેલા ખ્યાલોને વ્યવસ્થિત ક્રમમાં ગોઠવીને રજૂ કર્યો છે. પ્રો.હિક્સના સિદ્ધાંત સાથે પ્રો.કેઈન્સનો ગુણકનો ખ્યાલ, પ્રો.ક્લાર્કનો ગતિવર્ધનનો ખ્યાલ અને પ્રો.હેરોડનો સ્વાયત્ત મૂડીરોકાણનો ખ્યાલ સંકળાયેલા છે. પ્રો.પ્રો.હિક્સે સ્વાયત્ત રોકાણ અને પ્રેરિત મૂડીરોકાણના અસ્તિત્વની ધારણા કરી છે. સ્વાયત્ત રોકાણ તે પ્રેરિત મુડીરોકાણથી સ્વતંત્ર હોય છે. આવાં જાહેર રોકાણો નવપ્રવર્તનલક્ષી અને લાંબેગાળે વળતર આપનારા હોય છે. સ્વાયત્ત રોકાણ સ્થિર દરે વધે છે જ્યારે પ્રેરિત મૂડીરોકાણ આવક ઉત્પાદન અને આર્થિક વૃદ્ધિ પર આધાર રાખે છે. પ્રેરિત રોકાણ વેપારચક્રની સમજૂતીમાં કેન્દ્રવર્તી ખ્યાલ દર્શાવે છે. પ્રો.હિક્સના મતે વ્યાપારચક્રનું સંચાલન પુરક અને ગતિવર્ધનની પારસ્પરિક પ્રક્રિયા વડે થાય છે.

12.5.1 પ્રો.હિક્સનો વ્યાપારચક્રનો સિદ્ધાંત ધારણાઓ :

- ઉત્પાદનમાં દીર્ઘકાલીન અને ઊર્ધ્વગામી વલણ પ્રવર્તમાન હોય છે.
- સ્વાયત્ત મૂડીરોકાણ નિયમિત દરે વધે છે તેથી અર્થતંત્ર સમતુલામાં રહી શકે છે.
- સીમાંત વપરાશવૃત્તિનું મૂલ્ય વ્યાપારચક્રના સમય દરમિયાન સ્થિર રહે છે."
- સ્વાયત્ત કે સ્વયંભૂ મૂડીરોકાણ કુલ મૂડીરોકાણનું એક અંગ છે. આવકના વધારા પ્રમાણે સ્વાયત્ત મૂડીરોકાણ ચોક્કસ પ્રમાણમાં થશે જ તેમ ન કહી શકાય છતાં જે કુલ ઉત્પાદન થાય છે તેની સાથે ચોક્કસ પ્રમાણનો સંબંધ દર્શાવે છે.
- ગુણક અને ગતિવર્ધનના આંક વ્યાપારચક્રની સમજૂતીમાં સ્થિર ધારવામાં આવ્યા છે.
- પ્રો.હિક્સ આવક અને ઉત્પાદનનું પ્રમાણ વાસ્તવિક સ્વરૂપમાં દર્શાવે છે. પરંતુ સિદ્ધાંતમાં નાણાંના પરિણામના ફેરફારો કે બેંકનાણું કશો જ ભાગ ભજવતા નથી.
- ગુણક અને ગતિવર્ધનનાં મૂલ્યોની વિવિધતા અનુસાર વ્યાપારચક્રો તીવ્ર કે મંદ અસરવાળાં હોય છે.
- પ્રો.પ્રો.હિક્સ તીવ્ર વધઘટવાળા વ્યાપારચક્રની રજૂઆત કરે છે. પરંતુ તેની અસર અર્થતંત્રમાં તીવ્રતા પેદા કરતી નથી તેમ તેમનું માનવું છે.

આકૃતિ 12.2



આકૃતિ 12.2 માં OX ધરી પર સમય અને OY ધરી પર ઉત્પાદન દર્શાવે છે. AA રેખા સ્વયંભૂ કે સ્વાયત્ત મૂડીરોકાણ દર્શાવે છે, જેને કુલ ઉત્પાદન ચોક્કસ સંબંધ છે. EE રેખા અર્થતંત્રની સમતુલા કે પૂર્ણ રોજગારી દર્શાવે છે. અહી અર્થકારણના કોઈ ચકીય પરિવર્તનો લાવતા નથી. જયારે CC રેખા ઉત્પાદનવૃદ્ધિની ટોચ મર્યાદા મૂકતી રેખા છે. અર્થકરણના EE રેખાના a બિંદુએ ગુણક અને ગતિવર્ધનની પ્રક્રિય દ્વારા ઉત્પાદન વધારો અને રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો થાય તો અર્થકરણમાં સ્ફોટક પરિસ્થિતિ સર્જાય. પરંતુ તેજીની પ્રક્રિયા a બિંદુથી વધીને b બિંદુ સુધી જશે.

તેજીની પરિસ્થિતિ આ જ રેખા b બિંદુથી c બિંદુ સુધી પ્રયાણ કરે છે. ત્યાર બાદ ઉત્પાદનવૃદ્ધિનું c બિંદુથી ખસીને FF રેખાના d બિંદુ સુધી પહોંચે છે. આમ ઉત્પાદનવધારાનું જે વિસ્તરણ થયું છે તે ધીમે ધીમે સંકોચનમાં પરિણમશે. FF રેખા ઉત્પાદનના ઘટાડાની મર્યાદા દર્શાવતી રેખા છે. પ્રો.હિક્સ આ રેખાને નીચે સમતુલાની રેખા તરીકે ઓળખાવે છે.

આકૃતિ 12.2 અનુસાર a બિંદુ પર અર્થતંત્રની સમતુલા કે પૂર્ણ રોજગારી દર્શાવી છે. પરંતુ ગુણક અને ગતિવર્ધનની પ્રક્રિયાથી ઉત્પાદનવૃદ્ધિનું બિંદુ b સુધી ખસે છે. ત્યાર બાદ ઉત્પાદનવૃદ્ધિને મર્યાદા નડે છે. તેથી b થી c સુધી તે રેખા ઉપરના બિંદુએ જાય છે. ત્યાં સમતુલા સ્થપાતી નથી. તેથી ઉત્પાદન દર્શાવતું બિંદુ d બિંદુ સુધી પહોંચે છે. પરંતુ તેનાથી નીચે જશે નહિ. કારણ કે ઉત્પાદન ઘટાડાની મર્યાદા રેખા પર આવેલું બિંદુ છે. બિંદુ ટૂંકમાં a થી b, c સુધીના બિંદુનું પ્રયાણ વિસ્તરણ અને c થી d, e બિંદુ સુધીનું પ્રમાણ સંકોચનની પરિસ્થિતિ દર્શાવે છે. આકૃતિમાં d થી e બિંદુ સુધી આવકવૃદ્ધિ મંદ રહે છે. વધુ પડતા મૂડીના જથ્થાનો નિકાલ થાય ત્યાર બાદ પુનઃસ્થાપન માટે મૂડીરોકાણ થાય છે. ગુણક અને ગતિવર્ધનનાં સંયુક્ત પરિબળોને લીધે અર્થકરણ g બિંદુ સુધી પ્રયાણ કરે છે.

12.5.2 પ્રો.હિક્સે વ્યાપરચક્રની ટીકાઓ : પ્રો.હિક્સનો વ્યાપારચક્રમનો સિદ્ધાંત તદ્દન આધુનિક છે. તેથી આ સિદ્ધાંત વ્યાપારચક્રના સિદ્ધાંતોમાં અંતિમ ઉચ્ચારણ જેવો સિદ્ધાંત છે. પરંતુ પ્રો.હિક્સે વ્યાપારચક્રની ગુણક અને ગતિવર્ધનના ખ્યાલો સાંકળેલા છે, જે ટીકાને પાત્ર બનેલા છે. પ્રો.હિક્સે ગુણક અને ગતિવર્ધનનાં સ્થિર મૂલ્યોની ધારણા કરી છે, તે એક અવાસ્તવિક ધારણા જોવા મળે છે. પ્રો.કાલ્ડોરના મત મુજબ પ્રો.હિક્સના વ્યાપારચક્રની નબળામાં નબળી કડી અપરિપક્વ ગતિવર્ધનના સિદ્ધાંતનો તેમાં ઉપયોગ કરાયો છે. ફ્યુઝન બેરીના મત મુજબ સ્વાયત્ત રોકાણ સાથેના વૃદ્ધિના સમતોલ દરના સબંધોનો ખ્યાલ ખોટો છે. વ્યાપારચક્રના સિદ્ધાંતમાં પ્રો.હિક્સે નાણાંકીય પરિબળોની ઉપેક્ષા કરી છે. તે મૂડીરોકાણને મહત્ત્વ આપે છે. પરંતુ મૂડીરોકાણનો આધાર નાણાંકીય પરિબળો પર છે. પ્રો.હિક્સ વ્યાપારચક્રની સમજૂતીમાં પ્રેરિત મૂડીરોકાણ અને સ્વાયત મૂડીરોકાલ જેવા જે પ્રકાર પાડે છે. વાસ્તવમાં આ પ્રકારના ભેદ સ્પષ્ટ પાડી શકાતા નથી. પ્રો.હેબરલરના મત મુજબ ''સમાન કક્ષામાં મૂકી શકાય એવો સિદ્ધાંતોમાં ક્ષેષ્ઠ વિવરણ સમાન છે.'' તેમ છતાં વ્યાપારચક્રની ઘટનાની સમજૂતીમાં પ્રો.પ્રો.હિક્સનો સિદ્ધાંત આધુનિક હોવાથી તેનું અર્થશાસ્ત્રમાં મોટું પ્રદાન ગણી શકાય.

12.6 સારાંશ :

પ્રો.શુમ્પીટરના વ્યાપારચક્રના સિદ્ધાંતમાં આર્થિક વિકાસ અને વ્યાપારચક્રનું મુખ્ય કારણ ઉદ્યોગસાહસિકો દ્વારા થતી નવીનતાઓ છે. તેમના મતે, અર્થતંત્રમાં સમયાંતરે નવી ટેકનોલોજી, ઉત્પાદન પદ્ધતિઓ, બજારો અને સંસ્થાઓનો પ્રવેશ થાય છે, જે અર્થતંત્રમાં અસ્થિરતા લાવે છે અને વ્યાપારચક્રને જન્મ આપે છે.

પ્રો.સેમ્યુલ્સનનો સિદ્ધાંત જણાવે છે કે ગુણક અને ગતિવર્ધક વચ્ચેની આંતરક્રિયા એ આર્થિક પ્રવૃત્તિમાં થતી ચક્રીય વધઘટનું મુખ્ય કારણ છે. રોકાણમાં થતો પ્રારંભિક ફેરફાર ગુણક દ્વારા આવકમાં મોટો ફેરફાર લાવે છે, જે ગતિવર્ધક દ્વારા વધુ રોકાણને પ્રેરિત કરે છે, અને આ પ્રક્રિયા તેજી અને મંદીના ચક્રોને જન્મ આપે છે.

પ્રો.હિક્સનો વ્યાપારચક્રનો સિદ્ધાંત ગુણક અને ગતિવર્ધકની આંતરક્રિયા પર આધારિત છે. તે જણાવે છે કે સ્વાયત્ત રોકાણમાં થતો વધારો ગુણકની અસરથી આવકમાં વધુ વધારો કરે છે, જેના પરિણામે વપરાશ વધે છે. વધેલી માંગને પહોંચી વળવા માટે વધુ રોકાણ કરવામાં આવે છે, જે ગતિવર્ધકની અસર છે. આ બંને અસરો એકબીજા સાથે મળીને આર્થિક પ્રવૃત્તિમાં વધારો કરે છે, જે તેજી તરફ દોરી જાય છે.

12.7 ચાવીરૂપ શબ્દો :

➤ તેજી : જયારે અર્થતંત્રમાં મૂડી રોકાણ, ઉત્પાદન, આવક, રોજગારી, વસ્તુની માંગ, નફા વગેરેના પ્રમાણમાં ઉત્તરોત્તર (ક્રમશઃ) વધારો થતો જણાય છે. ત્યારે તેવી પરિસ્થિતિને તેજી તરીકે ઓળખવામાં આવે છે.

- મંદી : જ્યારે અર્થતંત્રમાં ધીમે ધીમે મૂડી રોકાણનું પ્રમાણ ઘટવા લાગે એટલે કે મૂડી રોકાણ નિરૂત્સાહી બને છે. ત્યારે ધીમે ધીમે ઉત્પાદન, આવક, રોજગારી, વસ્તુની માંગ, નફો વગેરે ઘટવા લાગે છે ત્યારે તેવી પરિસ્થિતિને મંદી તરીકે ઓળખવામાં આવે છે.
- પૂર્ણ રોજગારી : કામ કરવાની શક્તિ અને વૃત્તિ ધરાવનાર તમામ વ્યક્તિઓને ઈચ્છિત (યોગ્ય) વેતનદરે રોજગારી મળી રહે તેવી પરિસ્થિતિને પૂર્ણરોજગારીની પરિસ્થિતિ તરીકે ઓળખવામાં આવે છે.
- સ્વંય વિકસિત તબક્કાઓ: કોઈ એક તબક્કાની શરૂઆત થયા પછી અન્ય તબક્કાઓ આપ મેળે જ શરૂ થાય તેને સ્વયં વિકસિત તબક્કાઓ તરીકે ઓળખવામાં આવે છે.
- અનેકવિધ પ્રવૃત્તિઓ : કોઈ એક પ્રવૃત્તિ પુરતું મર્યાદિત ન રહેતા એક સાથે અન્ય તમામ પ્રવૃત્તિઓમાં પ્રસરવું તેને અનેકવિધ પ્રવૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય વ્યવહાર: કોઈ એક દેશના વિશ્વના અન્ય દેશો (વિદેશો) સાથેના વ્યવહારોને (લેવડ-દેવડને) આંતરરાષ્ટ્રીય વ્યવહાર કહેવામાં આવે છે.
- સુધારણા : જ્યારે અર્થતંત્ર ખરાબ પરિસ્થિતિમાંથી સારી પરિસ્થિતિ તરફ ગતિ કર છે ત્યારે તેને સુધારણા તરીકે ઓળખવામાં આવે છે.

12.8 તમારી પ્રગતિ ચકાસો :

❖ નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.

(1) વ્યાપારચક્રનો ખ્યાલ આપી, વ્યાપારચક્રના તબ્બકા અને લક્ષણો સમજાવો.

(2) પ્રો.શુમ્પીટરનો નવપ્રવર્તનનો સિદ્ધાંત વિગતે સમજાવો.

(3) પ્રો.સેમ્યુલસનના વેપાર ચક્રોના નિયંત્રણ અંગે સિદ્ધાંતનો સમજાવો.

(4) વેપાર ચક્રોના નિયંત્રણ અંગે પ્રો.હિક્સનો સિદ્ધાંત વિગતે સમજાવો.

❖ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) વ્યાપારચક્ર એટલે શું ?

(2) વ્યાપાર ચક્રના તબક્કા જણાવો.

(3) વ્યાપારચક્રના લક્ષણો જણાવો.

(4) નવપ્રવર્તનનો એટલે શું ?

❖ નીચેના માંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.

(1) કયા અર્થશાસ્ત્રીને 1970માં નોબેલ પ્રાઈઝથી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.હિક્સ

(C) પ્રો.સેમ્યુલસન (D) પ્રો.શુમ્પીટર

(2) પ્રો.સેમ્યુલસન વ્યાપારચક્રો માટે કઈ અસરોને મુખ્ય કારણરૂપ માને છે ?

(A) ગુણક અને ગતિવર્ધન (B) જાહેરખર્ચ

(C) અસરકારક માંગ (D) વસ્તીવધારો

(3) "A Contribution of the theory of Trade Cycles" પુસ્તકના લેખક જણાવો.

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.હિક્સ

(C) પ્રો.સેમ્યુલસન (D) પ્રો.ડુસેનબેરી

(4) નવપ્રવર્તનનો સિદ્ધાંત નીચેના માંથી કયા અર્થશાસ્ત્રી આપેલ છે.

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.હિક્સ

(C) પ્રો.સેમ્યુલસન (D) પ્રો.શુમ્પીટર

(5) વેપારચક્ર કેટલા તબક્કાનું બનેલું હોય છે.

(A) બે (B) ચાર

(C) પાંચ (D) ત્રણ

(6) નફાના નવીનીકરણનો સિદ્ધાંત કયા અર્થશાસ્ત્રી આપેલ છે.

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.હિક્સ

(C) પ્રો.સેમ્યુલસન (D) પ્રો.શુમ્પીટર

(7) પ્રો.શુમ્પીટરના મતે નિયોજકને કયા કાર્ય બદલ નફો મળે છે.

(A) ગતિશીલ પરિવર્તન (B) સંચાલન

(C) નવપ્રવર્તન (D) જોખમો ઉઠાવવા

(8) નવપ્રવર્તન એટલે શું ?

(A) નવા પરિવર્તનો કરવાં

(B) નવાં સંશોધનો કરવાં

(C) નવાં યંત્રોનો ઉપયોગ કરવો

(D) નવી નવી બાબતોનો સતત અમલ કરવો

(9) સ્થિર અર્થકારણમાં નફો મળી ન શકે તેમ કયા અર્થશાસ્ત્રી માને છે.

(A) પ્રો.જે.બી. ક્લાર્ક (B) પ્રો.માર્શલ

(C) પ્રો.સેમ્યુલસન (D) પ્રો.શુમ્પીટર

(10) "THE THEORY OF ECONOMIC DEVELOPMENT" પુસ્તકના લેખક જણાવો.

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.શુમ્પીટર

(C) પ્રો.સેમ્યુલસન (D) પ્રો.ડુસેનબેરી

❖ **સંદર્ભ સૂચિ :**

(1) આર્થિક સિદ્ધાંતો - ડો. એમ.એન રાવળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.

(2) અર્થશાસ્ત્રમાં સિદ્ધાંતો - શ્રી એચ. કે. ત્રિવેદી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(3) Macroeconomics - S.K. Chakravarty, Himalaya Publishing house, 2010.

(4) Macroeconomics: Economic Growth Fluctuations and Policy-Robert A. Hall and David H. Paipal, Vaina Books, 2010.

(5) Macroeconomics: Theory and Policy-H.L. Ahuja, S. Chand Publishers, 2010.

(6) ''ધંધાકીય અર્થશાસ્ત્ર -૨'' ડૉ. મહેશ વી જોશી, અનડા બુક ડિપો, અમદાવાદ.

(7) Schumpeter, J.A, Theory of Economics Development' Mass, Harvard Uni., Cambridge.

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ :**

(1) (C) પ્રો.સેમ્યુલસન

(2) (A) ગુણક અને ગતિવર્ધન

(3) (B) પ્રો.હિક્સ

(4) (D) પ્રો.શુમ્પીટર

(5) (B) ચાર

(6) (D) પ્રો.શુમ્પીટર

(7) (C) નવપ્રવર્તન

(8) (D) નવી નવી બાબતોનો સતત અમલ કરવો.

(9) (A) પ્રો.જે. બી. ક્લાર્ક

(10) (B) પ્રો.શુમ્પીટર

****

એકમ: 13
વ્યાપારચક્રનું નિયંત્રણ

❖ રૂપરેખા :

13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 રાજકોષીય નીતિનો અર્થ

13.3 રાજકોષીય નીતિના ઉદ્દેશો

13.4 રાજકોષીય નીતિના નિયમો

13.5 રાજકોષીય નીતિના ઘટકો

13.6 તેજી-મંદીનાચક્ર વિરોધી નીતિ

13.7 રાજકોષીય નીતિના સાધનો

13.8 સારાંશ

13.9 ચાવીરૂપ શબ્દો

13.10 તમારી પ્રગતિ ચકાસો

➢ સંદર્ભ સૂચિ

➢ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

13.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે....

1. રાજકોષીય નીતિનો અર્થ સમજાવી શકશો.
2. રાજકોષીય નીતિના ઉદ્દેશો સમજાવી શકશો.
3. રાજકોષીય નીતિના વિવિધ સાધનો (ઉપકરણ) સમજી શકશો.
4. અર્થતંત્રમાં વિભીન પરિસ્થિતિઓમાં રાજકોષીય નીતિની ભૂમિકા સમાજવી શકશો.

13.1 પ્રસ્તાવના :

છેલ્લા દાયકાઓમાં, ખાસ કરીને 1930ના દાયકાની મહામંદીથી રાજકોષીય નીતિ સરકારી આર્થિક નીતિનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની ગઈ છે. તે અર્થતંત્રમાં કરવેરા, ખર્ચ અને આવક સબંધિત સરકારની નીતિનો ભાગ છે. 19મી સદીના અંત સુધી સરકારની પ્રવૃત્તિઓ મુખ્યત્ત્વે દેશના સામાન્ય લોકોના આર્થિક જીવન સુધી મર્યાદિત હતી. રાજકીય ફરજો નિભાવવામાં મદદરૂપ થતી હોય. છેલ્લી સદીની શરૂઆત પછી જ આ નિયંત્રણો હળવા કરવામાં આવ્યા હતા અને 1930ની મંદી પછી, સરકાર લોકોના આર્થિક અને સામાજીક જીવનને નિયંત્રિત

કરવામાં સક્રિય ભૂમિકા ભજવી શકી હતી. તે સમયથી સરકારે ભાવોની સ્થિરતા પ્રાપ્ત કરવા અને રોજગારીની સ્તર ઊંચુ જાળવવા માટે આર્થિક ક્ષેત્રમાં જાણી જોઈને રાજકોષિય નીતિનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. આના ઘણા કારણો હતા - 1. મહામંદીના કારણે વધુ પડતી બેરોજગારીને રોકવામાં નાણાકીય નીતિની બિનઅસરકારકતા, 2. પ્રો.કેઈન્સનું નવું અર્થશાસ્ત્ર જે એકંદરે માંગની ભૂમિકા પર ભાર મૂકે છે અને 3. આર્થિક નીતિની અસમર્થતા ઉત્પાદન અને રોજગારના સ્તરને પ્રભાવિત કરે છે. આ તમામ કારણોને લીધે આજે રાજકોષીય નીતિ આર્થિક સ્થિરતા દુર કરવાનું મુખ્ય માધ્યમ બની ગઈ છે. જેમ પરંપરાગત અર્થશાસ્ત્રીઓ રૂપિયાની સ્થિરતા ઉપર વિશ્વાસ રાખતા હતા. તેવી જ રીતે તેઓ પણ માનતા હતા કે સરકારે સમાજના આર્થિક જીવનમાં કોઈપણ રીતે દખલ કરવી જોઈએ નહીં. બીજું, તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે સરકારનુંબજેટ નાનું અને સંતુલિત હોવું જોઈએ, એટલે કે તેની રાજકીય જવાબદારીઓ પુરી કરવા માટે પુરતું હોવું જોઈએ. અને આ સ્પષ્ટ કારણ કે બજારના નિયમ પરંપરાગત આર્થિક સિદ્ધાંતો પર આધારિત હતા. એવી માન્યતા હતી કે અર્થતંત્રમાં સંપૂર્ણ રોજગાર અસ્થિર રહે છે. તેમ છતાં 19મી સદીમાં માર્શલ અને પિગૂએ સામાજિક કલ્યાણને મહત્તમ કરવા આર્થિક ક્ષેત્રમાં સરકારી હસ્તક્ષેપની તરફેણ કરી કારણ કે તેઓ માનતા હતા કે પ્રતિબંધિત આર્થિક નીતિઓ સમાજના આર્થિક અને સામાજિક જીવન પર અત્યંત નુકસાનકારક અસરો ધરાવે છે. આ અર્થશાસ્ત્રીઓએ લોકોના આર્થિક જીવનમાં સરકારને સક્રિય ભૂમિકા સોપી, માત્ર ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે જ નહીં પરંતુ સમાજમાં સામાજિક-આર્થિક અસમાનતાઓને ઘટાડવા માટે પણ અને આ રીતે તેઓએ સરકારના બજેટમાં વધારો કરવાની તરફેણ કરી. પ્રો.કેઈન્સ છેલ્લી સદીમાં પરંપરાગત આર્થિક નીતિઓના સૌથી મોટા ટીકાકાર હતા. તેમનું પુસ્તક જનરલ થિયરીમાં એ વાતનો પુરાવો છે કે તેમણે આ નીતિઓના વર્ચસ્વનો કેવી રીતે અંત લાવ્યો. પ્રો.કેઈન્સ મંદી અને સંકોચનની સ્થિતિમાં અસંતુલિત બજેટ પર પણ ભાર મૂક્યો હતો. કારણ કે તેમના મતે, અર્થતંત્રમાં આ સ્થિતિ મુખ્યત્ત્વે અસરકારક માંગમાં ઘટાડો થવાને કારણે ઊભી થાય છે. પાછળથી, લર્નર પ્રો.કેઈન્સને અનુસરીને કહ્યું કે સરકારે ક્યારેય સંતુલિત બજેટ બનાવવું જોઈએ નહી. તેજી અને સમૃદ્ધિના સમયમાં બજેટે વધારે હોવું જોઈએ. અને મંદી દરમ્યાન નુકસાન થવું જોઈએ. તેમણે પણ દલીલ કરી હતી કે રાજકોષીય નીતિ તેજી-મંદીના ચક્રવિરોધી હોવી જોઈએ અને તેના નિર્માણની અર્થતંત્રમાં આર્થિક સ્થિરતા લાવવા માટે કરવું જોઈએ.

13.2 રાજકોષીય નીતિનો અર્થ :

સામાન્ય રીતે રાજકોષીય નીતિ એટલે સરકારના દ્વારા જાહેર આવક, ખર્ચ અને જાહેર ઋણ સબંધિત લેવાતા નિર્ણયોને રાજકોષીય નીતિ કહે છે.

પ્રો.આર્થર સ્મિથના (Prof. Arthur Smith) મતે.

"રાજકોષીય નીતિ એ નીતિ છે જેના દ્વારા સરકાર પોતાના ખર્ચ અને આવકથી વિવિધ કાર્યક્રમોનું નિયમન કરે છે, જેથી રાષ્ટ્રીય આવકમાં વધારો થાય, ઉત્પાદન અને રોજગાર પર ઈચ્છિત અસર કરવા અને અનિચ્છનીય પ્રતિક્રિયાઓને રોકવા માટે ઉપયોગ થાય છે." (Fiscal Policy is a Policy under which government uses its expenditure and revenue programmes to influence desirable effects and avoid undesirable effects on national incom, production and employment).

હાર્વે (Harvey) અને જોનસન (Johnson)ના મતે,

"અર્થતંત્રના પ્રવાહોનું સ્તર અને સ્વરૂપમાં પરિવર્તન લાવવાના ઉદ્દેશથી સરકારી ખર્ચ અને કરવેરામાં જે ફેરફારો કરવામાં આવે છે તેના રાજકોષીય નીતિમાં સમાવવામાં આવે છે. (We define fiscal policy to change the price level composition or time of government expenditure or to vary the burden, structure or frequency of tax payment.)"

13.3 રાજકોષીય નીતિના ઉદ્દેશ્યો :

રાજકોષીય નીતિની ચર્ચા કરવા માટે આપણે એકંદર માંગમાં વ્યક્તિગત વપરાશ, સ્થાનિક રોકાણ અને અંતિમ ઉત્પાદનો પર સરકારી ખર્ચ અને આવકની કુલ આવકનો સમાવેશ કરવામાં આવે છે. જે માત્ર વપરાશ ખર્ચ અને ખાનગી બચત માટે જ નહીં પરંતુ અમુક અંશે ખર્ચમાં પણ કરવામાં આવે છે જેથી ખાનગી વપરાશમાં વધારો થાય છે. સરકાર વસ્તુઓ અને સેવાઓની ખરીદી પાછળ થોડા નાણાં ખર્ચે છે અને ખાનગી ખર્ચમાં વધારો કરે છે. કોઈપણ સમયગાળામાં આ ખર્ચમાં વધારો કરીને સરકાર એકંદર માંગનું સ્તર વધારી શકે છે. અને ખર્ચ ઘટાડી શકે છે. ઉપરોક્ત સ્થિતિમાં તે કરવેરા દ્વારા ખાનગી ખર્ચના પ્રવાહમાંથી વધુ રકમ દૂર કરી શકે છે. નીચી પરિસ્થિતિમાં સરકાર તેના ચોખ્ખા કર વસૂલાત દ્વારા ખાનગી ખર્ચના પ્રવાહમાંથી ઓછી રકમ વાળી શકે છે. સરકારી ખર્ચઅને કરવેરા એકંદર માંગ પર જે અસર કરે છે તે તેના પર નિર્ભર કરે છે, તેના ખર્ચ દ્વારા રાષ્ટ્રીય ખર્ચના પ્રવાહમાં કેટલીક રકમ ઉમેરે છે અને તે તેના કરવેરા વસૂલાત દ્વારા તેમાંથી કેટલીક રકમ મેળવે છે. આવકનું સ્તર એકંદર માંગ પર આદારીત હોવાથી સરકાર તેના ખર્ચ અને કરવેરા નીતિ દ્વારા અને તેને પ્રભાવિત કરી શકે છે. આને રાજકોષીય નીતિ કહેવામાં આવે છે.

હવે લગભગ દરેક વ્યક્તિએ સ્વીકાર કરે છે કે અમુક આર્થિક ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે રાજકોષીય નીતિનો ઉપયોગ થવો જોઈએ. આ ઉદ્દેશ્યો નીચે મુજબ છે. પ્રથમ રાજકોષીય નીતિએ રોજગાર અને ઉથ્પાદનના ઉચ્ચ સ્તરે આર્થિક પ્રવૃત્તિના સ્થિરીકરણને પ્રોત્સાહન આપવા માટે રાજકોષીય નીતિને તેજી-મંદીના ચક્ર વિરોધી રીતે કામ કરવું જોઈએ. જો અર્થતંત્ર એવા સ્તરે કાર્યરત હોય કે સંસાધનોનો સંપૂર્ણ ઉપયોગ શક્ય ન હોય તો સરકારે વિસ્તરણની નીતિ લાગુ કરવી જોઈએ. જો અર્થતંત્ર રોજગાર અને પૂર્ણ રોજગારીના સ્તરે કાર્ય કરી રહ્યું હોય જ્યાં સંસાધનોનો સંપૂર્ણ ઉપયોગ શક્ય ન હોય અને કિંમતો પર ઉપરનું દબાણ હોય, તો સરકારે સંકોચનની નીતિ લાગુ કરવી જોઈએ. બીજું કે રાજકોષીય નીતિનો હેતુ આર્થિક વિકાસ દરને વેગ આપવાનો હોવો જોઈએ. ત્રીજું, રાજકોષીય નીતિનો ઉદ્દેશ આવક અને સંપત્તિના વિતરણમાં સમાનતા સ્થાપિત કરવાનો હોવો જીએ. ચોથુ, રાજકોષીય નીતિનો ઉદ્દેશ્ય લોકોના આર્થિક કલ્યાણને મહત્તમ કરવાનો હોવો જોઈએ. તે સ્પષ્ટ છે કે આ લક્ષ્યો સ્પર્ધાત્મક અને પૂરક છે અને અમુક અંશે એકબીજાને મદદ પણ કરે છે. તેથી લક્ષ્યોની વિવિધતાથી ઉદ્ભવતી સમસ્યાથી બચવા માટે આપણે આર્થિક પ્રવૃત્તિના સ્થિરીકરણને જ રાજકોષીય નીતીનું લક્ષ્ય માનવામાં આવે છે.

તે સ્વાભાવિક છે કે અવિકસિત દેશ માટે બનાવવામાં આવેલી રાજકોષીય નીતિની સ્વરૂપ અને ઉદ્દેશ્ય વિકસીત અર્થતંત્ર માટે બનાવવામાં આવેલી રાજકોષીય નીતિ કરતાં અલગ હોય છે. એક અદ્યતન અને ઉચ્ચ ઔદ્યોગિક દેશમાં સમસ્યા આર્થિક સ્થિરતા હાંસલ કરવા જેટલી અર્થવ્યવસ્થાના વિકાસની નથી. આવા દેશમાં સ્થિરતા આપનારી રાજકોષીય નીતિ દ્વારા હાંસલ કરી શકાય છે, જેનો અર્થતંત્રમાં ખાનગી ખર્ચમાં થતા ફેરફારો પ્રમાણે જાહેર ખર્ચમાં વળતર આપનારો ફેરફાર થવો

જોઈએ. તે જાણીતું છે કે મંદીના સમયગાળા દરમ્યાન વપરાશ અને રોકાણ બંને પર ખાનગી ખર્ચમાં ઘટાડો થાય છે. જેના કારણે એકંદર અસરકારક માંગ સ્તર પણ ઘટે છે. આવા સમયગાળા દરમ્યાન સરકારે ખાધનું બજેટ બનાવવું જોઈએ. અને તેના દ્વારા મંદીના તબક્કામાંથી બહાર લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. મોંઘવારી દરમ્યાન ખાનગી ખર્ચ પહેલેથી જ વધારે હોય છે. સરકારે સરપ્લસ બજેટ બનાવીને તેના ખર્ચમાં ભાવે ઘટાડો કરવો જોઈએ. પરંતુ આવી નીતિ અવિકસીત અર્થતંત્ર માટે મદદરૂપ થશે નહીં કારણ કે મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક વૃદ્ધિને વેગ આપવાનો છે. ઉપરાંત આવી અર્થવ્યવસ્થા માટે રાજકોષીય નીતિના ઉદ્દેશ્યો અલગ હશે. સંક્ષિપ્તમાં આ ઉદ્દેશ્યો આ મુજબ હોઈ શકે છે. (1) અર્થતંત્રમાં એકંદર વપરાશમાંના સ્તરને ઘટાડીને એકંદર બચતનું સ્તર વધારવું, (2) મૂડી નિર્માણના દરમાં વધારો કરવો (3) અર્થતંત્રના સંસાધનોને ઓછા ઉત્પાદક ઉપયોગો માંથી કાઢી મહત્તમ ઉપયોગોમાં અને સામાજીક દૃષ્ટિથી ઉપયોગી ઉત્પાદકોમાં ફાળવણી કરવી. વધારે ઉપયોગી ઉથ્પાદકોમાં ઓછા ઉપયોગી ઉત્પાદકોને સમાવેશ કરી આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરી શકાય છે. (4) અર્થતંત્રને ફુગાવા અને વધારે ફુગાવા સામે રક્ષણ આપવું જેથી આર્થિક વૃદ્ધિની પ્રક્રિયાના જરૂરી અને ઝડપી પરિણામો મેળવી શકાય. (5) પ્રાદેશિક અને વિભાગીય અસમાનતાને દૂર કરવી અને (6) સમાજમાં આર્થિક અસમાનતાને ઘટાડવી. ટૂંકમાં અવિકસિત અર્થતંત્ર માટે સરકારે બંને ધ્યેયોને ધ્યાનમાં રાખવા જોઈએ. એટલે કે આર્થિક વૃદ્ધિના દરને વેગ આપવો અને આર્થિક અસમાનતાઓને દૂર કરવી અને સામાજિક ન્યાય વધારવો.

13.4 રાજકોષીય નીતિના નિયમો :

નીચેનાને રાજકોષીય નીતિની નિયમો કહી શકાય..

13.4.1 રોજગારી ઘટવાના સમયગાળા દરમ્યાન સરકાર પૂર્ણ રોજગાર સ્તર તરફ એકંદર માંગના સ્તરને વધારવામાં રસ લેવો જોઈએ. સરકાર વસ્તુ અ; સેવાઓની ખરીદી પરના ખર્ચમાં વધારો કરીને અથવા જાહેર ખર્ચમાં વધારો કરીને અથવા કરમાં ઘટાડો કરીને અથવા કોઈપણ સંયોજન દ્વારા અથવા સંતુલિત બજેટને વિસ્તૃત કરીને આ પ્રાપ્ત કરી શકે છે.

13.4.2 જો વધારાની માંગને કારણે ફુગાવાની સમસ્યા ઊભી થાય તો સરકારે વધારાની માંગ ઘટાડવા માટે એકંદરે માંગનું સ્તર ઘટાડવું જોઈએ. જે સરકાર કર વધારો અથવા વસ્તુ અને સેવાઓ પરના સરકારી ખર્ચમાં ઘટાડો કરીને અથવા જાહેર ખર્ચના ઘટાડા દ્વારા કરી શકે છે. કોઈપણ સંયોજન દ્વારા ચુકવણી ઘટાડીને આ પ્રાપ્ત કરી શકાય છે.

13.4.3 જો અર્થતંત્રમાં રોજગાર અને ઉત્પાદનનું સ્તર ખૂબ ઊંચુ હોય તો સરકારે પૂર્ણ રોજગાર અને ભાવ સ્થિરતા હાંસલ કરવા માટે જરૂરી આર્થિક વૃદ્ધિ દર જાળવી રાખવાનું ચાલુ રાખવું જોઈએ.

13.5 રાજકોષીય નીતિના ઘટાડો :

હાલમાં મોંઘવારી ઘટાડવા અને સ્થિરતા હાંસલ કરવા માટે સરકારના હાથમાં રાજકોષીય નીતિ ખૂબ જ મહત્ત્વપૂર્ણ શસ્ત્ર માનવામાં આવે છે. ફુગાવાની સ્થિતિનો સામનો કરવા માટે સરકારની ખર્ચ નીતિ, કરવેરા નીતિ અને જાહેર દેવું અને દેવાની વ્યવસ્થાપન નીતિઓ રાજકોષીય નીતિ હેઠળ સમાવિષ્ય કરવામાં આવે છે. આમ રાજકોષીય નીતિના ઘટકોને નીચે મુજબ સમજાવી શકાય છે.

13.5.1 ફુગાવા દરમ્યાન રાજકોષીય નીતિ (સરપ્લસ બજેટની નીતિ) :- ફુગાવા દરમ્યાન અનિયમિત અને અતાર્કિક ખાનગી ખર્ચને કારણે અસરકારક માંગમાં ભારે વધારો થાય છે. જેનો અર્થ એ છે કે અર્થતંત્રમાં નાણાંનો કુલ પુરવઠો વધે છે અને વસ્તુઓ અને સેવાઓનો પુરવઠો ઘટે છે કે માંગ અનુસાર વધતો નથી, આવી સ્થિતિમાં સરકારે પોતાનો ખર્ચ ઘટાડવો જોઈએ અને દેશમાં કરવેરાનું સ્તર વધારવું જોઈએ, જેથી લોકોની વપરાશી આવકમાં ઘટાડો થાય. આ સંદર્ભમાં એ ઉલ્લેખ કરવો યોગ્ય રહેશે કે સરકારી ખર્ચમાં કાપ મુકવાની કેટલીક મર્યાદાઓ છે. ઉદાહરણ તરીકે કોઈપણ સમયે સરકાર આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દેશની સુરક્ષાની જરૂરીયાતોને અવગણી શકે નહીં. આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિમાં અનિશ્ચિતતાને કારણે સરકાર માટે લશ્કરી જરૂરીયાતો પર વધુ ખર્ચ કરવો સ્વાભાવિક હોય છે અને સરકાર માટે તેમાં નોંધપાત્રો ઘટાડો કરી શકાતો નથી. ફરીથી જો સરકાર આર્થિક વિકાસ માટે આયોજનની નીતિ અમલમાં મૂકી હોય તો તેના માટે ખર્ચના સ્તરને ઘટાડવું મુશ્કેલ બનશે કારણ કે તેણે જે પ્રોજેક્ટ શરૂ કર્યા છે તે અધુરા છોડી શકાય નહીં અને તેને પૂર્ણ કરવા પડશે. તેથી લોકો માટે તેમની આવક ઘટાડવાનો એકમાત્ર રસ્તો એ છે કે નવા કર લાદવામાં આવે અને વર્તમાન કર દરોમાં વધારો કરવામાં આવે. અર્થતંત્ર કે જે સંપૂર્ણ રોજગારની નજીક કાર્યર છે તે સરકારે વપરાશ અને સટ્ટાકીય રોકાણને નિયંત્રિત કરવા માટે વધારાના પગલા અમલમાં મૂકવા જોઈએ. આવી સ્થિતિમાં કરવેરા નીતિનો ઉદ્દેશ્ય સમાજના તે વર્ગો પર વધુ દબાણ લાવી એકંદર માંગ ઘટાડવાનો હોવો જોઈએ કે જેમની ઉપભોગ કરવાની નજીવી વૃત્તિ વધારે છે. આનો અર્થ એ થયો કે પરોક્ષ કરવેરા વધારવા પડશે અને વ્યક્તિગત આવકવેરામાં રીગ્રેસનનું તત્ત્વ વધારવું પડશે. પરંતુ કરવેરાના ક્ષેત્રમાં સરકારની પણ કેટલીક મર્યાદાઓ છે. કરવેરા વધારવાની સાથે સરકાર લોનની વધેલી રકમ લેવાની નીતિનો પણ અમલ કરી શકે છે કારણ કે તે લોકોની વધારાની નિકાલજોગ આવક ઊભી કરીને ફુગાવાના દબાણને ઘટાડવા મદદ કરે છે. સાર્વજનિક વ્યાજ નીતિને એક મોટા વિસ્તારમાં લાગુ કરવી જોઈએ. સરકાર વ્યાજ દરમાં વધારો કરીને સ્વેચ્છાએ બચત કરવા માટે પ્રેરિત કરી શકે છે. પરંતુ અનુભવ એ રહ્યો છે કે આ નીતિ યોગ્ય દિશામાં કામ કરતી નથી અને સરકાર પાસે ભાવ સ્તરને પ્રભાવિત કરરવા માટે પુરતું ભંડોળ ઉપલબ્ધ નથી. આવી સ્થિતિમાં સરકારે ફરજીયાત બચત નીતિ અને વિલંબિત ચુકવણી યોજના લાગુ કરવી જોઈએ. આ યોજનામાં સરકાર ફરજિયાતપણે વેતન અને પગારમાંથી ચોક્કસ ટકાવારી કાપીને કર્મચારીના ખાતામાં જમા કરે છે અને તે જ કર્મચારી ને પૂર્વ-ઘોષિત સમયગાળા પછી ચુકવવામાં આવે છે. આ માપ ચોક્કસપણે ભાવ સ્તર પર દબાણ ઘટાડશે. બીજા વિશ્વયુદ્ધ પછી ફરજિયાત બચત યોજના યુકેમાં લાગુ કરવામાં આવી હતી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન સરકાર દ્વારા સમાન પગલા અમલમાં મુકવામાં આવ્યા હતા. અને અગાઉના વર્ષોમાં પણ સરકારે ફરજીયાત બચત યોજના લાગુ કરી હતી. મોંઘવારી દરમ્યાન વ્યાજ યોજનાનું માળખું પણ બદલાય જાય છે. સરકારે બજેટ સરપ્લસમાંથી વ્યાપારી બેંકો પાસે રાખેલી સરકારી સિક્યોરિટીઝના ચોક્કસ પ્રમાણને ફડચામાં લેવો પડશે જેથી કરીને તેઓ ધિરાણ

વધારવા માટે આ સિક્યોરિટીઝે રોકડમાં રૂપાંતરિત કરીને તેમની અનામત વધારવા માટે સક્ષમ બની શકે નહીં. પરંતુ સમસ્યા તે છે કે મોંઘવારી દરમ્યાન તેના ખર્ચમાં અતિશય વધારાને કારણે સરકાર માટે બજેટ સરપ્લસ રાખવું મુશ્કેલ છે અને વાસ્તવમાં તેના બજેટમાં ખાધ છે જો એમ હો તો સરકાર બોન્ડ્સ જે બેંકો માટે અયોગ્ય છે તે બિન-નાણાકીય સંસ્થાઓ અને વ્યક્તિઓને વેચીને વ્યાજ શોધન નીતિને અપનાવી શકે છે.

13.5.2 મંદી દરમ્યાન રાજકોષીય નીતિ (ખાધ બજેટ નીતિ) :- મંદી દરમ્યાન અર્થતંત્રમાં એકંદરે ખર્ચનું સ્તર તેના સૌથી નીચા સ્તરે હોય છે. પરિણામે અર્થતંત્રમાં રૂપિયાની સામે વસ્તુઓ અને સેવાઓનો જથ્થો નાણાં પુરવઠા કરતાં ઘણો વધારે હોય છે. આવી સ્થિતિમાં સરકારે ખાધના બજેટની નીતી બનાવવી પડશે અને પ્રત્યક્ષ ભાગીદારી દ્વારા અથવા પરોક્ષ રીતે લોકોને વધુ ખર્ચ કરવા પ્રેરિત કરીને તેના ખર્ચમાં વધારો કરવો પડશે. સરકાર ખૂબ મોટા પાયે જાહેર કાર્યોના કાર્યક્રમો અમલમાં મૂકી શકે છે અને તેના ખર્ચને બેરોજગારીના લાભો પૂરા પાડવા અને અર્થતંત્રમાં નાણાં પુરવટો દાખલ કરતા પ્રોજેક્ટ પર વાળી શકે છે. લોકો અને વેપારી પેઢીઓને વધુ આવક પુરી પાડવા માટે સરકાર કરવેરાના દરમાં પણ ઘટાડો કરી શકે છે. સેલ્સ ટેક્ષ નાબૂદ કરી શકાય છે અને પરોક્ષ કરવેરાનું પ્રમાણ અને દર બંને ઘટાડી શકાય છે. ટૂંકમાં સરકારે એવા તમામ પગલા લેવા જોઈએ જેનાથી સમાજ પરના કરવેરાનો સામાન્ય બોજ ઓછો થાય. કોર્પોરેટ સેક્ટરમાં કર ઘટાડો કરવાથી લોકોને રોકાણ વધારવા પ્રેરિત કરશે. સરકાર પુન વિતરણાત્મક કરવેરા નીતિનો પણ અમલ કરી શકે છે એટલે કે આવક પેદા કરવા અને વપરાશ વધારવા માટે ગરીબોને આર્થિક સહાય પુરી પાડવા માટે સમાજના સમૃદ્ધ વર્ગો માટે પ્રગતિશીલ આવકવેરા નીતિનો અમલ કરી શકે છે. જ્યાં સુધી સીધી ભાગીદારીનો સવાલ છે ત્યાં સરકારે મોટા પાયે જાહેર કાર્યોનો કાર્યક્રમ શરૂ કરવો જોઈએ. આવી નીતિ કા તો પંપ પ્રાઈમિંગ યા વળતર ખર્ચ અથવા બંને હોઈ શકે છે. પુનરૂત્થાન પ્રક્રિયા દ્વારા સરકારનો ઉદ્દેશ્ય અર્થતંત્રના તે ક્ષેત્રોમાં ગતિ લાવવાનો હોવો જોઈએ. જ્યાં આર્થિક પ્રવૃત્તિ સંપૂર્ણપણે ધીમી છે. અર્થતંત્રમાં નવી ખરીદ શક્તિ દાખલ કરીને ખાનગી રોકાણનું સ્તર વધારવાનો હેતુ હોવો જોઈએ. ખાનગી સ્તરનું ખર્ચ વધારવા માટે વળતર ખર્ચની નીતિ લાગુ કરવી જોઈએ. આ બધાનો હેતુ અર્થતંત્રમાં રોજગારી સ્તર પર સીધો દબાણ લાવવાનો અને ખાનગી રોકાણ તેના સામાન્ય સ્તર પર પાછા ના આવે ત્યાં સુધી તેને ચાલુ રાખવાનો હોવો જોઈએ. નવા સાર્વજનિક કાર્યોના કાર્યક્રમો અથવા નવા સામાજિક સુરક્ષા કાર્યક્રમોના અમલીકરણ માટે વળતરલક્ષી ખર્ચ થવો જોઈએ. તે જરૂરી છે કે જેમજેમ ખાનગી રોકાણની પ્રવૃત્તિ ઝડપથી વધે અને સામાન્ય સ્તરે પહોંચે ત્યારે જાહેર બાંધકામના કામો પરનો ખર્ચ બંધ કરી દેવો કારણ કે જાહેર રોકાણનો હેતુ ખાનગી રોકાણ સાથે સ્પર્દા કરવાનો નથી પરંતુ તેને સામાન્ય સ્તરે લાવવાનો છે અને સહાય પુરી પાડે છે. જો કે આ નીતિની કેટલીક મર્યાદાઓ છે. પ્રથમ સરકાર માટે મંદી ક્યારે શરૂ થશે તે જાણવું મુશ્કેલ બનશે અને તેથી ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા સાર્વજનિક કાર્ોનો કાર્યક્રમ યોગ્ય સમયે શરૂ થઈ શક્યો નથી. બીજું સાર્વજનિક કાર્યોના કાર્યક્રમોનો પુરો કરવાનો સમયગાળો ઘણો

લાંબો હોય છે અને તેથી તાત્કાલિત પરિણામો મેળવવા અઘરા છે. ત્રીજું કે એક વખત શરૂ કરેલ સાર્વજનિક નિર્માણ કાર્યક્રમ અધવચ્ચે છોડવો મુશ્કેલ છે. તેથી આ કાર્યક્રમો અર્થવ્યવસ્થાના પુનરૂદ્ધાન પછી પણ ચાલુ રાખવો પડે છે. ચોથુ કોઈ સામાજીક નિર્માણના કાર્યક્રમો એળા પણ હોય છે જે મંદી ન હોવા છતાં આવશ્યકતાના કારણે લાગુ કરવા પડે છે. જેના કે શાળા હોસ્પિટલો વગેરેના ભવનો બનાવવા અથવા જરૂરી સામગ્રીની ખરીદી અ; છેલ્લે આ સામાજીક નિર્માણના કાર્યક્રમોમાં નાણાંની વ્યવસ્થા માટે સરકારે સાર્વજનિક વ્યાજ ભેગું કરવું પડશે જેથી લોકોના માથે વ્યાજ વધશે. આ મર્યાદાના કારણે અનેક અર્થશાસ્ત્રીઓએ બેરોજગારી વીમા, સામાજીક સુરક્ષાના લાભો, સબસીડી વગેરે જેવા સામાજીક સરક્ષા પગલાં માટે તેમની પસંદગી વ્યક્ત કરી છે. જો કે, એક આદર્શ પરિસ્થિતિ એવી હશે કે જેમાં જાહેર કાર્યોના કાર્યક્રમો અને મંદી વિરોધી નીતિના સ્વરૂપમાં સામાજિક સુરક્ષાના પગલાં એકસાથે અમલમાં મૂકવામાં આવે છે.

13.6 તેજી-મંદીનાચક્ર વિરોધી નીતિ :

આર્થિક સ્થિરતા હાંસલ કરવા માટે ચક્ર વિરોધી પોલીસી આવશ્યક છે. મંદીના તબક્કા દરમ્યાન સરકાર રોજગાર, આવક અને ઉત્પાદનના સ્તરને વધારવા માટે તેની વર્તમાન આવક કરતા વધુ ખર્ચ કરીને જાહેર ખર્ચમાં વધારો કરી શકે છે અને તેજીના તબક્કા દરમ્યાન તે લોકો પાસેથી નાણઆં એકત્ર કરીને રોજગારી, આવક અને ઉત્પાદનમાં વધારો કરી શકે છે. કર અને અન્ય પગલાં ઉત્પાદન સ્તર ઘટાડી શકે છે. આવી નીતિનો અર્થ એ હશે કે સરકારે ખર્ચ અને આવક વધારવાના સમયના ગુણોત્તર અને ઝડપ બંનેનું નિયમન કરવું જોઈએ.

ઉપરોક્ત ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે સરકાર આર્થિક સ્થિરતા માટે તમામ સંજોગોમાં સંતુલિત બજેટની નીતિનો અમલ કરી શકતી નથી. પોલિસી લચીલી હોવી જરૂરી છે. એટલે કે મંદીના સમયમાં બજેટમાં ખાદ્યની નીતિ અને બજેટમાં સરપ્લસની નીતિ તેજીના સમયગાળા દરમ્યાન અલમમાં મૂકવી જોઈએ. સરકાર માટે તેની બજેટ નીતિમાં તાત્કાલિક ફેરફારો કરવામાનું શક્ય ન હોવાથી તે જરૂરી છે કે તેની રાજકોષીય નીતિમાં સુગમતાનું તત્ત્વ હોવું જોઈએ અને તે સ્વયંસંચાલિત હોવું જોઈએ. તેમાં આંતરીક સ્ટેબિલાઈઝર્સ હોવા જોઈએ. જે સ્વચાલિત હોય અને આ સફળતાનો આધાર સાધનો અને આર્થિક સાધનોની યોગ્ય પસંદગી અને ઉપયોગ પર આધાર રાખે છે. તેથી આર્થિક નીતિની સફળતા માટે તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કે આ સાધનોનો ખૂબ જ કાળજીપૂર્વક અને સાવધાનીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ અને વિવિધ સ્થળોએ જ્યાં તેમના ઉપયોગની જરૂરિયાત અનુભવાય છે ત્યાં તેનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવો જોઈએ. સામાન્ય રીતે આર્થિક નીતિના સંદર્ભમાં વપરાતા સાધનોને નીચેના શીર્ષકો અને પેટા શીર્ષકોમાં વહેંચી શકાય છે.

13.7 રાજકોષીય નીતિના સાધનો :

આર્થિક નીતિના રાજકોષીય સાધન હેઠળ સરકાર દ્વારા નાણાં એકત્ર કરવા અને તેને ખર્ચવા સબંધિત પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવે છે. સરકાર સામાજિક કલ્યાણ માટે કેવી રીતે નાણાં એકત્રિત કરે છે અને તેનો ઉપયોગ કેવી રીતે કરે છે તે આર્થિક નીતિના રાજકોષીય સાધનનો વિસ્તાર છે. સામાજિક કલ્યાણ વધારવા માટે સરકારે નવી સુવિધાઓના વિકાસ અથવા વિસ્તરણ, શિક્ષણ, દવા, સુરક્ષા, પ્રદુષણ નિયંત્રણ, સ્વચ્છતા વગેરે જેવા કાર્યો કરવા

માટે યોજનાઓ બનાવવી પડશે. આર્થિક વિકાસને વેગ આપવા માટે ઔદ્યોગિક અને નાણાંકીય એકમોની સ્થાપના કરવી પણ જરૂરી છે. આ તમામ કાર્યોને સફળતાપૂર્વક અને આવિરત કામગીરી માટે સરકારને વધુને વધુ નાણાંની જરૂર પડશે. સરકાર દ્વારા નાણાકીય જરૂરિયાતો મુખ્યત્વે નીચેના માધ્યમો દ્વારા પૂરી પાડવામાં આવે છે.

13.7.1 કરવેરા :- આધુનિક યુગમાં કર એ સરકારી આવકનો એક મહત્ત્વપૂર્ણ સ્રોત છે. જાહેરસત્તાવાળાઓ દ્વારા વસુલ કરાયેલ ફરજીયાત ચુકવણીને કરવેરા કહેવામાં આવે છે. સરકાર કલ્યાણકારી કાર્યો કરવા અને આર્થિક વિકાસ માટે સંસાધનો એકત્રિત કરવા કરવેરાનો સહારો લે છે. કરવેરાનો હેતુ માત્ર આવક પેદા કરવાનો નથી, પરંતુ તેની મદદતી વિતરણ વ્યવસ્થાને ન્યાયી બનાવવાના પ્રયાસો પણ કરવામાં આવે છે. ચલણના વિસ્તરણને નિયંત્રિત કરવા, અર્થતંત્રમાં સ્થિરતા હાંસલ કરવા અને બિનજરૂરી વસ્તુઓનો વપરાશ અને ઉત્પાદન ઘટાડવા માટે કરવેરા પણ એક મહત્ત્વપૂર્ણ સાધન છે.

13.7.2 જાહેર દેવું :- સરકાર દ્વારા સામાન્ય વ્યક્તિની જેમ જ અસામાન્ય સંજોગોમાં લોન લેવી એ વર્તમાન યુગની મહત્ત્વની જરૂરીયાત છે. જાહેર દેવું એટલે સરકાર દ્વારા પ્રાપ્ત સરકારી દેવું. વર્ષોથી સાર્વજનિક દેવું માત્ર સરકારી આવકનું એક સાધન નથી બન્યું પરંતુ તે સરકારી નાણાં પ્રણાલીનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયો છે આદુનિક સરકારી માત્ર અસામાન્ય સંજોગોમાં જ નહીં પરંતસ્નિયમિત આવક અને ખર્ચની ખાધને પહોંચી વળવા અને લાંબા ગાળાના વિકાસ પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે પણ જાહેર લોન લે છે.

13.7.3 ખાદ્ય પૂરાવણી :- ડેફિસિટ વ્યવસ્થા અથવા ડેફિસેટ ફાઈનાન્સિંગ સિસ્ટમ રાષ્ટ્રની નાણાકીય સાધનોમાં નોંધપાત્ર યોગદાન આપે છે. જ્યારે કોઈ રાષ્ટ્રની સરકારનો ખર્ચ આવક કરતાં વધુ વધી જાય અને તે ખર્ચ અન્ય માધ્યમોથી પુરો ન થઈ શકે ત્યારે સરકાર નવી નોટો છાપીને બજેટમાં સર્જાયેલી ખોટ પૂરી કરે છે. વિકીસશીલ દેશોમાં ખાધ પૂરાવણી નાણાકીય સાધનોની આવશ્યક વિશેષતા છે પરંતુ વિકસિત દેશોમાં પણ તેનો ભાગ્યેજ ઉપયોગ થાય છે. સામાન્ય રીતે દુર્બળ સંચાલન યોગ્ય માનવામાં આવતું નથી કારણ કે તેનાથી બિનજરૂરી ખર્ચમાં વધારો થવાથી સંભાવના છે. પરંતુ જ્યારે સરકાર વધુ કર લાદવાનું યોગ્ય માનતી નથી અને જાહેર દેવાનું સંચાલન અસુવિધાજનક અને અનિચ્છનીય છે. ત્યારે ઘણીવાર દુર્બળ વ્યવસ્થાપનની નીતિ અપનાવવાનું યોગ્ય માનવામાં આવે છે.

13.8 અલ્પવિકસિત દેશો માટે રાજકોષીય નીતિનું મહત્ત્વ :

13.8.1 મૂડી રોકાણના દરમાં વધારો :- મોટાભાગના અવિકસિત દેશો મૂડીના અભાવે ગરીબીના જાળમાં ફસાયેલા છે. ગરીબીના આ દુષ્ય ચક્રમાંથી બહાર નીકળવા માટે સંતુલિત વિકાસ જરૂરી છે, અને ત્યારે જ શક્ય બની શકે છે જ્યારે જાહેર ખર્ચ દ્વારા ઉચ્ચ મૂડી નિર્માણને પ્રોત્સાહન આપવામાં આવે. રાજકોષીય નીતિનો મુખ્ય ઉદ્દેશ મૂડી નિર્માણના દરને શક્ય તેટલા ઉચ્ચતમ દર સુધી વધારવાનો છે.

13.8.2 ઝડપી આર્થિક વિકાસ માટે :- રાજકોષીય નીતિનો બીજો મુખ્ય ઉદ્દેશ આર્થિક વિકાસને વેગ આપવાનો છે. આર્થિક વિકાસનો અર્થ રાષ્ટ્રીય આવકમાં લાંબા

ગાળાની વૃદ્ધિ થાય છે જેનાથી રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો થાય છે. આનાથી લોકોના જીવનધોરણમાં જરૂરી સુધારો થાય છે. સરકાર તેની કર નીતિ, જાહેર ખર્ચ અને જાહેર ઋણ નીતિ દ્વારા બચત, રોકાણ અને રોજગારને પ્રોત્સાહન આપે છે. જે આર્થિક વૃદ્ધિને વેગ આપે છે.

13.8.3 સાધન વિતરણમાં મહત્ત્વ :- સંસાધનોની ફાળવણી માટે નિર્ણયો એ બાબત પર આધાર રાખે છે, કે સમાજની જમીન, શ્રમ અને મૂડીનો ઉપયોગ કેવી રીતે કરવો, કઈ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવું અને તેમાંથી કેટલી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવું તે અંગેના નિર્ણયો સાથે સબંધિત છે. આધુનિક અર્થશાસ્ત્રમાં આ હકીકત સ્વીકારવામાં આવી છે. કે આર્થિક સંસાધનોના શ્રેષ્ઠ ઉફયોગ માટે રાજ્યની રાજકોષીય નીતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

13.8.4 ભાવ નિયંત્રણ માટે :- ઓછા વિકસિત દેશોમાં, ભાવ વધારાના દષ્ટિકોણથી સ્થિરતાની સમસ્યા છે, જ્યારે આર્થિકવિકાસની ગતિને વેગ આપવાના પ્રયાસો કરવામાં આવે છે, ત્યારે કિંમતો આપમેળે વધવા લાગે છે. અવિકસિત દેશોમાં, ફુગાવાની અસરોને રોકવામાં રાજકોષીય નીતિનો ઉપયોગ ઘણીવાર ઓછો અસરકારક હોય છે, પરંતુ તેમ છતાં, જો રાજકોષીય સાધનોની યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે, તો તે ભાવ સ્થિરતા માટે ઉપયોગી પરિણામો આપી શકે છે.

13.8.5 આવક અસમાનતા ઘટાડવા :- અવિકસિત દેશોમાં, રાષ્ટ્રીય આવક વધારવાની સમસ્યા જ મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ આવકના વિતરણમાં જોવા મળતી અસમાનતા ઘટાડવાની સમસ્યા પણ અહીં તીવ્ર છે. આવક અને સંપત્તિની સમસ્યા દૂર કરવા માટે કેટલાક પહલાં લેવા જોઈએ.

13.8.6 રોજગારીની ટકામાં વધારો કરવા માટે :- અલ્પવિકસિત દેશોમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ જોવા મળતી નથી. તેથી, રાજકોષીય નીતિના મુખ્ય ઉદ્દેશ્યોમાંનો એક દેશમાં રોજગારની તકો વધારવાનો છે. દેશમાં હાલમાં શ્રમબળને રોજગારની તકો પૂરી પાડવા વિના આર્થિક વિકાસનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકાતું નથી. રોજગાર વધારવા માટે સરકાર તેની રાજકોષીય નીતિ દ્વારા આર્થિક વિકાસની ગતિને વેગ આપવો જોઈએ.

13.8.7 લેણદેણ તુલાની સમતુલા માટે : અવિકસિત દેશોમાં, વિકાસ માટે મૂડીગત વસ્તુઓ માટે વિદેશી દેશોમાંથી મોટા પ્રમાણમાં કાચા માલ અને તકનીકી જ્ઞાનની આયાત અને ઓછા નિકાસપાત્ર સરપ્લસને કારણે લેણદેણ તુલાની ચુકવણી સંતુલનની સમસ્યા ઊભી થાય છે. ચૂકવણી સંતુલનની સમસ્યાને દૂર કરવા માટે સરકાર રાજકોષીય નીતિ અપનાવે છે. નિકાસને પ્રોત્સાહન આપવા માટે, સરકાર વિવિધ કર રાહતો આપી શકે છે અને સ્થાનિક ઉદ્યોગોને સુરક્ષિત રાખવા અને આયાતને નિયંત્રિત કરવા માટે આયાત જકાત વધારીને શકે છે. સરકાર આવશ્યક ચીજવસ્તુઓની આયાત પર નિયંત્રણો લાદી શકે છે અને દેશની અંદર તેનું ઉત્પાદન કરવા માટે નાણાકીય પ્રોત્સાહનો આપી શકે છે. તેવી જ રીતે આવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે જાહેર ખર્ચની જરૂર છે, એવું રોકાણ થઈ શકે છે. જેનાથી નિકાસમાં વધારો થઈ શકે છે.

13.8.8 પ્રાદેશિક અસમતુલા દુર કરવા :- અવિકસિત અર્થતંત્રોમાં પ્રાદેશિક અસંતુલન જોવા મળે છે. રાજકોષીય નીતિનો ઉદ્દેશ દેશના તમામ ભાગોમાં સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરવાનો છે. આવા વિસ્તારોના વિકાસ માટે સરકાર કરમાં રાહત આપે છે. ઉપરાંત, આવા વિસ્તારોમાં વિકાસ માટે, જાહેર ખર્ચ દ્વારા વીજળી, રસ્તાઓ, પરિવહનના સાધનો, વીમા અને બેંકિંગ સુવિધાઓ જેવા સામાજિક અને આર્થિક માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવે છે.

13.9 સારાંશ :

રાજકોષીય નીતિ સરકારની તે ક્રિયાઓનો ઉલ્લેખ કરે છે, જે સરકારી આવક અને ખર્ચને અસર કરે છે. રાજકોષીય નીતિના ઉદ્દેશ્યો દેશની અર્થવ્યવસ્થા અને તેની આર્થિક સ્થિતિ પર આધાર રાખે છે. રાજકોષીય નીતિ ભાવમાં ટૂંકા ગાળાના અથવા ચક્રીય વધારાને રોકવામાં મદદ કરે છે. તે સક્ષમ સાબિત થઈ શકે છે. આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવામાં રાજકોષીય નીતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. રોકાણ વધારવું હોય, સંપત્તિ અને આવકના વિતરણમાં અસમાનતા ઘટાડવી હોય, રોજગારીની તકો વધારવી હોય, ફુગાવા સામે લડવું હોય, વગેરે, આ બધા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે રાજકોષીય નીતિ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

વિકસિત દેશોમાં ફુગાવાના સમયમાં પુરાંત બજેટ અસરકારક હોય છે, જ્યારે અવિકસિત દેશોમાં આર્થિક દબાણ હોવા છતાં, સરકારી ખર્ચ અને રોકાણ ઘટાડવાનું શક્ય અને ઈચ્છનીય નથી. રાજકોષીય નીતિના વિવિધ સાધનોનો ઉપયોગ વિવિધ હેતુઓ માટે થાય છે. આર્થિક પ્રવાહના સ્તરને જાળવવામાં દરેક સાધન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ સંદર્ભમાં દેશનું બજેટ, કરવેરા, જાહેર ખર્ચ અને દેવું મહત્વપૂર્ણ સાધનો છે.

13.10 ચાવીરૂપ શબ્દો :

નાણાકીય નીતિ : નાણાકીય નીતિ એ પૂર્ણ રોજગારી અને ભાવ સ્થિરતા જેવા વ્યાપક ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે દેશની મધ્યસ્થ બેંક દ્વારા તૈયાર થતી અને નાણાના પુરવઠાને અસર કરતી નીતિને નાણાકીય નીતિ કહે છે.

- ➢ બજેટ : ભારત સરકારનો આગામી વર્ષ માટેના આવક અને ખર્ચના અંદાજો રજૂ કરતો દસ્તાવેજ. આવું અંદાજપત્ર મોટી પેઢીઓ, મોટાં બિનસરકારી સંગઠનો, સરકારી-અર્ધ સરકારી સંસ્થાઓ અને રાજ્ય સરકારો પણ તૈયાર કરે છે.
- ➢ પુરાંત બજેટ : બજેટલમાં જાહેર ખર્ચ કરતા જાહેર આવક વધારે હોય તે
- ➢ ખાદ્ય બજેટ : જે બજેટમાં જાહેર આવક કરતા જાહેર ખર્ચ વધારે હોય તે.
- ➢ સંતુલિત બજેટલ : જે બજેટમાં જાહેર આવક અને જાહેર ખર્ચ સરખા હોય તે
- ➢ ખાદ્ય પૂરાવણી : જાહેર આવક કરતાં જાહેર ખર્ચ વધારે હોય ત્યારે વધારાના ખર્ચને પહોંચી વળવા માટે નવા નાણું છાપવામાં આવે તેને.

13.11 તમારી પ્રગતિ ચકાસો :

❖ નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.

(1) રાજકોષીય નીતિનો અર્થ જણાવી. તેજી મંદીમાં રાજકોષીય નીતિની અસરકારકતા જણાવો.

(2) રાજકોષીય નીતિનો અર્થ જણાવી, તેના વિવિધ સાધનો જણાવો.

(3) રાજકોષીય નીતિનો અર્થ જણાવી, અલ્પ વિકસિત દેશો માટે નાણાકીય નીતિની સાપેક્ષ રાજકોષીય નીતિ વધુ અસરકારક છે સમજાવો.

❖ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) રાજકોષીય નીતિનો અર્થ જણાવી તેના વિવિધ ઉદ્દેશો જમાવો.

(2) મંદીના સમયમાં રાજકોષીય નીતિની અસરકારકતા જણાવો.

(3) ફુગાવા દરમિયાન રાજકોષીય નીતિની ભૂમિકા જણાવો.

(4) રાજકોષીય નીતિના વિવિધ સાધનો જણાવો.

❖ નીચેની ખાલી જગ્યા પૂરો

(1) રાજકોષીય નીતિ અનુસાર ફુગાવા દરમિયાન બજેટ.............. પ્રકારનું હોવું જોઈએ.

(A) પુરાંત બજેટ (B) ખાદ્ય બજેટ

(C) સંતુલિત બજેટ (D) ઉપરોક્ત બધા જ

(2) રાજકોષીય નીતિ અનુસાર મંદી દરમિયાન બજેટ................ પ્રકારનું હોવું જોઈએ.

(A) પુરાંત બજેટ (B) ખાધ બજેટ

(C) સંતુલિત બજેટ (D) ઉપરોક્ત બધા જ

(3) અલ્પ વિકસિત દેશોમાં મોટાભાગે............ જોવા મળે છે.

(A) પ્રાદેશિક અસંતુલન (B) આવક અસમાનતા

(C) ગરીબીનું દુષચક્ર (D) ઉપરોક્ત બધા જ

(4) રાજકોષીય નીતિના સાધનો................ છે.

(A) જાહેર આવક (B) જાહેર ખર્ચ

(C) જાહેર ઋણ (D) ઉપરોક્ત બધા જ

(5) અલ્પ વિકસિત દેશોએ મંદી દરમિયાન........... પ્રકારનું ઋણ લેવું હિતાવહ છે.

(A) જાહેર આવક (B) બેંકદર

(C) જાહેર ઋણ (D) ઉપરોક્ત બધા જ

(6) રાજકોષીય નીતિના સાધનો............... સમાવેશ થતો નથી.

(A) બાહ્ય ઋણ (B) આંતરિક ખાનગી ઋણ

(C) આંતરિક ઋણ (D) બેંકદર

❖ **સંદર્ભ સૂચિ :**

➢ Dwivedi, D.N. (2008) Macro-Economics, 7th edition, Vikas Publishing House, New Delhi.

➢ Ahuja, H.L. (2012) Macro Economics, Theory and policy, S. Chand and Company Ltd., New Delhi.

➢ શાહ હેમંતકુમાર (2019), ભારતીય અર્થતંત્ર વેદ વ્યાસ વિદ્યાપીઠ ગાંધીનગર.

➢ ભટ્ટ મહેશ. પી. (2001) જાહેર વિત્તવ્યવસ્થાના સિદ્ધાંતો યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય.

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ :**

(1) (A) પુરાંત બજેટ

(2) (B) ખાધ બજેટ

(3) (D) ઉપરોક્ત બધા જ

(4) (D) ઉપરોક્ત બધા જ

(5) (C) જાહેર ઋણ

(6) (D) બેંકદર

****

એકમ: 14
ભારતની વર્તમાન નાણાંકીય અને રાજકોષીય નીતિ

❖ રૂપરેખા :

14.0 ઉદ્દેશો

14.1 પ્રસ્તાવના

14.2 નાણાંકીય નીતિનો અર્થ અને વ્યાખ્યા

14.3 આર્થિક વિકાસમાં નાણાંકીય નીતિનું મહત્વ

14.4 ભારતમાં નાણાંકીય નીતિના ઉદ્દેશો

14.5 નાણાંકીય નીતિના સાધનો

14.6 નાણાંકીય નીતિનું મૂલ્યાંકન

14.7 નાણાંકીય નીતિની મર્યાદાઓ

14.8 રાજકોષીય નીતિનો અર્થ અને વ્યાખ્યા

14.9 આર્થિક વિકાસમાં રાજકોષીય નીતિનું મહત્વ

14.10 ભારતમાં રાજકોષીય નીતિના ઉદ્દેશો

14.11 રાજકોષીય નીતિના સાધનો

14.12 રાજકોષીય નીતિની મર્યાદાઓ

14.13 સારાંશ

14.14 ચાવીરૂપ શબ્દો

- ➢ સંદર્ભ સૂચિ
- ➢ હેતુલક્ષી પ્રશ્નોના જવાબ

14.0 ઉદ્દેશો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ પછી તમે,

- ➢ નાણાંકીય નીતિ અંગેની સમજણ કેળવી શકશો.
- ➢ આર્થિક વિકાસમાં નાણાંકીય નીતિના મહત્વ અંગે સમજાવી શકશો.
- ➢ ભારત જેવા વિકસતા અર્થતંત્રમાં નાણાંકીય નીતિના ઉદ્દેશો અંગે ચર્ચા કરી શકશો.
- ➢ નાણાંકીય નીતિના પરિમાણાત્મક તેમજ ગુણાત્મક સાધનો વિશે સમજણ મેળવી શકશો.
- ➢ ભારતમાં ગુણાત્મક શાખ નિયંત્રણના પગલાંનો ઉપયોગ કરવાની આવશ્યકતા અંગે જાણકારી મેળવી શકશો.

- ➢ નાણાંકીય નીતિની મર્યાદાઓ અંગે ચર્ચા કરી શકશો.
- ➢ રાજકોષીય નીતિની આવશ્યકતા અને તેના મહત્વ અંગે સમજણ મેળવી શકશો.
- ➢ ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં રાજકોષીય નીતિના ઉદ્દેશો અંગે ચર્ચા કરી શકશો.
- ➢ રાજકોષીય નીતિના વિવિધ સાધનો વિશે પરિચય મેળવી શકશો.
- ➢ રાજકોષીય નીતિની મર્યાદાઓ અંગે ચર્ચા કરી શકશો.

14.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થી મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે ભારત એક ખેતીપ્રધાન દેશ છે. દેશમાં કુદરતી સાધનસંપત્તિ તેમજ માનવસંપત્તિ વિપુલ પ્રમાણમાં રહેલી છે. પરંતુ મૂડીસાધનો પ્રમાણમાં મર્યાદિત છે. ભારતની માનવસંપતિ પ્રમાણમાં ઓછી કુશળ અને કેળવાયેલી હોવાથી દેશની કુદરતી સાધનસંપત્તિનો પૂર્ણપણે ઉપયોગ કરી શકતી નથી. પરિણામે વિકસિત દેશોની સરખામણીએ દેશની પ્રજાની માથાદીઠ આવક નીચી રહેવા પામી છે. ભારત જેવા દેશમાં જો આ પ્રશ્નોના ઉકેલ આવે તો જ દેશનો વિકાસ નોંધપાત્ર પ્રમાણમાં થઈ શકે. તેથી જ દેશમાં નાણાંકીય નીતિ અને તેની સાથે સંબંધિત રાજકોષીય નીતિની આવશ્યકતા છે. માત્ર નાણાંકીય નીતિના અમલ અને વિકાસથી બધા જ પ્રશ્નોનો ઉકેલ લાવવો શક્ય નથી. પરંતુ નાણાંકીય નીતિથી કેટલાક અંશે આ પ્રશ્નોને નિયંત્રિત કરી શકાય છે. ભારતમાં પ્રથમ પંચવર્ષીય યોજનાની શરૂઆતથી જ દેશનો ઝડપી આર્થિક વિકાસ સાધવા તેમજ તેમાંથી ઉદ્ભવતી સમસ્યાઓના નિરાકરણ માટે નાણાંકીય નીતિ અને રાજકોષીય નીતિના નવઘડતરની જરૂરિયાત ઊભી થઈ હતી. કોઈપણ દેશના આર્થિક વિકાસ માટે નાણાંકીય નીતિ તેમજ રાજકોષીય નીતિ મહત્વની માનવામાં આવે છે. જે પૈકી નાણાંકીય નીતિ દેશમાં નાણાંની કુલ માંગ અને તેના પુરવઠા તથા રાજકોષીય નીતિ રાજ્યના આવક અને ખર્ચ સાથે સંકળાયેલી છે.

નાણાંકીય નીતિનું ઘડતર અને તેનો અમલ મહદ્ંશે દેશની કેન્દ્રિય બેંક એટલે કે મધ્યસ્થ બેંક(RBI) દ્વારા કરવામાં આવે છે જ્યારે રાજકોષીય નીતિનું ઘડતર અને તેનો અમલ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે. ટૂંકમાં, નાણાંકીય નીતિ અને રાજકોષીય નીતિ એકબીજાને પૂરક છે. રાજકોષીય નીતિ દ્વારા સર્જાયેલા યોગ્ય વાતાવરણમાં જ નાણાંકીય નીતિ વધુ સફળતાપૂર્વક અમલમાં મૂકી શકાય છે. રાજકોષીય નીતિના સાધનો નક્કી કરવામાં નાણાંકીય નીતિ મહત્વનો ભાગ ભજવે છે. આમ, નાણાંકીય નીતિને પૂરક બનાવવામાં રાજકોષીય નીતિ અગત્યનો ભાગ ભજવે છે.

14.2 નાણાંકીય નીતિનો અર્થ અને વ્યાખ્યા :

નાણાંકીય નીતિ એટલે નાણાંનો જથ્થો અને તેના મૂલ્યને અસર કરનારી બધી વિગતો અંગેની નીતિ. નાણાંકીય નીતિને કેટલીક વખત 'કેન્દ્રીય બેંકિંગ' નીતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. નાણાંકીય નીતિ એટલે અમુક પૂર્વનિર્ધારિત હેતુઓને સિદ્ધ કરવા માટે નાણાંકીય સાધનોના પ્રવાહનું નિયમન કરવાની નીતિ. આ હેતુઓમાં ભાવસ્થિરતા, વિનિમયદરમાં સ્થિરતા, પૂર્ણરોજગારી, ઝડપી આર્થિક વિકાસ વગેરેનો સમાવેશ થાય છે. યોગ્ય નાણાંકીય નીતિ અર્થતંત્રની બદલાતી જતી જરૂરિયાતોને અનુરૂપ નાણાંના પુરવઠામાં ફેરફાર કરીને તેમજ અગત્યના ક્ષેત્રો તરફ ધિરાણનો પ્રવાહ વાળીને આર્થિક વિકાસનો દર ઝડપી અને વેગીલો બનાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. ભારતની પરિસ્થિતિના સંદર્ભમાં રિઝર્વ બેંકની નાણાંકીય

નીતિ એટલે પૂર્વનિર્ધારિત ઉદ્દેશોની સિદ્ધિ માટે નાણાં અને શાખની ઉપલબ્ધિ, તેનું ખર્ચ અને વિવિધ ક્ષેત્રોમાં તેની યોગ્ય ફાળવણી અંગેના નિયમનને લગતી નીતિ. દોસ્તો, નાણાંકીય નીતિના સંદર્ભમાં રજૂ થયેલ કેટલીક વ્યાખ્યાઓ નીચે મુજબ છે :

પ્રો.આલ્બર્ટ ગેલોર્ડ હાર્ટ : "નાણાંકીય નીતિ લોકોની તરલતાને અસર પહોંચાડે છે. આ નીતિ લોકો પાસે રહેલાં નાણાંના જથ્થા, નાણાં જેવી થાપણોને તથા લોકોની નાણાંની માંગને અસર કરે છે."

ડૉ. પાઉલ એન્ઝીંગ : "રાજકીય સત્તાની તેના નિયંત્રણો હેઠળની નાણાંકીય વ્યવસ્થાના લાભમાં વધારો કરવા અને ગેરલાભમાં ઘટાડો કરવા માટેના પગલાંનો નાણાંકીય નીતિમાં સમાવેશ થાય છે."

પ્રો.શેઠી : "નાણાંકીય નીતિમાં નાણાંકીય સંસ્થાઓનું નિયંત્રણ, ખતપત્રોનું ખરીદ-વેચાણ અને વ્યાજના દરોની જાળવણીનો સમાવેશ થાય છે."

પ્રો.ક્રાઉથર : "અસ્તિત્વ ધરાવતી નાણાંકીય વ્યવસ્થામાંથી ઉદ્ભવતા ગેરફાયદા લઘુત્તમ કરવા માટેના લેવાતા પગલાંનો નાણાંકીય નીતિમાં સમાવેશ કરવામાં આવે છે."

પ્રો.એલ. વી. ચેન્ડલર : "નાણાંકીય નીતિનો ઓછામાં ઓછો હેતુ નાણાંને તટસ્થ રાખવાનો છે. એટલે કે નાણાંને લીધે કોઈ ભંગાણ ઊભા ન થાય અને બિનનાણાંકીય કારણોસર ભંગાણ સર્જાયું હોય તો તેને પ્રોત્સાહન ન મળે તેવું નિરપેક્ષ નાણું બનાવવાનો છે અને દેશ બહારની ઘટનાઓથી અર્થતંત્રમાં ઉદ્ભવતી અસમતુલાઓ ઘટાડી આર્થિક સ્થિરતા જાળવવાનો છે."

પ્રો.પ્રો.રોબર્ટસન : "નાણાંના સારા લાભો પ્રાપ્ત કરવા હોય અને ગેરલાભો નિવારવા હોય તો યોગ્ય નિયંત્રણ અને અંકુશની નીતિને નાણાંકીય નીતિ કહેવામાં આવે છે."

પ્રો.વિલ્સન : "નાણાંકીય નીતિ સમગ્ર અર્થતંત્રમાં નાણું અને નાણાં અવેજ વસ્તુઓના પ્રવાહોના સ્વરૂપ અને પરિણામ પર અસર સર્જે છે."

પ્રો.હેરી જોન્સન : "મધ્યસ્થ બેંક દેશની આર્થિક નીતિના હેતુઓ સિદ્ધ કરવા માટે નાણાંના પુરવઠા પર નિયંત્રણ રાખવાની જે નીતિ અપનાવે છે તેને નાણાંકીય નીતિ તરીકે ઓળખવામાં આવે છે."

પ્રો.મિલ્ટન પ્રો.ફ્રીડમેન જણાવે છે કે "નાણું દરેક પ્રકારની આર્થિક ઉથલપાથલમાં મુખ્ય કારણરૂપ છે." નાણાંના પુરવઠામાં થતાં ફેરફારો માત્ર ભાવોમાં જ ફેરફાર લાવતા નથી પરંતુ ઉત્પાદન, રોજગારી અને આવકમાં પણ ફેરફાર લાવે છે. આમ, અસ્થિરતા પ્રેરક પરિબળોને અટકાવવા માટે યોગ્ય નાણાંકીય નીતિ હોવી આવશ્યક છે.

ટૂંકમાં, વિશ્વની બદલાયેલી આર્થિક પરિસ્થિતિના સંદર્ભમાં નાણાંકીય નીતિની ઉપયોગીતા વિકસતા દેશોમાં સતત વધી રહી છે. આ દેશોમાં નાણાંકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ આવક અને રોજગારીમાં વૃદ્ધિ કરવાનો, ભાવસ્થિરતા જાળવવાનો રહ્યો છે. વર્તમાન સમયમાં નાણાંકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ ભાવસ્થિરતા સાથે આર્થિક વિકાસ અને રોજગારી વૃદ્ધિનો રહેવા પામ્યો છે. નાણાંકીય નીતિ શાખની પ્રાપ્તિ, તેના પ્રવાહ, નાણાંનો પુરવઠો, વ્યાજના દરો અને અર્થતંત્રની રોકડતા સાથે સંબંધ ધરાવે છે. આમ, અર્થતંત્રમાં નિશ્ચિત ધ્યેયો સિદ્ધ કરવા માટે નાણાંના જથ્થાનું અને તે માટે વ્યાજના દરનું નિયંત્રણ કરતી દેશની મધ્યસ્થ બેંકની નીતિને નાણાંકીય નીતિ તરીકે ઓળખવામાં આવે છે.

14.3 આર્થિક વિકાસમાં નાણાંકીય નીતિનું મહત્વ :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ, નાણાંના પુરવઠામાં ફેરફાર કરીને અર્થકારણ પર ઇચ્છિત અસરો ઉપજાવી શકાય છે. આ દ્રષ્ટિબિંદુથી નાણાંકીય નીતિ આર્થિક સ્થિરતા અને આર્થિક વિકાસના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ, 1929ની વૈશ્વિક મંદીના સમયગાળામાં નાણાંકીય નીતિની કેટલીક મર્યાદાઓ જણાઈ આવી. પરિણામે આ સમય દરમિયાન નાણાંકીય નીતિનું મહત્વ કેટલાક અંશે ઘટવા પામ્યું. વળી પ્રો.કેઈન્સે વૈશ્વિક અર્થતંત્રને મંદીમાંથી બહાર કાઢવા માટે રાજકોષીય નીતિને વિશેષ મહત્વ આપતા નાણાંકીય નીતિનું સ્થાન ગૌણ બનવા પામ્યું.

પરંતુ ત્યારબાદ, પ્રો.મિલ્ટન પ્રો.ફ્રીડમેન અને અન્ય નાણાંવાદી અર્થશાસ્ત્રીઓએ દેશના આર્થિક વિકાસમાં નાણાંકીય નીતિનું મહત્વ પુનઃસ્થાપિત કર્યું. સાધનોની પ્રાપ્તિ માટે તથા સાધનોની નક્કી કરેલી અગત્યતા મુજબની ઇષ્ટતમ ફાળવણી કરવા માટે નાણાંકીય નીતિએ એક મહત્વના ઓજાર તરીકે કાર્ય કરે છે. આ દ્રષ્ટિએ જોતા નાણાંકીય નીતિ અર્થતંત્રમાં પ્રોત્સાહક તેમજ નિયંત્રણાત્મક ભૂમિકા ભજવે છે.

14.4 ભારતમાં નાણાંકીય નીતિના ઉદ્દેશો :

ભારત જેવા વિકાસમાન દેશો અને વિકસિત દેશોમાં નાણાંકીય નીતિના ઉદ્દેશોમાં તફાવત જોવા મળે છે. વિકસિત દેશોમાં નાણાંકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ આર્થિક સ્થિરતા અને સમગ્ર અર્થતંત્રમાં યોગ્ય સંતુલન જાળવવાનો છે. જ્યારે ભારત જેવા વિકસતા દેશોમાં નાણાંકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ આર્થિક વિકાસ સાધવાનો હોય છે. ભારતમાં આર્થિક વિકાસ સાધવા માટે આયોજનનો માર્ગ અપનાવેલ હોવાથી નાણાંકીય નીતિ એ આયોજન પદ્ધતિનું એક આવશ્યક અંગ બની જાય છે. આ દ્રષ્ટિએ જોતા ભારતમાં નાણાંકીય નીતિના કેટલાક નીચે મુજબના સર્વ સામાન્ય ઉદ્દેશોનો સ્વીકાર કરવામાં આવ્યો છે :

14.4.1 ઝડપી આર્થિક વિકાસ સાધવો :- ભારત જેવા વિકસતા દેશોમાં નાણાંકીય નીતિનો મુખ્ય હેતુ ઝડપી આર્થિક વિકાસ સાધવાનો છે. આર્થિક વિકાસ સાધવા માટે આવશ્યક એવા નાણાંકીય સાધનોની જરૂર પડતી હોવાથી મૂડીસર્જનનો દર ઊંચો હોય એ આવશ્યક છે. મૂડીસર્જનના દરને નીચેની ત્રણ રીતે ઊંચું લાવી શકાય :

- **ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહન :** નાણાંકીય નીતિ વ્યાજદરમાં ફેરફાર કરીને ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહિત કરી શકે છે. વ્યાજના દરમાં ઘટાડો કરવાથી નાણાંકીય સત્તાધિરાણનું ખર્ચ ઘટતાં મૂડીરોકાણ પ્રોત્સાહિત થાય છે. વાજબી દરે ધિરાણ પૂરું પાડીને અર્થતંત્રના વાસ્તવિક સાધનોને મૂડીસર્જન માટે પ્રયોજિત કરી શકાય છે. આમ, ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહિત કરવા માટે નાણાંકીય નીતિ અગત્યની ભૂમિકા ભજવે છે.

- **સંસ્થાકીય માળખાની રચના :** ભારત જેવા વિકસતા દેશોમાં બચતોને એકત્રિત કરવા માટેની ખાસ કોઈ જોગવાઈ કરવામાં આવેલી હોતી નથી. લોકોની નાની-નાની બચતોને એકત્રિત કરવા માટે જો યોગ્ય સંસ્થાકીય માળખાની રચના કરવામાં આવે જેમકે, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં બેંકો, જીવન વીમા નિગમ, યુનિટ ટ્રસ્ટ જેવા એકમોનો વિકાસ કરવામાં આવે તો આ પ્રમાણે એકત્રિત થયેલી ગ્રામ્ય બચતોનો

ઉપયોગ ઉત્પાદકીય મૂડીરોકાણ માટે કરી શકાય અને આર્થિક વિકાસની પ્રક્રિયાને વેગ આપી શકાય. વર્તમાન સમયમાં ભારતમાં જાહેર ક્ષેત્રની બેંકોનો ગ્રામ્ય વિસ્તારમાં શાખ વિસ્તરણનો કાર્યક્રમ તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓની કામગીરીનો વધતો જતો વ્યાપ બચતો એકત્રિત કરવાના તથા તેને પ્રોત્સાહિત કરવાના પ્રયાસોનો એક સંકલિત ભાગ છે.

- **નાણાંકીય સાધનોનું સર્જન :** જાહેર ક્ષેત્રે થતાં મૂડીરોકાણમાં વધારો કરવા માટે યોગ્ય નાણાંકીય નીતિના અમલ દ્વારા મૂડીરોકાણ માટે વધારાના સાધનો પ્રાપ્ય કરાવી શકાય. ભારત જેવા વિકસતા દેશોમાં ખાદ્યપૂરક નાણાંતંત્રનો વિવેક અને કાળજીપૂર્વકનો ઉપયોગ કરીને મૂડીસર્જનના દરમાં વધારો લાવી ઝડપી આર્થિક વિકાસના ધ્યેયને હાંસલ કરી શકાય છે.

- **અર્થતંત્રનું નાણાંકીયકરણ કરવું :-** બિનનાણાંકીય વિભાગોનું અસ્તિત્વ આયોજનના સાધનોના ઉપયોગમાં અવરોધરૂપ બનતો હોવાથી નાણાંકીય નીતિના વિવિધ હેતુઓ પૈકીનો એક હેતુ અર્થતંત્રમાં નાણાંનો ઉપયોગ વધારીને નાણાંકીયકરણની પ્રક્રિયાને વેગ આપવાનો છે. આર્થિક વિકાસની પ્રક્રિયાની સાથે અર્થતંત્રનું નાણાંકીયકરણ થતાં જે ક્ષેત્રોમાં અત્યાર સુધીનો વ્યવહાર વસ્તુવિનિમયપ્રથા દ્વારા થતો હતો ત્યાં પણ હવે નાણાંનો ઉપયોગ થવા લાગે છે. આથી નાણાંકીય નીતિનો હેતુ અર્થતંત્રમાં આ રીતની વધતી જતી નાણાંની માંગ પૂરી પાડવાનો છે. કારણ કે જો આમ ન થાય તો આ વિભાગોને નાણાંકીય અર્થવ્યવહારમાં લાવવાનું શક્ય બને નહીં. પરિણામે અમુક પ્રમાણમાં ખાધપૂરક નાણાંતંત્રનો ઉપયોગ અનિવાર્ય બને છે. અલ્પવિકસિત દેશોમાં અમુક બિંદુએ નાણાંકીયકરણના લીધે નાણાં-આવકનો દર ઘટતો જાય છે ત્યારે ખાધપુરવણીના લીધે અર્થતંત્ર સંવેદનશીલ બને છે.

- **નાણાંબજારનું સંકલન કરવું :-** ભારત જેવા વિકસતા દેશોમાં સુસંકલિત અને સુગ્રંથિત નાણાંબજારનો અભાવ જોવા મળે છે. અહીં નાણાંબજાર સંગઠિત અને અસંગઠિત એમ બે વિભાગોમાં વહેંચાયેલું જોવા મળે છે. કોઈપણ દેશ માટે અસંગઠિત નાણાંબજાર એ નાણાંબજારની મોટી ઊણપ માનવામાં આવે છે. જો નાણાંબજાર સુસંકલિત અને સુગ્રંથિત ન હોય તો તે નાણાંકીય નીતિને બિનઅસરકારક બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેથી નાણાંકીય નીતિનો એક મુખ્ય ઉદ્દેશ નાણાંબજારને સુસંકલિત અને સુગ્રંથિત બનાવવાનો છે.

- **બેંક ધિરાણનું નિયમન કરવું :-** વર્તમાન સમયમાં કુલ નાણાંના પુરવઠામાં બેંક(શાખી)નાણું મહત્વનું સ્થાન ધરાવતું હોવાથી શાખી નાણાંના પ્રમાણનું યોગ્ય રીતે નિયમન કરવું એ નાણાંકીય નીતિનો એક ઉદ્દેશ માનવામાં આવે છે. જો અર્થતંત્રમાં શાખી નાણાંનું પ્રમાણ અમુક મર્યાદા કરતા વધી કે ઘટી જાય તો તેની ગંભીર અસરો અર્થતંત્રમાં

જોવા મળે છે. તેથી નાણાંકીય નીતિનો હેતુ વેપાર, ઉદ્યોગ તથા અન્ય ઉત્પાદક પ્રવૃત્તિઓ માટે પૂરતા પ્રમાણમાં શાખની સુવિધાઓ પ્રાપ્ત થાય તેમજ અગ્રિમતા ધરાવતા ક્ષેત્રોને ધિરાણની બાબતમાં યોગ્ય પસંદગી મળી રહે તથા સંગ્રહખોરી, સટ્ટાખોરી જેવી સમાજવિરોધી પ્રવૃતિઓ માટે નાણાંનો ઉપયોગ ન થાય તે જોવાનો પણ છે.

- **આર્થિક સ્થિરતા જાળવવી :-** ભારત જેવા વિકસતા દેશમાં વિકાસની પ્રક્રિયા દરમિયાન આર્થિક સ્થિરતા જાળવવી એ નાણાંકીય નીતિનો એક અગત્યનો ઉદ્દેશ માનવામાં આવે છે. વિકસતા દેશોમાં આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન ફુગાવો સહજ ઘટના છે. કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે અર્થતંત્રના વિકાસ માટે અમુક ટકા ફુગાવો અનિવાર્ય છે. પરંતુ, આ ફુગાવો અમુક હદ કરતા વધી જાય તો તે દેશના આર્થિક વિકાસ માટે બાધક નીવડે છે. તેથી નાણાંકીય નીતિનો એક મહત્વનો ઉદ્દેશ નિયંત્રિત ફુગાવા સાથે સ્થિરતાપૂર્વકનો આર્થિક વિકાસ સાધવાનો છે.

14.5 નાણાંકીય નીતિના સાધનો :

દોસ્તો, રિઝર્વ બેંક મુખ્યત્વે (i) વિનિમયદરની સ્થિરતા જાળવવા (ii) સામાન્ય ભાવસપાટીની સ્થિરતા જાળવવા (iii) આર્થિક વિકાસને વેગ આપવા તથા (iv) નાણાંબજારની સ્થિરતા જાળવવા જેવા વિવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને શાખનિયમનના પરિમાણાત્મક અને ગુણાત્મક સાધનોનો ઉપયોગ કરતી હોય છે. તો ચાલો, હવે આપણે આ બંને પ્રકારના સાધનો અંગે સમજૂતી મેળવીએ.

14.5.1 પરિમાણાત્મક શાખનિયમનના સાધનો :- મધ્યસ્થ બેંકના પરિમાણાત્મક શાખનિયમનના સાધનોને સામાન્ય શાખનિયંત્રણના સાધનો તરીકે પણ ઓળખવામાં આવે છે. પરિમાણાત્મક શાખનિયમનનો સંબંધ શાખના પ્રમાણ સાથે રહેલો છે. આ સાધનોમાં મુખ્યત્વે નીચેના સાધનોનો સમાવેશ કરવામાં આવે છે :

- **બેંકદરની નીતિ : (Bank Rate Policy) :** મધ્યસ્થ બેંક જે દરે વ્યાપારી બેંકોના પ્રથમ કક્ષાના વિનિમય પત્રો અથવા માન્ય કરેલી જામીનગીરીઓને વટાવી આપી ધિરાણ કરે છે તે દરને બેંકદર તરીકે ઓળખવામાં આવે છે. આમ, બેંકદર એ મધ્યસ્થ બેંકનો ધિરાણદર છે જેને વટાવદર તરીકે પણ ઓળખવામાં આવે છે.

1934 ના રિઝર્વ બેંક એક્ટની કલમ 49 અન્વયે બેંકદરની વ્યાખ્યા આ મુજબ આપેલી છે : ''બેંકદર એ સ્ટાન્ડર્ડ દર છે કે જે દરે રિઝર્વ બેંક કાયદા અન્વયે ખરીદીને પાત્ર હોય તેવાં વિનિમયપત્રો અથવા અન્ય કોમર્શિયલ પેપરોની ખરીદી કરવા અથવા વટાવી આપવા તૈયાર હોય છે.''

1લી એપ્રિલ, 1935 થી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ તેની કામગીરી શરૂ કરી ત્યારે તેના બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા પ્રથમ બેઠકમાં બેંકદર 3.5% જેટલો નક્કી કરવામાં આવ્યો હતો. ત્યાર પછી અત્યાર સુધીમાં તેમાં નીચે મુજબના ફેરફારો થયા છે :

પ્રાપ્તિસ્થાન : Handboko of Indian Economy RBI, 2023-24

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ છે કે રિઝર્વ બેંકની કામગીરી શરૂ થઈ ત્યારથી લઈને ઓક્ટોબર, 2001 સુધીમાં બેંકદરમાં 28 વખત ફેરફાર કરવામાં આવ્યા. જે પૈકી સોળ વખત બેંકદરમાં વધારો કરવામાં આવ્યો અને બાર વખત તેમાં ઘટાડો કરવામાં આવ્યો છે. બેંકદરમાં સૌથી પહેલી વખત ફેરફાર બેંકની સ્થાપનાના આઠ જ મહિના બાદ, એટલે કે નવેમ્બર, 1935માં કરવામાં આવ્યો અને આ સમયે બેંકદર 3.5% થી ઘટાડીને 3% જેટલો કરવામાં આવ્યો. ભારતીય અર્થતંત્ર પર વૈશ્વિક મંદીની અસરો વર્તાતી હોવાથી મંદ પડી ગયેલ આર્થિક પ્રવૃત્તિને વેગ આપવા માટે બેંકદરમાં આ ઘટાડો જાહેર કરવામાં આવ્યો. નવેમ્બર, 1935થી નવેમ્બર, 1951 સુધી એટલે કે લગભગ સોળ વર્ષ સુધી સતત બેંકદર 3%ની સપાટીએ સ્થિર રહ્યો. નવેમ્બર, 1951માં તેમાં અડધા ટકા જેટલો વધારો કરીને 3.5% કરવામાં આવ્યું અને મે, 1957 માં તે વધારીને 4% જેટલો કરવામાં આવ્યો. 1951 થી ઓક્ટોબર, 1991 સુધી એકાદ વર્ષને બાદ કરતા બેંકદરમાં એકધારો વધારો કરવામાં આવ્યો હતો. ઓક્ટોબર, 1991માં બેંકદર 12% જેટલી ઊંચી સપાટીએ લઈ જવામાં આવ્યો હતો. એટલે કે આ સમય દરમિયાન રિઝર્વ બેંક દ્વારા મોંઘા નાણાંની નીતિ અપનાવવામાં આવી હતી. જેથી અર્થતંત્રમાં ઉદ્ભવેલ ફુગાવાજન્ય દબાણોને નિયંત્રિત કરી શકાય. એટલે કે આ સમયગાળામાં નાણાંકીય નીતિનો ઉપયોગ ફુગાવા વિરોધી નીતિના એક સંકલિત ભાગ તરીકે કરવામાં આવ્યો હતો. પરંતુ જુલાઈ, 1991થી અમલમાં આવેલ આર્થિક સુધારણા કાર્યક્રમ અન્વયે શરૂ થયેલ ઉદારીકરણ અને વૈશ્વિકરણની પ્રક્રિયાના સંદર્ભે ઓક્ટોબર, 1991 પછી બેંકદરમાં ઘટાડા તરફી વલણ જોવા મળે છે.

વર્તમાન સમયમાં બેંકદર ઉપરાંત રિઝર્વ બેંક રેપોરેટ અને રિવર્સ રેપોરેટ જેવા સાધનોનો ઉપયોગ કરીને પણ અર્થતંત્રમાં નાણાંના પુરવઠાનું નિયમન કરી નાણાંકીય સ્થિરતા જાળવવાનો પ્રયાસ કરે છે.

બેંકદરની નીતિની કેટલીક મર્યાદાઓ હોવા છતાં રિઝર્વ બેંકે આ નીતિના ઉપયોગમાં ખૂબજ કુશાગ્રબુદ્ધિ દાખવી છે જેના પરિણામે ભારતીય પરિસ્થિતિ સાથે તે સુસંગત છે.

- **રેપોરેટ :** રેપોરેટ એટલે જે દરે રિઝર્વ બેંક વેપારી બેંકોને અતિ ટૂંકાગાળાનું ધિરાણ આપે છે તે. એપ્રિલ, 2005માં રેપોરેટ 6% હતો. ફુગાવાને નિયંત્રિત કરવા માટે તેમાં ક્રમશઃ વધારો કરીને જુલાઈ, 2008માં 9% જેટલો કરવામાં આવ્યો. પરંતુ એપ્રિલ, 2009માં તે ઘટાડીને 4.75% જેટલો કરવામાં આવ્યો. તેમજ 8ફેબ્રુઆરી, 2023માં તે 6.50% જેટલો કરવામાં આવ્યો.

- **રિવર્સ રેપોરેટ :** રિવર્સ રેપોરેટએ નાણાંબજારમાં પ્રવર્તતો ટૂંકાગાળાનો દર છે કે જે દરે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી નાણાં ઉછીના લે છે. એપ્રિલ, 2005માં રિવર્સ રેપોરેટ 5% હતું. જેમાં ક્રમશઃ વધારો કરીને જુલાઈ, 2006માં 6% જેટલો કરવામાં આવ્યો અને નવેમ્બર, 2008સુધી તેની આ સપાટી જાળવી રાખવામાં આવી. પરંતુ ડિસેમ્બર, 2008થી તેમાં ક્રમશઃ ઘટાડો કરવામાં આવ્યો અને એપ્રિલ, 2009માં રિવર્સ રેપોરેટ ઘટાડીને 3.25% જેટલો કરવામાં આવ્યો. ત્યારબાદ 22 મે, 2020 માં તે 3.35% જેટલો કરવામાં આવ્યો.

ટૂંકમાં, છેલ્લા એક દસકા કરતાં પણ વધુ સમયથી રેપોરેટ અને રિવર્સ રેપોરેટ રિઝર્વ બેંકની નાણાંકીય નીતિના અગત્યના સાધન

તરીકે ઊપસી આવ્યા છે. રેપોરેટ અને રિવર્સ રેપોરેટમાં થતાં ફેરફારો હવે તરલતા સમાયોજન સુવિધા (Liquidity Adjustment Facility) તરીકે ઓળખાય છે.

- **પ્રાઈમ ધિરાણ દર (Prime Lending Rate):** પ્રાઈમ ધિરાણ દર એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સાંકેતિક કરવામાં આવેલ વ્યાજનો દર છે જેને બધી બેંકો અનુસરે છે. પ્રાઈમ ધિરાણ દર નક્કી કરવામાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અગત્યનો ભાગ ભજવે છે. પ્રાઈમ ધિરાણ

	વર્ષ		બેંકદર (ટકાવારીમાં)
1.	જુલાઈ	1935	3.50
2.	નવેમ્બર	1935	3.00
3.	નવેમ્બર	1951	3.50
4.	મે	1957	4.00
5.	જાન્યુઆરી	1963	4.50
6.	સપ્ટેમ્બર	1964	5.00
7.	ફેબ્રુઆરી	1965	6.00
8	માર્ચ	1968	5.00
9	જાન્યુઆરી	1971	6.00
10	મે	1973	7.00
11	22 જુલાઈ	1974	9.00
12	11 જુલાઈ	1981	10.00
13	જુલાઈ	1991	11.00
14	ઑક્ટોબર	1991	12.00
15	એપ્રિલ	1997	11.00
16	જૂન	1997	10.00
17	ઑક્ટોબર	1997	9.00
18	જાન્યુઆરી	1998	11.00
19	માર્ચ	1998	10.50
20	2 એપ્રિલ	1998	10.00
21	29 એપ્રિલ	1998	9.00
22	માર્ચ	1999	8.00
23	એપ્રિલ	2000	7.00
24	જુલાઈ	2000	8.00
25	ફેબ્રુઆરી	2001	7.50
26	માર્ચ	2001	7.00
27	ઑક્ટોબર	2001	6.50

	વર્ષ		બેંકદર (ટકાવારીમાં)
28	ઑક્ટોબર	2002	6.25
29	એપ્રિલ	2003	6.00
30	13 ફેબ્રુઆરી	2012	9.50
38	29 ઑક્ટોબર	2013	8.75
39	28 જાન્યુઆરી	2014	9.00
40	15 જાન્યુઆરી	2015	8.75
41	4 માર્ચ	2015	8.50
42	2 જૂન	2015	8.25
43	29 સપ્ટેમ્બર	2015	7.75
44	5 એપ્રિલ	2016	7.00
45	4 ઑક્ટોબર	2016	6.75
46	6 એપ્રિલ	2017	6.50
47	2 ઓગસ્ટ	2017	6.25
48	2 જૂન	2018	6.50
49	1 ઓગસ્ટ	2018	6.75
50	4 એપ્રિલ	2019	6.25
51	6 જૂન	2019	6.00
52	7 ઓગસ્ટ	2019	6.65
53	27 માર્ચ	2020	4.65
54	22 મે	2020	4.25
55	8 જૂન	2022	5.15
56	30 સપ્ટેમ્બર	2022	6.15
57	7 ડિસેમ્બર	2022	6.50
58	8 ફેબ્રુઆરી	2023	6.75

દર એ એવા પ્રકારના ન્યૂનતમ દરનો નિર્દેશ કરે છે કે જે દરે સાહસિકો અને વેપારી વર્ગને બેંકો તરફથી ધિરાણ ઉપલબ્ધ થઈ શકે. અલબત્ત, ધિરાણનો ખરેખર દર એ પ્રાઈમ ધિરાણ દર કરતાં એક કે બે ટકા વધુ હોઈ શકે અને તે વ્યક્તિગત બેંકોની નીતિઓ ઉપર આધાર રાખે છે. પ્રાઈમ ધિરાણ દર એ બેંકો માટે રેફરન્સ દર બની શકે છે. 31 જુલાઈ, 2013ના રોજ પ્રાઈમ ધિરાણ દર 12.25% થી 12.50% સુધીનો હતો, જે ઓગસ્ટ 2014ના અંતે 9.80% થી 10.25% સુધીનો કરવામાં આવ્યો.

- **ખુલ્લા બજારની નીતિ (Open Market Operations):** ખુલ્લા બજારની નીતિ અન્વયે મધ્યસ્થ બેંક ખુલ્લા બજારમાં જામીનગીરીઓની ખરીદી કે વેચાણ કરીને નાણાંબજારનું નિયમન કરે છે. મધ્યસ્થ બેંકના ધારાની કલમ 17(8) અન્વયે રિઝર્વ બેંકને ગમે તેટલી રકમની જામીનગીરીઓની ખુલ્લા બજારમાં ખરીદવાનો કે વેચવાનો અધિકાર મળેલ છે. આ જામીનગીરીઓમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારોની જામીનગીરીઓનો સમાવેશ થાય છે. ભારતમાં ખુલ્લા બજારની નીતિનો ઉપયોગ શાખ નિયંત્રણના એક અસરકારક સાધન તરીકે થવાના બદલે વેપારી બેંકોની મોસમી નાણાંકીય જરૂરિયાતો પૂરી પાડવા માટે, જાહેર ઋણ-વ્યવસ્થાના સાધન તરીકે, સરકારી જામીનગીરીઓના ભાવોની સ્થિરતા જાળવવા માટે કે જામીનગીરીઓના વેચાણ દ્વારા સરકારના અંદાજપત્રની ખાધ ઘટાડવા જેવા ઉદ્દેશો સિદ્ધ કરવા માટે થાય છે.

- **રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર (Cash Reserve Ratio):** શાખનિયંત્રણના આ સાધનને 'Variable Cash Reserve Requirement' તરીકે પણ ઓળખવામાં આવે છે. વ્યાપારી બેંકો તેમની થાપણોના અમુક ટકા રોકડ અનામત તરીકે મધ્યસ્થ બેંક પાસે રાખતી હોય છે અને મોટાભાગે આ પ્રમાણ કાયદા દ્વારા નક્કી થયેલ હોય છે. તેને રોકડ અનામત પ્રમાણ તરીકે ઓળખવામાં આવે છે. 1934ના રિઝર્વ બેંકના ધારાની કલમ 42(એ) અન્વયે એવી જોગવાઈ કરવામાં આવી કે દરેક શેડ્યુલ્ડ બેંકે તેની માંગપાત્ર થાપણોના અને બાંધી મુદતની થાપણોના 2% જેટલી રકમ રોકડ અનામત તરીકે રિઝર્વ બેંક પાસે રાખવી. 1962માં તેમાં સુધારો કરવામાં આવ્યો અને એવું ઠરાવવામાં આવ્યું કે ભારતની દરેક શેડયુલ્ડ બેંકે તેની કુલ થાપણોના 3% જેટલી રકમ રિઝર્વ બેંક પાસે રોકડ અનામત તરીકે રાખવી વધુમાં રિઝર્વ બેંકને આ પ્રમાણ વધારીને 20% સુધી કરવાની સત્તા આપવામાં આવી. જેમાં સંજોગો મુજબ અવારનવાર ફેરફારો થતાં રહ્યા છે.

- **કાયદેસરની તરલતાનું પ્રમાણ (Statutory Liquidity Ratio) :** રોકડ અનામતના ન્યૂનતમ પ્રમાણ ઉપરાંત બેંકીંગ નિયમન ધારાની

કલમ (24) હેઠળ શેડ્યુલ્ડ બેંકોએ તેમની માંગપાત્ર અને બાંધી મુદતની થાપણોના ઓછામાં ઓછી 25% જેટલી રકમ રોકડ સ્વરૂપમાં, સોનામાં કે કોઈપણ પ્રકારના બોજા વગરની પ્રમાણિત જામીનગીરીઓના સ્વરૂપમાં રાખવાની હોય છે જેને તરલતા અથવા પ્રવાહીતતાના પ્રમાણ તરીકે ઓળખવામાં આવે છે. જે રોકડ અનામતના પ્રમાણ ઉપરાંત રાખવાનું હોય છે. કાયદેસરના તરલતાના પ્રમાણમાં વખતોવખત ફેરફારો કરવામાં આવ્યાં છે. જાન્યુઆરી 1970માં કાયદેસરની તરલતાનું પ્રમાણ 25% હતું જે નવેમ્બર 2008માં 24% અને એપ્રિલ 2020માં 18% જેટલું કરવામાં આવ્યું.

- **ગુણાત્મક શાખનિયમનના સાધનો :-** મધ્યસ્થ બેંકના ગુણાત્મક શાખનિયંત્રણના સાધનોને વિવેકયુક્ત તથા પસંદગીયુક્ત શાખનિયમનના સાધનો તરીકે પણ ઓળખવામાં આવે છે. મધ્યસ્થ બેંકના આ પગલાંનો સંબંધ શાખના ઉપયોગ સાથે રહેલો છે. વર્તમાન સમયમાં શાખનિયંત્રણ માટે ગુણાત્મક પગલાંને વિશેષ મહત્વ આપવામાં આવે છે. આ પગલાં અંતર્ગત મધ્યસ્થ બેંક વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને શાખનું નિયમન કરે છે. શાખનિયંત્રણના આ સાધન દ્વારા અર્થતંત્રના જે ભાગમાં જેટલા નિયંત્રણની જરૂર હોય તે જ ભાગમાં તેટલા જ પ્રમાણમાં નિયંત્રણની નીતિ અપનાવી શકાય છે અને જરૂર પડે નિયંત્રણ હટાવી પણ શકાય છે. ગુણાત્મક શાખનિયંત્રણના વિવિધ સાધનો નીચે મુજબ છે.

- **શાખની માપબંધી :** મધ્યસ્થ બેંક દ્વારા શાખમાટેની માંગણીઓને ધ્યાનમાં લઈને કરવામાં આવતી શાખની ફાળવણીને શાખની માપબંધી તરીકે ઓળખવામાં આવે છે.

- **સીધા પગલાં :** મધ્યસ્થ બેંક વ્યાપારી બેંકોને જ્યારે ધિરાણ આપે છે ત્યારે તે બેંકોને ધિરાણ અંગે કેટલાક ચોક્કસ આદેશો અને સૂચનાઓ આપીને પણ બેંક ધિરાણની પ્રવૃત્તિને નિયંત્રિત કરી શકે છે.

- **ઋણની સીમામાં ફેરફાર :** આ પગલાં હેઠળ મધ્યસ્થ બેંક વ્યાપારી બેંકો તેમની પાસે રહેલ કુલ થાપણોની કેટલી રકમ ધિરાણ તરીકે આપી શકે તે નક્કી કરીને શાખ ઉપર નિયંત્રણ મૂકતી હોય છે.

- **ઉપભોક્તાની શાખનું નિયમન :** આ પગલાં અન્વયે મધ્યસ્થ બેંક બેંકે કરવાના કુલ ધિરાણની કોઈ વિશિષ્ટ ક્ષેત્રે ગ્રાહકને થતા ધિરાણની કે કોઈ વસ્તુ સામેના ધિરાણની મહત્તમ મર્યાદા નક્કી કરીને શાખનું નિયમન કરે છે.

- **નૈતિક દબાણ અથવા સમજાવટ :** મધ્યસ્થ બેંક આ નીતિ અન્વયે વ્યાપારી બેંકોને યોગ્ય સલાહ સૂચન અને માર્ગદર્શન આપી અમુક પ્રકારની નાણાંનીતિ અપનાવવા નૈતિક સમજાવટ કે દબાણનો ઉપયોગ કરે છે.

- **પ્રચારની નીતિ :** મધ્યસ્થ બેંક પ્રજા સામે બેંકોનું ચિત્ર સ્પષ્ટ કરવા માટે વ્યાપારી બેંકો પાસેથી તેમની નાણાંકીય પરિસ્થિતિ અને કાર્ય અંગેનો અહેવાલ મંગાવી વખતોવખત પ્રદર્શિત કરે છે જેથી બેંકો કાર્યક્ષમ રીતે તેમની કામગીરી કરતી રહે.

  ટૂંકમાં, 1949ના બૅંકિંગ નિયમન ધારાની કલમ 21 અન્વયે રિઝર્વ બેંકને વેપારી બેંકોને તેમના દ્વારા અપાતી લોન અને ધિરાણ અંગે આદેશો આપવાની સત્તા અપાઈ છે. પ્રસ્તુત ધારાની કલમ 21ની પેટા કલમ (2) અન્વયે આવા આદેશોનું સ્વરૂપ અને કાર્યક્ષેત્રનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ કલમ અન્વયે મળેલી સત્તાનો રિઝર્વ બેંક ઉપયોગ કરી વેપારી બેંકોને વખતોવખત આદેશો અને સૂચનો આપી રહી છે જે ગુણાત્મક શાખ નિયંત્રણના પગલાં તરીકે ઓળખાય છે. અહીં ખાસ યાદ રાખવું જોઈએ કે, સામાન્ય શાખનિયંત્રણના પગલાં શાખના પ્રમાણને અસર કરતા હોય છે જ્યારે ગુણાત્મક શાખનિયંત્રણના પગલા શાખનો ઉપયોગ કઈ રીતે થાય છે તેનું નિયમન કરે છે.

14.5.3 ગુણાત્મક શાખનિયંત્રણના પગલાંનો ઉપયોગ :- સૌપ્રથમ મે, 1956માં રિઝર્વ બેંકે ગુણાત્મક શાખનિયંત્રણના પગલાનો ઉપયોગ કર્યો કે જ્યારે વેપારી બેંકો પર એક પરિપત્ર પાઠવીને ડાંગર અને ચોખા સામે આપવામાં આવતા ધિરાણમાં ઘટાડો કરવાનો તથા તેની સામે રાખવામાં આવતા માર્જિનમાં 10%નો વધારો કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ આદેશ અનાજ સામેના ધિરાણને પણ લાગુ પાડવામાં આવ્યો હતો જેનો ઉદ્દેશ અનાજની સંગ્રહખોરી ઘટાડવાનો હતો. આ ઉપરાંત વેપારી બેંકોને એવો પણ આદેશ આપવામાં આવ્યો કે કોઈ એક વ્યક્તિગત પાર્ટીને અનાજ સામે કરવામાં આવેલ આ પ્રકારનું ધિરાણ રૂ. 50,000થી વધુ રકમનું હોવું જોઈએ નહીં. ત્યારબાદથી આજ દિન સુધી રિઝર્વ બેંક વેપારી બેંકોને આ પ્રકારના આદેશો વખત આપતી રહી છે એટલું જ નહીં પરંતુ વર્તમાન સમયમાં આ પ્રકારના આદેશોનું કાર્યક્ષેત્ર વધુ વિશાળ બનાવવામાં આવ્યું છે. જેનો મુખ્ય હેતુ આવશ્યક ચીજવસ્તુઓ અને કાચામાલની સંગ્રહખોરી, સટ્ટાખોરી અને સમાજવિરોધી પ્રવૃત્તિઓ અટકાવી અર્થતંત્રમાં ફુગાવાજનક દબાણોને અંકુશિત કરવાનો છે. પરિસ્થિતિ મુજબ આ આદેશોમાં યોગ્ય ફેરફારો કરવામાં આવતા હોય છે.

14.6 નાણાંકીય નીતિના સાધનો :

દોસ્તો, આપણે સૌ જાણીએ છીએ કે ભારતમાં નાણાંકીય નીતિનો મુખ્ય હેતુ આર્થિક વિકાસને વેગ આપવાનો છે. નાણાંકીય નીતિ અર્થકારણમાં સ્થિરતાપૂર્વક આર્થિક વિકાસ સાધવા માટે પ્રોત્સાહક તેમજ નિયંત્રણાત્મક એમ બેવડી ભૂમિકા ભજવે છે. અર્થતંત્રના આર્થિક વિકાસ પામતા ક્ષેત્રોની ધિરાણની જરૂરિયાત પૂરી પાડીને નાણાંકીય નીતિ પ્રોત્સાહક ભૂમિકા

ભજવે છે. જે ખૂબ જ હકારાત્મક અને મહત્વની રહી છે. રિઝર્વ બેંકે ખેતી, ખેતીના સાધનો, નાના પાયાના ઉદ્યોગો, નિકાસ ક્ષેત્ર, અનાજ પ્રાપ્તિ, અનાજનું વિતરણ, જીવન જરૂરિયાતની વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો જેવા અર્થતંત્રના અગ્રિમતા ધરાવતા ક્ષેત્રને સમયસર, પૂરતા પ્રમાણમાં અને વાજબી દરે ધિરાણ પૂરું પાડવાની ઉત્તમ કામગીરી કરી છે. એટલું જ નહીં પરંતુ 'તફાવતી વ્યાજના દરો' અંગેની નીતિનો અમલ કરી સમાજના નબળા વર્ગને ઓછા વ્યાજદરે ધિરાણ સરળતાથી મળી રહે તે દિશામાં પણ ઉમદા કામગીરી કરી છે. આમ, સમગ્રરીતે જોવા જઈએ તો રિઝર્વ બેંકની નાણાંકીય નીતિની પ્રોત્સાહક ભૂમિકા ખૂબ જ ઉત્તમ અને આવકારદાયક રહી છે.

તેમજ ભારત જેવા વિકસતા દેશોમાં ફુગાવો એ એક સહજ ઘટના તરીકે માનવામાં આવે છે. તેથી આવા વિકસતા અર્થતંત્રમાં નાણાંકીય નીતિની નિયંત્રણાત્મક ભૂમિકા મહત્વની બની રહે છે. આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન અર્થતંત્રમાં ફુગાવાજન્ય દબાણો જોવા મળતા હોય છે. નાણાંના પુરવઠામાં વધારો થતાં અસરકારક માંગમાં વધારો જોવા મળે છે જે લોકોની સીમાંત વપરાશવૃતિમાં વધારો લાવે છે. આવા સમયે બચતો કરતા લોકોની ખર્ચવૃત્તિ વધુ પ્રબળ બને છે જે ફુગાવાને વેગ આપે છે. આવા સમયમાં આર્થિક સ્થિરતાની જાળવણી કરવી તે માટે નાણાંકીય નીતિની નિયંત્રણાત્મક ભૂમિકા આવશ્યક બની રહે છે. જો આમ ન થાય તો અર્થતંત્રમાં આર્થિક અસમતુલાનું સર્જન થાય છે જે સમગ્ર અર્થતંત્ર માટે હાનિકારક નીવડે છે.

ટૂંકમાં, ભારત જેવા વિકસતા અર્થતંત્રમાં નાણાંકીય નીતિનો મુખ્ય હેતુ 'નિયંત્રિત વિસ્તરણનો' રહ્યો છે. જે અંતર્ગત શાખનિયંત્રણ અને શાખવિસ્તરણના ઉદ્દેશ વચ્ચે સમન્વય સાધવાનો પ્રયાસ કરવામાં આવે છે.

14.7 નાણાંકીય નીતિની મર્યાદાઓ :

14.7.1 સુસંકલિત અને સુગ્રંથિત નાણાંબજારનો અભાવ :- ભારત જેવા વિકસતા દેશોમાં નાણાંબજાર સંગઠિત અને અસંગઠિત એમ બે વિભાગમાં વિભાજીત થયેલું જોવા મળે છે. જે પૈકી સંગઠિત વિભાગ રિઝર્વ બેંકના અંકુશ હેઠળ કાર્ય કરે છે જ્યારે અસંગઠિત વિભાગ પર તેનો પૂરેપૂરો અંકુશ જોવા મળતો નથી. તેથી રિઝર્વ બેંકના નીતિ નિયમોની અસરો એક વિભાગ પર જ સંપૂર્ણપણે જોવા મળે છે અને બીજો વિભાગ તેનાથી વંચિત જોવા મળે છે. આમ, ભારતમાં નાણાંબજાર સુસંકલિત અને સુગ્રંથિત જોવા મળતો નથી. તેથી નાણાંકીય નીતિની અસરકારકતા મર્યાદિત બની રહે છે.

14.7.2 નાણાંકીય નીતિ અને રાજકોષીય નીતિ વચ્ચે સમન્વયનો અભાવ :- નાણાંકીય નીતિની સફળતાનો આધાર દેશની રાજકોષીય નીતિ સાથે તેના યોગ્ય સંકલન પર રહેલો છે. સામાન્યરીતે નાણાંકીય નીતિનું ઘડતર અને તેનો અમલ દેશની મધ્યસ્થ બેંક દ્વારા કરવામાં આવે છે જ્યારે રાજકોષીય નીતિનું ઘડતર અને તેનો અમલ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે. નાણાંકીય નીતિ અને રાજકોષીય નીતિ વચ્ચે યોગ્ય સંકલનનો અભાવ

જોવા મળે છે. તેથી નાણાંકીય નીતિની અસરકારકતા મર્યાદિત બની રહે છે. ભારતમાં નાણાંકીય નીતિનો ઉપયોગ જ્યારે ફુગાવાને નિયંત્રિત કરવા માટે કરવામાં આવે છે ત્યારે જો રાજકોષીય નીતિ અન્વયે સરકારની કરવેરા નીતિ અને જાહેરખર્ચની નીતિ સાથે તેનો યોગ્ય સમન્વય સાધવામાં ન આવે તો ઇચ્છિત પરિણામો મેળવી શકાતા નથી. અહીં જો સરકારની રાજકોષીય નીતિ ફુગાવા પ્રેરક હોય તો રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ ફુગાવા વિરોધી અસરોને નાબૂદ કરી દેતી હોય છે તે બાબત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.

14.7.3 નિયંત્રણો બેંકીંગ ક્ષેત્ર પૂરતા જ મર્યાદિત :- રિઝર્વ બેંકની નાણાંકીય નીતિના સાધનો કેટલાક અંશે વ્યાપારી બેંકો પૂરતા જ મર્યાદિત રહ્યા છે. પરિણામે અર્થતંત્રમાં જ્યારે ફુગાવાની પરિસ્થિતિનું સર્જન થાય છે ત્યારે તેનું નિયંત્રણ કરવામાં નાણાંકીય નીતિના પરિમાણાત્મક અને ગુણાત્મક સાધનો કેટલાક અંશે સફળ થઈ શકતા નથી. ટૂંકમાં, રિઝર્વ બેંકનો અંકુશ બેંકીંગ ક્ષેત્ર પૂરતો જ મર્યાદિત હોવાથી નાણાંકીય નીતિની અસરકારકતા મર્યાદિત રહેવા પામી છે.

14.7.4 કાળાનાણાંના વ્યાપમાં વધારો :- અર્થતંત્રમાં દિન-પ્રતિદિન કાળાનાણાંનું પ્રમાણ વધતું જતું હોવાથી નાણાંકીય નીતિની અસરકારકતા મર્યાદિત બની રહે છે. કાળાનાણાંનો વ્યાપ અર્થતંત્રમાં વિસ્તરતો હોવાથી નાણાંકીય નીતિ આવા સમયે અસરકારક પૂરવાર થઈ શકતી નથી.

14.7.5 રિઝર્વ બેંકની સ્વતંત્રતા પર અંકુશ :- રિઝર્વ બેંક એક સ્વાયત સંસ્થા હોવા છતાં તે સ્વતંત્રતાપૂર્વક તેની કામગીરી બજાવી શકતી નથી. જ્યારે પણ નીતિવિષયક પ્રશ્નો ઉદ્ભવે છે ત્યારે કેન્દ્ર સરકાર તેમાં અનિવાર્યપણે હસ્તક્ષેપ કરતી રહી છે. આથી રિઝર્વ બેંકની સ્વતંત્રતા અહીં અંકુશિત બની જાય છે. રિઝર્વ બેંકની શાખનિયંત્રણની નીતિ માત્ર ખાનગી ક્ષેત્ર પૂરતી જ મર્યાદિત રહી છે. જાહેરક્ષેત્રની બાબતમાં સરકારના નીતિવિષયક નિર્ણયો રિઝર્વ બેંકે અનુસરવા પડતા હોય છે.

આમ, ભારત જેવા વિકસતા દેશોમાં નાણાંકીય નીતિની કેટલીક મર્યાદાઓ હોવા છતાં અહીં એ ન ભૂલવું જોઈએ કે લગભગ છેલ્લા પાંચથી વધુ દાયકામાં રિઝર્વ બેંકે અપનાવેલ નાણાંકીય નીતિના પરિણામે આર્થિક વિકાસની દિશામાં અર્થકારણ ઝડપથી આગળ વધી શક્યું છે. વળી, આર્થિક વિકાસ અને આર્થિક સ્થિરતાના પ્રશ્નો એટલા બધા જટિલ અને અટપટા છે કે માત્ર નાણાંકીય નીતિ દ્વારા જ તેમનો ઉકેલ લાવી શકાતો નથી. ટૂંકમાં, નાણાંકીય નીતિનું રાજકોષીય નીતિ અને સમગ્ર આર્થિક નીતિ સાથે યોગ્ય રીતે સંકલન કરવામાં આવે તો અને તો જ ઇચ્છિત પરિણામો મેળવી શકાય છે.

14.8 રાજકોષીય નીતિનો અર્થ અને વ્યાખ્યા :

રાજકોષીય નીતિ એટલે ચોક્કસ ધ્યેયોના સંદર્ભમાં કરવેરા, જાહેર દેવું અને જાહેર ખર્ચ અંગે સરકારની નીતિ. ભારત જેવા વિકાસશીલ દેશોમાં રાજકોષીય નીતિનો હેતુ વિકાસને પ્રોત્સાહન આપવાનો હોય છે. 1929ની મહામંદી પછી બ્રિટનના અર્થશાસ્ત્રી પ્રો.કેઈન્સે રાજકોષીય નીતિનું મહત્વ સમજાવ્યુ. આ અગાઉ એવો અભિપ્રાય પ્રચલિત હતો કે અર્થતંત્રની કામગીરીમાં સરકારનો હસ્તક્ષેપ ઓછામાં ઓછો હોવો જોઈએ જેના પરિણામે રાજકોષીય નીતિ બિનજરૂરી ગણાતી. પરંતુ વૈશ્વિક મંદીના પરિણામે સમજવામાં આવ્યું કે મુક્ત અર્થતંત્ર મંદીમાંથી આપોઆપ બહાર નીકળવાની ક્ષમતા ધરાવતું નથી. તેથી સરકારનો હસ્તક્ષેપ અનિવાર્ય બની રહે છે એટલું જ નહીં પરંતુ તે નાણાંકીય નીતિ કરતાં વધુ અસરકારક બની શકે છે. તો ચાલો દોસ્તો, હવે આપણે રાજકોષીય નીતિ વિષે સમજણ મેળવીએ.

રાજકોષીય નીતિને અંગ્રેજીમાં 'Fiscal Policy' કહેવામાં આવે છે. 'Fisc' શબ્દનો અર્થ રાજ્યની તિજોરી એવો થાય છે. આમ, 'Fiscal Policy' એટલે રાજ્યની તિજોરીની આવક અને જાવક(ખર્ચ) અંગેની નીતિ. રાજકોષીય નીતિ એ સરકારની આવક અને તેના ખર્ચને લગતી નીતિ છે. ઘણા વખત સુધી કરવેરા અને જાહેર ખર્ચને રાજકોષીય નીતિના મુખ્ય બે અંગ માનવામાં આવતા હતા. પરંતુ સમય જતા જાહેર દેવાનો સમાવેશ રાજકોષીય નીતિના ત્રીજા અંગ તરીકે કરવામાં આવ્યો. રાજકોષીય નીતિના સંદર્ભમાં રજૂ થયેલ કેટલીક વ્યાખ્યાઓ નીચે મુજબ છે :

શ્રીમતી પ્રો.હિક્સ : ''અમુક ચોક્કસ હેતુઓની સિદ્ધિ માટે રાષ્ટ્રીય અર્થવિધાનના વિવિધ સાધનોનો સંકલિત રીતે ઉપયોગ કરવાની નીતિને રાજકોષીય નીતિ તરીકે ઓળખવામાં આવે છે.'' રાજકોષીય નીતિને કેટલીક વખત અંદાજપત્રકીય નીતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

પ્રો.આર્થર સ્મિથઃ ''રાજકોષીય નીતિ હેઠળ સરકાર આવક, ઉત્પાદન અને રોજગારી પર ઈચ્છનીય અસરો ઉપજાવી શકે છે અને અનિચ્છનીય અસરો નિવારવા પ્રયત્નો કરે છે.''

પ્રો.સેમ્યુલસનઃ ''હકારાત્મક રાજકોષીય નીતિ એટલે જાહેર કરવેરા અને જાહેર ખર્ચને અસર કરતી પ્રક્રિયા જે વ્યાપાર મુક્તિ ચઢ-ઊતરને હળવી કરે છે તથા વિકાસશીલ ઊંચી રોજગારી ધરાવતું અર્થકારણ જે અતિશય ફુગાવા કે મંદીથી મુક્ત છે તેને જાળવી રાખે છે.''

પ્રો.કેઈન્સઃ ''રાજકોષીય નીતિ એ એવી નીતિ છે કે જે અર્થતંત્રના વિકાસમાં સમતુલા પેદા થાય તે રીતે સાર્વજનિક વિતરણનો ઉપયોગ કરવાની સુવિધા પૂરી પાડે છે.''

14.9 આર્થિક વિકાસમાં રાજકોષીય નીતિનું મહત્વ :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રિઓ હંમેશા અંદાજપત્રને સમતોલ રાખવાની હિમાયત કરતા. રાજ્યનો ઉદ્દેશ માત્ર કાયદો, વ્યવસ્થા અને ન્યાય જાળવવા પૂરતો મર્યાદિત હતો. તેથી તે સમયનું રાજ્ય 'પોલીસ રાજ્ય' તરીકે ઓળખાતું. આર્થિક અને સામાજિક વિકાસ માટે રાજ્યનો ખર્ચ બિનઉત્પાદકીય ગણાતો. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ બજારમાં સ્વયંસંચાલિત સમતુલામાં માનતા હોવાથી દેશની આર્થિક પ્રવૃત્તિઓમાં રાજ્યનો હસ્તક્ષેપ બિનજરૂરી માનવામાં આવતો. પરંતુ 1929ની વૈશ્વિક મંદી દરમિયાન નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની વિચારધારા તેમજ નાણાંકીય

નીતિની નબળાઈઓ સ્પષ્ટપણે જોવા મળી. જેના પરિણામે આર્થિક ક્ષેત્રે રાજ્યની દરમિયાનગીરીની આવશ્યકતાનો વ્યાપકપણે સ્વીકાર કરવામાં આવ્યો. તેમજ વ્યાપાર ચક્રોની માઠી અસર નિવારવા અને આર્થિક સ્થિરતા જાળવવા માટે રાજકોષીય નીતિનું મહત્વ સ્વીકારવામાં આવ્યું. પ્રો.કેઈન્સના મતે અર્થતંત્ર સ્વયંસંચાલિત સમતુલા મેળવતો નથી તેમજ માત્ર નાણાંકીય નીતિ પર આધાર રાખીને અર્થતંત્રને મંદીમાંથી ઉગારી શકાય નહિ. આ માટે હેતુપૂર્વકની રાજકોષીય નીતિ જ અસરકારક નિવડી શકે. તેથી આધુનિક સમયમાં રાજકોષીય નીતિનો ઉપયોગ માત્ર આર્થિક સ્થિરતા માટે જ નહીં પરંતુ આર્થિક વિકાસ તથા સમાજમાં પ્રવર્તતી આવકની અસમાનતામાં ઘટાડો કરવા માટે પણ એક અસરકારક સાધન તરીકે થઈ રહ્યો છે. ટૂંકમાં, વર્તમાન સમયમાં રાજકોષીય નીતિનું મહત્વ અનેકગણું વધી ગયું છે.

14.10 ભારતમાં રાજકોષીય નીતિના ઉદ્દેશો :

વર્તમાન સમયમાં પોલીસ રાજ્યના સ્થાને કલ્યાણ રાજ્યનો ખ્યાલ સ્વીકૃત બન્યો હોવાથી રાજ્યના કાર્યક્ષેત્રમાં વધારો થયો છે. પરિણામે રાજકોષીય નીતિનું કાર્યક્ષેત્ર વ્યાપક બનતા ભારતમાં રાજકોષીય નીતિના ઉદ્દેશો પણ વિસ્તૃત બન્યા છે જે નીચે મુજબ છે :

14.10.1 મૂડીરોકાણને પ્રોત્સાહન આપવું :- ભારત જેવા વિકસતા દેશમાં રાજકોષીય નીતિનો હેતુ મૂડીરોકાણને પ્રોત્સાહન આપવાનો છે. ઝડપી આર્થિક વિકાસ સાધવા માટે અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં મૂડીરોકાણનું પ્રમાણ વધે એ આવશ્યક છે. રાજકોષીય નીતિનો ઉદ્દેશ જાહેર તથા ખાનગીક્ષેત્રે મૂડીરોકાણના દરમાં વધારો કરી આર્થિક વિકાસની પ્રક્રિયાને ઝડપી અને વેગવાન બનાવવાનો છે. ભારતની પરિસ્થિતિના સંદર્ભમાં જોતા જણાય છે કે રાજકોષીય નીતિનો આ હેતુ મહદઅંશે સિદ્ધ કરી શકાયો છે. આયોજનકાળ દરમિયાન જાહેરક્ષેત્ર તેમજ ખાનગીક્ષેત્રે થયેલા મૂડીરોકાણમાં ઉત્તરોતર વધારો થતો રહ્યો છે. એટલું જ નહીં, પરંતુ પાયાની સવલતો તથા સામાજિક અને આર્થિક સુવિધાઓ જેમકે, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી, સિંચાઈ, શિક્ષણ, તાલીમ, આરોગ્ય, સંશોધન વગેરેના વિકાસ માટે જાહેરક્ષેત્રે થયેલા ખર્ચના પરિણામે ખાનગીક્ષેત્રે મૂડીરોકાણને પ્રોત્સાહન મળ્યું છે. એટલું જ નહીં, પરંતુ ખાનગીક્ષેત્રે મૂડીરોકાણને ઉત્તેજન આપવા માટે સરકારે તેની કરનીતિમાં પણ કેટલીક રાહત અને છૂટછાટો આપી છે. જેમકે, નવા સ્થપાયેલા એકમોને અમુક વર્ષો સુધી અપાતી કરરાહત, ઘસારા ભથ્થું, વિકાસ-વળતર વગેરે ખાનગી મૂડીરોકાણ માટે પ્રોત્સાહક નીવડે છે.

14.10.2 બચતમાં વધારો કરવો : - બચતદરમાં વધારો કરીને જ મૂડીરોકાણનો ઊંચો દર જાળવી શકાતો હોવાથી રાજકોષીય નીતિનો બીજો મહત્વનો ઉદ્દેશ બચતદરમાં વધારો કરવાનો છે. ભારત જેવા વિકસતા દેશમાં પ્રજાની માથાદીઠ આવક નીચી હોવાના કારણે બચતનો દર નીચો રહેવા પામ્યો છે. આવક ઓછી હોવાથી બચત ઓછી રહેવા પામે છે. પરિણામે

મૂડીરોકાણ અપૂરતું હોય છે અને તેથી ઉત્પાદનની કાર્યક્ષમતા નીચી રહે છે જે છેવટે નીચી માથાદીઠ આવકમાં પરિણમે છે. ભારતમાં આયોજન દ્વારા આર્થિક વિકાસના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના પરિણામે રાજ્ય દ્વારા કરવામાં આવતું મૂડીરોકાણ વધ્યું છે જે વધુ આવકોમાં પરિણમે છે. પરંતુ અહીં પ્રજાની સીમાંત વપરાશવૃતિ ઊંચી હોવાથી વધેલી આવકનો મોટો ભાગ વપરાશ વધારામાં પરિણમે છે. અહીં સરકારની કરવેરાનીતિ ઉપયોગમાં લઈને વપરાશવૃતિને નિયંત્રિત કરી વધેલી આવકનો કેટલોક ભાગ પાછો ખેંચી લઈ મૂડીસર્જનના કામમાં ઉપયોગમાં લઈ શકાય છે. જેમકે, ભારતમાં 1950-51માં બચતનો દર GDPના 5.7% અને મૂડીરોકાણનો દર 5.6% જેટલો હતો. 1980-81માં બચતનો દર વધીને 21.2% અને મૂડીરોકાણનો દર વધીને 22.7% જેટલો થયો હતો. 2009-10માં બચતનો દર વધીને GDPના 33.7% અને મૂડીરોકાણનો દર વધીને 36.5% જેટલો થયો હતો.

14.10.3 સ્થિરતાપૂર્વકનો આર્થિક વિકાસ સાધવો : - ભારત જેવા વિકસતા દેશ માટે આર્થિક વિકાસ અને આર્થિક સ્થિરતાના ધ્યેયો એકબીજાથી જુદા પાડી શકાય નહિ. તેથી રાજકોષીય નીતિનો એક અગત્યનો ઉદ્દેશ સ્થિરતાપૂર્વકનો આર્થિક વિકાસ સાધવાનો રહ્યો છે. ભારતમાં આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન આંતરિક પરિબળોમાંથી ઉદ્દભવતી તેમજ આંતરરાષ્ટ્રીય પરિબળોમાંથી ઉદ્દભવતી અસ્થિરતા જોવા મળે છે. આર્થિક વિકાસ દરમિયાન આંતરિક પરિબળોમાંથી ઉદ્દભવતી અસ્થિતા માટેનું મુખ્ય કારણ ફુગાવાજનક દબાણો હોય છે જ્યારે આંતરરાષ્ટ્રીય પરિબળોમાં દેશની આયાત-નિકાસની કિંમતમાં ફેરફાર એ અસ્થિરતા માટેનું મુખ્ય કારણ બને છે. રાજકોષીય નીતિનો હેતુ ફુગાવાના દબાણોને નિયંત્રિત કરી ભાવોને વ્યાજબી સપાટીએ સ્થિર કરવાનો તથા બાહ્ય આર્થિક પરિબળોથી અર્થતંત્રનું રક્ષણ કરી સ્વાવલંબી વિકાસ સાધવાનો છે. આર્થિક વિકાસ અને ભાવોની સ્થિરતાએ એકબીજા સાથે સુસંગત નથી. વળી, સ્થિરતાની પ્રાપ્તિ માટે સ્થગિતતા એ ઘણી મોટી અને અસ્વીકાર્ય કિંમત છે. તેથી રાજકોષીય નીતિનો મહત્વનો હેતુ સ્થિરતાપૂર્વકનો આર્થિક વિકાસ સાધવાનો છે. કરવેરા, જાહેરખર્ચ તથા જાહેરદેવા અંગેની નીતિનું ઘડતર અને અમલ એ રીતે થવા જોઈએ કે જેથી ફુગાવાજનક દબાણો અંકુશિત રહે અને સ્થિરતાપૂર્વકનો વિકાસ સાધી શકાય. એટલે કે રાજકોષીય નીતિનો એક મહત્વનો ઉદ્દેશ ફુગાવાવિરોધી નીતિના એક સંકલિત ભાગ તરીકે કામગીરી બજાવવાનો છે.

14.10.4 આવક અને સંપત્તિની ન્યાયી વહેંચણી કરવી :- સમાજમાં પ્રવર્તતી આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો કરી તેમ જ આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અટકાવી 'સામાજિક ન્યાય'ના આદર્શને મૂર્તિમંત કરવું એ રાજકોષીય

નીતિનો એક ઉદ્દેશ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આર્થિક વિકાસના લાભની વધુ સમાન વહેંચણી કરવી એ રાજકોષીય નીતિનો એક ઉદ્દેશ છે. આવક અને સંપત્તિની તીવ્ર અસમાનતા એ સામાજિક અને આર્થિક વ્યાધિ છે અને જો વધતી રાષ્ટ્રીય પેદાશની સમાન વહેંચણી ન થાય તો આર્થિક વિકાસ સમાજના આર્થિક કલ્યાણમાં વધારો કરી શકે નહિ. આર્થિક વિકાસના લાભની વહેંચણી સમાજના જુદા જુદા વર્ગો વચ્ચે લગભગ સમાન અને ન્યાયી ધોરણે થાય તથા આવક અને સંપત્તિની અસમાનતામાં ઉત્તરોતર ઘટાડો થતો રહે તો જ સમાજના આર્થિક કલ્યાણમાં વધારો કરી શકાય. અલબત્ત 'કાર્યસાધક' આવકની અસમાનતા અમુક અંશે વ્યાજબી ઠરાવી શકાય, પરંતુ 'બિનકાર્યસાધક' આવકની અસમાનતા વ્યાજબી ઠરાવી શકાય નહિ કારણ કે આવી અસમાનતાના પરિણામે સામાજિક તનાવ, અશાંતિ તેમજ સંઘર્ષ ઉદ્દભવે છે. તેથી આર્થિક વિકાસના લાભ સમાજમાં નીચલા સ્તર સુધી પહોંચતા રહે એ રીતે રાષ્ટ્રીય આવકની વહેંચણી થાય તે ધ્યાનમાં રાખવું જોઈએ. લોકશાહી આયોજનમાં સમાજના બધા જ વર્ગનો સહકાર મળતો રહે એ માટે પણ આવકનું ન્યાયી વિતરણ જરૂરી ગણાય છે. આ ઉપરાંત, સમાજના નબળા વર્ગ માટે અનેકવિધ આર્થિક અને સામાજિક કાર્યક્રમો અમલમાં મૂકી શકાય તેમ છે.

આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો કરવા માટે પ્રગતિશીલ કરવેરા અને કલ્યાણલક્ષી જાહેર ખર્ચની નીતિ અસરકારક નીવડે છે. ખાનગીક્ષેત્રમાં આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અટકાવવા માટે જાહેરક્ષેત્રનો ઉત્તરોતર વિકાસ અને તેમાંય ખાસ કરીને ભારે અને ચાવીરૂપ ઉદ્યોગો રાજ્યહસ્તક લેવાની નીતિ અપનાવવામાં આવે છે. આમ, રાજકોષીય નીતિ આર્થિક અસમાનતામાં ઘટાડો કરીને તથા વધારાના સાધનો આર્થિક વિકાસ તરફ વાળીને સામાજિક ન્યાય સાથેનો આર્થિક વિકાસ સાધવામાં અગત્યનો ભાગ ભજવે છે. તાજેતરના વર્ષોમાં ભારતમાં રાજકોષીય નીતિનો ઉપયોગ આર્થિક અસમાનતામાં ઘટાડો કરવા માટે થઈ રહ્યો છે. રાજકોષીય નીતિ અન્વયે કરમાળખાને વધુ પ્રગતિશીલ બનાવીને તેમજ સરકાર દ્વારા કલ્યાણલક્ષી ખર્ચમાં ઉત્તરોતર વધારો કરીને અને ઈજારાશાહી વલણો અટકાવવા માટે જાહેરક્ષેત્રનો નિરપેક્ષ અને સાપેક્ષ રીતે વિકાસ થઈ રહ્યો છે.

14.11 રાજકોષીય નીતિના સાધનો :

ભારત જેવા વિકસતા દેશોમાં કેટલાક વિશિષ્ટ આર્થિક પ્રશ્નો હોવાથી રાજકોષીય નીતિ તેમજ આર્થિક નીતિ અગત્યનો ભાગ ભજવે છે. રાજકોષીય નીતિ કુલ અસરકારક માંગ ઉપર અસર કરીને અર્થતંત્રની પ્રવૃત્તિને ચોક્કસ વળાંક અને વેગ આપવાનો પ્રયાસ કરે છે. એટલું જ નહીં, પરંતુ તે સમાજના જુદા જુદા વર્ગો વચ્ચે આવક અને ખરીદશક્તિની વહેંચણીને પણ અસર કરે છે. તેથી આવી અસરો ઉપજાવવા માટે રાજકોષીય નીતિના સાધન તરીકે

કરવેરા, જાહેર ખર્ચ અને જાહેર દેવાનો ઉપયોગ કરવામાં આવે છે. અંદાજપત્રમાં ચોક્કસ પ્રકારના પગલાંઓ દ્વારા આર્થિક પ્રવૃત્તિને વધારવામાં આ સાધનો જુદીજુદી રીતે ઉપયોગી થાય છે.

14.11.1 કરવેરા :- કરવેરાના કારણે કર ભરનારવર્ગ પાસેથી કરની રકમ જેટલી ખરીદશક્તિ રાજ્ય પાસે આવે છે અને જો તેનો ઉપયોગ કરવામાં ન આવે તો કુલ અસરકારક માંગ ઘટે છે. જો આ રકમનો ઉપયોગ જાહેર ખર્ચ દ્વારા કરવામાં આવે તો માંગનું સ્વરૂપ બદલાય છે. કરવેરામાં છૂટછાટો આપીને અમુક ઉદ્યોગોને ઉત્તેજન આપી શકાય છે. આમ, કર નીતિનો વિવિધ હેતુથી ઉપયોગ થઈ શકે છે. કર અંગેના કોઈપણ પગલાંની અસરોનો આધાર સરકાર કર દ્વારા પ્રાપ્ત થતી આવકનો ઉપયોગ કેવી રીતે કરે છે તેના પર રહેલો છે.

14.11.2 જાહેર ખર્ચ :- રાજ્ય દ્વારા વિવિધ હેતુઓ માટે કરવામાં આવતાં જાહેર ખર્ચના પરિણામે અર્થતંત્રમાં અસરકારક માંગ સર્જાય છે. તેથી જાહેર ખર્ચ વધતાં અસરકારક માંગમાં વધારો થાય છે અને આર્થિક પ્રવૃત્તિને વેગ મળે છે. મંદીમાં જાહેર ખર્ચમાં વધારો કરવાની અને તેજીમાં જાહેર ખર્ચમાં ઘટાડો કરવાની નીતિ અપનાવવામાં આવે છે. જાહેર ખર્ચનું સ્વરૂપ સમાજમાં આવકની અસમાનતા ઘટાડવામાં પણ અસરકારક નીવડે છે.

14.11.3 જાહેર દેવું :- રાજ્ય જ્યારે લોકો પાસેથી લોન લે છે ત્યારે લોકોની ખરીદશક્તિ રાજ્ય પાસે આવતી હોવાથી લોકોની ખરીદશક્તિમાં ઘટાડો થાય છે. રાજ્ય દ્વારા આ રકમનો ઉપયોગ કરવામાં ન આવે તો ખરીદશક્તિમાં અને અસરકારક માંગમાં ઘટાડો થાય છે.

ટૂંકમાં, રાજકોષીય નીતિના આ સાધનોનો ઉપયોગ કરવામાં અંદાજપત્રનું સ્વરૂપ અગત્યનો ભાગ ભજવે છે. અંદાજપત્રની જોગવાઈઓ દ્વારા કરવેરા, જાહેર ખર્ચ અને જાહેર દેવા અંગેના પગલાં લેવામાં આવે છે અને તેમને અસરકારક બનાવવામાં આવે છે.

14.12 રાજકોષીય નીતિની મર્યાદાઓ :

14.12.1 બિનનાણાંકીય વિભાગનું અસ્તિત્વ :- ભારતીય અર્થતંત્રમાં બિનનાણાંકીય વિભાગનું અસ્તિત્વ હોવાથી તે રાજકોષીય નીતિની અસરકારકતાને મર્યાદિત બનાવે છે. અર્થતંત્રના તમામ ક્ષેત્રો અને વર્ગોને રાજકોષીય નીતિના વિવિધ સાધનો આવરી શકતા નથી. વળી, આર્થિક માળખામાં અમુક જડ વિભાગો હોવાથી ત્યાં ભાવ પદ્ધતિ કાર્ય કરી શકતી નથી. પરિણામે રાજકોષીય નીતિની ઈચ્છિત અસરો ઉપજાવી શકાતી નથી.

14.12.2 રાજકોષીય નીતિ, આર્થિક નીતિ અને નાણાંકીય નીતિ વચ્ચે સંકલનનો અભાવ :- રાજકોષીય નીતિ એ સમગ્ર આર્થિક નીતિનો એક સંકલિત ભાગ હોવાથી રાજકોષીય નીતિની અસરકારકતાનો આધાર તેના નાણાંકીય નીતિ અને સમગ્ર આર્થિક નીતિ સાથેના સુમેળ પર રહેલો છે. એટલે કે રાજકોષીય નીતિનો નાણાંકીય નીતિ અને સમગ્ર આર્થિક નિતી સાથે યોગ્ય રીતે સમન્વય કરવામાં આવે તો જ તે ધાર્યા પરિણામો લાવી શકે છે.

14.12.3 કુશળ અને કાર્યક્ષમ વહીવટી તંત્રનો અભાવ :- ભારતમાં વહીવટી તંત્રના ધોરણો પ્રમાણમાં નીચા હોવાથી કુશળ અને કાર્યક્ષમ વહીવટી તંત્રનો અભાવ જોવા મળે છે. સ્વચ્છ, પ્રમાણિક અને કાર્યક્ષમ વહીવટી તંત્ર દ્વારા કરવેરા, જાહેર ખર્ચ અને જાહેર દેવા અંગેની નીતિઓનો અસરકારકરીતે અમલ કરી શકાય છે. બિનકાર્યક્ષમ અને અપ્રમાણિક વહીવટી તંત્રથી પૂરતા સાધનો મેળવી શકાતા નથી. એટલુજ નહિ, પરંતુ મેળવેલા સાધનોનો કાર્યક્ષમ રીતે ઉપયોગ પણ થતો નથી.

14.12.4 રાજકીય મર્યાદા :- રાજકોષીય નીતિને રાજકીય મર્યાદા પણ છે. સ્થાપિત રાજકીય હિતો અમુક પ્રકારના કરવેરા અને અમુક ક્ષેત્રો પરના કરવેરાનો વિરોધ કરે છે. જેમ કે, કૃષિ આવક પરનો વેરો. જ્યારે બીજી બાજુએ અમુક પ્રકારના અને અમુક પ્રમાણમાં જાહેર ખર્ચ માટે આ હિતો દુરાગ્રહ રાખે છે. આમ, રાજકીય ગણતરીઓથી જ્યારે અમુક રાજકોષીય પગલાં લઈ શકાતા નથી અથવા તો અમુક જ રીતે લેવામાં આવતા હોય ત્યારે તે એટલા અસરકારક પુરવાર થઈ શકતા નથી.

14.12.5 ઓછી પરિવર્તનશીલતા :- નાણાંકીય નીતિમાં જે ઝડપથી ફેરફારો કરી શકાય છે તેટલી જ ઝડપથી રાજકોષીય નીતિમાં ફેરફારો કરી શકાતા નથી. પરિણામે બદલાતી જતી પરિસ્થિતિ અને સંજોગો સાથે રાજકોષીય નીતિ ઝડપી સુમેળ સાધી શકતી નથી.

14.12.6 ઉદ્દેશો વચ્ચે સુસંગતતાનો અભાવ :- રાજકોષીય નીતિના કેટલાક ઉદ્દેશો પરસ્પર અસંગત જોવા મળે છે. જેમકે, રાજકોષીય નીતિનો એક ઉદ્દેશ ઝડપી આર્થિક વિકાસ સાધવાનો છે તો બીજો ઉદ્દેશ આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો કરવાનો છે. આ બંને ઉદ્દેશો પરસ્પર અસંગત જણાય છે. કારણ કે આવકની અસમાનતા ઓછી કરવા માટે જ્યારે સરકાર નીચલા વર્ગના લાભાર્થે ખર્ચ કરે છે ત્યારે અસમાનતામાં કદાચ ઘટાડો થાય પરંતુ ધનિકો ઉપર ખૂબ ઊંચા દરે નાખવામાં આવતા પ્રગતિશીલવેરા બચત, મૂડીરોકાણ અને સાહસવૃતીને નિરુત્સાહી કરી આર્થિક વિકાસને અવરોધે છે. તેથી રાજકોષીય નીતિના આવા પરસ્પર અસંગત જણાતાં ઉદ્દેશો વચ્ચે યોગ્ય અને તાર્કિક સંબંધ હોય તે આવશ્યક બને છે.

14.13 સારાંશ :

દોસ્તો, પ્રસ્તુત એકમમાં આપણે ભારતની પ્રવર્તમાન નાણાંકીય નીતિ અને રાજકોષીય નીતિ વિષે સમજણ મેળવી જેમાં આપણે

- નાણાંકીય નીતિની સમજણ મેળવી નાણાંકીય નીતિની વિવિધ વ્યાખ્યાઓ અંગે પરિચય મેળવ્યો.
- આર્થિક વિકાસમાં નાણાંકીય નીતિની અગત્યતા વિશે જાણકારી મેળવી.
- નાણાંકીય નીતિના વિવિધ ઉદ્દેશો અંગે સમજણ મેળવી.
- નાણાંકીય નીતિના જુદા જુદા સાધનોનો પરિચય મેળવ્યો.

- ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં નાણાંકીય નીતિની મર્યાદાઓ અંગે જાણકારી મેળવી.
- રાજકોષીય નીતિનો પરિચય મેળવી રાજકોષીય નીતિની અગત્યતા વિશે જાણકારી મેળવી.
- ભારતના સંદર્ભમાં રાજકોષીય નીતિના વિવિધ ઉદ્દેશો અંગે સમજણ મેળવી.
- રાજકોષીય નીતિના સાધન તરીકે કરવેરા, જાહેર ખર્ચ તેમજ જાહેર દેવા વિશે સમજણ મેળવી.
- ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં રાજકોષીય નીતિની મર્યાદાઓ અંગે જાણકારી મેળવી.

14.14 ચાવીરૂપ શબ્દો :

- નાણાંકીય નીતિ : નાણાંકીય નીતિ એટલે નાણાંના જથ્થા અને તેના મૂલ્યને અસર કરતી તમામ બાબતો અંગેની નીતિ.
- રાજકોષીય નીતિ : રાજકોષીય નીતિ એટલે રાજ્યની તિજોરીની આવક અને ખર્ચ અંગેની નીતિ.
- સંસ્થાકીય માળખું : અમુક ખાસ પ્રકારની કામગીરી કરવા માટે તેને અનુરૂપ ખાસ વ્યવસ્થા કે તંત્રની ગોઠવણી કરવામાં આવે છે જેને સંસ્થાકીય માળખા તરીકે ઓળખવામાં આવે છે.
- નાણાંકીયકરણ : વસ્તુ વિનિમયની જગ્યાએ જ્યારે લોકો વ્યવહારમાં નાણાંના ઉપયોગમાં વધારો કરે છે ત્યારે તેને નાણાંકીયકરણ તરીકે ઓળખવામાં આવે છે.
- આર્થિક સ્થિરતા : અર્થતંત્રમાં ફુગાવા અને મંદીના પ્રેરક પરિબળોને અંકુશમાં રાખવામાં આવે ત્યારે તેને આર્થિક સ્થિરતા તરીકે ઓળખવામાં આવે છે.
- વહન પ્રક્રિયા : વહન પ્રક્રિયા એટલે નાણાંના પુરવઠાના ફેરફારોની અસરો અર્થકારણ પર જે માધ્યમ દ્વારા પડે છે તે.

14.15 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નિબંધ પ્રકારના પ્રશ્નો

(1) ભારતના સંદર્ભમાં નાણાંકીય નીતિના હેતુઓ અંગે ચર્ચા કરો.

(2) નાણાંકીય નીતિની મર્યાદાઓ અંગે ચર્ચા કરો.

(3) રાજકોષીય નીતિનો ખ્યાલ સ્પષ્ટ કરી રાજકોષીય નીતિના ઉદ્દેશો વિગતે ચર્ચો.

(ખ) ટૂંકનોંધ

(1) નાણાંકીય નીતિનો પરિચય અને મહત્વ

(2) નાણાંકીય નીતિના સાધનો

(3) રાજકોષીય નીતિની મર્યાદાઓ

(4) રાજકોષીય નીતિના સાધનો

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

(1) રાજકોષીય નીતિને અંગ્રેજીમાં.................. તરીકે ઓળખવામાં આવે છે.

(A) Monetary Policy (B) Fiscal Policy

(C) Economic Policy (D) એકપણ નહી

(2) રાજકોષીય નીતિનું ઘડતર અને તેનો અમલ કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) વ્યાપારી બેંક (B) મધ્યસ્થ બેંક

(C) કેન્દ્ર સરકાર (D) એકપણ નહી

(3) 'નાણાંના જથ્થામાં ફેરફાર કરીને અર્થતંત્ર પર ઈચ્છિત અસરો ઉપજાવી શકાય છે'- આ વિધાન ક્યા અર્થશાસ્ત્રીનું છે ?

(A) નવપ્રશિષ્ટ (B) પ્રો.કેઈન્સ

(C) ફ્રિડમેન (D) નવપ્રશિષ્ટ

(4) દેશના આર્થિક વિકાસમાં નાણાંકીય નીતિનું મહત્ત્વ પુનઃસ્થાપિત કોણે કર્યું ?

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.એડમ સ્મિથ

(C) પ્રો.ફ્રિડમેન (D) પ્રો.માર્શલ

(5) રાજકોષીય નીતિનું મહત્ત્વ નીચે પૈકી ક્યા અર્થશાસ્ત્રી એ સમજાવ્યું.

(A) પ્રો.કેઈન્સ (B) પ્રો.એડમ સ્મિથ

(C) પ્રો.ફ્રિડમેન (D) પ્રો.માર્શલ

(6) નાણાંકીય નીતિ દ્વારા વ્યાજદરમાં............... કરીને મૂડીસર્જનના દરમાં વધારો લાવી શકાય.

(A) વધારો (B) ઘટાડો

(C) તટસ્થ રાખીને (D) એકપણ નહી

(7) નીચે પૈકીના ક્યા પગલાંઓને શાખનિયમનના પરિમાણાત્મક પગલાં તરીકે ઓળખવામાં આવે છે ?

(A) બેંકદરની નીતિ

(B) ખુલ્લા બજારની નીતિ

(C) રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર

(D) ઉપરોક્ત તમામ

(8) નીચે પૈકીના ક્યા પગલાંને શાખનિયમનના ગુણાત્મક પગલાં તરીકે ઓળખવામાં આવે છે ?

(A) બેંકદરની નીતિ

(B) ખુલ્લા બજારની નીતિ

(C) રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર

(D) શાખની માપબંધી

(9) રાજકોષીય નીતિના સાધનોમાં................નો સમાવેશ કરવામાં આવે છે.

(A) બેંક દર

(B) જાહેર ખર્ચ

(C) રોકડ અનામત પ્રમાણ

(D) પ્રચાર

(10) રાજકોષીય નીતિનો ઉદ્દેશ નીચે પૈકી ક્યો છે ?

(A) સ્થિરતાપૂર્વકનો આર્થિક વિકાસ સાધવો

(B) આવક અને સંપત્તિની ન્યાયી વહેંચણી કરવી

(C) બચતમાં વધારો કરવો

(D) ઉપરોક્ત તમામ

14.16 સંદર્ભ સૂચિ :

1. Patel, C.J. et al. (1987-88): Money & Macro Economics, Shri Nirav Publication, Ahmedabad
2. Parmar, B. D. et al. (2004-05): Banking and Money Market, C. Jamanadas Company, Ahmedabad
3. Joshi, R. C. et al. (2012-13): Public Economics, New Popular Publication, Surat
4. Trivedi, H. K. (1999-2000): Problems of Economic Development of India, B. S. Shah Publication, Ahmedabad
5. Joshi, R. C. et al. (2022-23): Macro Economics, New Popular Publication, Surat
6. Bornbuch, R., Stanley, F., Macroeconomics, MC. Grow Hill, New York.
7. Patel, B. S., Bhatt, K. A. (1999-2000): Morden Economics-II, C. Jamanadas Company, Ahmedabad

8. Joshi, R. C. et al. (1994-95): Economic Policy & Planning, New Popular Publication, Surat

9. Hand Book of Statistics on Indian Economy-2023-24.

10. https://www.rbi.org.in

14.17 તમારી પ્રગતિ ચકાસોના જવાબ :

(1) (B) Fiscal Policy

(2) (C) કેન્દ્ર સરકાર

(3) (D) પ્રશિષ્ટ

(4) (C) પ્રો.ફ્રિડમેન

(5) (A) પ્રો.કેઈન્સ

(6) (B) ઘટાડો

(7) (D) ઉપરોક્ત તમામ

(8) (D) શાખની માપબંધી

(9) (B) જાહેર ખર્ચ

(10) (D) પ્રચાર

****

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
Website : www.baou.edu.in

978-93-5598-610-8